
અમરકુમાર
-વિમલકુમાર મોહનલાલ ધામી

# અમરકુમાર

: લેખક :

વિમલકુમાર મોહનલાલ ધામી

•

: પ્રકાશક :

નવયુગ પુસ્તક ભંડાર

બુકસેલર્સ : : પબ્લિશર્સ

નવા નાકા રોડ

રાજકોટ – ૩૬૦ ૦૦૧ : : : [ સૌરાષ્ટ્ર ]

: પ્રકાશક :
નવિનચંદ્ર મોહનલાલ મહેતા
નવયુગ પુસ્તક ભંડાર
નવા નાકા રોડ, ૧લે માળે
રાજકોટ-૩૬૦૦૦૧ : (સૌરાષ્ટ્ર)

●

© વિમલકુમાર મોહનલાલ ધામી

●

પુનઃમુદ્રણ : બીજું
(૧૯૮૩)

●

કિંમત
રૂા. 30–00

●

: મુદ્રક :
નાનાલાલ સોમાલાલ શાહ
સર્વોદય મુદ્રણાલય
સાદરા-૩૮૨૩૨૦
જિ. અમદાવાદ

જેમની લાગણી, મમતા અને સ્નેહ મારા માટે આશીર્વાદ સમા છે તે મારા પરમ પૂજ્ય માતુશ્રીના કર-કમળમાં આ નાનકડું પુષ્પ મૂકતાં અતિ હર્ષ અનુભવું છું.

—વિમલકુમાર ધામી

## વિમલકુમાર મોહનલાલ ધામીની નવલકથાઓ

| | |
|---|---|
| જંબૂકુમાર | ૩૪-૦૦ |
| સુખની ભ્રમણા | ૨૦-૦૦ |
| ચિત્રસેન પદ્માવતી | ૨૮-૦૦ |
| વિધિના વર્તુળ | ૪૦-૦૦ |
| નેમ રાજુલ | ૩૦-૦૦ |
| અમરકુમાર (બીજી આવૃત્તિ) | ૩૦-૦૦ |
| અભયકુમાર | ૨૩-૫૦ |
| સાર આ સંસારનો | ૧૮-૦૦ |
| ધન્ના શાલિભદ્ર | ૨૪-૫૦ |
| રૂપનંદિની | ૯-૦૦ |

●

: પ્રકાશક :

નવયુગ પુસ્તક ભંડાર

નવા નાકા રોડ, ૧ લે માળે

રાજકોટ-૩૬૦ ૦૦૧ : [ સૌરાષ્ટ્ર ]

## વાંચતા પહેલા......

લગભગ આઠેક વર્ષ પહેલાં 'અમરકુમાર'ની કથા મેં સાંભળી હતી ત્યારથી મને એ કથા ગમી ગઈ અને સંજોગવસાત આ કથાને કંડારવાનું રહી જતું હતું. જો શ્રી નવીનભાઈ (નવયુગ પુ. ભંડાર) નો આ કથા માટેનો આગ્રહ ન હોત તો હજુ પણ 'અમરકુમાર' લખી શક્યો ન હોત...

સૌ પ્રથમ આ કથા 'પરમાર્થ'માં છપાતી હતી અને પ્રેસમાં મારા બે-ત્રણ પ્રકરણો ગેરવલ્લે થઈ જતાં અધૂરી રહી ગઈ અને આખી કથા ફરીથી લખવી પડી...આ કથાનું સાહિત્ય મેળવવા પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી હેમસાગરજી મ. સાહેબ પાસે ગયો. અને મેં મારી ભાવના વ્યક્ત કરી, ત્યારે તેઓશ્રીએ કહ્યું કે અમરકુમારની કથા હાલમાં ઉપલબ્ધ નથી. પરંતુ અમરકુમારની સજ્ઝાઈ છે આથી તેઓશ્રીએ 'જૈન સજ્ઝાઈમાળા' મને આપી અને તેમાં અમરકુમારની સજ્ઝાઈ હતી. આમ મને એક આધાર મળી ગયો.

અમરકુમારની કથા ઘણી જ રસપ્રદ છે મને વિશ્વાસ છે કે વાંચકોને અવશ્ય આ કથા પસંદ પડશે જ. શ્રેણિક મહારાજના કાળમાં રચાયેલી આ કથા વિષે એટલું સ્પષ્ટ કહી શકું કે માન-વીના જીવનમાં આવતી સુખદુ:ખની છાંયડી એ કર્મને આધીન છે. અમરકુમાર અને તેની માતા વચ્ચે જે વૈરભાવ જોવા મળે છે તે કર્માધીન છે. ચિત્રશાળાના મુખ્ય દ્વાર માટે અમરકુમારનું બલિદાન દેવાય છે ત્યારે નવકારમંત્રનું સ્મરણ કરતો તે નાનો બાળ અમર-

કુમાર ધૈર્યથી, સાચી લગનથી સ્મરણ કરી રહ્યો છે. ત્યાં દેવેી પધારે છે...અને પળવારમાં ચમત્કાર સર્જાય છે.

આ સિવાય આ કથામાં બીજું મહત્ત્વનું પાત્ર શ્રીભદ્રનું છે. શ્રીભદ્રનું પાત્ર પણ વાંચકોના અંતરમાં રમી જાય તેવું છે. આ કથા પાછળ મને મારા પિતાશ્રીનું માર્ગદર્શન, પ્રેરણા અને અંતરના આશીર્વાદ મળ્યા છે.

ગુજરાતી વાંચકો સમક્ષ મારી આ બીજી નવલકથા સાદર રજુ કરતાં અતિ હર્ષ અનુભવું છું. જૈન સાહિત્યમાં આવી અનેક અણમોલ કથાઓનો ભંડાર છે કે જેમાં ભારતીય સંસ્કૃતિનો આદર્શ, સંસ્કાર અને વિનયતાનું ઉદાત્ત સ્વરૂપ જોવા મળે છે.

છેવટમાં વાંચતા પહેલાં મારાથી કોઈ પણ પ્રકારની ક્ષતિ રહી જવા પામી હોય તો પ્રથમથી જ ક્ષમા માંગી લઉં છું.

સંવત ૨૦૩૪ ફાગણ શુ. ૬
કરણપરા, કિશોરસિંહજી રોડ,
ધામીનિવાસ : રાજકોટ ૩૬૦૦૦૧

**વિમલકુમાર મોહનલાલ ધામી**

## બીજી આવૃત્તિ વેળાએ......

આજે 'અમરકુમાર'ની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ રહી છે તેનો આનંદ મને સવિશેષ છે કારણ કે સૌ પ્રથમ પુનઃમુદ્રણ પામતું મારું આ પ્રથમ પુસ્તક છે. ગુજરાતના બહોળા વાચકવર્ગે મારી આ કથાને ખૂબ હર્ષભર્યા હૈયે સ્વીકારી છે.

આ કથા અંગે મારે કશું કહેવાનું છે નહિ. પ્રથમ પ્રસ્તાવનામાં મેં મારા અંતરની ભાવના દર્શાવી છે.

મને શ્રદ્ધા છે કે મારી આ કથાને આપનો સ્નેહ અને આદર પ્રાપ્ત થશે.

સંવત ૨૦૩૯–ચૈત્ર શુદ ૧૩
કરણપરા, ધામીનિવાસ
કિશોરસિંહજી રોડ : રાજકોટ–૧

**—વિમલકુમાર મો. ધામી**

# અ મ ર કુ મા ર

[ ઐતિહાસિક નવલકથા ]

●

●

માનવીના જીવનમાં આવતી સુખદુ:ખની છાંયડી કર્મને આધિન છે. મહામંત્ર નવકારના પ્રભાવથી બાળ અમરકુમારનું જીવન પરિવર્તન થાય છે. એ મહામંત્ર નવકાર સર્વ જીવો માટે સુખદાયી અને મંગલકારક છે.

# અ નુ ક્ર મ


| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| ૧. કર્તવ્યનું પાલન | ૧ |
| ૨. માતાની લાગણી | ૧૬ |
| ૩. શ્રીભદ્રની મૂંઝવણ | ૩૧ |
| ૪. બંસરીનું માધુર્ય | ૪૭ |
| ૫. ક્રૂર સ્વભાવ | ૬૨ |
| ૬. દેવી રંગલતા | ૭૬ |
| ૭. વગર વાંકે...! | ૯૦ |
| ૮. ભાઈ મળ્યો | ૧૦૫ |
| ૯. રૂપલતા | ૧૨૩ |
| ૧૦. સગપણ | ૧૩૭ |
| ૧૧. હર્ષ-વિષાદ | ૧૫૫ |
| ૧૨. ચંદનસિંહ | ૧૭૧ |
| ૧૩. ચિત્રશાળા | ૧૮૨ |
| ૧૪. એક રહસ્ય...! | ૧૯૯ |
| ૧૫. બત્રીશ લક્ષણો | ૨૧૬ |
| ૧૬. નૌકાવિહાર | ૨૩૨ |
| ૧૭. મને બચાવો | ૨૫૦ |
| ૧૮. અમરમુની | ૨૬૫ |
| ૧૯. વિવાહની તૈયારી | ૨૭૪ |
| ૨૦. પાણિગ્રહણ | ૨૯૨ |

## ૧ : : કર્તવ્યનું પાલન

ત્યાગ, ચારિત્ર્ય, સદાચાર એ જીવનના મુખ્ય અંગો છે. આ મુખ્ય અંગોનું પાલન કરનાર માનવીના જીવનમાં સંસ્કારની અનેરી ખુશબુ વહે છે, અને જીવનમાં આવતાં તડકાછાંયડામાં ગભરાયા વગર તે સામનો કરી શકે છે.

જે પ્રદેશનો રાજા વિનયી, ગુણી, દયાળુ હોય તે રાજ્યની પ્રજા પણ વિનયશીલ, સદાચારી હોય છે. પ્રજાનું જીવન આરામદાયક અને સુખી નીવડે છે. રાજગૃહીની નજીકના વિસ્તારમાં આવેલી વિલાસપુરની ભવ્યતા શ્રેષ્ઠ હતી. ઉત્તમ અને ધમધોકાર ચાલતી બજારો, પરગામથી આવતા લોકો પણ વિલાસપુરી નગરી જોઈ ને ધન્ય બની જતાં. રાજા ભરતસેન ન્યાયપ્રિય, દયાળુ અને વિવેકી હોવાને કારણે પ્રજામાં તે પ્રશંસાને પાત્ર બન્યો હતો.

મહારાજા ભરતસેનનું રાજભવન નગરીને એક છેડે

આવેલું હતું. રાજભવન પાંચ ભૂમિકાથી શોભાયમાન હતું. રાજભવનમાં એક સુંદર મોટું ઉપવન આવેલું હતું. ઉપવનની બાજુમાં એક નાનો ચોક આવેલો હતો. જે કોઇ મહત્ત્વના પ્રસંગે સભાસ્થાનના રૂમમાં ગોઠવાઈ જતો. રાજભવનના અંદરના ભાગમાં ભોજનગૃહ, શયનખંડ, આરામ ખંડ, મંત્રણાગૃહ વગેરે આવેલાં હતાં. સુવર્ણ-જડિત દ્વારોથી રાજભવન ખૂબ જ સુંદર દેખાતું હતું. રાજભવનની પાછળના વિસ્તારમાં દાસદાસીઓના રહેઠાણ આવેલાં હતાં.

વિલાસપુરી નગરીમાં અનેક શ્રેષ્ઠિઓ, ધનિકો, સાર્થવાહો નિવાસ કરતા હતા. વેપાર, રોજગાર ખૂબ જ ઓછા નફે કરતા હોવાથી કલેશ થવાની સંભાવના ઊભી થતી નહોતી.

આજે રાજસભા બેસવાની નહોતી, એટલે મહારાજા ભરતસેન આરામથી નિદ્રા લઈ રહ્યા હતા. દિવસનો પ્રથમ પ્રહર વીતી ગયો હતો. મહાદેવી કમળાદેવીએ, મહા-રાજાને નિદ્રામાં ખલેલ ન પડે તે હેતુથી શયનખંડનું દ્વાર અટકાવ્યું અને બહાર ઊભેલા સેવકને સૂચના કરી કે, મહારાજ જાગે ત્યારે સંદેશો પહોંચાડે...સેવકે મસ્તક નમાવ્યું, મહાદેવી તરત જ ચાલ્યા ગયા...

લગભગ અર્ધ ઘટિકા બાદ મહાદેવી મહારાજના શયનખંડમાં આવ્યા અને જોયું તો હજુપણ મહારાજ

ગાઢ નિદ્રા લઇ રહ્યા હતા. કમળાદેવી બાજુમાં પડેલા એક સુવર્ણજડિત આસન પર બીરાજમાન થયા.

મહાદેવીને બહુવાર બેસવું પડયું નહિ. થોડીવારમાં જ મહારાજની આંખો ખુલી અને ભરતસેનને થયું કે, પોતે આજે સારી એવી નિદ્રા પ્રાપ્ત કરી લીધી છે.

'મહારાજ, આજ આપે ગાઢ નિદ્રા ગ્રહણ કરી છે.... દિવસનો બીજો પ્રહર બે ઘટિકા બાદ પૂરો થશે...શું આપને ગઈકાલનો થાક લાગ્યો છે... ?'

'નહિ પ્રિયે...એવું કશું નથી. ગઈકાલનું નૃત્ય આયોજન સુંદર હતું, પણ તું કેમ ચાલી ગઇ હતી.... ?'

'સ્વામી, આપને ખ્યાલ છે કે મને નૃત્ય જોવાનો શોખ નથી.... '

'એ વાત હું જાણું છું પણ પ્રિયે, મારી દશા પણ ગઈકાલે આવી જ હતી. મને પણ શોખ નથી. આ તો એક કલાકારનું અપમાન ન થાય એ દષ્ટિએ જ મારે જાગવું પડયું....' આમ કહીને મહારાજ શૈયા પરથી બેઠા થયા. અને પ્રાતઃકાર્યની વિધિ આટોપવા ખંડ બહાર નીકળ્યા.

કમળાદેવી સીધા ભોજનગૃહમાં જઈને ભોજનની તૈયારી કરવા લાગ્યા, કારણકે જ્યારે મહારાજાએ ભોજન-ખંડમાં પ્રવેશ કર્યો ત્યારે દિવસનો બીજો પ્રહર વીતી ગયો હતો. ભોજનકાર્યથી નિવૃત્ત થઈને મહારાજા અને

મહાદેવી આરામગૃહમાં આવીને મુખવાસ ગ્રહણ કરતા હતાં ત્યાં જ એક સેવકે નમન કરતાં કહ્યું : ‘મહારાજનો જય થાઓ.... મહામંત્રીજી પધાર્યા છે....’

‘એમને સત્વર અહીં લઈ આવો....’ મહારાજાએ આજ્ઞા કરી. સેવક નમન કરીને ચાલ્યો ગયો. પછી મહાદેવી સામે જોઈને કહ્યું : ‘પ્રિયે, આજ તો રાજસભામાં જવાનું નથી, છતાં મહામંત્રીશ્વર અત્યારે કેમ પધાર્યા હશે....?’

‘મહામંત્રીશ્વર કોઈ અગત્યના કારણ વગર આવે નહિ. એટલે કોઈ મહત્વનું કાર્ય આવી પડયું હોવું જોઈએ.’

મહારાજે કોઈ જવાબ ન આપ્યો પણ પત્ની સામે જોયું અને મહામંત્રી અભયદત્તની પ્રતીક્ષા કરવા લાગ્યા.

થોડી જ વારમાં મહામંત્રી અભયદત્તે ખંડમાં પ્રવેશ કર્યો. રાજ્યનાં વૃદ્ધ મહામંત્રી કુશાગ્ર બુદ્ધિ ધરાવતા હતા. મંત્રી જૈન ધર્મ પાળતા હોવાથી દરરોજ નિયમિતશ્રીજિનેશ્વર ભગવંતની પૂજા, ચૈત્યવંદન વગેરે કરતા. મહારાજે મહામંત્રીનો સત્કાર કર્યો. અભયદત્તો મહારાજને નમસ્કાર કર્યા, ત્યાં મહારાજે કહ્યું : ‘અત્યારે કેમ આવવું થયું....?’

‘મહારાજ, એક વિકટ પ્રશ્ન આવી પડયો છે, તે અંગેની વાત કરવા મારે આપની પાસે આવવું પડયું છે....’

‘વિકટ પ્રશ્ન....?’ મહારાજાએ આશ્ચર્ય અનુભવતાં કહ્યું.

'હા...રાજન, આજે નગરીમાં એક વાતની ચર્ચા થઈ રહી છે....'

'કઈ બાબતની....?' મહારાજે રસ દાખવતા પૂછ્યું.

'કૃપાનાથ, આપણા ગામથી એક કોસ દૂર મહાદેવનું પ્રાચીન મંદિર આવેલું છે. ત્યાં એક તાપસમુનિ આવ્યા છે. તેમની આકૃતિ ઘણી જ ભવ્ય અને તેજોમય છે, તેઓ અજોડ વિદ્યાના જ્ઞાતા છે. સ્વભાવે શાંત અને નિર્મળ છે. ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યકાળનું જ્ઞાન ધરાવે છે. આપણા મહાસેના પતિ થોડા દિવસો પહેલાં તેમના દર્શનાર્થે ગયા હતા, ત્યારે તાપસમુનિએ નગરી પર ભયનાં વાદળો છવાઈ જવાની વાત કરી હતી.'

'કયો ભય....?' ભરતસેને પૂછ્યું.

'ભયંકર દુકાળનો....મહારાજ, આ અંગે ત્રણ નિમિત્ત કહ્યા હતા. તાપસમુનિએ આપણા સેનાપતિને કહ્યું હતું કે જો તે સાચા પડે તો મારી વાત માનજો. અને આજ ત્રણ નિમિત્તમાંની એક વાત સાચી પડતાં, સેનાપતિ મારી પાસે આવ્યા અને વિગતવાર વાત કહી અને હું આપની પાસે દોડી આવ્યો.'

મહાદેવી પણ આ ચર્ચામાં રસ લઈ રહ્યા હતા તેમણે કહ્યું : 'મહામંત્રીજી, ત્રણ નિમિત્ત તાપસમુનિએ કયાં કહ્યાં હતાં....?'

'મહાદેવી, સેનાપતિએ મને જણાવ્યું હતું પહેલું

નિમિત્ત ભયંકર સ્વપ્ન આવશે....જેમાં નગરીની તારાજી જોશો....લોકો પારાવાર વેદના ભોગવતાં હશે....અને આ પ્રથમ નિમિત્તની વાત સેનાપતિએ અનુભવી, તેઓને ભયંકર સ્વપ્ન આવ્યું. તાપસમુનિએ જે પ્રમાણે વાત કરી હતી તેજ પ્રમાણે સ્વપ્ન આવ્યું....'

'તો પછી બીજા બે નિમિત્ત કયા છે....?'

'મહારાજ, એ વાત કહેવા જ હું આવ્યો છું. બીજા બે નિમિત્ત આપના પર અને યુવરાજ પરના કહ્યા છે.

રાજા આ વાત સાંભળીને આશ્ચર્ય પામ્યા. મહાદેવીનો ચહેરો ચિંતિત બની ગયો. મહામંત્રીએ આગળ વાત ચલાવતા કહ્યું: 'મહારાજ, આપણા યુવરાજ શ્રીભદ્ર અઢાર વર્ષના થયા છે. આપણે તેમને માટે યોગ્ય કન્યાઓ જોઈ રહ્યા છીએ. પરંતુ તાપસમુનિના જણાવવા પ્રમાણે યુવરાજના વિવાહમાં મુશ્કેલીઓ આવશે.'

'લગ્નમાં કયા પ્રકારની મુશ્કેલીઓ આવશે....?' મહાદેવીએ ગંભીર સ્વરે પૂછ્યું.

'મહાદેવી, વિવાહ થતાં હોય ત્યારે કોઈનો સામનો કરવાનો હોય, કોઈ કાવતરૂં રચાયું હોય અને એવા તો બીજાં ઘણાં વિઘ્નો આવી શકે....યુવરાજશ્રી માટે ચિંતા થાય તે સ્વાભાવિક છે.' મહામંત્રીએ કહ્યું.

'મારા બાબતમાં શું કહ્યું છે....? મહારાજા ભરતસેને આશ્ચર્ય અને ચિંતિત સ્વરે પૂછ્યું:

'મહારાજ, જીવનમાં ઘણીવાર માનવીની કસોટી થતી હોય છે. તેમાં હેમખેમ પાર ઉતરી જવું એવી માનવી અભિલાષા સેવતો હોય છે. કૃપાનાથ, આપને માટે કેવળ એટલું જ કહ્યું છે કે આપે નગરી છોડીને જવાનો ગમે તે પ્રસંગ આવે છતાં નગરી છોડીને કશે પણ જવું નહિ....'

'ઓહોહો....આ તો બધી તાજુબીથી ભરેલી વાતો લાગે છે, મંત્રીશ્વર, તમને શું લાગે છે....?'

'મહારાજ સેનાપતિએ જોયેલા સ્વપ્ન પછી આ બાબતમાં કંઈક તો વિચારીને પગલાં ભરવાં જોઈએ....'

'તો આ અંગે શું કરવું જોઈએ....?'

'મહારાજ, જો આપની આજ્ઞા હોય તો આજ મધ્યાહ્ન પછી તાપસ મુનિના દર્શન કરી આવીએ અને તેની બાબતમાં તથ્ય કેટલું છે તેની પરીક્ષા થઈ જશે, સાથોસાથ આ અંગેનો ઉકેલ શું છે તે પણ જાણી લઈશું....'

'બરાબર છે....આપણે દિવસના ચોથા પ્રહરે તાપસ-મુનિના દર્શને જઈશું....'

એમજ થયું.

દિવસના ચોથા પ્રહરની એક ઘટિકા વીત્યા બાદ મહામંત્રી અભયદત્ત રાજભવનની સોપાનશ્રેણી ચડવા લાગ્યા અને એક સેવકને પોતાના આગમનના સમાચાર જણાવ્યા.

રાજા ભરતસેન અને કમળાદેવી આરામખંડમાં નિરાંતે બેઠા હતા અને મહામંત્રીના આગમનની પ્રતીક્ષા કરતાં હતાં, ત્યાં જ એક પરિચારકે આરામ ખંડમાં પ્રવેશીને જણાવ્યું : 'મહારાજનો જય થાઓ. મહામંત્રીજી પધાર્યા છે.'

'એમને સત્વર અહીં મોકલો....' મહારાજે આજ્ઞા કરી.

થોડી જ વારમાં વયોવૃદ્ધ મહામંત્રી અભયદત્તે ખંડમાં પ્રવેશ કર્યો.

'મહારાજ, મેં રથ તૈયાર કરવાની સૂચના આપી દીધી છે આપ તૈયાર છોને....?'

'હા, મહામંત્રી, હું અને મહાદેવી આપની જ રાહ જોતાં હતાં....ચાલો આપણે જઈએ....' આમ કહીને મહારાજા ભરતસેન ઊભા થયા સાથે કમળાદેવી પણ ઊભાં થયાં.

મહારાજ, મહાદેવી અને મહામંત્રી ખંડ બહાર નીકળ્યાં.

રાજભવનની બહાર સુવર્ણજડિત બે રથ તૈયાર ઊભા હતા. રાજા ભરતસેન અને મહાદેવી એક રથમાં બીરાજમાન થયા, જ્યારે બીજા રથમાં મહામંત્રીની સાથે મહાપ્રતિહાર કમલજીત હતો.

અને રથ ગતિમાન થયા, થોડી જ પળોમાં બંને રથ

મહાદેવના પ્રાચીન મંદિરે આવી પહોંચ્યા. સૌ પ્રથમ મહારાજા અને મહાદેવી મંદિરના દર્શનાર્થે ગયા મહામંત્રી અને કમલજીત પણ પાછળ પાછળ ગયા. દર્શનવિધિ પૂર્ણ કરીને તાપસમુનિના આસન પાસે આવીને પ્રણામ કર્યા.

તાપસ મુનિએ આશીર્વાદ આપ્યા અને નમ્રભર્યા સ્વરે કહ્યું : 'હે રાજન, તું અહીં આવ્યો તે સારૂં કર્યું મેં મહાસેનાપતિને નગરી પર વિપત્તિના વાદળો આવવાની આગાહી કરી છે અને તે માટેના ત્રણ નિમિત્ત પણ જણાવ્યા હતા....'

'ગુરૂદેવ, આપની વાત સાચી છે. હવે આ અંગેનો કોઈ રસ્તો કરી આપો, હું મારી પ્રજા ભયના વાદળો વચ્ચે રહે અને તેને મુશ્કેલી ઊભી થાય તેવું ઇચ્છતો નથી આપ જે માર્ગ સૂચવશો તે મને કબૂલ છે....'

'રાજન, તારે ગભરાવાની જરૂર નથી, પણ આનો એક જ ઉપાય છે.'

'મહારાજ, જે ઉપાય હોય તે જણાવો. મારી નગરીના રક્ષણ માટે મારા પ્રાણની આહૂતિ આપવાની હશે તો પણ આપતા નહિં અચકાઉ....'

'ધન્ય છે તારી દેશભક્તિને....!' તારે યુવરાજ શ્રીભદ્રને બે વર્ષ માટે દેશવટો આપવો પડશે. તેના વિચિત્ર ગ્રહોને લીધે આ બધું બનવાની વાત મેં કહી

હતી. જો તેને દેશવટો આપશો તો વિપત્તિ આપોઆપ ટળી જશે........'તાપસમુનિએ જણાવ્યું.

'મહારાજ, આપની વાતને વધાવી લઉં છું....અને આપે જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે કરીશ.'

'ભદ્ર, માનવીનું જીવન જ સંકટોથી ભરેલું હોય છે. સુખદુઃખને હસતાં હસતાં પી જવું જોઈએ, માટે ચિંતા કરીશ નહિ. યુવરાજના ચાલ્યા ગયા બાદ સુખ, સમૃદ્ધિ વધશે અને યુવરાજ બે વર્ષ બાદ આવશે ત્યારે સુંદર, સ્વરૂપવાન ચતુર પત્નીઓ સાથે લાવશે.'

મહાદેવીનો ચહેરો પ્રસન્ન થઈ ગયો. મહારાજા અને મહામંત્રીએ થોડા સવાલોની ચર્ચા કરી. તાપસ-મુનિએ બન્નેને સંતુષ્ટ કર્યા, પછી બધા ઊભા થયા. તાપસમુનિને ચરણસ્પર્શ કરીને રાજભવન તરફ પાછા વળ્યા. ત્યારે દિવસનો અંતિમ પ્રહર પૂરો થવાની ઝાલરો રણકી ચૂકી હતી.

રાજભવનમાં આવ્યા બાદ મહારાજાએ મહામંત્રીને યુવરાજ શ્રીભદ્રના પ્રશ્ન અંગે પૂછ્યું, ત્યારે અભયદત્તે જણાવ્યું : 'કૃપાનાથ, યુવરાજને તાલીમ અર્થે કોઈ પણ સ્થળે મોકલી શકાય છે: બંગ પ્રદેશમાં મોકલીએ તો કેમ....?'

'આપની વાત સત્ય છે. એ અંગેનો બંદોબસ્ત આપ કરી લેજો....યુવરાજને આપણા પ્રદેશની બહાર

મોકલતાં હૈયું હાથમાં રહેતું નથી, જ્યારે બીજી બાજુ પ્રજા પ્રત્યેનું કર્તવ્ય અને ફરજ છે. મંત્રીશ્વર, હું કઠણ હૃદયે રજા આપી શકીશ....' આટલું બોલતાં જ મહારાજા ગળગળા થઇ ગયા.

ત્યાં તો મહાદેવીની આંખોમાંથી આંસુ સરવા લાગ્યા. મહાદેવી જાણતાં હતાં કે પુત્ર રાજ્યની બહાર ગયો નથી. તેમજ હજુ તેને દુનિયાદારીનું ભાન નથી પણ મોકલ્યા સિવાય કોઈ ઉપાય નહોતો.

મહારાજે મહામંત્રીશ્વર ને યુવરાજના પરદેશાગમનની તૈયારી માટેની આજ્ઞા આપી દીધી. અને પ્રજામાં યુવરાજ તાલીમાર્થે ગયા છે તેવી જાહેરાત થવી જોઈએ અને આ સિવાય બીજાં સૂચનો કર્યાં.

થોડીવાર મહારાજ પાસે બેસીને મહામંત્રીએ વિદાય લીધી.

આ તરફ યુવરાજ શ્રીભદ્ર બંસરી પર મધુર સુરાવલીઓ રેલાવી રહ્યો હતો. શ્રીભદ્ર રાજનીતિ, ધર્મશાસ્ત્ર, કાવ્યકલા, સંગીત, નાડીનિદાન, પશુપક્ષીની ભાષા અને બીજા અનેક શાસ્ત્રોમાં પ્રવીણ બની ચૂક્યો હતો. સંગીતમાં યુવરાજે વિશેષ પ્રગતિ સાધી હતી, કારણકે તેને બંસરી બજાવવાનો ખૂબ જ શોખ હતો.

રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થતો હતો. બંસરીના મદભર્યાં માદક સ્વરો હજુ શ્રીભદ્રના હોઠેથી પ્રસરી રહ્યા

હતા. રાગ ‘ મધુમાલિની ’ની છાયા સમગ્ર ખંડમાં ફરી વળી હતી. સંગીત એક એવી કલા છે કે જે પ્રાણીમાત્રને રસતરબોળ કરી મૂકે છે.

શ્રીભદ્રનું બંસરીવાદન સાંભળવા માટે ઘણીવાર પરિચારક વર્ગ પણ પોતાનું કાર્ય ભૂલીને બેસી જતો.

શ્રીભદ્રનો ગૌરવર્ણ ચહેરો ખૂબ જ તેજસ્વી લાગતો હતો. ભવ્ય લલાટ પર રાજતેજની છાયા સ્પષ્ટપણે વરતાતી હતી. કસાયેલું શરીર એક ક્ષત્રિયના વીરત્વનો આભાસ કરાવતું હતું.

રાત્રિના બીજા પ્રહરની બીજી ઘટિકાએ બંસરીવાદન પૂર્ણ કર્યું ત્યાં જ એક સેવકે ખંડમાં પ્રવેશ કર્યો અને નમન કરતાં કહ્યું : ‘ યુવરાજશ્રી, આપને મહારાજ અને મહાદેવી યાદ કરી રહ્યા છે. ’

‘ હું થોડીવારમાં આવું છું.’ શ્રીભદ્ર પોતાના આસન પરથી ઊભા થઈને વસ્ત્રો બદલાવવા બીજા ખંડમાં આવ્યો અને થોડીવારમાં શ્રીભદ્ર પોતાના માતાપિતા પાસે આવી પહોંચ્યો અને કહ્યું : ‘ કેમ પિતાજી, આપે મને યાદ કર્યો હતો....? ’

‘ હા....શ્રીભદ્ર, તારી બંસરીનો અભ્યાસ ક્યાં સુધી પહોંચ્યો ? ’

‘ પિતાજી, અભ્યાસ ચાલુ જ છે. ’ એમ કહીને પિતાની પાસે જ પડેલા એક આસન પર બેઠો, ત્યાં

કમળાદેવીએ કહ્યું : 'બેટા, તું તારા સંગીતનો અભ્યાસ નિયમિત કરજે....આજ સંધ્યા સમયે તું આવ્યો નહિ એટલે તને યાદ કર્યો હતો....'

'હું અહીં એકવાર આવી ગયો હતો ત્યારે આપ, મારા પિતાજી, અને મહામંત્રી બહાર ગયા હતા.'

'હા, શ્રીભદ્ર, એક વિકટ પ્રશ્ન આવી પડ્યો છે. તે અંગેની વિશેષ માહિતી લેવા મારે અને તારી માતાને જવું પડ્યું....'

'વિકટ પ્રશ્ન....?' શ્રીભદ્રે આશ્ચર્યથી પૂછ્યું.

'હા....પુત્ર, આપણી નગરી પર વિપત્ત આવી રહ્યાની આગાહી અહીંના તાપસમુનિ કે જે મહાદેવના મંદિરમાં બેસીને સાધના કરતાં હોય છે. તેઓશ્રીએ આ વાત કરી છે.'

'પણ પિતાજી, આપણી નગરી પર વિપત્તિ ? મને કશું સમજાતું નથી....'

'બેટા, કઈ પળે શું થાય તેની કલ્પના આપણાથી થઈ શકે નહિ, પણ તાપસમુનિની વાત સાચી છે અને આ અંગે એક ઉપાય પણ સૂચવ્યો છે....'

'ઉપાય....? કયો ઉપાય બતાવ્યો ?' યુવરાજે પ્રશ્ન કર્યો.

'બેટા, ઉપાયમાં તો માતાપિતાનું હૈયું છીનવી લેવા

જેવી વાત છે. અને જો તે પ્રમાણે ન બને તો નગરી પર વિપત્તિ આવે....મારાથી કંઈ વિચારાતું નથી કે કંઇ સમજાતું નથી. શું કરવું....?' મહારાજા ભરતસેને ગળગળા સ્વરે કહ્યું.

મહાદેવી તો એકદમ ગળગળા થઈ ગયા અને આંખમાં અશ્રુઓ દેખાવા માંડ્યા. શ્રીભદ્ર એટલું તો સમજી ગયો કે આ ઉપાયમાં હું રહેલો છું. આથી તેણે પ્રશ્ન કર્યો: 'પિતાજી, આપે હૈયું કઠણ કરીને ઉપાય દર્શાવવો પડશે. આપની ફરજ એ છે કે નગરીને કોઇ-પણ ભયના વાતાવરણમાંથી મુક્ત કરવી જોઇએ અને મારું કર્તવ્ય છે કે પ્રજા માટે મારા પ્રાણની જરૂર પડે તો સહર્ષ આપવા તૈયાર છું....'

'ના બેટા, એવું કશું નથી. પરંતુ તારે બે વર્ષ માટે બંગદેશમાં જવું પડશે અને ત્યાં તારે સાહિત્યનો અભ્યાસ કરવાનો છે, આવો ઉપાય તાપસમુનિએ જણાવ્યો હતો અને અમારાથી જ બે વર્ષ સુધી તારો વિયોગ કેમ સહન થશે તે સમજાતું નથી. તારી માતા તો અત્યારથી આંસુ પાડી રહી છે....'

'પિતાજી, ફરજ—કર્તવ્ય આગળ લાગણીના બંધન ન શોભે....એ મને આપ દ્વારા જ જાણવા મળ્યું હતું. આપની આજ્ઞા થતાં જ હું આવતીકાલે વહેલી સવારે નીકળી જઈશ.'

શ્રીભદ્ર માતાપિતાના ચરણમાં નમી પડ્યો અને આશીર્વાદ માગ્યા....રાજા ભરતસેનને ખૂબ જ ગર્વ થયો કે પોતાનો પુત્ર ફરજ અને કર્તવ્ય માટે જરા પણ પાછો પડે તેમ નથી.

ત્યારપછી મહારાજ અને મહાદેવીએ શ્રીભદ્રને થોડીક સૂચના આપી અને શ્રીભદ્રે આવતીકાલ સવારે વહેલા નીકળી જવાની આજ્ઞા માંગી.

ત્યારે મહારાજ અને મહાદેવીએ દુઃખી હૈયે આજ્ઞા આપી.

યુવરાજ શ્રીભદ્ર પોતાના શયનખંડ તરફ વળ્યો. રાત્રિનો બીજો પ્રહર પૂરો થઈ ગયો હતો.

યુવરાજે આવતીકાલના પ્રવાસ અંગેની તૈયારીઓ કરવા માંડી અને લગભગ એકાદ ઘટિકા બાદ તે શૈયા પર પડ્યો. એને ક્યારે નિદ્રા આવી ગઈ તેની ખબર ન પડી.

રાજગૃહી નગરીની જાહોજલાલી ખૂબ ભવ્ય હતી. ગગનચુંબી શિખરો નગરીની શોભારૂપ હતા. લોકોને કોઈ પાંતીનું દુઃખ નહોતું. આ નગરીમાં અનેક શ્રેષ્ઠિઓ, ધનિકો, સાર્થવાહકો નિવાસ કરતાં હતાં. આસપાસના પ્રદેશોમાં રાજગૃહી નગરી ઘણી જ શ્રેષ્ઠ ગણાતી. આથી ઘણા લોકો નગરીના દર્શનાર્થે, યાત્રારૂપે નીકળી પડતા.

રાજગૃહીના કૌશેયપટ્ટ સારાય ભારતવર્ષમાં વખણાતા અને દક્ષિણભારતથી સાર્થવાહો ખરીદી કરવા રાજગૃહી આવતા અને અહીંના કૌશેયપટ્ટ જરૂર લઈ જતા. આમ રાજગૃહી વ્યાપારરોજગારમાં આગળ હતી. શ્રી મુનિસુવ્રત સ્વામીનું ભવ્ય જિનાલય રાજગૃહી નગરીની શોભા હતી. ખૂબ જ મનમોહક અને તેજસ્વી પ્રતિમાજી બીરાજ-

માન થયા હતા. આ સિવાય ભગવાન નટેશ્વરના મંદિરો હતા.

મહારાજા શ્રેણિક રાજાનો રાજમહેલ દક્ષિણ દિશામાં આવેલો હતો. રાજમહેલ ઘણો જ ભવ્ય અને કલાત્મક હતો. રાજા ન્યાયી, દયાળુ અને આરોગ્યસંપન્ન હતો. પ્રજાની કોઈપણ ફરિયાદ હોય તો તેનો તુરત નિકાલ કરવા માટે એક શ્રેષ્ઠ ન્યાયમંડળની રચના કરી હતી. પરંતુ જે રાજ્યમાં ચોરી લુંટફાટ જેવા તત્ત્વો પ્રવેશ્યા ન હોય ત્યાં ફરિયાદ રહેતી નથી.

શ્રેણિક રાજાની પટ્ટરાણી ચેલ્લણા પણ નમ્ર ધર્મિષ્ઠ અને ગુણી હતી. શ્રેણિક રાજા અને ચેલ્લણા બંને નિયમિત શ્રી મુનિસુવ્રત સ્વામીની સેવાપૂજા અર્થે જતા અને ભાવભર્યું સ્તવન ગાતા. આમ રાજારાણી બંનેને ધર્મનો રાગ હતો.

આજે રાજસભા ખીચોખીચ ભરાયેલી હતી. નગરીના શ્રેષ્ઠિઓ, દરબારીઓ, અને પ્રજાજનો આજે રાજસભામાં પધાર્યા હતા. મહારાજાધિરાજ હજુ પધાર્યા નહોતા, આથી રાજસભામાં ધીમો ધીમો ગણગણાટ થતો હતો.

ત્યાં છડીદારે મહારાજના આગમનની છડી પોકારી. રાજસભામાં શાંતિ પથરાઈ ગઇ.... મહારાજનું આગમન

થતાં જ સર્વ સભાજનોએ ઊભા થઈને સ્વાગત કર્યું અને જયજયકાર બોલાવ્યો.

મહારાજા શ્રેણિકે રાજસિંહાસન પર બેઠક ગ્રહણ કરી. રાજસભાની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં રાજપુરોહિતે સ્વસ્તિવાંચન કર્યું. ત્યારબાદ મહામંત્રીશ્વર ઊભા થયા અને મહારાજની આજ્ઞા લઈને રાજસભામાં કહ્યું :

'આપ જાણો છો કે છેલ્લા આઠ દિવસથી રાણીબા લીલાવતીદેવી કોઈ અસહ્ય પીડામાં સપડાઈ ગયા છે. તેઓ શૈયા પરથી ઊભા થઈ શકતા નથી. આ અંગે રાજ્યના રાજવૈદ્યે નાડીપરીક્ષા કરી છતાં કંઈ નિદાન થઈ શકયું નથી. આ પછી તો અનેક વૈદ્યો, હકીમો, ભવાયા વગેરે આવી ગયા છતાં લીલાવતીદેવીનો રોગ પરખાતો નથી. આથી જાહેરાત કરવામાં આવે છે કે રાણીબાને જે કોઈ વ્યક્તિ સારું કરી આપશે તેને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે.'

મહામંત્રીશ્વર બે ઘડી મૌન રહ્યા છતાં સભામાંથી કોઈ ઊભું ન થયું કે ન કોઈ બોલ્યું.

મહારાજા શ્રેણિકના વદન પર ચિંતા વરતાતી હતી....અને થોડીવારમાં સામાન્ય ચર્ચા પૂર્ણ કરીને રાજસભાનું કાર્ય સમાપ્ત જાહેર કરવામાં આવ્યું.

મહામંત્રીએ મહારાજની પાસે આવતાં નમ્ર સ્વરે કહ્યું : 'કૃપાનાથ, લીલાવતીદેવીનો રોગ પરખાતો નથી

મને લાગે છે કે કર્મનો વિપાક ઉદ્દભવ્યો હશે અને તે સહન કર્યા સિવાય છૂટકો નથી.'

'મંત્રીશ્વર, આપની વાત સાચી છે. રાજવૈદ્ય પણ કહેતા હતા કે નાડી ખૂબ જ સરસ છે. રોગ પરખાતો નથી તો પછી ઔષધિ કયા રોગ માટે આપવી ?.... ખરેખર આ વિચિત્ર કહેવાય....!' શ્રેણિક રાજાએ મંત્રી સામે જોતાં કહ્યું.

મહારાજાધિરાજ શ્રેણિક રથમાં બેસીને રાજભવનમાં આવ્યા.

રાજા શ્રેણિકની એક રૂપવાન કન્યા રાજકુમારી રૂપલતા યૌવનના પ્રાંગણમાં આવી ચૂકી હતી. તે લીલાવતીદેવીની કન્યા હતી. પોતાની માતાને આ વિચિત્ર પ્રકારનો રોગ આવ્યો હોવાથી તેનું અંતર દુ:ખી થઈ રહ્યું હતું.

આજ તો સમગ્ર નગરી ચિંતામાં હતી. લીલાવતીદેવીનાં વિચિત્ર પ્રકારના રોગની જ ચર્ચા થતી હતી. આથી નગરીના લોકો ચિંતિત બન્યાં હતાં.

રાજગૃહી નગરીના મધ્ય વિસ્તારમાં ખૂબ સામાન્ય પરિસ્થિતિમાં ઋષભદત્ત ગરીબીમાં દિવસો પસાર કરી રહ્યો હતો. આવતીકાલે ઘરમાં શું રંધાશે તેની ખબર નહોતી. જાતે બ્રાહ્મણ હોવાથી ઘરે ઘરે જઈને લોટ માંગી લાવે, ઋષભદત્તની પત્ની ભદ્રાનો સ્વભાવ ચીડીયો, અભિમાની હતો. ઘરમાં તેનું શાસન હતું. ઋષભદત્તો જ્યારે નાના એવા

ઝૂંપડામાં પ્રવેશ કર્યો ત્યારે દિવસનો બીજો પ્રહર પૂરો થઈ ગયો હતો.

આ સમયે ભદ્રા ચુલા પાસે બેઠી હતી અને અગ્નિ જલાવવા ફૂંક મારી રહી હતી. ઋષભદત્તે દયામણા સ્વરે કહ્યું : ‘ દેવી, આજે ભિક્ષામાં કશું પ્રાપ્ત થયું નથી.’

‘ શું કહ્યું....? છોકરાંઓને મારું કાળજું રાંધીને આપીશ....! ખરેખર તમારામાં કંઈ કમાવાની આવડત નથી.’ ભદ્રાએ ગુસ્સામાં ફૂંકણીનો એક બાજુ ઘા કર્યો.

ઋષભદત્ત મૌન રહ્યો. તે હંમેશા પત્ની સામે ચૂપ થઈ જતો. ઋષભદત્તને ચાર સંતાનો હતા. જેમાં અમર સૌથી નાનો પુત્ર હતો. દરેક માતાને સૌથી નાના પુત્ર પ્રત્યે વધુ પ્રેમ હોય. પરંતુ ભદ્રાને તેમ નહોતું. તેને અમર દીઠો ગમતો નહોતો.

ઋષભદત્તે પત્નીની વાતનો જવાબ ન આપતાં બીજો જ પ્રશ્ન કર્યો : ‘ અમર હજુ પાઠશાળાએથી નથી આવ્યો....? ’

‘ ના........એ ક્યાં જતો હશે તેની મને ખબર નથી પરંતુ તે જુગારની લતે તો નથી ચડી ગયો ને....? ’

‘ ના....ના....મારો અમર ઘણો જ સીધોસાદો છે.... તે એવું કરે નહિ હજી તો તેની ઉમર પણ નાની છે.’

‘ આખો દિવસ અમરના ગુણગાન ગાયા રાખો છો, મને તો દીઠોય ગમતો નથી....’

'દેવી, એતો પૂર્વ ભવની લેણાદેણીની વાત છે. પરંતુ દરેક માતાપિતાને પોતાના બાળકો ખૂબ જ વહાલા લાગે. પછી તે ભલે લંગડુ હોય કે લુલું પરંતુ પ્રેમની ધારા વહેવામાં કશી ઉણપ આવતી નથી....'

'આજે રાંધવાનું શું છે....એની વાત કરો ને....!' ભદ્રાએ જરા ઊંચા અવાજે કહ્યું.

'તું એમ કર....બાજુમાંથી માંગી લાવ....' ઋષભદત્તે કહ્યું.

'ભલે પણ આ રીતે વારંવાર મારે માંગવા જવું પડે તે તમને શોભા દેતું નથી.'

ઋષભદત્તને મૌન સેવવું પડ્યું.

થોડીજવારમાં બાજુમાંથી લોટ માંગીને ભદ્રા આવી ગઈ, તે દરમ્યાન ઋષભદત્ત શાંતિથી અને આરામથી પથરાયેલી તૂટેલી જાજમ પર બેઠો હતો. ભદ્રાને અંદર દાખલ થતી જોઈને કહ્યું : 'દેવી, આજે રાજસભામાં ઘણું માણસ ભેગું થયું હતું....!'

'શા માટે....?'

'આપણા મહારાજાના એક પત્ની જેનું નામ લીલાવતી દેવી છે તેમને કોઇ અજાણ્યો અને વિચિત્ર રોગ લાગુ પડ્યો છે. રાજવૈદ્ય અને બીજા વૃદ્ધ વૈદ્યો આ રોગને પારખવા માટે પ્રયત્નો કરી રહ્યા છે....પરંતુ કશું જાણવા જ મળતું નથી.'

'પરંતુ આ રોગ પરખાય નહિ એ વાત માનવામાં જ આવતી નથી.'

'લીલાવતી દેવીને જોવા અનેક ભવાયા આવી ગયા છતાં કોઇને સફળતા મળી નથી.'

આમ વાતચીત આગળ ચાલે તે પહેલાં અમરે ઘરમાં પ્રવેશ કર્યો. હાથમાં પાઠશાળામાં લઈ જવાના પુસ્તકો હતા. ઋષભદત્તની નજર પડતાં જ કહ્યું : 'આવ....' અમર, તારે મોડું કેમ થયું ?'

અમર જવાબ આપે તે પહેલાં જ ભદ્રાએ કહ્યું : 'તમારો અમર કયાંય રખડવા ચાલ્યો હશે.... જરા બે તમાચા લગાવોને એટલે સીધો દોર થાય....' ભદ્રા તો અમરને જોતાં જ ભભૂકી ઊઠી.

ભદ્રા જયારે અમરને જોતી ત્યારે તેને ગુસ્સો પ્રગટી ઉઠતો અને તે પોતાનો સગો પુત્ર હોવા છતાં ઓરમાયા પુત્ર કરતાં પણ વિશેષ ખરાબ રીતે રાખતી. અને ઘણીવાર ઋષભદત્તની ગેરહાજરીમાં વગરવાંકે અમરને મારી લેતી અને પોતાના અંતરમાં પ્રજળી રહેતા અગ્નિને શાંત પાડવાનો પ્રયત્ન કરતી.

ભદ્રાના શબ્દો સાંભળીને ઋષભદત્તે શાંતભર્યા સ્વરે કહ્યું : 'નહિં.... એતો કુમળો બાળક છે. એ માર સહન ન કરી શકે....તેને મોડા આવવાનું કોઈ કારણ તો હશેને.... આપણે શાંતિથી તેની વાત સાંભળવી જોઈએ.'

અને ઋષભદત્ત કંઈ આગળ બોલે તે પહેલાં જ ભદ્રા ઊભી થઈ અને અમરની નજીક આવતાં જ તેનો ક્રોધ ભભૂકી ઉઠયો અને એ નાજુક બાળકના વાંસા પર બે ધબ્બા મારીને કહ્યું : 'બોલને.... પીટયા, મોઢામાં મગ ભર્યા છે? તારે આજે આવવાનું કેમ મોડું થયું?'

અમર હવે પોતાની માતાના મારથી ટેવાઇ ગયો હતો. તેણે ઘણી જ શાંતિથી કહ્યું : 'માતાજી, આજે અમારી પાઠશાળામાં નવો વિદ્યાર્થી દાખલ થયો તેથી સૌ વિદ્યાર્થીઓને એક એક રૌપ્યમુદ્રા મળી હતી. આથી મારે વધારે વાર બેસવું પડ્યું.'

ઋષભદત્ત શાંતચિત્તે બેઠો હતો અને બન્નેનો વાર્તાલાપ સાંભળતો હતો.

ભદ્રાએ કહ્યું : 'ક્યાં છે રૌપ્યમુદ્રા....?'

'મારી પાસે છે....' અમરે કહ્યું.

'તો પછી ક્યાં રાખી છે....? મને આપી દે....' ગુસ્સામાં ભદ્રાએ કહ્યું.

ઋષભદત્ત ચુપ હતો. અમરે પોતાને મળેલી રૌપ્યમુદ્રા ભદ્રાને આપી દીધી અને પિતા પાસે આવીને બેસી ગયો. ભદ્રાનો દરરોજ એકવાર વિનાકારણે માર પડતો. આથી અમરને દુઃખ થતું, પણ પોતે કંઈ કરી શકવાને અસમર્થ છે તેમ તે સમજતો અને મુંગેમોંએ તે માતાનો માર સહન કરતો.

ત્યાં તો અમરનો મોટોભાઈ ગોવિંદ લોટ માગીને આવી પહોંચ્યો તેનું ભણવામાં ચિત્ત ન ચોંટવાથી તે લોટ માંગવા નીકળી પડતો. આજે તે લોટ લઈને આવ્યો હતો એટલે ભદ્રા કંઈ બોલી નહિ. નહિતર બે શબ્દો સ્વાગતમાં જ બોલી હોત.

લગભગ એકાદ ઘટિકા પછી બધા ભોજન કરવા માટે બેઠા ત્યારે જેવીતેવી રસોઈ બનાવવામાં આવી હતી, તેને ન્યાય આપવા લાગ્યા, પણ ઋષભદત્ત, અમર કે ગોવિંદ કશું બોલ્યા નહિ અને મુંગે મોઢે ખાવા લાગ્યા.

જમતાં જમતાં અમરે પોતાના પિતાજી સમક્ષ જોઈને કહ્યું: 'બાપુ, આપણી નગરીના શ્રેષ્ઠિ લક્ષ્મીચંદ શેઠે આજે મને બોલાવ્યો છે.'

'શા માટે ....?'

'એનો મને ખ્યાલ નથી. આજ મધ્યાહ્ન પછી મળવાનું છે....'

'તો પછી જજે... અને કંઈપણ કામ કહે તો કરી આપજે....'

'ભલે....' અમરે જમીને ઊભા થતાં કહ્યું તે તેની થાળી લઈને બહાર ધોવા ગયો. ગોવિંદને જમતાં જરા વધુ પડતો સમય થતો.

ભદ્રા પણ જમવા બેઠી હતી. અને થોડીવારમાં બધા જમી રહ્યા ત્યારે ઋષભદત્ત ઊભો થઈને ભાગ્યા તુટલા જેવી

હાલતવાળા એક ખાટલામાં આડેપડખે થયો. અમર નીચે જમીન પર એમને એમ સૂઈ ગયો. ગોવિંદ પણ થોડીવાર આરામ પ્રાપ્ત થાય તે હેતુથી અમરની બાજુમાં જ સૂઈ ગયો.

ભદ્રાએ રસોડું સાફ કર્યું અને તે પણ સૂઈ રહેવા માટે જાજમ પર આડે પડખે થઈ.

એક ઘટિકાની નિંદ્રા માણીને અમર જાગ્યો અને શ્રેષ્ઠિ લક્ષ્મીચંદ શેઠને ત્યાં જવા માટેની તૈયારી કરવા લાગ્યો.

ઋષભદત્ત હજુ સૂતો હતો, ભદ્રા ઊઠી ગઈ હતી. અમરે માતાજી પાસેથી વિદાય માંગતા કહ્યું : 'માતાજી, મારે શ્રેષ્ઠિને મળવા જવાનું છે. તેથી પિતાજી ઉઠે અને મારા વિષે પૂછે તો કહી દેજો.'

ભદ્રાએ કહ્યું : 'હા....તું તારે અહીંથી જલદી જા....'

અમરે તરત જ વિદાય લીધી. માર્ગમાં પોતાની માતાના વિચાર કરવા લાગ્યો કે મારો એવો કયો દોષ છે કે હું માતાનો પ્રેમ સંપાદન કરી શકતો નથી. મારા પ્રત્યે આવી ક્રૂર લાગણી કેમ દાખવતાં હશે....? મારા પિતા તેના ગુસ્સા સામે કેમ ચૂપ થઇ જાય છે....?

લક્ષ્મીચંદ શેઠની હવેલી આવી ગઇ ત્યાં સુધીમાં અનેક વિચારો આવી ગયા. અમરે સ્વસ્થ થઈ ને હવેલીમાં

પગ મુકયો. બહાર ઊભેલા દરવાને કહ્યું : ' એ છોકરા, કોની રજા લઈને અંદર પ્રવેશે છે....? '

' મારું નામ અમર છે. મને શેઠશ્રીએ બોલાવ્યો છે.' અમરે જરાય ગભરાટ અનુભવ્યા વગર કહ્યું.

' તું અહીં ઊભો રહે....હું આજ્ઞા મેળવીને આવું છું.'

' ભલે....' આમ કહીને અમર હવેલીનું નિરીક્ષણ કરવા લાગ્યો. ભવ્ય અને કલાત્મક હવેલી જોઈને તે આનંદ પામ્યો.

થોડીવારમાં દરવાને કહ્યું : ' અમર, તું આ સેવકની સાથે જા.... તને શેઠશ્રી પાસે લઈ જશે.' એમ કહીને દરવાને સેવકને સૂચના કરી.

અમર સેવકની સાથે લક્ષ્મીચંદ શેઠના આરામ-ખંડમાં પહોંચ્યો શેઠની ભવ્ય સાહ્યબી જોઈને અંચબામાં પડી ગયો. અને વિચારવા લાગ્યો કે આવા કરોડપતિ શ્રેષ્ઠિએ મને શા માટે બોલાવ્યો હશે....?

સેવકે અમરને કહ્યું : ' અમરકુમાર, તમે અહીં બેસો શેઠજી થોડીજવારમાં આવશે.' સેવકે અમરનું નામ જાણી લીધું હતું.

અમર આરામથી જમીન પર બેસી ગયો. સેવક અમરને જમીન પર બેઠેલો જોઈને કંઇ બોલ્યો નહિ

કારણકે અમરના વસ્ત્રો સ્વચ્છ હતા પરંતુ થીંગડા મારેલા હોવાથી સેવકને થયું કે આ કોઈ માગવા આવ્યો હશે. માટે આસન પર બેસવાનું શા માટે કહેવું જોઈએ....?

થોડી વારમાં લક્ષ્મીચંદ શેઠે આરામખંડમાં પ્રવેશ કર્યો અને તરત જ હસતા હસતા બોલ્યા : ' અમર, તું આવી ગયો....? '

' હા....શેઠજી, ફરમાવો....મારા લાયક શું કાર્ય છે....? ' અમર નમ્ર સ્વરે બોલ્યો.

અમરના નમ્રભર્યા સ્વરો સાંભળીને શેઠજી પ્રસન્ન થયા અને કહ્યું : ' જો બેટા, મારો પુત્ર વિક્રમ તારી સાથે અભ્યાસ કરે છે. તેણે મને તારા ઘરની પરિસ્થિતિ અંગેની વાત કરી. મને એ જણાવ કે તારા પિતાશ્રી શું કરે છે....? '

' કૃપાળુ, અમે બ્રાહ્મણ હોવાથી ઘરે ઘરે લોટ માગીએ છીએ. અને જીવન આનંદથી પસાર કરીએ છીએ અમને કોઈ પાંતીનું દુઃખ નથી.'

શેઠજીને લાગ્યું કે અમર પોતાના ઘરની પરિસ્થિતિ અંગે બોલતા શરમાય છે. પણ કેટલી ચાતુરીથી ઉત્તર આપ્યો. શેઠજીએ કહ્યું : ' અમર, તું આવતીકાલે મારી પેઢી પર પાઠશાળાના સમય પછી આવતો જજે. અને આ બે સોનામહોર રાખ....તને કામ લાગશે....'

' ના....શેઠજી, આપે મને પેઢી પર કામ કરવા માટે

આવવાનું કહ્યું તેથી મને ખૂબ જ હર્ષ થયો છે. હું આવતી કાલથી જરૂર આવીશ.'

અને અમરે શેઠજીને ત્યાંથી વિદાય લીધી.

અમરને શેઠજીની પેઢી પર કામ મળ્યું હોવાથી તે આનંદમાં આવી ગયો અને પ્રસન્ન ચિત્તે તે પોતાના ઘરે આવ્યો ત્યારે ઋષભદત્ત બહાર ગયો હતો અમરને આવતો જોતાં જ ભદ્રા બોલી ઊઠી : 'અમર, ચાલ જરા આ વાસણ ધોઈ નાખ....'

અમર કંઈપણ બોલ્યો નહિ. અને ભદ્રાની સૂચના અનુસાર વાસણ માંજવા બેસી ગયો. ત્યાં જ તેનો મિત્ર વસંત આવ્યો અને ભદ્રા સામે જોઈને કહ્યું : 'માતાજી, અમર આવી ગયો....?'

'હા....શું કામ છે....?' ભદ્રાએ પૂછ્યું.

'અમે તેને રમવા માટે લઈ જઈએ....?' વસંતે ગભરાતાં ગભરાતાં પૂછ્યું.

'ના....એનું અહીં ઘણું કામ છે જો નવરો પડશે તો આવશે.'

આ તરફ અમરે આંખનો ઇશારો કરીને વસંતને ચાલ્યા જવાની સૂચના કરી.

વસંત તરત જ રમવા માટે ચાલ્યો ગયો બહાર ફળીમાં બીજા છ સાત છોકરાઓ રમવા માટે આવી ગયા હતા. અને રમત રમવી શરૂ કરી.

આ તરફ અમરને થયું કે મિત્રો કઈ રમત રમે છે તે જોવું જોઈએ. આમ વિચારીને તે ઘરના દ્વાર પાસે ઊભો રહ્યો. અને આનંદથી રમત જોવા લાગ્યો.

ભદ્રા રસોડામાં કામ કરતી હતી. વાસણ માંજવાનો અવાજ ન આવવાથી તેને આશ્ચર્ય થયું કે અમર ક્યાં ગયો... ? આથી તે ઊભી થઈ અને રસોડાની બહાર આવી.

અમરને ઘરના દ્વાર પાસે રમત નીહાળતો જોઈ ને તે એકદમ ગુસ્સે થઈ ગઈ. અને કંઈપણ બોલ્યા વગર વાંસા પર ખૂબ જ જોરથી બે ધબ્બા માર્યા અને ગાલપર એક તમાચો લગાવી દીધો. અમરથી સીસકારો નંખાઈ ગયો પણ ભદ્રાને તેની પરવા જ નહોતી. અને એકદમ લાલચોળ થઇ ગઇ અને ક્રોધભર્યા સ્વરે કહ્યું : ' મેં તને વાસણ માંજવાનું કહ્યું હતું તો તે કામ અધુરૂં છોડીને શા માટે અહીં ઊભો છે ? '

અમર ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયો અને કંઇ પણ બોલ્યા વગર અંદર ચાલ્યો ગયો. ભદ્રાના મારથી તેને વાંસા પર પીડા થવા માંડી...

એક નિર્દોષ બાળક માર ક્યાં સુધી સહન કરી શકે ? રમતગમત એજ એમનું જીવન હોય છે.

અમર પોતાનો વાંસો પંપાળતો પંપાળતો ચોકા તરફ વાસણ માંજવા ચાલ્યો ગયો.

ઋષભદત્ત હજુ આવ્યો નહોતો. ભદ્રા નાક ફુલાવતી રસોડામાં ચાલી ગઈ. અમરની મિત્રો પણ ભદ્રાના સ્વભાવથી પરિચિત હતા.

અમર તરત જ વાસણ માંજીને ઊભો થયો આંખમાં હજુ આંસુ હતાં ત્યાં વસંત આવ્યો અને પ્રેમથી તેના વાંસા પર હાથ ફેરવ્યો અને પ્રેમથી પૂછ્યું, 'અમર, તને તારી માતા શામાટે આટલું બધું મારે છે....'

અમર જવાબમાં રડી પડયો.

વસંતે કહ્યું : 'અમર, મારી માતા મને ખૂબ જ લાડ કરે છે....પ્રેમથી જમાડે છે....અને....તને જોઉં છું તો મારું હૃદય હલી ઉઠે છે. અમર, તું મૂંઝાતો નહિ. તારું કોઈ નહિ હોય તો હું છું જ....'

અમર આ શબ્દો સાંભળીને વસંતના ગળે બાઝી પડયો. અમરને વસંતના બોલવા પરજ હુંફ મળી હતી ....અમરને લાગ્યું કે મારું પોતાનું કોઈક છે....

અને થોડીવારે વસંત ચાલ્યો ગયો.

જોકે અમરને ગમ્યું નહિ, પરંતુ રસોડામાંથી માતાનો અવાજ આવ્યો એટલે ન છુટકે રસોડામાં જવું પડ્યું.

ભદ્રાએ કહ્યું : 'વાસણ બધા લઈને રસોડામાં ગોઠવી દે.... જલ્દી કર.... હમણાં તારા બાપુ આવશે.'

અમર તરત જ માતાજીની આજ્ઞા પાળવા ચોકા તરફ આવ્યો અને મૂંગા મોઢે વાસણ એકઠા કરીને રસોડામાં ગોઠવવા લાગ્યો.

ત્યાં જ ઋષભદત્ત આવ્યો.

અને થોડીવાર રહીને ગોવિંદ પણ આવ્યો.

## ૩ : : શ્રીભદ્રની મૂંઝવણ

રાત્રિનો છેલ્લો પ્રહર પૂરો થવાની તૈયારી હતી તે પહેલાં શ્રીભદ્ર એક અશ્વ અને થોડો સરસામાન લઈને નગરી બહાર નીકળી ગયો. શ્રીભદ્રને થયું કે, માતાપિતા ખૂબ જ લાગણીવશ છે, તેમને દુઃખ થશે પણ પ્રજાના કલ્યાણ માટે લાગણીના તંતુ તજતાં ગભરાટ ન હોવો જોઈએ.

આ તરફ જ્યારે સૂર્યોદય થયો ત્યારે મહાદેવી કમળાવતીએ યુવરાજની તપાસ અર્થે એક સેવકને રવાના કર્યો.

થોડી જ પળોમાં સેવકે આવીને કહ્યું : ' મહાદેવી, યુવરાજશ્રી ચાલ્યા ગયા છે. એમની શૈયા પર આ તાલપત્ર પડ્યું હતું ' આમ કહીને સેવકે તાલપત્ર મહાદેવીના

હાથમાં મૂક્યું. મહાદેવીએ તાલપત્ર વાંચ્યું ત્યારે તેમાં યુવરાજે લખ્યું હતું કે :–

'પરમ પૂજ્ય માતાપિતાની સેવામાં. જીવનમાં માનવીને ઘણીવાર અનેક કર્તવ્યો બજાવવા પડે છે. હું પણ મારૂં કર્તવ્ય બજાવવા નીકળી પડયો છું. આપના અંતરના આશિર્વાદ મારી સાથે જ રહેશે. હું આપના ખંડમાં આવીને ચરણસ્પર્શ લઇ ગયો છું. વિદાય વસમી ન બને એથી મેં આપને જાગૃત કર્યાં નહોતા. આપનો આજ્ઞાંકિત પુત્ર શ્રીભદ્રના પ્રણામ.'

તાલપત્ર વાંચતા જ મહાદેવીની આંખમાંથી દડ દડ આંસુ પડવા લાગ્યા. અને થોડીવારમાં મહારાજ આવ્યા અને મહાદેવીનો ગમગીન ચહેરો જોઇ ને પૂછયું : 'પ્રિયે, સૂર્યોદય હજુ હમણાં જ થયો. તારો ચહેરો ગમગીન કેમ જણાય છે....?'

મહાદેવીએ ઉત્તરમાં પેલું તાલપત્ર મહારાજના હાથમાં મૂક્યું, મહારાજ ભરતસેને તાલપત્ર વાંચ્યું અને વાંચ્યા બાદ તે ગળગળા થઈ ગયા અને મહાદવીને આશ્વાસન આપ્યું. એક સેવકને જળ લઇ આવવાની આજ્ઞા કરી.

થોડીવાર રહીને ભરતસેને કહ્યું : 'પ્રિયે, યુવરાજના ચાલ્યા જવાથી શું મને દુઃખ નહિ થયું હોય ?.... હું પણ મારું કાળજું કઠણ રાખીને આ દર્દ પચાવી રહ્યો

છું પરંતુ યુવરાજે જે પગલું લીધું છે તે અંતે તો આપણા રાજ્યના ભલા માટે જ લીધું છે. મને તો ગર્વ થાય છે કે આપણો પુત્ર ખરેખર પોતાની ફરજ સમજીને ચાલી નીકળ્યો. શ્રીભદ્ર ગુણી, વિવેકી, સાહસિક, સમજદાર છે તેને માર્ગમાં કશી તકલીફ પડશે નહિ.'

'પરંતુ એણે હજુ રાજ્યની બહાર પગ નથી મૂકયો...'

'પ્રિયે, જ્યારે મુશ્કેલીઓ સામે આવે છે ત્યારે જ તેની પરીક્ષા થાય છે. અને મને વિશ્વાસ છે કે શ્રીભદ્ર મુશ્કેલીઓનો સામનો કરવામાં પાછો નહિ પડે...'

મહાદેવીએ કશો ઉત્તર આપ્યો નહિ. સેવક જળપાન મૂકીને વિદાય થયો.

જળપાન લીધા પછી મહારાજ અને મહાદેવી પ્રાતઃકાર્યની અન્ય વિધિ માટે ખંડ બહાર નીકળ્યા.

રાજભવનના પ્રાંગણમાં જ એક નાનું છતાં ઉત્તમ જિનાલય આવેલું હતું. રાજા ભરતસેન અને કમળાદેવી જૈન ધર્મના આરાધક હોવાથી નિયમિત પૂજાપાઠ થઈ શકે તે માટે રાજભવનના પ્રાંગણમાં જ એક સુંદર જિનાલય બાંધવામાં આવ્યું હતું.

લગભગ એક ઘટિકા બાદ સ્નાનકાર્યથી નિવૃત્ત થઈને મહારાજા અને મહાદેવી શ્રી જિનેશ્વર ભગવંતની

પૂજા નિમિત્તે તે જિનાલયમાં આવ્યા. આ જિનાલયમાં શ્રીઆદિશ્વર ભગવંતની સૌમ્ય પ્રતિમાજી હતા.

શ્રી આદિનાથ પ્રભુની ભવ્ય અને તેજોમય પ્રતિમા અંતરને ભાવનાનો વિસામો આપનારી હતી. સંસારમાં દરેક માનવીના ભાવ કે ભાવના જુદા જુદા પ્રકારના હોય છે. દર્શનાર્થે ગયેલા માનવીના ભાવિ ક્યાં રમતા હોય છે તે કલ્પી શકાતું નથી. ભાવના પર શ્રદ્ધા રાખીને કરવામાં આવેલું કાર્ય સફળ થાય છે. જો અંતરનો ભાવ પ્રભુ-ભક્તિમાં સમગ્રપણે લીન બને છે ત્યારે માનવી ભવસાગર પાર કરી શકે છે. અને તેનું જીવતર ધન્ય બની જાય છે.

રાજા ભરતસેન અને મહાદેવી ઘણાં જ ભાવપૂર્વક પૂજાપાઠ-સ્તવન વગેરે સ્તુતિ ગાઈને રાજભવનમાં આવ્યા ત્યારે દિવસનો પ્રથમ પ્રહર પૂરો થઈ ગયો હતો.

આ તરફ યુવરાજ શ્રીભદ્રને ચિંતા પણ નહોતી પ્રવેશી કે આવતીકાલે મારી રહેવાની કે ભોજનની વ્યવસ્થા થશે કે નહિ....? શ્રીભદ્રના ચહેરા પર રાજભવનમાં જેવો આનંદ ફરકતો દેખાતો તેવો જ આનંદ અત્યારે પણ દેખાતો હતો મુખ પર વિષાદ નહોતો શ્રીભદ્રે માન્યું કે જો મારા દૂર જવાથી રાજ્યનું ભલું થતું હોય, વિપત્તિના વાદળો દૂર થતાં હોય તો મારા પર ગમેતેવી વિપત્તિ આવે તો પણ મને દુઃખ નહિ થાય.

યુવરાજ શ્રીભદ્ર આગળને આગળ જતો હતો.

માર્ગની કોઈ કલ્પના નહોતી. ત્યાં તો સામે ગાઢ વન શરૂ થતું હોય તેમ લાગ્યું અને હિંસક પ્રાણીઓ ફરતાં દેખાયા, પરંતુ જરા પણ ડર રાખ્યા વિના શ્રીભદ્ર આગળ વધતો હતો. માર્ગમાં થોડા ફળો વીણ્યા હતા તેનો આહાર કરવા માટે તે એક વૃક્ષ નીચે બેઠો સાથે લાવેલું ભાતું પણ ખોલ્યું અને સખત થાકને કારણે ભૂખ પણ લાગી હતી. થોડે દૂર એક નિર્મળ સરિતા વહેતી હતી.

શ્રીભદ્ર આહાર કરવા લાગ્યો, આજુબાજુ અનેક હિંસક પ્રાણીઓના ચિત્કારભર્યા અવાજો સંભળાતા હતા.

શ્રીભદ્રે વાળુ કરી લીધું.

સૂર્યાસ્ત થઇ ગયો. શ્રીભદ્ર સરિતાની નજીક જઈને મુખ સ્વચ્છ કરીને સાથે લાવેલા એક પાત્રથી જળને સ્વચ્છ કરીને તે પીધું અને ચોઉવિહારના પચ્ચખાણ લઈ લીધા.

સંધ્યા સમયે યુવરાજે વિચાર્યું કે રાત્રિ મારે આ વનમાં જ ગાળવી પડશે. આથી તે એક વૃક્ષ નીચે આરામથી બેસી ગયો. પક્ષીઓના વિચિત્રિ અવાજો આવી રહ્યા હતા, ધીમે ધીમે ભયંકર અંધકાર વનપ્રદેશમાં છવાઇ રહ્યો હતો, ચાંદનીનાં નિર્મળ પ્રકાશનું આછું તેજ કંઈક રાહત આપી રહ્યું હતું. હિંસક પ્રાણીઓના ચિત્કારથી સમગ્ર વનપ્રદેશ ગાજી ઊઠયું હતું. કયારેક કયું પ્રાણી

હુમલો કરે તે કહી શકાય તેમ નહોતું, પરંતુ યુવરાજ સાહસિક હોવાથી તેનામાં જરાપણ ડર પ્રવેશ્યો નહોતો.

રાત્રિ ગાઢ બનતી જતી હતી. યુવરાજ મનમાં નવકાર મંત્રનું સ્મરણ કરી રહ્યો હતો. ત્યાં બે વિકરાળ અને ચમકતી આંખો સામેથી આવી રહી હતી. શ્રીભદ્રનું ધ્યાન તે તરફ ગયું અને તે ઊભો થાય તે પહેલાં જ ચમકતી આંખોવાળું પ્રાણી નજીક આવી ગયું. યુવરાજને છુરિકા કાઢવાનો સમય પણ ન રહ્યો અને પોતે આ વિચિત્ર પ્રાણીને ઓળખી પણ શકયો નહોતો અને....એ વિકરાળ પ્રાણીએ શ્રીભદ્રે પર અચાનક હુમલો કર્યો. યુવરાજને પછડાટ લાગી. અંધકાર ખૂબ હતો. કશું દેખાતું પણ નહોતું. તેમાંય આ અજાણ્યા પ્રાણીનાં હુમલાથી યુવરાજને લાગ્યું પણ ખરૂં.

શ્રીભદ્રે ઊભો થવાનો પ્રયત્ન કર્યો અને તે પ્રાણીએ ફરીથી જોરદાર હુમલો કર્યો અને યુવરાજ શ્રીભદ્ર બેભાન બની ગયો. પેલું પ્રાણી શ્રીભદ્રને મરેલો સમજીને ચાલ્યું ગયું.

શ્રીભદ્ર જ્યારે ભાન અવસ્થામાં આવ્યો ત્યારે આજુબાજુ વિચિત્ર પહેરવેશવાળા પુરૂષો અને સ્ત્રીઓ ઊભા હતા. સૂર્યોદય પછીનો એક પ્રહાર પસાર થઇ ગયો. ચાર જંગલી માણસો શ્રીભદ્રને લઇને થોડે દૂર બાંધવામાં

આવેલા એક ઝૂંપડામાં લઈ ગયા અને તેની સુશ્રુષા કરવા માંડ્યા.

વિચિત્ર પહેરવેશવાળા ગામના મુખીએ સરદારને કહ્યું : 'મહારાજ, આ કોઈ બાજુની નગરીનો રહેનારો હોવો જોઈએ. તે અહીં કેમ આવી ચડયો હશે...? તેના મુખ પર ઝપાઝપીના નિશાન વરતાય છે.'

સરદારે કહ્યું : 'મુખી, તારી વાત સાચી છે. હવે તે ભાનમાં આવતો જાય છે. વારંવાર આંખ ઉઘાડ-બંધ કરે છે. રાજશ્રી ક્યાં છે....?'

'સરદાર, રાજશ્રીકુમારી તેમની સહેલીઓ સાથે જળાશય તરફ ગયેલ છે. હવે આવવા જ જોઈએ.' મુખીએ ઉત્તર આપ્યો.

કર્ણપલ્લીના સરદાર તરીકે કર્ણકેતુએ પલ્લીમાં સારી એવી નામના સંપાદન કરી હતી. તેણે એક મુખીની નિમણુંક કરી હતી જે પલ્લીનું કાર્ય કર્યા કરે. પલ્લીમાં ચાલીશ-પચાસ ઘરો હતાં. આ વનપ્રદેશ પર કર્ણકેતુનું શાસન હતું. અહીંનો મુખ્ય વ્યવસાય ખેતી અને ઢોર ઉછેર હતો. કર્ણકેતુએ લોકોને આ જ્ઞાન આપ્યું હતું. પહેલાં તો લુંટફાટનો ધંધો કરતાં. કોઈ યાત્રાળુ હોય તો લૂંટીને મારી નાખતા પછી કાચેકાચું માંસ ખાઈ જતાં, પરંતુ કર્ણકેતુએ પલ્લીમાં લૂંટફાટ અને કોઈને મૃત્યુના

ભાગીદાર બનવાની સખ્તબંધી કરી. અને જે કોઇ આવી ભૂલ કરે તેને સજા કરવામાં આવતી.

જ્યાં સરદારના વિચારો સારા, સ્વચ્છ અને લોકોને સુધારનારાના હોય ત્યારે લોકોને ગ્રહણ કરતાં વાર લાગતી નથી. ધીરે ધીરે આ પલ્લીમાં સુધારો થતો ગયો અને બધા સુખેથી રહેવા લાગ્યા. આમ છતાં તેઓએ પોતાના પહેરવેશમાં, અને આચારમાં કશો ફેરફાર કર્યો નહોતો.

પલ્લીની મધ્યમાં એક વિશાળકાય મા કાલકાની પ્રતિમા હતી. ત્યાં દરરોજ પૂજન થતું. અને તહેવારે ઘેટાં બકરાનો ભોગ ધરાતો.

શ્રીભદ્ર હવે સંપૂર્ણપણે ભાનમાં આવી ગયો અને તેણે પૂછ્યું 'હું કયાં છું ! આહીં કેવી રીતે આવ્યો....?' આમ કહીને તેણે આજુબાજુ નજર કરી.

સરદાર શ્રીભદ્રની બોલી સમજી ગયા અને ઉત્તર આપ્યો : 'ભાઇ, તું કર્ણપલ્લીમાં છો. તારા પર કોઇ હિંસક પ્રાણીએ ગઇ રાતે હુમલો કર્યો હતો પણ તું તારા પુણ્યબળે બચી જવા પામ્યો છે. નહિંતર હિંસક પ્રાણી કોઇને જીવતું છોડતું નથી. તું બેભાન બની ગયો અને અત્યારે તું ભાનમાં આવ્યો. અમે તને તે વૃક્ષ પાસેથી લઇ આવ્યા હતા.'

શ્રીભદ્ર સરદારનો પહેરવેશ જોઇ ને જ ભડકી ઊઠયો.

મસ્તક પર મોરના પીછાંનો મુગટ અને શરીરે ચામડાનું વસ્ત્ર શ્રીભદ્ર માટે આ બધું નવું જ હતું છતાં પણ તેણે ડર્યા વિના પૂછ્યું 'હવે થોડીવાર રોકાઈને મારે આગળ જવું છે.'

'હા.... ભાઈ, તું તારે આગળ જજે. પરંતુ તારે અહીં ત્રણ-ચાર દિવસ આરામ લેવાનો છે. અહીં તને કોઈ પ્રકારની મુશ્કેલી નહિં પડે. તારું નામ શું છે....?'

'શ્રીભદ્ર...' યુવરાજે કહ્યું.

'સરસ નામ છે.' એમ કહીને સરદારે ફરીથી રાજશ્રીના નામની બૂમ પાડી.... ત્યાં જ રાજશ્રીએ ખંડમાં પ્રવેશ કર્યો.

'શું છે બાપુ, ? હું જળાશય તરફ ગઈ હતી. મારું શું કામ હતું....?'

'જો બેટી, આ અજાણ્યો મુસાફર કોઈ હિંસક પ્રાણીના મારથી બેભાન થઈ ગયો હતો અને તેની સારવાર માટે આપણે તેને આ ઝૂંપડામાં લઈ આવ્યા છીએ. આનું નામ શ્રીભદ્ર છે. તેની યોગ્ય સારવાર થવી જોઈએ તારી સાથે બે સાહેલીઓ રાખજે. કારણકે શ્રીભદ્રજી આપણી મહેમાન કહેવાય....'

રાજશ્રીએ પ્રથમ વખત યુવરાજ સામે જોયું. યુવરાજનો સોહામણો ચહેરો, સુંદર અને બલિષ્ઠ કાયા

નીહાળીને તે આનંદ પામી. પરંતુ પોતાનો આનંદ પ્રકાશિત કર્યા વગરે તેણે સરદાર સામે નજર કરીને કહ્યું : 'બાપુ, આપની આજ્ઞા પ્રમાણે જ આપના મહેમાનની સંભાળ રાખવામાં આવશે. એમને કોઈ પણ જાતની મુશ્કેલી નહિં પડે અને યોગ્ય સારવાર થશે.'

સરદાર આછું હસ્યા અને યુવરાજને રાજશ્રીનો પરિચય આપ્યો અને કહ્યું : 'શ્રીભદ્રજી, મારી એકની એક પુત્રી છે ખૂબ જ લાડકોડથી ઉછરી છે....'

પરંતુ આ વાતનો શ્રીભદ્રે કશો ઉત્તર આપ્યો નહિ. થોડીવાર સરદાર બેસીને મુખી સાથે ઝુંપડીની બહાર નીકળી ગયો.

રાજશ્રી યુવરાજ શ્રીભદ્રને જોઈ રહી. અને જ્યાં શ્રીભદ્રની નજર રાજશ્રી પર પડી ત્યારે સરદાર કન્યાનું મુખ લાલઘુમ થઈને નીચે જમીન પર ઝુકાઈ ગયું. શ્રીભદ્ર સરદાર કન્યાના મુખ પર શરમની લાલીમા જોઈ શકયો, પરંતુ તેણે કશી દરકાર કરી નહિ.

શ્રીભદ્રે વાત કરવા ખાતર સરદાર કન્યાને કહ્યું: 'આપનું નામ સરદારે સરસ રાખ્યું છે. જેવાં નામ તેવાં જ ગુણ આપનામાં શોભી રહ્યા છે.'

રાજશ્રી શરમની મારી કશું બોલી શકી નહિ. પરંતુ કંઈ વિચારે તે પહેલા તેની સાહેલી ગિરિજા

આવી ચડી અને તે તરત જ બોલી : 'રાજ, સરદારે હમણાં મને જણાવ્યું કે તું મને બોલાવે છે...'

'હા...ગિરિજા, મારા બાપુએ આપણી પલ્લીમાં આવેલા મહેમાનની સારવાર માટે મને અને તને કહ્યું હતું. તો તું હવે અહીં રોકાઈ જા...હું થોડીવારમાં પાછી ફરું છું.'

'પણ તું કયાં જાય છે...?' ગિરિજા ગભરાઈ ઊઠી.

'મહેમાન માટે દૂધનો તાસ ભરીને લઈ આવું.' રાજશ્રી ઉત્તરની પરવા કર્યા વગર ચાલી ગઈ. ગિરિજાનો ગભરાટ શમે તે પહેલાં જ શ્રીભદ્રે કહ્યું : 'ગિરિજા બેન, આપ જરા જળ આપશો.'

ગિરિજાએ ઊભા થઈને બાજુમાં પડેલા એક મોરિયામાંથી એક માટીના વાસણમાં પાણી આપ્યું.

શ્રીભદ્ર જરા બેઠો થવા ગયો. પરંતુ તેને ફાવ્યું નહિ એટલે તેણે ગિરિજાને કહ્યું : 'જો આપને વાંધો ન હોય તો આ મારા મસ્તક પરનો તકિયો અહીં મધ્યમાં મૂકી દો...જરા મારે બેસવું છે....' એમ કહીને તકિયો મૂકવાની જગ્યા બતાવી.

ગિરિજાએ તકીયો જાળવીને શ્રીભદ્રે જ્યાં કહ્યું તે જગ્યાએ મૂકયો અને યુવરાજે બેઠક ગ્રહણ કરી અને ત્યાર બાદ જળપાન કર્યું.

થોડીવારમાં દૂધનો તાસ લઇને રાજશ્રી પાછી ફરી....

યુવરાજે દુગ્ધપાન કર્યું. ત્યાર બાદ મુખવાસ ગ્રહણ કર્યો. અને રાજશ્રી સામે જોઈને કહ્યું: 'મારી બોગીરમાં બંસરી પડી છે તે આપો તો.... '

રાજશ્રીએ બોગીરમાંથી બંસરી કાઢીને શ્રીભદ્રના હાથમાં મૂકી ત્યારે અજાણતાં હસ્ત સાથે સ્પર્શ થઈ ગયો. રાજશ્રીને ધ્રૂજારી છૂટી ગઇ. પુરૂષનો પ્રથમ સ્પર્શ....

અને....

અને રાજશ્રીને તેની ચાર વર્ષ પહેલા લીધી પ્રતિજ્ઞા યાદ આવી ગઈ....જે કોઇ અજાણ્યો પુરૂષ મને પ્રથમ સ્પર્શ કરશે તે મારો પતિ બને....

અને....

રાજશ્રીએ બંસરી આપ્યા બાદ શ્રીભદ્રના ચરણ સ્પર્શ કરતાં કહ્યું: ' હું આપની દાસી છું. '

શ્રીભદ્ર તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. આ શું બોલે છે ?....! શ્રીભદ્ર કંઈ સમજી શકયો નહિ.... છતાં તેણે પૂછયું: ' દેવી, આપ આ શું કરી રહ્યા છો....? તેનો કશો ખ્યાલ છે....? '

' હા....સ્વામી, આજથી આપ મારા પ્રિયતમ છો. મારા નાથ છો.... ' રાજશ્રી એકદમ ભાવવિભોર બની ગઈ.

યુવરાજને તો કોઇ કલ્પનામાં ન આવે એવી બાબત

બની ગઈ હતી. શ્રીભદ્રે પૂછ્યું : 'પણ આમ એકાએક આપને આ શું સૂઝ્યું....?'

'સ્વામી, મેં ચાર વર્ષ પહેલાં પ્રતિજ્ઞા લીધી હતી કે, જે કોઇ અજાણ્યો પુરૂષ મને પ્રથમ સ્પર્શ કરે અથવા સ્પર્શ થઈ જાય તે મારા પતિ બને....મારા સ્વામી બને...'

શ્રીભદ્રને આ વાત સાંભળીને નવાઈ લાગી. તેણે થોડીવાર વિચારીને કહ્યું : 'દેવી, ઘણીવાર માનવી ઉતાવળીયો નિર્ણય લે છે ત્યારે તેને ભવિષ્યનો ખ્યાલ આવતો નથી અને પાછળથી પસ્તાય છે....'

'સ્વામી, આપ ભલે મને પત્ની સ્વરૂપે ગ્રહણ ન કરો, પરંતુ મેં આપને સ્વામી માન્યા છે. એટલે જીંદગીભર બીજા પુરૂષનો ઓછાયો લેવો મારા માટે મૃત્યુ બરાબર છે....' રાજશ્રીએ કહ્યું.

રાજશ્રીના શબ્દો સાંભળીને શ્રીભદ્રની પરિસ્થિતિ ન કલ્પી શકાય તેવી થઈ ગઈ.

શ્રીભદ્રે કહ્યું : 'દેવી, આ અંગે હું સરદાર સાથે ચર્ચા કરીને જણાવીશ.'

'કઇ બાબતની ચર્ચા કરવાની રહે છે તે જ મને સમજાતું નથી........!' રાજશ્રીએ કહ્યું.

બંનેની વાતચીત આગળ ચાલે તે પહેલાં જ

સરદાર કર્ણકેતુએ ઝૂંપડામાં પ્રવેશ કર્યો. શ્રીભદ્રને બેઠેલા જોઇને કહ્યું : ' શ્રીભદ્ર, તારે આરામ લેવો જોઈએ. આમ બેસીને ન રહેવું જોઈએ....! ' એમ કહીને રાજશ્રી તરફ નજર કરી.

' પુત્રી, મેં તને સારવાર માટે કહ્યું હતું. તો તે શ્રીભદ્રજીને સૂઇ રહેવા માટેની સૂચના ન કરી....? '

' પિતાજી, હું દૂધનો તાસ લેવા ગઇ ત્યારે તે બેઠા થઈ ગયા હતા.' રાજશ્રીએ કહ્યું.

સરદારે શ્રીભદ્રની બાજુમાં બેઠક લેતાં જણાવ્યું : ' હવે કેમ છે....? દુઃખાવો જણાતો નથીને....? '

' ના....સરદાર, આપની લાગણીએ મારા દુઃખાવાને દૂર કર્યો છે. આપ તો મારે મન પિતાતુલ્ય છો.'

' પુત્રી, શ્રીભદ્ર માટે બપોરે રોટલો અને દૂધની વ્યવસ્થા કરી લેજે....'

' પિતાજી, એ વ્યવસ્થા થઇ ગઈ છે....'

' તારી સહેલી ગિરિજા કયાં ગઇ છે ? '

' પિતાજી, એ થોડીવાર પહેલા એને ઘેર ગઇ છે અને એકાદ ઘટિકા બાદ પાછી ફરશે.... '

' સારૂં .... સારૂં મારું કંઇ કામ હોય તો મુખીને ત્યાં બેઠો છું ત્યાં એક સભા મળી છે તેથી અમુક પ્રશ્નો ચર્ચવા પડે તેમ છે....'

'ભલે પિતાજી, કંઈપણ કામ હશે તો હું આપને જણાવીશ.'

સરદાર વિદાય થયા.

શ્રીભદ્ર માટે વળી પાછો કપરો સમય આવી ગયો. સરદારના આવવાથી તેણે નિરાંતનો શ્વાસ લીધો હતો તે રાજશ્રી જોઇ ગઈ હતી. મનમાં ને મનમાં તે આનંદ પામી ગઈ હતી.

રાજશ્રીએ સરદારના ચાલ્યા ગયા બાદ શ્રીભદ્ર સામે જોઈને કહ્યું : 'સ્વામી, આપ અહીંથી એકલા જજો. હું આપને યોગ્ય નથી....'

રાજશ્રીના ગંભીર સ્વરથી શ્રીભદ્ર વિચારમાં પડી ગયો અને કહ્યું : 'યોગ્યતા—અયોગ્યતાનો સવાલ નથી. સવાલ એ છે કે આપે મને મુશ્કેલીમાં મૂકી દીધો હું કંઈ વિચારી શકતો નથી.'

'સ્વામી, આપ મને છોડીને ચાલ્યા જજોઃ હું જીંદગીભર આપને મારા અંતરમાં સાચવી રાખીશ. આપની પૂજા કરીશ, આપ મારે મન દેવતા છો.' રાજશ્રીએ સહજતાથી કહ્યું.

'રાજશ્રી, હું આપનો મહેમાન કહેવાઉ....આપને આ બધું શોભા દેતું નથી. આપ હજી પણ વિચાર કરો અને પછી નિર્ણય લો.... હું રસ્તે રઝળતો મુસાફર છું મારા નથી રહેવાના ઠેકાણા કે નથી ખાવાના....'

રાજશ્રી એક પણ શબ્દ ન બોલી. એમને એમ મૌન બેસી રહી.

યુવરાજ શ્રીભદ્ર માટે એક વિકટ પ્રશ્ન આવી પડયો હતો. તે આ અંગે વિચાર કરવા માંગતો હતો.

રાજશ્રીએ પોતાની હઠ છોડી નહિ પણ વધુને વધુ મક્કમ રહેવાની નેમ લીધી.

થોડીવાર બંનેમાંથી કોઇ કશું બોલ્યા નહિ ત્યાં ગિરિજાએ પ્રવેશ કર્યો. બંનેને મૌન બેઠેલા જોઈ ને કહ્યું: 'કેમ મૌનવ્રત ધારણ કર્યું છે....? શું પહાડ તૂટી પડયો છે.... ?'

બંનેના ગંભીર મુખ જોઈ ને ગિરિજાને મજાક સૂઝી, પણ શ્રીભદ્ર એકદમ સ્વસ્થ થઈ ગયો અને કહ્યું : 'આવો, ગિરિજાબેન, તમારી સહેલીએ મને ખૂબ જ વિકટ પરિસ્થિતિમાં મૂકી દીધો છે.'

'મારી સહેલી એવી છે જ નહિ કે આંગણે પધારેલા મહેમાન પર વિકટ પરિસ્થિતિમાં મૂકી દે....'

'પણ મારી વાત તો સાંભળો, પછી તમારો અભિપ્રાય આપજો....'

'ભલે.... ત્યારે કહો.' ગિરિજાએ આસન પર બેસતાં કહ્યું.

શ્રીભદ્રે સરદાર કન્યા રાજશ્રીની પ્રતિજ્ઞા જણાવી અને ત્યારબાદ લીધેલ નિર્ણયની વાત જણાવી.

ગિરિજાએ યુવરાજ શ્રીભદ્રની વાત શાંતિથી સાંભળી અને પછી કહ્યું : 'કુમારશ્રી, રાજશ્રીએ લીધેલા નિર્ણય અંગે આપનું શું માનવું છે....?'

'હું સરદાર સાથે આ અંગે ચર્ચા કરવા માગુ છું, આપ કોઇને મારા સ્વભાવનો પરિચય નથી. હું કોણ છું, કયાંનો છું....શું કરું છું....તે તો આપ જાણતાં નથી....અને એમને એમ રાજશ્રીદેવી નિર્ણય લઇલે તે મને વ્યાજબી લાગતું નથી....'

'કુમારશ્રી આપ જાણતાં જ હશો કે માનવીનો ચહેરો જ સ્વભાવ, વર્તન અને વંશનો પરિચય આપે છે આપનો ચહેરો નિહાળ્યા પછી મારી સખી વધુ પરિચયની આશા નહિ રાખે....' ગિરિજાએ કહ્યું.

યુવરાજ કંઈ બોલ્યો નહિ. માત્ર રાજશ્રી સામે જોઈ રહ્યો.

સંધ્યા સમયે મા કાલકાની આરતીમાં શ્રીભદ્રને જોવાની અને જાણવાની તાલાવેલી લાગી હતી પરંતુ આજ સંપૂર્ણ પણે આરામ કરવાનો હોઈને તે શૈયા પરથી ઊભો નહોતો થયો.

શ્રીભદ્ર આંખ મીંચીને ઢોલિયા પર સૂતો હતો તેને વિચારતાં લાગ્યું કે રાજશ્રી સાથે વિવાહ તો કરવા જ પડશે આવતી કાલે સરદાર સાથે આ અંગેની વાતચીત કરવી પડશે. કંઈક માર્ગ નીકળે તો સારૂં....

બીજે દિવસે સવારે જ્યારે કર્ણકેતુએ શ્રીભદ્રના ઝૂંપડામાં પ્રવેશ કર્યો ત્યારે શ્રીભદ્ર જાગૃત અવસ્થામાં આરામ લઈ રહ્યો હતો. સરદારે કહ્યું : 'કુમાર, આજ આપને સારું લાગે છે....આપનો ચહેરો પ્રસન્નતા અનુભવી રહ્યો હોય તેમ જણાય છે....'

'હા....સરદાર, હવે મને સારું છે. પણ એક પ્રશ્ન ઉપસ્થિત થયો છે. જેમાં તમારી સલાહ લેવા માગું છું.'

'કહો....મારાથી બનશે તો આપના પ્રશ્નનું નિરાકરણ લાવવા જરૂર પ્રયત્ન કરીશ.'

'ના....ના.... એવો ગંભીર પ્રશ્ન નથી કે જેમાં આપને એટલું બધું વિચારવું પડે.... !'

'ત્યારે કહો....' સરદારે કહ્યું.

શ્રીભદ્રે કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વગર રાજશ્રી બાબતની વાત કરી અને પછી કહ્યું: 'સરદાર, આપની કન્યાની આ પ્રકારની પ્રતિજ્ઞા આશ્ચર્યમાં ઉમેરો કરે છે...મારે શું કરવું તે સમજાતું નથી. હું કશું વિચારી શકતો નથી.... '

'શ્રીભદ્રકુમાર, આ તો આનંદની વાત છે. મારી કન્યાને અનાયાસે યોગ્ય જીવનસાથી પ્રાપ્ત થઇ ગયો છે. રાજશ્રી ઘણી જ ભાગ્યવાન છે, અને હવે તો તે પોતાની હઠ છોડશે નહિ, માટે તમારે તેની સાથે વિવાહ કરવો પડશે.'

શ્રીભદ્ર કંઈ બોલ્યો નહિ, પછી સરદારે કહ્યું: 'શ્રીભદ્રજી, હવે વિવાહ અંગેની તૈયારી કરવા માંડુને!'

'સરદાર, હું વચન આપું છું કે હું આપની કન્યા સાથે પાણિગ્રહણ કરીશ પણ હમણાં નહિ....'

'કેમ....?' સરદારે પ્રશ્ન કર્યો.

'બે વર્ષ સુધી હું મારી નગરીમાં જઈ શકું તેમ નથી અને મારે હજુ આગળ પ્રવાસ ખેડવાનો છે. તેથી બે વર્ષ બાદ જરૂર રાજશ્રીને હું મારી પત્નીના સ્વરૂપમાં સ્વીકારીશ.'

ઝૂંપડાના દ્વાર પાછળ આ શબ્દો સાંભળી રહેલી

રાજશ્રી આનંદના અતિરેકમાં એકદમ દોડી જઈને ગિરિજા પાસે પહોંચી ગઈ.

સરદારે શ્રીભદ્રની વાત માન્ય રાખી અને પાંચ દિવસો બાદ રાજશ્રી અને શ્રીભદ્રના સગપણની જાહેરાત કરવામાં આવી ત્યારે પલ્લીના દરેક સભ્યો આનંદની કિકીયારીઓ કરવા લાગ્યા.

પરંતુ આ સભામાં જ્યારે જાહેરાત થઈ ત્યારે એક પડછંદ નવજુવાન ઊભો થયો અને તેણે પહાડી સ્વરે કહ્યું : 'આપણી પલ્લીની કન્યા અહીંથી બહાર જાય તે યોગ્ય નથી અને તે પણ અજાણ્યા મુસાફર સાથે ! આ પ્રમાણે ન બનવું જોઈએ. તેના વીરત્વની પરીક્ષા લેવી જોઈએ....'

સભામાં બેઠેલા અમુક લોકોએ આ વીર નવજુવાનની વાતને વધાવી લીધી અને સરદારને શ્રીભદ્રના બાહુબળની પરીક્ષા કરવાની વાત કરી.

સરદાર કર્ણકેતુએ શ્રીભદ્રના સ્વભાવ, વર્તન, અને રાજશ્રીની પ્રતિજ્ઞાની વાત કરી પરંતુ તેનો કોઈ અર્થ ન સર્યો.

પેલા પડછંદ નવજુવાનનું નામ ભીરો હતું. ભીરાએ શ્રીભદ્રને સામે ચાલીને તલવાર યુદ્ધનું આહ્વાન આપ્યું.

શ્રીભદ્ર શસ્ત્ર વિદ્યામાં પારંગત હતો, તેણે ભીરાને સમજાવવાની કોશીશ કરી, છતાં તે ન માન્યો. આથી સરદારે બીજે દિવસે મા કાળકાના ચોકમાં શ્રીભદ્ર અને

ભીરાના બાહુબળની પરીક્ષા થશે તેની જાહેરાત કરી અને સૌ વિખરાયા.

સરદારને વિશ્વાસ હતો કે શ્રીભદ્ર જીતી જ જશે રાજશ્રીને કાને જ્યારે આ વાત આવી ત્યારે તે ખૂબ જ ચિંતામગ્ન બની ગઈ....

શ્રીભદ્ર જ્યારે પોતાને નિવાસ માટે આપેલા ઝુંપડામાં આવ્યો ત્યારે રાજશ્રી આવી ગઈ હતી અને તેણે શ્રીભદ્રના બન્ને હસ્ત પકડીને કહ્યું : 'સ્વામી, એકાએક આ વિપત્તિ કેમ આવી ?'

'પ્રિયે, આમાં ચિંતાનું કોઈ કારણ નથી. આવતી કાલે ભીરાની હાર નિશ્ચિત છે....'

'પરંતુ આપને યુધ્ધ કરવું પડશે ને....!' રાજશ્રીએ ચિંતિત સ્વરે કહ્યું.

'પ્રિયે, આમાં ચિંતાનો કોઈ પ્રશ્ન નથી. તું આનંદથી જોયા કરજે....આવતીકાલના વિજય પાછળ તારી શુભ ભાવના છૂપાયેલી છે એટલે મને જરાપણ ચિંતા નથી.'

રાજશ્રી કંઈ બોલી નહિ.

શ્રીભદ્રે પોતાની પ્રિયાના વાંસા પર હાથ ફેરવતાં કહ્યું : 'પ્રિયે, અત્યારે તું ચિંતામુક્ત બનીને આરામ કર....'

થોડીવાર વાતો કરીને રાજશ્રી ચાલી ગઈ.

બીજે દિવસે સવારે પલ્લીના દરેક સભ્યો ચોકમાં

હાજર થઈ ગયા હતા. અને તલવાર યુદ્ધ ક્યારે શરૂ થાય તેની પ્રતીક્ષા કરી રહ્યા હતા. શોરબકોર વધી રહ્યો હતો. ચિત્રવિચિત્ર પ્રકારના અવાજ કરી રહ્યા હતા. પલ્લીના વૃદ્ધ સ્ત્રી-પુરૂષો પણ આ તલવાર યુદ્ધ જોવા આવ્યા હતા. મુખી અને સરદાર પણ પોતાના પરિવાર સાથે આવી ગયો હતો. શ્રીભદ્ર સરદારને નમન કરીને એક આસન પર બેઠો. ભીરો પણ આવી ગયો હતો.

સૌ આતુર નયને સરદાર ભણી મીટ માંડી રહ્યા હતા કે ક્યારે તલવાર યુદ્ધની આજ્ઞા મળે....

અને થોડીજવારમાં સરદાર કર્ણકેતુ ઊભા થયા અને વિશાળ ચોકમાં બેઠેલા પલ્લીવાસીઓ સમક્ષ બોલતાં કહ્યું: ' આપણી પલ્લીમાં લુંટફાટ સાથોસાથ ખૂનખરાબી ઘણા સમયથી રહ્યાં નથી. આજ આપણે બાહુબળની પરીક્ષા માટે ભેગા થયા છીએ. શ્રીભદ્ર એક સંસ્કારી અને મહાબળી યુવાન છે. ભીરૂએ તલવાર યુદ્ધનું આમંત્રણ આપવાથી આજે અહીં બન્ને વચ્ચે ખેલવામાં આવતું યુદ્ધ આપણે નિહાળીશું. આ તલવાર યુદ્ધમાં જે કોઈ હારશે તેને હું કહું તે શિક્ષા પાળવી પડશે.'

દરેક પલ્લીવાસીઓ અવાજ કરવા લાગ્યા. સરદારે બધાને શાંત પાડીને શ્રીભદ્ર તથા ભીરૂને ચોકની વચ્ચે આવવા જણાવ્યું અને ત્યારબાદ સરદારે કહ્યું: ' પલ્લીવાસીઓ, હવે તલવાર યુદ્ધનો પ્રારંભ થાય છે. આપ

સર્વને મારી વિનંતિ છે કે આપ આપના આસને શાંતિથી બેસી રહેજો....તલવાર યુદ્ધ શરૂ કરવાની હું આજ્ઞા આપું છું.'

રાજશ્રી આવી જ નહોતી. તે પોતાના ઝૂંપડામાં બેઠીબેઠી ઈષ્ટદેવનું સ્મરણ કરી રહી હતી કે પોતાના પતિને વિજય પ્રાપ્ત થાઓ.

આ તરફ સરદારની આજ્ઞા થતાં જ શ્રીભદ્ર ખુલ્લી તલવાર સાથે ચોકમાં આવ્યો. ત્યારે ભીરો મુછો પર તાવ દેતો, પોતાની પડછંદ કાયાને ડોલાવતો ખુલ્લી તલવારે શ્રીભદ્રની નજીક આવ્યો અને કહ્યું : 'ઓ પરદેશી યુવાન, જો મારો પહેલો ઘા પડશે તો યમસદન પહોંચવું પડશે તેથી પહેલો ઘા કરવાની તક તને હું આપું છું.'

'મિત્ર, એ તક હું તને આપું છું.' શ્રીભદ્રે હસતાં હસતાં કહ્યું.

'બાહુબળનો આટલો ગર્વ છે તને....! પણ તેં આપેલી તક હું જતી કરું એવો મૂરખ નથી....' આમ કહીને ભીરાએ પોતાની સમગ્ર તાકાત એકઠી કરીને શ્રીભદ્રના મસ્તક પર પ્રહાર કર્યો પરંતુ શ્રીભદ્રના એક બાજુના નીચા નમી જવાથી તે ઘા અફળ રહ્યો. જો તે સાવચેત ન રહ્યો હોત તો અવશ્ય ભીરૂનો ઘા સફળ થયો હોત અને શ્રીભદ્રનું મૃત્યુ નિશ્ચિંત બનત....

અને શ્રીભદ્રે વળતો ઘા કર્યો. ભીરાની તલવાર

સરદારના પગ પાસે જઈ પડી. સભામાં હાસ્યનું મોજુ ફરી વળ્યું.

ભીરો ધૂંવાફૂંવા થઈ ગયો. શ્રીભદ્ર ગંભીર થવાની કોશીશ કરતો હતો, છતાંપણ તેનાથી હસી જવાયું. અને ભીરો શ્રીભદ્રના હાસ્યથી બમણો ગુસ્સે થયો. અને સરદારના પગ પાસે પડેલી તલવાર લેવા દોડયો.

ભીરો તલવાર લઇને પાછો મેદાનમાં આવ્યો. ચાર-પાંચ ઘાની સામસામી રમઝટ પછી પાછી ભીરાની તલવાર ઉછળીને મુખીના પગ પાસે જઈ પડી. ભીરાને શ્રીભદ્રની ચતુરાઈ પર માન ઉપજ્યું. અને તે તલવાર લેવા જવાને બદલે શ્રીભદ્રના પગમાં પડયો અને કહ્યું : 'હે વીરપુરૂષ, આપનો જય થયો. આપે ધાર્યું હોત તો મારો પહેલે ઘાએ વધ કરી શકયા હોત....પરંતુ આપે મારા પર દયા દર્શાવી. આપ બાહુબળી છો. સભામાં મેં આપ જેવા વીરની પરીક્ષા માટેની વાત ઉચ્ચારી તે માટે આપની ક્ષમા માગું છું....'

શ્રીભદ્રે તેના બે હાથ પકડીને ઊભો કર્યો અને કહ્યું : 'ભીરા તલવાર યુદ્ધ હોય કે મલ્લયુદ્ધ, પરંતુ તેમાં બળની સાથોસાથ કળની પણ જરૂર પડે છે. બુદ્ધિ–ચાતુરી ભર્યા દાવો શીખવાના રહે છે. તેની વિદ્યા શીખવી પડે છે. એકલી તાકાત કામ નથી કરતી....'

ભીરો ફરીને શ્રીભદ્રને નમી પડયો.

પલ્લીવાસીઓ શ્રીભદ્રને ઘેરી પડયા. સરદાર પોતાને આવો શ્રેષ્ઠ જમાઈ મળ્યા બદલ ભેટી પડયા. મુખીએ પણ હર્ષ વ્યક્ત કર્યો.

અને સૌ પોતપોતાના ઝૂંપડા તરફ વિદાય થયા. રાજશ્રીએ જ્યારે પોતાની સખી મારફત જાણ્યું કે સ્વામીનો વિજય થયો છે ત્યારે આનંદના ઉમળકા સાથે તે શ્રીભદ્રના ઝુંપડામાં આવી. પરંતુ શ્રીભદ્ર હજુ આવ્યો નહોતો.

શ્રીભદ્રે જ્યારે ઝુંપડામાં પ્રવેશ કર્યો ત્યારે રાજશ્રી એકદમ ઊભી થઈ અને ઉમળકા સાથે સ્વામીના બાહુબંધનમાં ઝકડાઈ ગઈ....શ્રીભદ્રે પત્નીને પ્રથમ દીર્ઘ ચુંબન આપ્યું. રાજશ્રીના હૈયામાં આજ અનેરો ઉમંગ વરતાતો હતો.

રાજશ્રી તરત જ સ્વામીને નમી પડી અને કહ્યું: ‘સ્વામી, આપનો વિજય થશે તે હું જાણતી હતી....’

‘દેવી, એ તો તારી ભાવનાનું ફળ છે.’ શ્રીભદ્રે પત્નીનો જવાબ આપતાં કહ્યું.

‘સ્વામી, આપ અહીંજ રહો તો....’

‘નહિં પ્રિયે, મારે હવે ચારપાંચ દિવસમાં જ સરદાર પાસે વિદાય અંગેની વ્યવસ્થા કરવા માટેનું જણાવવું પડશે.’

‘હવે કેવળ ચાર–પાંચ દિવસ જ અહીં રહેશો....?’ રાજશ્રીના અવાજમાં દર્દ વરતાતું હતું.

'હા.... પ્રિયે, તેમાં ચિંતા કરવાની જરૂર નથી. હું ક્યાં કાયમ માટે જઈ રહ્યો છું? થોડા સમયમાં પાછો આવીને મારી નગરીમાં તને લઈ જઈશ.'

રાજશ્રીની આંખમાંથી આંસુ સરવા લાગ્યા. શ્રીભદ્રે પત્નીના અશ્રુ લુછીને કહ્યું: 'પ્રિયે, જો તું આ પ્રકારનું રૂદન હજુ વિદાય લેતા પહેલા કરે છે તો વિદાયવેળાએ શું કરીશ....?'

'સ્વામી, હું આપને ક્યાંય નહિ જવા દઉં....' એમ કહીને રાજશ્રી યુવરાજ શ્રીભદ્રને વળગી પડી.

'પ્રિયે, તું ઘણી જ લાગણીશીલ છે. શું તને છોડતાં મને હર્ષ થાય છે....'

'તો પછી શામાટે જાઓ છો....?' રાજશ્રીએ કહ્યું.

'બીજા રાજ્યોની જાહોજલાલી જોવા, પ્રજાના સુખદુઃખ જોવા....અને મારું એક કર્તવ્ય પૂરું કરવા....'

'કયું કર્તવ્ય...?' રાજશ્રીએ એક આસન પર બેસતાં કહ્યું.

શ્રીભદ્રે તાપસમુનિથી માંડીને અહીં સુધી આવ્યાની વિગતવાર વાત કરી. અને પોતાનો સત્ય પરિચય આપ્યા બાદ જણાવ્યું: 'પ્રિયે, જ્યાં સુધી હું તને અહીંથી લઇ ન જાઉં ત્યાં સુધી મારો પરિચય છૂપાવવો પડશે.'

'ભલે....'

'નહિ....હું તારી પાસેથી વચન માગું છું.'

'મારું વચન છે કે તમે આપેલો પરિચય મારા મુખેથી કહીશ નહિ અને જ્યાં સુધી આપ નહિ આવો ત્યાં સુધી તે ગુપ્ત રહેશે.

'બસ....પ્રિયે, યાત્રામાં તારું સ્મરણ ક્યારેય નહિ વિસરૂં....'

આમ વાતો આગળ ચાલે તે પહેલાં જ સરદાર કર્ણકેતુ અને મુખીએ ઝૂંપડામાં પ્રવેશ કર્યો. શ્રીભદ્રે સરદારને પ્રણામ કર્યા. સરદારે આશિર્વાદ આપતાં કહ્યું: 'આયુષ્યમાન, જય થાઓ. તમારા આજના વિજયથી સમગ્ર પલ્લીના લોકોએ આજ રાત્રિના સંગીતનો એક જલસો ગોઠવ્યો છે. તમારી પાસે મેં બંસરી જોઈ હતી તો શું આપ બંસરી બજાવો છો....?'

'જી, હું તો કેવળ સામાન્ય વગાડી જાણું છું. જો આપ કહેશો તો જરૂર બંસરી વગાડીશ.'

અને પલ્લીમાં જાહેર કર્યું કે સંગીતનો જલસો ચોકમાં મળશે અને તેમાં શ્રીભદ્ર બંસરીવાદન કરશે....

રાત્રિના પ્રથમ પ્રહરની ત્રીજી ઘટિકાએ ચોકમાં પલ્લીવાસીઓ બેસી ગયા હતા, ચોકમાં એક તરફ નાનો એવો મંચ ગોઠવવામાં આવ્યો હતો. શ્રીભદ્ર મંચ પર બંસરી સાથે આવ્યો. રાજશ્રી સ્રીવર્ગમાં બેઠી હતી.

અને પોતાને આવો શ્રેષ્ઠ સ્વામી પ્રાપ્ત થવા બદલ ગર્વ અનુભવતી હતી.

શ્રીભદ્રે સરદારને કહ્યું : ' મહારાજ, અહીં, કોઈ મૃદંગમાં તાલ આપે તેવું છે ? '

' હા....પણ બહુ જાણકાર નથી....'

' ભલે, સામાન્ય જાણતો હશે તો પણ ચાલશે.'

સરદારે ભુવનને બોલાવવાની આજ્ઞા કરી થોડીવારમાં ભુવન મૃદંગ સાથે હાજર થઈ ગયો અને શ્રીભદ્રની બાજુમાં ગોઠવાઈ ગયો.

શ્રીભદ્રે બંસરીવાદન શરૂ કરતાં પહેલાં કહ્યું : ' મહાનુભાવો, બંસરી પર મારું જ્ઞાન સામાન્ય છે. કોઈ પર ક્ષતિ થઇ જાય તો ક્ષમા પહેલેથી જ માંગી લઉં છું. સૌ પ્રથમ આપની સમક્ષ ' માલવિહારી ' રાગ રજુ કરું છું. આ ખૂબ જ પ્રાચીન રાગ છે. ઈન્દ્રની સભામાં અપ્સરા રૂપમતીએ બનાવેલો આ મધુર રાગ હૈયામાં ઉમંગ લાવે છે. અંતરના તારને ઝણઝણાવી મૂકે છે. વિશેષ કશું કહેવું નથી. વધુ પરિચય ' માલવિહારી ' રાગ આપને કરાવશે.' એમ કહીને શ્રીભદ્રે ભુવન સામે જોઈને કહ્યું : ' જયતાલની બત્રીસ માત્રા આપશો તો ચાલશે.'

' જયતાલ....! ઘણો જ ભવ્ય તાલ....તેમાંય બત્રીસ

માત્રા વગાડવી ભલભલા મૃદંગવાદક માટે કસોટીરૂપ બની જતો.

ભુવન વિચારમાં પડી ગયો. તેણે આ તાલ અંગે જાણ્યું હતું પરંતુ અભ્યાસ નહોતો આથી તે મૂંઝવણમાં પડી ગયો. પરંતુ શ્રીભદ્ર તેની મૂંઝવણ સમજી ગયો. અને કહ્યું: 'તો જયતાલમાં સોળ માત્રા વગાડો....'

'ભલે.' ભુવને કહ્યું.

અને....દેવતાઓનો સુમધુર રાગ 'માલવિહારી' ની સુરાવલિઓ શ્રીભદ્રની બંસરી મારફત રેલાવા લાગી.

પલ્લીવાસીઓ આ શાસ્ત્રીય સંગીતથી જાણકાર નહોતા પરંતુ સૌને સાંભળવાનો આનંદ આવતો હતો આથી શ્રીભદ્રે રાગ પણ એવો જ મધુર પસંદ કર્યો હતો.

અને થોડી જ વારમાં બંસરીનો જાદુ સભામાં વરતાવા લાગ્યો. સૌ સ્તબ્ધ બની ગયા. અને એકધ્યાને સાંભળી રહ્યા.

પલ્લીવાસીઓને લાગ્યું કે જીવનમાં કદી આવું સાંભળ્યું નથી.... આ તો કોઈ ગાંધર્વ લાગે છે.

રાજશ્રી પણ મંત્રમુગ્ધ બની ગઈ. સ્વામીના ચહેરા સામે જોઈ રહી અને બંસરીનું માધુર્ય તેના હૈયાને ડોલાવી રહ્યું હતું.

ભુવન પણ આશ્ચર્યચકિત બનીને એકધ્યાને સાંભળી રહ્યો હતો.

આલાપ પૂરો થયો.

અને સોળ માત્રાની લય શરૂ થઈ.

ભુવને મૃદંગ હાથમાં લીધું અને શ્રીભદ્ર સાથે વગાડવાની શરૂઆત કરી. ભુવનને મૃદંગનો સામાન્ય અભ્યાસ હોવાથી તકલીફ પડતી હતી.

દ્રુતલય શરૂ થઈ. ભુવન માંડમાંડ લયમાં રહી શકતો હતો. અર્ધ ઘટિકા આમને આમ પસાર થઈ ગઈ.

અને છેલ્લે અતિદ્રુતલય શરૂ થઈ. ભુવનને મૃદંગ પર વગાડવું અશકય થઈ પડ્યું. આથી મૃદંગને એકબાજુ મૂકીને એકચિત્તે સાંભળવા લાગ્યો. અને બીજા પ્રહરની અંતિમ ઘટિકાએ રાગની સમાપ્તિ થઇ.

સૌ શ્રોતાજનો શ્રીભદ્રને અભિનંદન આપવા લાગ્યા. સરદાર ઊભા થઈને શ્રીભદ્રને ભેટી પડયા અને તેને અભિનંદન આપ્યા.

શ્રીભદ્ર કંઇ બોલ્યો નહિ. ભુવન તો શ્રીભદ્રના ચરણમાં નમી પડ્યો. 'કુમારશ્રી, આટલું ભવ્ય અને સ્પષ્ટ બંસરીવાદન મેં જીવનમાં કયારેય સાંભળ્યું નથી. આપનો અભ્યાસ ઘણો ઊંડો છે. આપ સંગીતના તો મહાન જ્ઞાતા છો....'

'નહિ....અમારી નગરીમાં મારાથી વિશેષ શ્રેષ્ઠ વાદકો પડયા છે....'

પણ શ્રીભદ્રની વાત કોણ સાંભળે....? દરેક

પલ્લીવાસીએ શ્રીભદ્રને ઉંચકીને સરઘસાકારે ચોકમાં ફેરવ્યા અને આનંદની છોળો ઉડવા લાગી.

પછી....!

પછી તો પલ્લીવાસીઓનું નૃત્ય શરૂ થયું. તેમાં શ્રીભદ્રને ભાગ લેવો પડયો.

સ્ત્રીવર્ગમાં રાજશ્રીને પરાણે નૃત્યમાં આવવું પડયું.

સૌ કોઈ નૃત્યમાં જોડાયા. મોડી રાત્રે સૌ પોત-પોતાના ઝૂંપડામાં ગયા ત્યારે રાત્રિનો ત્રીજો પ્રહર પૂરો થઈ ગયો હતો.

સૌ થાકી ગયા હતા. એથી શૈયામાં પડયા ભેગા ઘસઘસાટ પોઢી ગયા.

## ૫ : : ક્રૂર સ્વભાવ

બીજે દિવસે સવારે પાઠશાળાએથી પાછા ફરીને અમર લક્ષ્મીચંદ શેઠને ત્યાં જવા તૈયાર થઈ ગયો. આ અંગે અમરે પોતાના પિતાશ્રી ઋષભદત્તને વાત કરી ત્યારે તે આનંદ પામ્યા અને કહ્યું : 'અમર, પ્રમાણિકતાથી, સચ્ચાઈથી કામ કરજે....તારી ઉંમર નાની છે પરંતુ તારામાં વિવેક, વિનય, સહનશીલતા જેવા ગુણો રહેલા છે. તું ઘણો જ ભાગ્યશાળી છે. શેઠજી જે કંઈ કામ સોંપે તે બરાબર ધ્યાન આપીને કરજે.'

અમર પોતાના પિતાના ચરણમાં નમી પડયો અને કહ્યું : 'પિતાજી, આપના આશીર્વાદ એ મારા માટે અમૃત સમાન છે.'

અમરને ગળગળો થયેલો જોઈને ઋષભદત્તે તેને બાથમાં લીધો અને માથે હાથ ફેરવવા લાગ્યા. ત્યાં ભદ્રાએ

ઓરડામાં પ્રવેશ કર્યો. અમર અને ઋષભદત્તને સાથે જોઈને કહ્યું : 'પિતાપુત્ર વચ્ચે શી ચર્ચા ચાલી રહી છે....?'

ભદ્રાને અમર લક્ષ્મીચંદ શેઠને ત્યાં જવાનો છે તે વાતની ખબર નહોતી. અમરે તે વાત કરવા જતાં ઠપકો મળે તે ભયથી તે બોલી શક્યો નહોતો.

ઋષભદત્તે અમરને એકબાજુ બેસાડતાં ભદ્રા સામે જોઇને કહ્યું : 'ભદ્રા તારા પુત્ર અમરને લક્ષ્મીચંદ શેઠે પોતાની પેઢી પર કામ કરવા માટે બોલાવ્યો છે તેથી તે જઈ રહ્યો છે.'

ભદ્રાએ ઋષભદત્તની વાતનો જવાબ ન આપ્યો પણ અમર સામે જોઈ ને કહ્યું : 'કેમ....અમર....? તેં મને આ વાત કરી નથી?...!'

અમર નીચું જોઇ ગયો.

ઋષભદત્તે જવાબ આપ્યો : 'અમર તને કહેતાં ભૂલી ગયો હશે. એમાં ગુસ્સે થવાની શી જરૂર છે?'

'હું એટલા માટે પૂછું છું કે અમર પેઢી પર જવાને બદલે બીજે તો જતો નથી ને....?'

'ભદ્રા, તું અમર પર આવી ખોટી શંકાઓ લાવે છે. આપણો અમર એવો છે નહિ. તે કદી અસત્ય બોલતો નથી.'

ભદ્રા જવાબ આપ્યા વગર ચાલી ગઈ.

અને અમર પેઢી પર જવા માટે તૈયાર થતો હતો ત્યાં જ ભદ્રાએ બૂમ પાડી : 'અમર, બહાર થોડા વાસણ પડયા છે તે માંજીને જજે....'

અમરને વાસણ માંજવા બેસવું પડ્યું. ઘરનું કાર્ય પૂરું થયા બાદ તે બહાર નીકળી શકયો.

લક્ષ્મીચંદ શેઠની પેઢીએ રાજગૃહી નગરીમાં સારી એવી પ્રતિષ્ઠા ઊભી કરી હતી. લક્ષ્મીચંદ શેઠનો વેપાર પણ સારો ચાલતો હતો. છેલ્લા થોડા સમયથી તેમના વેપારમાં પહેલાં જેવું રહ્યું નહોતું છતાં લક્ષ્મીચંદશેઠની રહેણીકહેણીમાં ફેરફાર થયો નહોતો. કાપડ બજારમાં તેમની દુકાન મોટી હતી. બજારમાં માણસોની અવરજવર શરૂ થઈ ગઈ હતી. લક્ષ્મીચંદ શેઠ પેઢી પર આરામથી ગાદીતકિયે બેઠા હતા. મુનીમો ચોપડા લખતા હતા. બે-ત્રણ વાણોતર આવનાર ઘરાક ને કૌશેય અને ઉત્તરીયના નમુના બતાવી રહ્યા હતા. સૌ પોતપોતાના કામમાં મશગુલ હતાં.

ત્યાં અમર આવ્યો, લક્ષ્મીચંદ શેઠની નજર આ બાળક પર પડી ત્યારે અમરને અંદર આવવા જણાવ્યું અને એક ગાદી પર બેસવા કહ્યું. પરંતુ અમર સૌ પ્રથમ વંદન કરીને પેઢીના ઓટલા પર બેસી ગયો.

લક્ષ્મીચંદ શેઠ પાસે એક મુનીમ આવ્યો અને હિસાબ અંગેની વાતચીત કરતો હતો. અમરને થયું શેઠ હમણાં નવરા થશે એટલે મને કંઈક કામ સોંપશે.

અર્ધ ઘટીકા વીતી ગઈ.

અને થોડીવારમાં લક્ષ્મીચંદ શેઠને ત્યાં ઘરાકી વધી પડી લક્ષ્મીચંદશેઠનો માલ ચપોચપ ઉપડવા લાગ્યો. મુનીમો અને વાણોતરોને વાત કરવાનો સમય મળતો નહોતો.

લક્ષ્મીચંદ શેઠને આજની ઘરાકીથી ખૂબજ નવાઈ લાગી હતી. તેણે વિચાર્યું કે આવી ઘરાકી ઘણા વર્ષો પછી આવી છે. આવી ભીડ કદી જોઈ નહોતી.

પરંતુ આ ભીડનું રહસ્ય શું છે તેનો ખ્યાલ આવતાં લક્ષ્મીચંદ શેઠને જરા પણ વાર લાગી નહિ જ્યારે અમર આવ્યો ત્યારે જ આ ઘરાકી વધી પડી....આથી આ અમર ખૂબ જ નશીબદાર છે એના ભાગ્યે બીજા કમાય છે.

લોકોનો ઘસારો વધતો જતો હતો. લક્ષ્મીચંદ શેઠને અમર સાથે વાત કરવાનો સમય મળતો નહોતો પણ જ્યારે અમર ઓટલા પરથી નીચો થયો કે ધીમે ધીમે ભીડ ઓછી થવા માંડી અને લક્ષ્મીચંદ શેઠે નિરાંતનો દમ લેતાં કહ્યું: 'અમર, આજે ખૂબ ભીડ હોવાથી તારી સાથે વાતચીત પણ કરી શકયો નથી. હવે આપણે ભવન પર જઈએ ત્યાં નિરાંતે વાતો કરીશું.'

અમર કંઈ બોલ્યો નહિ. લક્ષ્મીચંદ શેઠે મુનીમને પેઢીનું કાર્ય આટોપીને વધાવી લેવાનું જણાવ્યું.

લક્ષ્મીચંદ શેઠ અને અમર રથમાં બેસી ગયા અને રથ ગતિમાન થયો. લક્ષ્મીચંદ શેઠ આજે ઘણા આનંદિત

હતા. અમરને રથમાં જ જણાવ્યું કે, અમર, તારે પેઢીમાં કશું કાર્ય કરવાનું નહિ, તેં જોયુંને કેટલી બધી ભીડ રહે છે. તેમાં કોઈ ઉઠાવગીર ન આવી ચડે અને તારે ઓટલા પર બેઠા બેઠા પેઢીનું ધ્યાન રાખવાનું કાર્ય કરવાનું છે તને યોગ્ય બદલો મળશે. બોલ તને આ કામ ફાવશેને ?'

'શેઠજી, આમાં મારે કશું કાર્ય તો કરવાનું નથી. એટલે, ફાવવા ન ફાવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી....' અમરે કહ્યું.

આમ બીજી સામાન્ય વાતો કરતાં હતાં.... ત્યાં રથ લક્ષ્મીચંદ શેઠના ભવન પર પહોંચી ગયો. ત્યારે લક્ષ્મીચંદ શેઠના પત્ની સામાયિક કરી રહ્યા હતા. આ જોઈને અમરે કહ્યું : 'શેઠજી, માતાજી શું કરી રહ્યા છે....?'

'તે સામાયિક કરે છે.... આ જૈન ધર્મની એક વિધિ છે....'

અમર કશું બોલ્યો નહિ, ત્યાં તેનો મિત્ર વિક્રમ આવી પહોંચ્યો અને અમરને જોઈને હર્ષઘેલો બની ગયો.

થોડીવાર વિક્રમ અને અમર ભવનના નાનકડા ઉપવનમાં રમ્યા પછી લક્ષ્મીચંદ શેઠે અમરને બોલાવીને કહ્યું : 'અમર, હવે તારે ઘરે જવું જોઈએ. તારા માતા-પિતા ફીકર કરતા હશે. આ પાંચ સોનામહોર રાખ, તને કામ લાગશે.'

અમરે વિનમ્ર સ્વરે કહ્યું : 'શેઠજી, આ વધુ પડતું કહેવાય....આપના આશીર્વાદ એજ મારે મન ઘણું છે.'

'ના....અમર, આજે તો તારે મારા તરફથી આટલી ભેટનો સ્વીકાર કરવો પડશે.'

અને ન છૂટકે અમરને પાંચ સોનામહોર લેવી પડી.

ઋષભદત્ત પોતાના જીવનકાળ દરમ્યાન એક સાથે પાંચ સોનામહોર કદી લાવ્યા નહોતા. પાંચ સોનામહોરથી બે મહિનાનો ઘરખર્ચ તેમનો નીકળી જતો અમરે વિચાર્યું કે હવે મારા બાપુને બહાર જવું નહિં પડે....

અમર ઘરે આવ્યો ત્યારે ઋષભદત્ત અને ભદ્રા એક તરફ વાતો કરી રહ્યા હતા. ગોવિંદ આવી ગયો હતો. ત્રણેયે જમી લીધું હતું. અમર માટે રસોડામાં ઢાંકયું હતું.

અમરને જોતાં જ ઋષભદત્તે કહ્યું : 'અમર, તું આવી ગયો....તારી રાહ જોઇ જોઈને અમે જમી લીધું....તું અંદર જમીલે પછી અહીં આવજે....'

'ભલે પિતાજી,' અમરે ટુંકમાં ઉત્તર આપ્યો.

ભદ્રાએ રાડ પાડી : 'રસોડાનું કામ પતાવીને આવજે...'

અમર બોલ્યા વગર રસોડામાં ચાલ્યો ગયો અને તેની થાળીમાં સુકો રોટલો અને થોડું શાક હતું અમર કંઈ પણ વિચાર્યા વગર ખાવા લાગ્યો.

રસોડાનું કામ પતાવીને અમર પિતાજી પાસે આવ્યો. ભદ્રા અને ગોવિંદ બન્ને બેઠા હતા. બીજા બે બાળકો સૂતા હતા.

'આવ અમર, તું સૌથી નાનો છે....એથી તું

આટલો મોડો આવે તો અમને ચિંતા થાય તે સ્વાભાવિક છે.' ઋષભદત્તે કહ્યું.

'પિતાજી, લક્ષ્મીચંદ શેઠની પેઢી પર જ મોડું થઈ ગયું અને મને પાંચ સોનામહોર આપી છે. મેં ના પાડી છતાં પરાણે આપી....' આમ કહીને અમરે તે સોનામહોર ઋષભદત્તના હાથમાં મુકી.

ભદ્રાએ તરત જ કહ્યું: 'એ સોનામહોર મને આપી દો....'

'કેમ....? તારે શું કરવું છે...?' ઋષભદત્તે પ્રશ્ન કર્યો.

'મારે સોનાની બંગડી, માળા, વગેરે આભૂષણો બનાવવા છે.' ભદ્રાએ કહ્યું.

'ના....આ સોનામહોરથી આપણો ઘરખર્ચ નીકળશે. બે મહિના સુધીનો ખર્ચો નીકળી જશે.' ઋષભદત્તે કહ્યું.

ભદ્રાનું મુખ લેવાઈ ગયું. અને તે બીજા ઓરડામાં ચાલી ગઈ.

પરંતુ....!

ભદ્રાએ સ્ત્રીચરિત્ર અજમાવીને તે પાંચેય સોનામહોર રાત્રે જ ઋષભદત્ત પાસેથી લઈ લીધી.

આ તરફ શ્રીભદ્રના રાજશ્રી સાથેના સગપણની વાત જાહેર થયા બાદ રાજશ્રી અને સરદાર આનંદ વિભોર બની ગયા હતા.

બીજે જ દિવસે પ્રવાસ માટે આગળ જવાની રજા શ્રીભદ્રે સરદાર પાસે માગી. સરદારે ત્રણ દિવસ રોકાઈને

પછી જવાની વાત કરી અને શ્રીભદ્રે તે વાત કબૂલ કરી. વિદાય વેળાએ પલ્લીના લોકો એકઠા થયા અને આગળ ન જવા માટે વિનંતિ કરવા લાગ્યા. પરંતુ શ્રીભદ્રે નીકળી જવાનો નિશ્ચય કર્યો હતો. સાથોસાથ સરદારને પણ લાગ્યું કે હવે શ્રીભદ્રકુમાર રોકાઇ શકે તેમ નથી.

વિદ્દાયની પળ જ એવી છે કે જે કોઈને ગમતી નથી વિદાય પછી ગમે તે હોય, સ્નેહીજન આપણાંથી છૂટું પડતું હોય, કે પછી જીવતરની વિદાય હોય પરંતુ મોહમાં સપડાયેલા માનવીને વિદાય કદી ગમતી જ નથી. અને જ્યારે પ્રિયતમ પોતાની પ્રાણ પ્યારી પ્રિયતમાની વિદાય લેતો હોય છે ત્યારે પ્રિયતમાની સ્થિતિ કફોડી બની જાય છે. વિરહવ્યથાનો ભાર તેના તન–મન પર પડે છે અને જીંદગી જાણે એકાએક મોટી બની ગઇ હોય તેમ લાગે છે.

રાજશ્રી ત્રણ દિવસથી ઉદાસ ચહેરે ફરી રહી હતી. તેનું ચિત્ત ક્યાંય ચોંટતું નહોતું. આંખોમાં ગમગીની છવાયેલી હતી. શ્રીભદ્રે આશ્વાસન આપ્યું ત્યારે રાજશ્રીએ કહ્યું : ' સ્વામી, આપે કદી સ્ત્રીના હૃદયનો અભ્યાસ કર્યો નથી પરંતુ તેનું અંતર, મન ઘણું જ કોમળ હોય છે. આપ જાઓ છો પણ અહીં મારું શું થશે....? '

' દેવી, તારી વાત સાચી છે. પરંતુ હું તને વચન આપું છું કે હું જલદી પાછો ફરીશ. જો તું અત્યારથી ચિંતામગ્ન રહીશ તો કેવી રીતે રહી શકીશ ?

'સ્વામી, એટલા માટે જ હું આપને જવાની ના પાડું છું.'

'ના....પ્રિયે, મારે ગયા વગર છુટકો નથી. દર્પણમાં જો તારો ચહેરો કેવો થઇ ગયો છે? પ્રથમ તું તારો ચહેરો સ્વચ્છ જળ વડે સાફ કરી લે....તારાં રતુમડાં મુખ પર ઘેરાયેલી ચિંતાની છાયા તારા રૂપને વિદાય આપતી હોય તેમ જણાય છે તારી આંખોમાં જાણે અગ્નિએ સ્થાન ન લીધું હોય તેમ લાગે છે.'

શ્રીભદ્ર તેણે કંઈ આગળ બોલે તે પહેલાં જ રાજશ્રી ઊભી થઈ અને કહ્યું: 'હવે વધુ સંવાદો કહેવાની જરૂર નથી. આજ સુધી પુરૂષ નારીના ભાવ, લાગણીના સ્પંદન, અને અંતરને પીછાની શકયો નથી....'

શ્રીભદ્ર કંઇ બોલ્યો નહિ. જો બોલત તો અહીં જ ચર્ચા જામી પડત....રાજશ્રી ચાલી ગઈ.

શ્રીભદ્રને વળાવવા માટે સરદાર અને અમુક પલ્લીવાસીઓ એક કોસ સુધી ગયા. શ્રીભદ્રે ત્યાં ઊભા રહેતા કહ્યું: 'પલ્લીજનો, સરદારજી, આપને મારા પ્રત્યે જે મમતાભરી લાગણી જન્મી છે તે મને મારા આગળના પ્રવાસમાં યાદ આપ્યા કરશે અને આપ સર્વના આશીર્વાદથી મારી યાત્રા સફળ થશે અને આપની પલ્લીમાં હું જલદી પાછો ફરીશ હવે આપ સર્વ અહીંથી પાછા ફરો ....આપ ઘણે સુધી આવ્યા છો....'

સરદારે કહ્યું: 'શ્રીભદ્રકુમાર, આપની યાત્રા શુભદાયી

અને સફળ નીવડે તેવી પલ્લીવાસીઓ વતી હું શુભેચ્છા પાઠવું છું.'

શ્રીભદ્ર સરદારને નમી પડયો. રાજશ્રીની આંખમાં આંસુ સુકાતા જ નહોતા.

પલ્લીવાસીઓ ગળગળા થઈ ગયા. શ્રીભદ્રે રાજશ્રી પાસે આવીને કહ્યું : 'પ્રિયે, હું કંઈ કાયમ માટે જતો નથી. થોડા સમયમાં પાછો ફરવાનો છું. તું સ્વસ્થ થા અને તારે મારી બહુ રાહ નહિં જોવી પડે....'

સર્વ પલ્લીજનો પોતાના ગામ તરફ વિદાય થયા. શ્રીભદ્રે આગળ જવા પ્રસ્થાન કર્યું. દિવસનો બીજો પ્રહર પૂર્ણ થવાની તૈયારી હતી. તાપ ધમધમતો હતો. માર્ગમાં કોઇ વટે માર્ગુ દેખાતો નહોતો. શ્રીભદ્ર મોકળા મને આગળ વધી રહ્યો હતો.

સુર્યાસ્ત થયો. ત્યારે રાજશ્રીએ પ્રેમથી બાંધી દીધેલું ભાતુ વચ્ચે આવતી એક નદીકાંઠે બેસીને તે આરોગવા લાગ્યો ત્યારબાદ જળપાન કરીને આગળ ચાલવા લાગ્યો. કમરે તલવાર મ્યાન સાથે બાંધેલી હતી. શ્રીભદ્રે નવકાર-મંત્રનું સ્મરણ કરતો કરતો સાવધાન રહીને ચાલતો હતો.

આ તરફ રાજગૃહી નગરીમાં રાજા શ્રેણિકની ચિંતાનો પાર નહોતો. પોતાની રાણી લીલાવતીદેવીની પીડામાં કશો ફેર પડયો નહોતો. ઘણા પરગામના વૈદ્યો આવી ગયા, ઉત્તમ દવાઓ આપી પરંતુ જયાં મૂળ ન પકડાય ત્યાં દવા કામ કયાંથી કરે.... ?

અમરની પાઠશાળામાં મેળાવડો હતો આથી તે આજે સૂર્યોદય પછી તરત જ જાગૃત થઈને સ્નાનકાર્ય પતાવીને તૈયાર થઈને પાઠશાળાએ જવા નીકળી પડયો.

આજે પાઠશાળામાં મેળાવડો હોવાથી પાઠશાળા શણગારવામાં આવી હતી નગરીની મુખ્ય મુખ્ય વ્યક્તિઓ આવવાની હતી. આમ તો આ મેળાવડામાં રાજા આવે પરંતુ પોતાની પત્નીની બીમારીને લીધે તે આવવાના નહોતા.

પાઠશાળાનાં આચાર્ય પણ વહેલા આવી ગયા હતા. અનેક જાતની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

દિવસના પ્રથમ પ્રહરની બીજી ઘટિકાએ સૌ પ્રથમ વક્તૃત્વ સ્પર્ધાનો કાર્યક્રમ શરૂ થયો. એક પછી એક વિદ્યાર્થી બોલતા હતા. અમરનો પણ વારો આવ્યો તે ઊભો થયો. અને ખૂબ જ શાંતિથી અને સ્વસ્થ રહીને બોલ્યો.

અને એ સ્પર્ધામાં તેને વિજેતાપદ મળ્યું.

આ સિવાય અમરને બીજી બે સ્પર્ધાના ચંદ્રકો મળ્યા.

અમર ખૂબ જ આનંદિત બની ગયો. આજના મેળાવડામાં લક્ષ્મીચંદ શેઠ પધાર્યા હતા. અમરને વિજેતા પામેલો જોઈને તે ખૂબ જ આનંદિત બન્યા અને કહ્યું : ‘ અમર, તારા માતાપિતા આ મેળાવડામાં આવ્યા નથી....?’

‘ ના....શેઠજી, મેં મારા માતાપિતાને આ મેળાવડામાં આવવા અંગે જણાવ્યું હતું પરંતુ તેઓ ન આવ્યા.... ’

'જો તેઓ આવ્યા હોત તો બન્નેને ખૂબ જ આનંદ થાત....'

'શેઠજી, વિક્રમે પણ ઈનામ મેળવ્યું છે ને....?'

'હા....અમર, તેને પણ તારી જેમ ઈનામ મળ્યું છે.'

અને મેળાવડો પૂરો થયો. ઈનામો અપાઈ ગયા અને સૌ વિખેરાયા. અમર ખૂબ જ આનંદ પામતો પોતાને ઘેર આવવા નીકળ્યો. માર્ગમાં જ અમરને તેના પિતા ભેગા થઈ ગયા અને અમરે રસ્તામાં જ ઋષભદત્તને ઈનામ મેળવ્યાની વાત કરી.

અમરે પોતાના પિતાને ચંદ્રક બતાવ્યો ત્યારે ઋષભદત્તે કહ્યું: 'અમર, આ મારી પાસે લાવ, તારી પાસે ખોવાઈ જશે....'

અમરે પોતાના પિતાને તે ચંદ્રકો આપી દીધા અને પિતા સાથે ચાલવા લાગ્યો.

ઘરે પહોંચતા જ ભદ્રાએ અમરને જોતાં જ બોલી: 'આજ સવારના ચાલ્યો ગયો....મારે કામ કરવું પડ્યું....'

અમરે કહ્યું: 'માતાજી, આજે શાળામાં મેળાવડો હતો....'

'તું જુઠ્ઠુ બોલતાં ક્યારથી શીખ્યો....?' આમ કહીને ભદ્રાએ બે તમાચા ગાલ પર ચોડી દીધા. ઋષભદત્ત કંઈ કહેવા જાય તે પહેલાં જ ભદ્રાનો ગુસ્સો અગ્નિની માફક પ્રજળી ઉઠયો.

ઋષભદત્તે કહ્યું : 'ભદ્રા, આજે તેની શાળામાં મેળાવડો હતો તે વાત સાચી છે.'

'તમે પણ ઉપરાણું લો છો....તમને પણ કહી દઉં છું કે છોકરાનું ખોટું ઉપરાણું લીધું તો મારા જેવી કોઈ નથી....'

'ભદ્રા, તું જ્યારે ને ત્યારે વાત સમજ્યા વગર આ કુમળા બાળક પર તારો ગુસ્સો ઠાલવે છે....તેણે તારું શું બગાડ્યું છે....?'

'એ મારો દુશ્મન છે....' ભદ્રા આટલું કહીને અંદર ચાલી ગઈ.

અમર રડતો રહ્યો.

અમરને સોડમાં તાણીને બે પ્રેમભર્યા શબ્દો કહેનારું કોઈ નહોતું. મા હતી તો પોતાને દુશ્મન સમજતી જ્યારે બાપ કોઈ વાર લાગણી બતાવે અને કોઈ વાર ચુપ....!

નાનકડો એવો અમર વિચારવા લાગ્યો કે શું સંસારમાં દરેકની માતાઓનો સ્વભાવ ક્રૂરતાભર્યો હશે....! ના....ના....વસંતની માતા તો વસંતને ખૂબ જ લાડકોડથી રમાડે છે. અરે હું જઉં છું તો પણ મને પ્રેમથી પોતાની પાસે બેસાડે છે. લાવ....ત્યાં જવા દે....

અમર રડતો રડતો બહાર નીકળ્યો અને બાજુમાં રહેતા વસંતની ઘરે પહોંચ્યો. વસંત બહાર ગયો હતો. વસંતની માતા ઉંબરે બેઠી હતી. અમરને આવતો

જોતાં જ બોલી : 'આવ અમર, તું કેમ રડે છે....? તારી માએ માર્યું લાગે છે.'

અમર કંઈ બોલ્યો નહિ.

વસંતની માએ અમરને પોતાના ખોળામાં બેસાડયો અને પ્રેમથી તેના વાંસા પર હાથ ફેરવ્યો અને કહ્યું : 'અમર, તું મન નાનું ન કરીશ....તું ઘણો સમજુ છે.... તને જ્યારે જ્યારે એકલું લાગે ત્યારે મારી પાસે આવતું રહેવું....જેમ વસંતની મા છું તેમ તારી પણ મા છું.... ચાલ....અંદર આવ તને દૂધ પીવડાવું....'

વસંતની માતાએ અમરને વહાલથી દૂધ પીવડાવ્યું અમર થોડીવાર પોતાની માતાએ મારેલા તમાચા ભૂલી ગયો અને થોડીવાર બેસીને ચાલ્યો ગયો.

અમર ઘરમાં જઈ ને થોડું જમીને ઘરકામ પતાવીને લક્ષ્મીચંદ શેઠની પેઢીએ જવા નીકળી ગયો.

માનવી પોતાના જીવનમાં સાહસ, શૌર્ય અને નીડરપણું દાખવે છે ત્યારે તેનો હંમેશા વિજય થાય છે. શ્રીભદ્ર નવકારમંત્રનું સ્મરણ કરીને એક વૃક્ષ પર ચડી ગયો. તેને લાગ્યું કે સામે વૃક્ષ પર બેસીને જ રાત પસાર કરવી પડશે. ગાઢ વન શરૂ થતું હતું. કોઈ જંગલી જનાવર આવી ચડે તો મુશ્કેલી ઊભી થાય.

શ્રીભદ્ર સાહસપ્રિય હતો. જંગલમાં અનેક ચિત્કારભર્યા અવાજો આવતા હતા. ગાઢ અંધકાર સર્વત્ર વ્યાપી ગયો હતો. શ્રીભદ્ર જાગૃત અવસ્થામાં જ વૃક્ષ પર બેસી રહ્યો. એક પોપટ અને એક પોપટી શ્રીભદ્રના વૃક્ષ પર જ બેઠા હતા. શ્રીભદ્રના ડરથી તે કશું બોલતા નહોતા પરંતુ પોપટી બોલી ઊઠી : 'રાજગૃહી નગરીના રાણી લીલાવતી દેવીને અસહ્ય રોગ લાગુ પડયો છે તેનો કોઈ ઈલાજ થતો નથી.'

'તેનો એક જ ઈલાજ છે જે આપણે જાણીએ છીએ.'

'શું ....?'

'રાજગૃહી નગરીની ઉત્તરે આગળ વધતાં દશકોસ દૂર એક મહાદેવનું મંદિર આવેલું છે. તે ઘણું પ્રાચીન છે. ત્યાં એક કૂવો છે કૂવાની અંદર એક ગુફામાર્ગ છે. એ રસ્તા પર સો પગલા ચાલવાથી ત્યાં એક વિકરાળ પ્રાણી દેખાશે તે ખૂબ જ ભયાનક પ્રાણી છે. તે પ્રાણીને મારીને એક નાનકડું દ્વાર સામે જ દેખાય છે. તે દ્વાર ખોલતાં જ એક સુવર્ણજડિત નાની પેટિકામાં છીપલીઓ છે તે છીપલીઓનો ભૂકો દૂધ સાથે મેળવીને રાણીને આપે તો તેનો રોગ દૂર થાય.'

'આ કાર્ય કોઈ કરી શકે નહિ....' પોપટી બોલી.

'આ કાર્ય દિવસ પંદરમાં થશે તો જ દેવી જીવશે. પંદર દિવસની અંદર આ કાર્ય કરવું જોઈએ અને છીપલી સાથે દૂધ પાવું જોઈએ નહિ તો મૃત્યુના મુખમાં જઈ પડશે.'

શ્રીભદ્ર પોપટ અને પોપટીના સંવાદ સાંભળી રહ્યો હતો. તેને પશુપક્ષીઓની ભાષાનું જ્ઞાન હતું.

અને પોપટ–પોપટી ઉડીને ચાલ્યા ગયા.

સૂર્યોદય થયો. શ્રીભદ્ર નવકારમંત્રનું સ્મરણ કરીને વૃક્ષ નીચે ઉતર્યો અને પ્રાતઃકાર્ય વિધિ આટોપવા સ્વસ્થ થયો. વાતાવરણ પ્રસન્ન હતું. પક્ષીઓનો મીઠો કલરવ સારાય વનમાં ગાજી રહ્યો હતો.

શ્રીભદ્રે શૌચકર્મ પૂર્ણ કર્યું અને સ્નાન માટે નજીકમાં વહેતી સરિતામાં ખૂબ જ પ્રસન્નચિત્તે સ્નાન કર્યું, ત્યારબાદ

વસ્ત્રપરિવર્તન કર્યા બાદ આહારમાં થોડુંઘણું હતું તે લીધું અને આગળ વધવા માટે ચાલી નીકળ્યો.

શ્રીભદ્રે મનમાં વિચાર કર્યો કે મારે રાજગૃહી નગરીના રાણી લીલાવતીદેવીને બચાવવા જોઈએ. અહીંથી રાજગૃહી પહોંચતાં જ દશ દિવસ થઈ જાય માટે મારો પ્રવાસ ઝડપી બનાવવો જોઈએ.

માર્ગમાં એક પલ્લી આવ્યું ત્યાંના લોકોએ શ્રીભદ્રનું ભાવભર્યું સ્વાગત કર્યું શ્રીભદ્ર લોકોનો સત્કાર ઝીલતા કહ્યું : ‘ પલ્લીવાસીઓ, આપની લાગણી જોઈને હું ઘણો જ હર્ષિત બન્યો છું પરંતુ મારે રાજગૃહી નગરી પહોંચવાનું છે. એક અશ્વની જરૂર છે.’

પલ્લીવાસીઓએ શ્રીભદ્ર માટે અશ્વની વ્યવસ્થા કરી આપી અને શ્રીભદ્રને એક દિવસ માટે રોકી રાખ્યો એક દિવસ પછી વિદાય આપી.

શ્રીભદ્ર અશ્વારોહી થઈને રાજગૃહી નગરી તરફ જવાનો માર્ગ જાણીને આગળ વધ્યો. શ્રીભદ્ર પુર ઝડપે આગળ વધી રહ્યો હતો અને આઠ દિવસ બાદ તે રાજગૃહી નગરીમાં આવી ગયો. તે એક ધર્મશાળામાં ઉતર્યો ધર્મશાળાના મુનીમે એક સુંદર ઓરડો કાઢી આપ્યો. શ્રીભદ્રે મુનીમને કહ્યું : ‘ મુનીમદાદા, સતત આઠ દિવસના પરિશ્રમથી હું થાકી ગયો છું. તો આપ મારા માટે ઉષ્ણજળની વ્યવસ્થા કરી આપો તો સ્નાન કરીને થોડી સ્વસ્થતા પ્રાપ્ત કરી લઉ....’

'અરે ભાઈ, એમાં શું હતું....? ઉષ્ણજળ અર્ધ-ઘટિકામાં આવી જશે. આપ નિરાંતે સ્નાનકાર્ય પતાવજો ભોજન માટે શી વ્યવસ્થા કરવાની છે?' મુનીમદાદા' વયોવૃદ્ધ હતા તેમણે સવાલ કર્યો.

'દાદા, સ્નાનાદિથી નિવૃત્ત થઈને હું ભોજન લઈશ. આ અંગે આપ જ વ્યવસ્થા કરી આપજો ને....!'

'ભલે....' એમ કહીને ધર્મશાળાના મુનીમે વિદાય લીધી.

થોડી જ વારમાં ઉષ્ણજળ આવ્યું. તે જળ એક નાહવાના ચોકમાં મૂકવામાં આવ્યું. શ્રીભદ્ર સ્નાન કરવા માટે ગયો. દિવસનો બીજો પ્રહર પૂરો થયો હતો. અશ્વ પણ થાકી ગયો હતો તેને ચારો આપવામાં આવ્યો હતો.

શ્રીભદ્ર સ્નાનકાર્યથી નિવૃત્ત થઈને પોતાને ઓરડે આવ્યો ત્યારે ભોજનની થાળી આવી ગઇ. ત્યાં મુનીમદાદાએ પ્રવેશ કર્યો અને કહ્યું : 'ભાઇ, અહીંની બે-ત્રણ મીઠાઈ વખણાય છે. આપ તે લેજો....'

'હા...દાદા, આપે મારા માટે ઘણી તકલીફ લીધી. સાથોસાથ એક તકલીફ વધુ આપવા માગુ છું.'

'આમાં તકલીફ કયાં પડી છે, છતાં બીજી કોઈ વસ્તુની જરૂર પડે તો તરત જ સંદેશો પહોંચાડજો બહાર એક સેવક ઊભો છે. તેને આજ્ઞા કરશો એટલે મને સંદેશો મળી જશે.'

'દાદા, આટલું કર્યું છે તે ઓછું છે...! મારે આ નગરીની વિગત જાણવી છે.'

'શું જાણવું છે...?' મુનીમદાદાએ એક આસન પર બેસતાં કહ્યું.

'અહીંના રાજાની રાણીને કોઈ રોગ લાગું પડયો છે...?' શ્રીભદ્રે પૂછયું.

'હા....પરંતુ કયો રોગ છે તે આજ દિવસ સુધી કોઈ પારખી શકયું નથી. રાજવૈદ્ય, બીજા અનેક વૃદ્ધ વૈદ્યો, ભવાયા, મંત્રતાંત્રિકો, નિમિત્તકો વગેરે આવી ગયા છતાં રોગ પરખાતો નથી. નિમિત્તકોનું કહેવું છે કે આ એક કર્મની પીડા છે અને થોડા સમયમાં કોઈના દ્વારા મટી જશે.'

'તો શું હજી સુધી તે રાણીનો રોગ મટયો નથી...?'

'ના....જ્યાં રોગ પરખાય નહિ ત્યાં ઇલાજ શાનો કરે....?'

'સાચી વાત છે. રાણીને કોઈ સંતાનમાં ખરું કે નહિ.' શ્રીભદ્રે પૂછયું.

'હા....તેને એક પુત્રી છે. તેનું નામ રૂપલતા છે. અતિ રૂપવતી, ગુણી, વિવેકી અને ચતુર છે. હવે આપ ભોજન કરો....હું મારા કામે જાઉં છું. નગરીના જોવાલાયક સ્થળો બહારથી સેવકને બૂમ મારશો તો તે બતાવવા આવશે.'

'ભલે....દાદા, આપ જાઓ.' શ્રીભદ્રે કહ્યું.

મુનીમદાદા શ્રીભદ્રનો ખંડ છોડીને ચાલ્યા ગયા.

શ્રીભદ્રે આરામથી ભોજન લીધું. હાથમુખ સ્વસ્છ કરીને મુખવાસ ગ્રહણ કર્યો.

ત્યારબાદ શ્રીભદ્ર એક ખાટલામાં આડેપડખે થયો. બે દિવસનો થાક ખૂબ લાગ્યો હતો આથી પથારીમાં પડતા વેંતજ નિદ્રા આવી ગઈ.

દિવસનો ચોથો પ્રહર પૂર્ણ થવાની તૈયારી હતી ત્યાં જ મુનીમદાદાએ એક સેવકને શ્રીભદ્રના ખબર કાઢવા મોકલ્યો. સેવકે શ્રીભદ્રના ઓરડે જઈને મુનીમદાદાને કહ્યું : ‘દાદા, હજુ શ્રીમાન નિદ્રા લઈ રહ્યા છે.’

‘ઠીક...હું જ તેની પાસે જાઉં છું. તેણે પ્રવાસ લાંબો કર્યો છે એથી શ્રમ ખૂબ લાગ્યો છે. પરંતુ હવે ઉઠાડવા જોઈએ.’ આમ કહીને મુનીમદાદા પોતે જ શ્રીભદ્રના ખંડમાં આવ્યા.

મુનીમદાદાએ શ્રીભદ્રના મસ્તક પર હાથ મૂકયો અને કહ્યું, ‘શ્રીમાનજી, હવે ઉઠો....દિવસનો ચોથો પ્રહર પૂર્ણ થઈ ગયો છે. વાળુ કરવાનું ટાણું થઈ ગયું છે.’

અને શ્રીભદ્ર આળસ મરડીને પથારીમાં બેઠો થયો અને કહ્યું : ‘હા....દાદા, નિંદ્રાદેવીએ મને ઘેરી લીધો હતો. મને સમયનું ભાન ન રહ્યું.’

‘એ તો જ્યારે પરિશ્રમ વધારે પડતો થઈ ગયો હોય ત્યારે ગાઢ નિંદ્રા આવી જાય છે.’

‘દાદા, અત્યારે શું બનાવ્યું છે ?’

'રોટલો અને દૂધ....ભાવશેને....!'

'કેમ નહિ....શરીરના સ્વાસ્થ્ય માટે રોટલો અને દૂધ ઉત્તમ છે.' આમ કહીને શ્રીભદ્ર ખાટલા પરથી ઊભો થયો અને મુખ ધોવા માટે ઓરડાની બહાર ફળીમાં આવ્યો. સેવક તરત જ એક પાત્રમાં પાણી લઈને હાજર થઈ ગયો અને જળ ભરેલું પાત્ર શ્રીભદ્રના હસ્તમાં મૂક્યું.

શ્રીભદ્ર જળ વડે મુખ ધોઈને પોતાના ખંડમાં આવ્યો ત્યારે રોટલો અને દૂધ હાજર થઈ ગયા હતા. તેણે વાળુ કરીને વસ્ત્ર પરિવર્તન કર્યું અને મુનીમદાદા પાસે આવીને કહ્યું: 'દાદા, હું જરા લટાર મારીને આવું છું.'

'ભલે....પણ મોડું ન થાય....'

અને શ્રીભદ્ર ધર્મશાળાની બહાર નીકળી ગયો. રાજગૃહી નગરીમાં શ્રી મુનિસુવ્રત સ્વામીનું ભવ્ય જિનાલય છે તેવું શ્રીભદ્ર સાંભળ્યું હતું. આથી તે પૂછતો પૂછતો શ્રી મુનિસુવ્રત સ્વામીના જિનાલય પાસે આવ્યો ત્યારે તેનું હૈયું ખૂબ જ પ્રફુલ્લિત બન્યું.

શ્રીભદ્ર જિનાલયની બહાર મૂકેલા જળ પાત્રમાંથી જળ લઈને પોતાના પગ સ્વચ્છ કર્યા અને પગથિયાં ચડવા લાગ્યો. રાત્રિનો પ્રથમ પ્રહર ચાલી રહ્યો હતો. શ્રીભદ્ર અંદર આવ્યો. બે હાથ જોડીને ભાવભર્યા વંદન કર્યાં. શ્રીમુનિસુવ્રત સ્વામીની ભવ્ય પ્રતિમાજી હૈયાને ટાઢક આપે તેવી હતી. શ્રીભદ્રે ચૈત્ય વંદન કરીને ભાવ-

વાહી સ્વરોમાં શ્રી મુનિસુવ્રત સ્વામીનું સ્તવન ગાયું. અને થોડીવારમાં તે દર્શન કરીને બહાર નીકળ્યો. માર્ગ પર આવતાં જ તે વિચારવા લાગ્યો કે કઈ તરફ જવું....

આથી શ્રીભદ્રે એક રાહદારીને ઊભો રાખીને પૂછયું : ' શ્રીમાન, અહીં આનંદપ્રમોદ માટે કયું સ્થળ ઉત્તમ છે ? '

રાહદારી રંગીલો હતો. તેણે તરત જ કહ્યું : ' ચાલો ત્યારે, મારે પણ એ તરફ જવું છે. મને સારો સંગાથ મળી ગયો. અહીંયા અતિ સૌંદર્યવાન રૂપવતી નર્તકી રંગલતાથી કોઈ ભાગ્યે જ અજાણ હોય....? પરગામથી આવનારો પણ રંગલતાના નૃત્યની કલા જોયા વિના પાછો ન જાય રંગલતાની ઉંમર માત્ર સોળ વર્ષની છે. પરંતુ નૃત્ય કરે છે ત્યારે સ્વર્ગની નૃત્યાંગનાઓને પણ ભૂલાવી દે છે. '

શ્રીભદ્રે કંઇ બોલ્યો નહિ. રંગીલા રાહદારીએ આગળ વાત ચલાવતાં કહ્યું : ' શું રંગલતાની છટા, રંગલતા માત્ર રૂપવતી જ નથી પરંતુ તે અતિ સૌમ્ય છે. અને તેના ઉન્નત ઉરોજ માનવીને પાગલ બનાવી મૂકે તેવા છે....'

શ્રીભદ્રે પૂછયું : ' શ્રીમાન, આપ ઘણા રંગીલા છો. '

' જીવનમાં માનવી આનંદપ્રમોદ, ભોગવિલાસમાં જ રાચતો રહે તો તે સ્વર્ગના સુખની કલ્પના પણ કરતો નથી.... '

‘ શ્રીમાન, આપની વાત મને બરાબર લાગી નથી....’ શ્રીભદ્રે કહ્યું.

‘ કેમ....? મને કારણ કહેશો. ’

‘ જી. હા, હું આપને એક પ્રશ્ન પુછું....આપને આમાં સુખ કેવું મળે છે....? ’

‘ ખૂબ જ....હું મારો સંસાર ભૂલી જાઉં છું. ’

‘ તમે તમારા સંસારને નથી ભૂલતા પણ તમારા માથે પડેલી જવાબદારી, કર્તવ્યને ભૂલી જાઓ છો. ’

‘ તો પછી સુખ શામાં મળે છે....? ’

‘ ભાઈ, સાચું સુખ આત્મદર્શનમાં છે પરંતુ આ સુખ ત્વરિત મળે તેવું નથી. એને માટે તપશ્ચર્યા કરવી પડે છે. સંસારના સુખો છોડવા પડે છે. મુક્તિની આરાધના માટે ત્યાગ, તપ વગેરે કરવા પડે છે અને પરમ સુખ પાછળથી મળે છે. આપણે જે સુખને શ્રેષ્ઠ માનીએ છીએ તે તો ભૌતિક સુખ છે કે જે ક્ષણિક છે....’

‘ ઓહ....આપ તો કોઈ પંડિત લાગો છો....હવે આપણે ચર્ચા કરવી નથી. રંગલતાનું ભવન આવી ગયું છે. ચાલો પ્રવેશ પત્ર લઈ લઈએ....’

બન્ને ભવનમાં ગયા અને પ્રવેશપત્ર મેળવ્યું. આજે નગરીના અનેક રંગીલા જુવાન નૃત્યને બહાને નર્તકીને નીહાળવા આવ્યા હતા. રાજગૃહી નગરીમાં રંગલતાને સારી એવી પ્રસિધ્ધિ મળી હતી. શ્રીભદ્રને નૃત્ય જોવાનો શોખ નહોતો. તેણે જીવનમાં ક્યારેય નૃત્ય નીહાળ્યા

નહોતા પરંતુ સમય પસાર કરવા ખાતર રંગીલા રાહદારી સાથે આવ્યો હતો. બંને રંગમંચ પાસે ગોઠવાયેલી પ્રથમ હરોળમાં બેઠા. ત્યાં રંગીલા રાહદારીએ શ્રીભદ્રને પ્રશ્ન કર્યો : ' આપને સંગીત – નૃત્યકલા પ્રત્યે ઓછો રસ લાગે છે. '

' ના....ના....એવું કંઈ નથી. '

' તો પછી આપના ચહેરા પર નૃત્ય જોવાનો આનંદ નથી. નર્તકીને નીહાળવાની તમન્ના નથી. આપનું જુવાન લોહી છે. છતાં જુવાનીનો રંગ નથી....'

' શ્રીમાન, નૃત્યનો મને ખાસ કોઈ પરિચય નથી. ' શ્રીભદ્રે જણાવ્યું. શ્રીભદ્ર આ રંગીલાની વાતોથી કંટાળ્યો હતો.

નૃત્યમંચ વિશાળ હતું. વધકારો વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગયા હતા. પ્રેક્ષકોએ પોતપોતાની જગ્યા પર સ્થાન લઈ લીધું હતું. નૃત્યાચાર્યે ઊભા થઈને કહ્યું : ' આજે દેવી રંગલતા આપની સમક્ષ એક પ્રાર્થના ગીત રજૂ કરશે, ત્યાર બાદ ' પિયા ' નૃત્ય રજૂ કરશે....'

વાતાવરણમાં પ્રસન્નતા છવાઇ ગઈ. દર્શકો આનંદિત બન્યા હતા. રૂપઘેલા પ્રેક્ષકો રંગલતાના રૂપના રસઘુંટડા પીવા માટે આતુર બન્યા હતા. ત્યાં જ રૂપની છબી નૃત્યમંચ પર આવી...

મંચ પર ધુમ્રાવરણ છવાયું હતું.

ધીરે ધીરે ધુમ્રાવરણ દૂર થતાં દેવી રંગલતાને

પ્રેક્ષકોએ નીહાળી અને સૌએ હર્ષ વ્યક્ત કર્યો. રંગલતા સરસ્વતીની પ્રાર્થના ગાવાની હતી એટલે વસ્ત્રો શ્વેત પહેર્યાં હતા. શ્વેત વસ્ત્રોમાં તે ખૂબ જ સરસ રીતે શોભી રહી હતી. જાણે સાક્ષાત સરસ્વતી મંચ પર ન આવી હોય....!

શ્રીભદ્ર પણ દેવી રંગલતાની સાદાઈ જોઈને આનંદ પામ્યો. ત્યાં જ પેલા બટકબોલા રાહદારી યુવાને કહ્યું: ‘કેમ મિત્ર, મેં કહ્યું તે સાચું છે ને? રંગલતા જાજરમાન નારી લાગે છેને....એનું રૂપ અમારા જેવા પ્યાસીઓને તડપાવે છે.’

શ્રીભદ્રે તેની વાતનો કશો ઉત્તર ન આપ્યો. વાદ્ય-કારોએ ‘તિલકમંજરી’ની સ્વરલહરી વહાવવી શરૂ કરી. વીણાવાદકે ‘તિલકમંજરી’ને વીણા પર સરસ રીતે ઉપ-સાવી. બંસરીનું માધુર્ય શ્રીભદ્રના હૃદયને ખટકવા લાગ્યું

પ્રાર્થના ગીત શરૂ થયું.

સુંદર શબ્દો અને મધુર સ્વરોથી રચાયેલી પ્રાર્થના રંગલતા ખૂબ જ સુંદર રીતે ગાતી હતી....

રંગલતા પ્રાર્થનાગીતમાં જાણે પ્રાણ પૂર્યા ન હોય તેમ જણાતું હતું. શ્રીભદ્રને પ્રાર્થનાગીત ગમ્યું પરંતુ બંસરીના સુરો ન ગમ્યા. કલાકાર જીવ સળવળવા લાગ્યો.

પ્રાર્થના ગીત લગભગ અર્ધ ઘટિકાએ સમાપ્ત થયું દેવી રંગલતા રંગમંચના પડદા પાછળ ચાલી ગઈ. શ્રીભદ્ર પોતાની બેઠક પરથી ઊભો થયો અને રંગમંચ પર આવ્યો

અને વાદ્યકારો પાસે જઈને વિનમ્ર સ્વરે કહ્યું : 'મહાનુભાવો, મારે આપને એક વિનંતિ કરવી છે.'

'કહો....આપને શું કહેવું છે....?' નૃત્યાચાર્યે કહ્યું.

શ્રીભદ્રે નૃત્યાચાર્ય સામે જોઈને કહ્યું : 'પૂજ્યશ્રી, વીણાનો પંચમનો તાર ઓછો જણાય છે. અને બંસરીના સ્વર બેસુરા થઈ જાય છે.'

નૃત્યાચાર્ય વયોવૃદ્ધ હતા તેમણે વિનમ્ર સ્વરે પૂછ્યું: 'શ્રીમાનનો પરિચય....?'

'પૂજ્યશ્રી, હું આ નગરીમાં આજે જ આવ્યો છું. હું એક પરગામનો છું. સંગીતનો થોડો ઘણો અભ્યાસ છે એટલે એક અભ્યાસીનો જીવ ધીરજ ન રાખી શકે એથી આપની પાસે આવ્યા વગર ન રહેવાયું.

'આપનું નામ જણાવશો....' નૃત્યાચાર્યે કહ્યું.

'મારું નામ શ્રીભદ્ર છે.'

'શ્રીભદ્રજી, આપની વાત સાચી છે. વીણાનો પંચમ તાર ઓછો લાગે છે. અમારો બંસરીવાદક નવો આવેલ છે આથી તે અમારી સાથે વગાડી શકતો નથી. પરંતુ આપનું આટલું સુક્ષ્મ સંગીત વિષેનું જ્ઞાન જોઈને મને એક પ્રશ્ન થાય છે.'

'કયો પ્રશ્ન....?' શ્રીભદ્ર આશ્ચર્યમાં પડયો.

'શ્રીભદ્રજી, હમણાં રંગલતાદેવી 'પિયા' નૃત્ય રજુ કરશે....આપ સંગીતના જ્ઞાતા છો એટલે આપ કંઈક વગાડી શકતા હો તેવું લાગે છે....જો આપ કયું વાદ્ય

બજાવો છો તે જણાવશો તો મને આનંદ થશે.' નૃત્યાચાર્યને શ્રીભદ્રમાં રસ પડયો હતો.

'પૂજ્યશ્રી, હું કોઇવાર કોઈ પ્રસંગે બંસરી વગાડી લઉં છું પરંતુ હું સંગીતનો કોઈ જ્ઞાતા નથી કે તેમાં પારંગત નથી પણ અભ્યાસી જરૂર છું....'

'મને લાગ્યું હતું કે આપ બંસરી બજાવતા જ હશો....તો મારી એક વિનંતિને આપે સ્વીકારવી પડશે.' નૃત્યાચાર્યે હસતાં હસતાં કહ્યું.

'આપને વિનંતિ કરવાની ન હોય...' શ્રીભદ્રે પ્રેમાળભર્યા સ્વરે કહ્યું.

'તો પછી આજે સૌને આપની બંસરી સાંભળવાનો લાભ મળે તો અત્યંત આનંદ થશે.'

'પણ...હું પારંગત નથી....મને મંચ પર બેસીને વગાડવાનો મહાવરો નથી....'

શ્રીભદ્રે થોડીવાર આનાકાની કરી પછી બધા વાદ્યકારોના અતિ આગ્રહને કારણે નૃત્યમંચ પર બંસરી બજાવવા માટે બેસવું પડ્યું.

નૃત્યાચાર્યે એક સાથે વીસ જાતની બંસરી મુકી અને શ્રીભદ્રે બધી બંસરી તપાસી જોઈ અને તેમાંથી એક બંસરી વગાડવા માટે પસંદ કરી.

પેલો રંગીલો યુવાન તો નવાઈ પામ્યો.

અને સૌની ઇંતેજારીનો અંત આણીને નૃત્ય 'પિયા'-

ની રજુઆત થઈ. શ્રીભદ્રે બંસરી પર રાગ માલકૌંસની સુરાવલિ વહેતી કરી.

બંસરી પર રાગ માલકૌંસનો આલાપ ખૂબ જ સુંદર લાગતો હતો. નૃત્યાચાર્ય પણ વારંવાર વાહ વાહ બોલવા લાગ્યા.

અને રંગલતા નૃત્યમંચ પર આવી અને 'પિયા' નૃત્ય શરૂ થયું. નૃત્યની ભાવના વિશાળ હતી. એક પ્રિયતમા પોતાના પ્રિયતમને શોધવા જતી હોય છે. પ્રિયતમ ક્યાંય ચાલ્યો ગયો હોય છે. ત્યારે પ્રિયતમાની લાગણીઓ કયા કયા સ્વરૂપ ધારણ કરે છે તે દર્શાવતું આ ભાવના-નૃત્ય દર્શકોના હૃદયને વીંધી નાખતું હતું.

આ ભાવનૃત્યની સાથે શ્રીભદ્રના બંસરીવાદને રંગ રાખ્યો હતો. અને પ્રેક્ષકવર્ગમાં અજબનું આકર્ષણ જમાવી દીધું હતું.

દેવી રંગલતાએ બંસરીવાદકના ચહેરા સામે છ-સાત વાર નજર કરી....તે કદી આ રીતે જોતી નહીં પરંતુ બંસરીના માદક સ્વરો લોભામણા બન્યા હતા.

બંસરીના સ્વરો વહેતાં રહ્યા....

નૃત્ય ચાલતું રહ્યું...

પ્રેક્ષકો નૃત્ય નીહાળતાં રહ્યા અને વાહ વાહના પોકારો કરતાં રહ્યાં ......

## ૭ : : વગર વાંકે...!

દરેક માતાને પોતાના પુત્ર કે પુત્રી પ્રત્યે પોતાના સ્વામી કરતાં પણ વધુ પ્રેમ હોય છે. સ્ત્રી જ્યારે લગ્ન કરીને પોતાના સાસરે આવે છે ત્યારે તે સ્વામીની અર્ધાંગના બનીને રહે છે જ્યારે તે પુત્રવતી થાય છે ત્યારે તેનું માતૃત્વ જાગૃત થાય છે અને માતાના અંતરમાં સ્નેહ નીતરતો જોવા મળે છે. પોતાના પુત્રની સતત ચિંતા રહ્યા કરતી હોય છે પોતાનો પુત્ર જરા વહેલો મોડો આવે તો ચિંતામગ્ન બની જતી હોય છે. જ્યારે પિતાનું હૃદય વજ્રનું હોય છે તે પુત્રની ચિંતાને સામાન્ય ગણે છે. આથી જ સ્ત્રીના હૃદયને વધુ કોમળ કહ્યું છે પરંતુ ભદ્રાનું હૃદય પોતાના પહેલા ત્રણ બાળકો માટે સ્નેહભર્યું હતું પરંતુ સૌથી નાનો સ્નેહાળ અને નિર્દોષ અમર પ્રત્યે કુણી લાગણી રાખવાને બદલે ક્રોધની જ્વાળા નીકળતી. ભદ્રા જ્યારે જ્યારે અમરને જોતી ત્યારે ત્યારે તેના ચહેરા પર પરિવર્તન આવી જતું અને પોતાનો જાણે દુશ્મન ન હોય તેવી ભાવના પ્રગટ થતી. ઋષભદત્તો આ અંગે

પત્નીને ઘણીવાર સમજાવ્યું પરંતુ ભદ્રાએ સણસણતો જવાબ આપીને ઋષભદત્તને ચૂપ કરી દીધો હતો.

દિવસનો પ્રથમ પ્રહર પૂરો થયો. છેલ્લા એક માસથી ઋષભદત્ત લોટ માગવા જતો નહોતો. અમરની આવેલી બીજી ત્રણ સોનામહોરથી ઘરનો ભાર ચાલતો હતો. ગોવિંદ આળસુ બની ગયો હતો બીજા બે સંતાનો પાઠ-શાળાએ જતા ન જતા એવું હતું એક અમર નિયમિત પાઠશાળાએ જતો અને મન દઈને અભ્યાસ કરતો.

અમર પાઠશાળાએ ગયો હતો. ભદ્રાએ પોતાના સ્વામીને કહ્યું: 'હું જરા બજારમાં જઈને આવું છું. તમે પાછા ક્યાંય જતા નહિ....'

'તું તારે જા....હું ક્યાંય જવાનો નથી....' ઋષભદત્તે આળસ મરડીને કહ્યું. ઋષભદત્તે પૂજાપાઠ કરી લીધા હતા.

ભદ્રાએ બહાર જવા માટે વસ્ત્ર પરિવર્તન કર્યું અને તે બહાર નીકળી. અને તેણે બજાર તરફ જવાનો માર્ગ પકડ્યો.

ભદ્રાએ બજારમાંથી અમુક ખરીદી કરી અને પાછી વળતી હતી ત્યાં અમર જેવડો જ અને તેનાં જેવો જ એક છોકરો પાનાગારમાં જતો જોયો. ભદ્રાએ 'અમર'ના નામની બૂમ પાડી. પણ પેલો પાનાગારમાં ચાલ્યો ગયો હતો. ભદ્રાને ખબર નહોતી કે આ પાનાગાર છે તેણે આગળ જતાં બાજુમાં એક હાટ ચલાવતા વેપારીને પૂછ્યું ત્યારે ખબર પડી કે આ પાનાગાર છે.

ભદ્રાએ તે વેપારીને પૂછ્યું : 'હમણાં એક છોકરો અંદર ગયો તે દરરોજ આવે છે....!'

'હા....એ તો દરરોજ આવે છે....નાનો છે પણ રમવામાં ઘણો જ આગળ પડતો છે....'

'તેનું નામ શું છે....?' ભદ્રાએ પૂછ્યું.

'તેનું સાચું નામ તો મને ખબર નથી પરંતુ અહીંયા બધા તેને રજ્જુ કહે છે....'

ભદ્રા તરત જ ત્યાંથી નીકળીને પોતાના ઝુંપડા તરફ વળી અને મનમાં વિચાર્યું કે અમર પાઠશાળાને બદલે પાનાગારમાં જાય છે અને લક્ષ્મીચંદ શેઠની સોનામહોરો અહીં ઉડાડતો હશે....ઘરમાં હમણાં તેણે ત્રણ સોનામહોર આપી હતી આથી અમરને આજ પૂરેપૂરી સજા દેવી જોઈએ.

અને તે ઘરમાં પ્રવેશી ઋષભદત્ત સામે જ બેઠો હતો ભદ્રાએ રોષભર્યા સ્વરે કહ્યું : 'સ્વામી, આપ ભોળા છો અમર આપને, મને અને બધાને બનાવીને પાનાગારમાં પાના રમવા જાય છે.'

'બને નહિ....મારો અમર એવો છે જ નહિ...'

'મારું તો માનવું છે કે અમરને લક્ષ્મીચંદ શેઠ વધુ સોનામહોર આપતાં હોવા જોઈએ. અમર આપણને ત્રણ સોનામહોર આપી બાકી તેણે પાનાગારમાં વાપરી હોવી જોઈએ. મેં મારી સગી આંખે તેને પાનાગારમાં જતો જોયો.'

'તારો વહેમ હશે....તને અમર પ્રત્યે પહેલેથી જ એવી લાગણી છે એટલે તું આવું બોલે છે.

ભદ્રાએ રોષભર્યા સ્વરે ફરીને કહ્યું: 'જુઓ, આજ અમર આવે એટલે એને સજા કર્યા વગર રહેવાની નથી. તેના જીવનમાં આ દુષણ અત્યારથી પ્રવેશી જાય તો મોટો થતાં તે શુંય કરે....?'

ઋષભદત્તે શાંત સ્વરે કહ્યું: 'ભદ્રા, તું ખાતરીપૂર્વક કહે છે કે તે અમર જ હતો....?'

'તો શું હું ખોટું બોલું છું....! મારી વાત તમે કદી સાચી માની નથી.'

અને બંને અમરના આવવાની રાહ જોતા રહ્યા.

આ તરફ અમરકુમાર પાઠશાળાએથી છૂટીને ઘર તરફ આવતો હતો ત્યાં તેના મિત્ર વિક્રમે કહ્યું: 'અમર, તું અહીંના જિનાલયમાં ગયો છે....?'

'કયું જિનાલય....? હું ક્યારેય ગયો નથી....'

'તને એટલી તો ખબર છેને આ નગરીમાં મુનિસુવ્રત સ્વામીનું ભવ્ય જિનાલય છે....'

'હા...એ વાતની ખબર છે પરંતુ મેં ક્યારેય દર્શન કર્યા નથી.'

'તો ચાલ....મારી સાથે....આપણે બંને દર્શન કરી આવીએ ઘણી જ મનમોહક પ્રતિમાજી છે.'

'હું આવું તો ખરો પરંતુ મારી માતા મને ખીજાશે....' અમરકુમારે કહ્યું.

'અરે....આપણુને જરા પણ વાર નહિં લાગે....' વિક્રમે કહ્યું અને બંને શ્રીમુનિસુવ્રત સ્વામીના દર્શ- નાર્થે ગયા.

માર્ગમાં અમરે પૂછ્યું : 'વિક્રમ, મને તમારા ધર્મમાં ભારે રસ જાગે છે....પેલો મંત્ર મને શીખડાવી દેને....!'

'કયો મંત્ર....?' વિક્રમે પ્રશ્ન કર્યો.

'કેમ....? તું ઘણી વાર વાત કરતો હતો કે જૈન ધર્મમાં ખૂબ જ પ્રભાવશાળી પરમ કલ્યાણી મંત્ર છે....'

'ઓહ....તું નવકાર મંત્રની વાત કરે છે....!' વિક્રમે કહ્યું.

'હા....એ મંત્ર મને શીખવાડી દે. મેં તારી પાસેથી એક વાર સાંભળ્યો હતો....મને ખૂબ જ ગમે છે....' અમરે ભાવવાહી સ્વરે કહ્યું.

'અમર, એ મંત્ર તો તને ચાર દિવસમાં શીખડાવી દઈશ....નવકાર મંત્ર પર શ્રદ્ધા રાખનારા ખૂબ જ શાંતિ અનુભવે છે. તે કદી ખોટે માર્ગે જતો નથી....ક્રોધ કરતો નથી. નવકાર મંત્રનું આરાધન કરવાથી મનને શાંતિ મળે છે....' વિક્રમે કહ્યું.'

'સારું....સારું....તું મને શીખવી આપજે....' અમરકુમારે કહ્યું.

ત્યાં તો શ્રી મુનિસુવ્રત સ્વામીનું ભવ્ય જિનાલય દેખાયું. અમરકુમારે બહારથી આ જિનાલય જોયેલું

પરંતુ કયારેય અંદર પ્રતિમાજીના દર્શન કર્યા નહોતા.

બન્ને મિત્રો પોતાના હાથપગ સ્વચ્છ જળ વડે સાફ કરીને દહેરાસરમાં પ્રવેશ્યા. શ્રીમુનિસુવ્રત સ્વામીનું આ જિનાલય ઘણું પ્રાચીન હતું તેમાં પ્રતિષ્ઠિત કરેલી પ્રતિમાજી તેજોમય અને સુદર્શનીય હતી. જિનાલય સંપૂર્ણપણે આરસપહાણના પથ્થરોથી સુશોભિત હતું. શિલ્પકારોએ જિનાલયના ઘુંમટમાં સુંદર કોતરણી કરીને પોતાની કલા પ્રદર્શિત કરી હતી. શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિમાજી હતી.

અમરકુમારે દહેરાસરમાં પગ મૂકતાં જ તેનું અંતર અતિ પ્રફુલ્લિત બની ગયું અને પ્રથમવાર જ શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવંતના દર્શન કર્યા.

વિક્રમે સુંદર સ્વરોમાં સ્તવન ગાયું. ચૈત્યવંદન કર્યું અને મધુર સુરોમાં નવકારમંત્ર ગાયું. અમરકુમાર નવકારમંત્ર ખૂબ જ ધ્યાનથી સાંભળવા લાગ્યો અને સાંભળતા સાંભળતા જ તે ભાવવશ થઈને તેની આંખમાંથી આંસુ પડયા.

થોડીવાર બાદ બન્ને બહાર નીકળ્યા. અને અમર તેના ઘર તરફ વળ્યો. વિક્રમ તેના ભવન તરફ ગયો. આજે અમરના ચહેરા પર અતિ આનંદ હતો. આજે શ્રી મુનિસુવ્રત સ્વામીના દર્શન કરવાથી પોતાની જાતને અતિ

ભાગ્યશાળી સમજવા લાગ્યો. પોતે ધન્યતા અનુભવવા લાગ્યો.

તે ઘરની પાસે આવ્યો ત્યાં જ ગોવિંદ સામે મળ્યો તેણે કહ્યું : 'અમર, તારી માતાપિતા રાહ જુએ છે....કયાં હતો....?'

'હું તો વિક્રમ સાથે દર્શન કરવા ગયો હતો....' અમરે સત્ય કહ્યું.

'હવે અંદર જા....મા તને દર્શન કરાવશે....' ગોવિંદ હસતાં હસતાં પોતાના માર્ગે ચાલ્યો ગયો.

અમરે ઘરમાં પ્રવેશ કરતાં જ ભદ્રા ઊભી થઈ અને હાથમાં નાનો એવો દંડ લીધો અને તે તાડુકી ઉઠી : 'અત્યાર સુધી કયાં હતો....?'

'મા, હું વિક્રમ સાથે દર્શન કરવા ગયો હતો....' અમરે બીતા બીતા કહ્યું.

'જુઠું બોલે છે....મા બાપની સામે ખોટું બોલતા શરમાતો નથી....તેં કોના દર્શન કર્યા તેની મને ખબર છે....' આમ કહીને અમરના વાંસામાં એક દંડ ફટકાર્યો.

અમરથી હાયકારો નીકળી ગયો. દશબાર વર્ષનું કુમળું બાળક દંડનો માર કેવી રીતે સહન કરી શકે....?

'મા....હું સત્ય બોલું છું....મારી વાતનો વિશ્વાસ કરો....પિતાજી, મારી માને કહો કે મને મારે નહિ.... મને...મને...મારાથી હવે માર ખમાતો નથી...હું અસત્ય બોલતો નથી...' અમરે રડી પડયો.

ભદ્રાએ તો ચાર-પાંચ દંડ વાંસા પર માર્યા. અમરનો વાંસો સુઝી ઉઠ્યો. એકદમ બળતરા થવા લાગી....તે રડી પડ્યો. ઋષભદત્ત તો પોતાની પત્ની ખીજાશે તે વાંકે અમરને જોતો રહ્યો. ભદ્રાએ ઋષભદત્તને કડક સૂચના આપી હતી કે તમારે વચ્ચે પડવું નહિ.

ભદ્રાએ કહ્યું: 'મેં તને પાનાગારમાં પાના રમતાં જોયો હતો....આજથી તારું જવાનું બંધ...ખાવાનું બંધ....તને મોત કેમ નથી આવતું....! મારી કુખ લજાવવા બેઠો છે....?'

અમર રડતો રહ્યો. તેને એવો માર પડ્યો હતો કે આ વખતે ખાવાની તો શું બોલવાની પણ હોશ નહોતી રહી. તે બેભાન થઈ ગયો.

ભદ્રાએ તેની નીચે પડતો જોઈને દંડ એક બાજુએ મૂકી દીધો. ઋષભદત્તે કહ્યું: 'મને લાગે છે કે તું એક દિવસ આ છોકરાને મારી નાખીશ....'

'હા.... મારી નાખીશ. મને એ આંખના કણાની જેમ ખૂંચે છે....પણ શું કરું? મેં એને જન્મ આપ્યો છે....' ભદ્રાના ચહેરા પર હજી ગુસ્સો રમતો હતો અને રસોડામાં ચાલી ગઈ.

બાજુના પાડોશીઓ અંદર આવીને અમરને બચાવવાની મહેનત કરતા નહિ કારણ કે સૌ ભદ્રાનો સ્વભાવ જાણતાં હતાં.

વસંત જે અમરનો મિત્ર હતો તેણે અમરને માર ખાતા જોયો અને જેવો અમર નીચે પડ્યો કે તે તરત જ

ઘરમાં દોડી ગયો. તેણે માતાને વાત કરી વસંતની માતાએ કહ્યું : ‘ બેટા, અમર કેટલો સુંદર બાળક છે....તેની માથી ન સાચવાય તો હું તેને રાખીશ....અને તે કુમળા બાળકને હું માનો પ્યાર આપીશ. ’

‘ મા, મારાથી આજે અમરને મારતો જોઈ શકાયું નહોતું આજે તેની માએ ઢોરમાર માર્યો છે....અમર બેભાન થઈને નીચે પડ્યો છે. ’ વસંતે કહ્યું.

‘ વસંત, આપણે અમર માટે કશું કરી શકીએ તેમ નથી....જો ત્યાં જઈશું તો તેની મા બાચકા ભરશે.... ’ વસંતની માતાએ નિશ્વાસ નાખતા કહ્યું.

આ તરફ અમર ભાનમાં આવ્યો ત્યારે ભદ્રાએ જાડી રસ્સી વડે બાંધી દીધો અને ભદ્રાએ કહ્યું : ‘ આજથી તારે ઘરની બહાર પગ મૂકવાનો નથી.... ’

અમર શું જવાબ આપે.... જવાબ આપવાના હોશ ક્યાં હતા ? ભદ્રાએ શું કહ્યું તેની પણ ખબર ન રહી....

ઋષભદત્ત બહાર ગયો હતો તે પાછો ફર્યો. અમરને બંધનઅવસ્થામાં જોતાં જ ભદ્રાને કહ્યું : ‘ ભદ્રા, તું અમરને હવે છોડી દે....એ બાળક છે. નાદાન છે....એ કુમળા બાળક પર તેં આજે ખૂબ જ અત્યાચાર ગુજાર્યો છે. આજે મને પણ લાગી આવ્યું હતું ....’

‘ હવે ચૂપ રહો....તમને વચ્ચે આવવાની ના પડી છે....’ ભદ્રાએ કહ્યું.

ઋષભદત્ત મૌન થઈ ગયો.

થોડીવારમાં ગોવિંદ, રજની, લાલજી, ઋષભદત્ત અને ભદ્રા રસોડામાં જમવા બેસે છે અને અમર જોઈ રહે છે. ઋષભદત્તને આજે જમવાનું નહોતું. ગોવિંદ પણ બરાબર જમ્યો નહિ. ગોવિંદે કહ્યું પણ ખરું 'મા, આજે મારી તબિયત ઠીક નથી....'

'તો રહો ભૂખ્યા....મારે શું....? હું તો ખૂબ જ આનંદથી જમીશ....'

ગોવિંદ ઊભો થયો. તેની પાછળ તેના બીજા બે સંતાનો પણ ઊભા થઇ ગયા. ઋષભદત્ત તો રાહ જોતો હતો તે પણ ઊભો થવા જતો હતો ત્યાં ભદ્રાએ કહ્યું: 'હવે તમે કયાં ઊભા થાઓ છો....?'

'મને પણ ભૂખ નથી ....'

'તો આ રાંધેલું નાખી દેવું....?' ભદ્રાએ કહ્યું.

'અમરને જમવા આપી દે....મેં તને પહેલા પણ કહ્યું પણ તું માનતી નથી....'

'એને આજ આખો દિવસ જમવા નહિ મળે....' ભદ્રા ખૂબ જ આનંદથી જમતી હતી.

ઋષભદત્તે ઊભા થઇને હાથ ધોઈ નાખ્યા. તેનું અંતર પણ આજના પ્રસંગથી ઘવાયું હતું. ગોવિંદને પણ આજે અમરને માર્યાનું સાંભળ્યું તે ગમ્યું નહિ. પણ કોઈ ભદ્રા સામે બોલી શકતું નહોતું.

ઋષભદત્ત અંદરના ખંડમાં આવ્યો હતો. ભદ્રા ત્યાં

આવી અને અમરના બંધન છોડી નાખ્યા અને હુકમ કર્યો ‘ જા....રસોડું સાફ કરી નાખ અને વાસણો ધોઈ નાંખ....’

અમર મૂંગા મોંએ રસોડા તરફ ગયો. જે કંઈ ખાવાની સામગ્રી વધી હતી તે ભદ્રાએ બહાર નાખી દીધી હતી જેથી અમર કાંઈ ખાઇ ન શકે....ભદ્રાએ આવો વિચાર કરેલો.

અમર રસોડામાં કામ કરવા લાગ્યો. ભદ્રાએ પોતાના પતિ સામે જોઈને કહ્યું– ‘ તમે આજને આજ લક્ષ્મીચંદ શેઠને ત્યાં કહી આવો કે અમર હવેથી કામ પર નહિ આવે....’

‘ પણ શા માટે.... ? ’

‘ અમર નહિ જાય.... મારે કંઈ કારણ આપવુ નથી.... ’

‘ પરંતુ શેઠજી મને ન આવવાનું કારણ પૂછશે તો હું શો જવાબ દઈશ.... ’

‘ કહી દેજો કે અમરને મોકલવાની હવે અમારી ઈચ્છા નથી. હવેથી તે પાઠશાળાએ પણ જવાનો નથી. એ વાત પણ કરજો.... ’

‘ પણ શેઠજી મારી વાત માનશે.... ? ’ ઋષભદત્તે પ્રશ્ન કર્યો.

‘ ન માને તો કંઈ નહિ. આટલું કહીને તમે આવતા રહેજો.... ’

‘ તેં બીજી વાત વિચારી છે કે નહિ....? ’ ઋષભદત્તે કહ્યું.

'કઈ વાત....?' ભદ્રાએ પૂછ્યું.

'અમર પેઢી પર જશે નહિ તો આપણો ખર્ચો કઈ રીતે નીકળશે....? મારે વળી પાછા લોટ માંગવા નીકળવું પડશે....'

'ભલે તમારે લોટ માંગવા જવું પડે પરંતુ અમર હવે બહાર નહિ જાય....' ભદ્રાએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું.

ઋષભદત્તને લાગ્યું કે પત્ની પોતાની વાતનો સ્વીકાર કરવા તૈયાર નથી આથી તે તૈયાર થઈને લક્ષ્મીચંદ શેઠની પેઢી પર જવા નીકળ્યો. ત્યાં ભદ્રાએ કહ્યું : 'અત્યારે ક્યાં જાઓ છો....? શેઠજી તો હજુ જમવા ગયા હશે....દિવસના ત્રીજા પ્રહર બાદ જજો....!

એમ જ થયું.

ઋષભદત્ત ત્રીજા પ્રહર બાદ ઘરમાંથી નીકળ્યો અને તે લક્ષ્મીચંદ શેઠની પેઢી પર આવ્યો. લક્ષ્મીચંદ શેઠે ઋષભદત્તને સારો આવકાર આપ્યો. અત્યારે ખાસ ઘરાકી નહોતી.

લક્ષ્મીચંદ શેઠે ઋષભદત્ત સામે જોઈને કહ્યું : 'શ્રીમાન, આપની તબીયત તો સારી છે ને....?'

'હા....શેઠજી, આપની કૃપા છે....'

'આજ અમર દેખાયો નહિ...સવારે અમર અને મારો પુત્ર વિક્રમ બન્ને શ્રીમુનિસુવ્રત સ્વામીના દર્શનાર્થે ગયા હતા પરંતુ અમર અત્યારે કેમ આવ્યો નથી....?'

'શેઠજી, એ અંગે જ આપને વાત કરવા આવ્યો છું.....'

'કહો....શું અમર બિમાર છે....? તો આપણે રાજવૈદ્યને બતાવીને ઉત્તમ દવા કરાવીએ....'

'ના....ના....એ બિમાર નથી પરંતુ છેલ્લા થોડા દિવસથી તે જુગારની લતે ચડી ગયો છે....'

'ના....ના....હું આપની વાત માનતો નથી.' લક્ષ્મીચંદ શેઠને આશ્ચર્ય થયું.

'શેઠજી, આપ જેટલી સોનામહોરો આપો છો તે સઘળી જુગાર પાછળ વાપરે છે તેમ મારી પત્નીએ કહ્યું છે....'

'તમારી પત્નીએ અમરને નજરોનજર પાનાગારમાં રમતાં જોયો છે....?'

'હા....શેઠજી, આજે અમરને ખૂબ જ માર્યો છે. તે બેભાન બની ગયો હતો....'

'ઓહ....એ તમારો પુત્ર ખૂબ જ ભાગ્યશાળી છે તમે તેને સાચવજો....ભવિષ્યમાં ઘણો જ આગળ આવશે.... તમારે ત્યાં એક રામ છે....જેની પરખ તમે કરી શકયા નહિ....અમર જેવો છોકરો મેં આજ સુધી જોયો નથી.'

'શેઠજી, આથી મારી પત્નીએ કહ્યું છે કે અમરને હવે પાઠશાળાએ મોકલવાનો નથી કે નથી શેઠજીની પેઢી પર....! આથી મારે નછૂટકે આ વાત જણાવવી પડે છે....'

'વાંધો નહિ....પરંતુ અમર ખૂબ જ સમજુ, બુદ્ધિશાળી

અને હોશિયાર છે. પરંતુ અંતે તો તમારો પુત્ર છે. તેના માતાપિતાને ઠીક લાગે તેમ ખરું....' લક્ષ્મીચંદ શેઠે કહ્યું.

ઋષભદત્ત નમન કરીને વિદાય થયો અને પોતાને સ્થાને પાછો આવ્યો. અંદર આવતાં જ કહ્યું : ' અમર ક્યાં ગયો....? '

' કેમ શું કામ છે ? ' ભદ્રાએ પૂછ્યું

' અમરને શેઠજી ખૂબ જ યાદ કરતા હતા....'

' તમે પેલી વાત કરી કે નહિ....? '

' હા....શેઠજીએ કહ્યું કે મોકલવો હોય તો ય મને વાંધો નથી. ન મોકલો તોય વાંધો નથી. પરંતુ તમારા ઘરમાં રત્ન છે તે જાળવી રાખજો.... '

ભદ્રા આ સાંભળીને હસી પડી અને હસતાં હસતાં બોલી : ' અમરે ત્યાં પણ શેઠજી પર ભુરકી છાંટી દીધી લાગે છે....'

ઋષભદત્ત શું બોલે.... ?

ભદ્રાએ અમરને વસંતને ત્યાં કંઈક કામે મોકલ્યો હતો. વસંતની માતાને વહાલથી અમરના વાંસા પર હાથ ફેરવ્યો ત્યાં અમરથી ચીસ નખાઈ ગઈ અને કહ્યું : ' ઓહ....બહુ બળતરા થાય છે....ત્યાં અડશો નહિ.... '

વસંતની માતાએ અમરનું પહેરણ ઊંચું કર્યું તો વાંસા પર દંડના પ્રહારના કમકમાટી ભર્યા નિશાનો જોઈને તેને પણ કંઈક થઈ ગયું અને અમરને એકદમ વળગી પડી....જાણે પોતાનો જ પુત્ર ન હોય....અને

એકદમ કરૂણ સ્વરે બોલી: 'ઓહ અમર, તેં શું પાપ કર્યા છે....? તેં જન્મ કયાં લીધો....? કર્મની શું ગતિ ન્યારી છે. દરેક માતાને પોતાનો પુત્ર વહાલો હોય છે જ્યારે....!' તે આગળ બોલી શકી નહિ. તેની આંખમાંથી બે આંસુ સરી પડચા.

અમરે વિનમ્રભાવે કહ્યું: 'હું જાઉં છું. મને અહીં વધુ વાર બેસેલો દેખશે તો પાછો માર પડશે. હવે....હવે.... મારાથી માર ખમાતો નથી....?' અમર રડી પડચો.

વસંતની માતાએ ફરીને વહાલ કર્યું. અને કહ્યું: 'અમર, તું ખૂબ સુખી થા....મારા અંતરના આશીર્વાદ છે....'

અમર તરત જ ઊભો થયો અને પોતાના ઘર તરફ દોડચો. તેના અંતરમાં ભદ્રાની બીક હતી ત્યારે ભદ્રાએ કશુંક કહ્યું.

અમર ઘરના એક ખૂણામાં બેસી ગયો અને મિત્રના મુખેથી સાંભળેલો નવકાર મંત્ર મનમાં ગણગણવા લાગ્યો ....તેને નવકારમંત્રના સ્મરણથી શાંતિ થઈ....તે સઘળું દુઃખ ભૂલી ગયો....હવે તેને આ મંત્ર બરાબર યાદ રહી ગયો હતો.

અને નૃત્ય સૌના જયનાદો અને પ્રશંસા ભર્યા અવાજોથી પૂરું થયું.

આજનું નૃત્ય અનોખું હતું. આજે દેવી રંગલતા ખીલી હતી....તે વારંવાર શ્રીભદ્રને તીરછી નજરથી જોઈ લેતી હતી. તેના હૃદય પર બંસરીનો જાદુ છવાઈ ગયો હતો.

નૃત્ય પૂરું થતાં જ દેવી રંગલતાએ પત્ની પાછળ જતાં જ તેની સખી ચિત્રાને કહ્યું : 'ચિત્રા, આપણી વાદ્યમંડળીમાં બંસરીવાદક કોઈ નવો છે. તેણે આજ ખૂબ જ સરસ બંસરીવાદન કર્યું છે.... આજનું નૃત્ય ખરેખર શ્રેષ્ઠ હતું....તું બંસરીવાદકને રોકી રાખ અને મારા શયનખંડમાં બેસાડ....હું ત્યાં હમણાં આવું છું.'

'ભલે....દેવી, પરંતુ આપ બહુ મોડું ન કરતા.... નહિ તો બંસરીવાદક ચાલ્યા જશે....કલાકારને ધૂન ચડી તો!'

‘ હવે તું વાતો કર્યા વગર જા અને તેને લઇ જા....’ રંગલતા આટલું કહીને અંદર વસ્ત્ર પરિવર્તન માટે ગઈ.

ચિત્રા શ્રીભદ્રને બોલવવા મંચ પર ગઇ અને વિનમ્ર-ભાવે કહ્યું : ‘ આપ શ્રીમાનને દેવી યાદ ફરમાવી રહ્યા છે....એટલે આપ તેમને મળ્યા વગર જશો નહિ તેવી સૂચના અપાઈ છે. ’

નૃત્યાચાર્ય ખૂબ જ આનંદભર્યા સ્વરે કહી રહ્યા હતા : ‘ અહો....આજે બંસરીના સ્વરોથી વાતાવરણમાં પ્રસન્નતા છવાઈ ગઈ...’

નૃત્યાચાર્ય શ્રીભદ્રને અભિનંદન દેતા હતા. એક પછી એક વાદ્યકારો બંસરીવાદકને અભિનંદન આપતા હતા.

ત્યાં તો પેલો રંગીલો મંચ પર આવ્યો અને શ્રીભદ્ર સામે જોઈને કહ્યું : ‘ શ્રીમાન, મને માફ કરજો.... મેં આપને ઓળખવામાં ભૂલ કરી....આપની કલા પ્રત્યેની આટલી ઊંડાણભરી સૂઝ હશે તેની મને ખબર નહોતી ....મને ક્ષમા આપશો.’

શ્રીભદ્ર કંઈ બોલ્યો નહિ....અને આછું હાસ્ય રેલાવ્યું.

રંગીલાએ કહ્યું : ‘ શ્રીમાન, હવે આપને મારી સાથે આવવું છે કે અહીં રોકાવું છે.... ’

‘ મારી ઇચ્છા તો આવવાની છે પરંતુ દેવીનો

હુકમ છે કે મને મળીને જવું એટલે મારે મોડું થશે તો આપ જઈ શકશો....'

રંગીલો રાહદારી ચાલ્યો ગયો.

બધા પ્રેક્ષકગણ વિદાય લઈ રહ્યા.

આજ પ્રેક્ષકો આનંદથી જતાં હતાં. મુખ પર પ્રસન્નતા રમતી હતી. નૃત્ય માણ્યાનો આનંદ હતો.

ચિત્રા શ્રીભદ્રને રંગલતાના શયનકક્ષમાં લઇ ગઈ અને વિનમ્ર સ્વરે કહ્યું: 'શ્રીમાન, આપનું નામ જાણી શકું....?'

'કેમ નહિ....મારું નામ શ્રીભદ્ર છે....'

'શ્રીભદ્રજી, આપ અહીં આરામથી બેસો....દેવી હમણાં જ પધારશે....આપ અત્યારે શું લેશો....?'

'આપ....?' શ્રીભદ્રે ચિત્રા સામે જોઈને પ્રશ્ન કર્યો.

'મારું નામ ચિત્રા છે અને દેવી રંગલતાની પ્રિય સખી છું.'

'હું રાત્રિકાળે કશું લેતો નથી....' શ્રીભદ્રે એક આસન પર બેસતાં કહ્યું.

ચિત્રા શ્રીભદ્રને તે ખંડમાં એકલો મૂકીને ચાલી ગઈ.

દેવી રંગલતાનો શયનખંડ ઘણો જ વિશાળ હતો. તેમાં અસંખ્ય તસ્વીરો રાખવામાં આવી હતી. કામકલાને લગતી તસ્વીરો થોડી હતી પરંતુ બીજી સુંદર તસ્વીરો હતી. શ્રીભદ્ર આખા ખંડનું નિરીક્ષણ કરવા લાગ્યો....

લગભગ અર્ધ ઘટિકાની રાહ જોવડાવ્યા બાદ રંગલતા શ્રીભદ્રે સામે આવી ત્યારે તેણે લાલ રંગનો કંચુકીબંધ પહેર્યો હતો તેના પર આછા નીલા રંગનું ઉત્તરીય હતું ....અને નીલા રંગનું કૌશેયપટ્ટક પહેર્યું હતું.

રંગલતા ખૂબ જ સુંદર લાગી રહી હતી. તેણે શ્રીભદ્રનું સ્વાગત કરતાં કહ્યું : ' શ્રીભદ્રજી, આપનું સ્વાગત કરું છું.... '

શ્રીભદ્ર કંઈ બોલી શક્યો નહિ.

રંગલતાએ કહ્યું : ' શ્રીભદ્રજી, આપને મેં અહીં બહુવાર બેસાડી રાખ્યા તે બદલ ક્ષમા માગું છું....'

' ના....ના.... પણ મારું શું કામ છે........ ? ' શ્રીભદ્રે પ્રશ્ન કર્યો.

' શ્રીભદ્રજી, આજે આપે ખૂબ જ સુંદર બંસરીવાદન કર્યું. આપ જેવા કલાકારનું અમારે સન્માન કરવું જોઈએ એ હેતુથી મેં આપને અહીં બોલાવ્યા હતા. '

' પણ આપ બધા મને ખોટો યશ આપી રહ્યા છો મારાથી શ્રેષ્ઠ વાદકો બીજા ઘણા છે.... ' શ્રીભદ્રે કહ્યું.

' અમે આપની વાત માનીએ તો ને.... ? ' એમ કહીને રંગલાએ ચિત્રાને બૂમ પાડી....અને ચિત્રાને આવતાં જ કહ્યું : ' ચિત્રા, શ્રીમાનનું સ્વાગત નથી કર્યું ? '

' દેવી, શ્રીભદ્રજી રાત્રિકાળે કંઇ લેતા નથી....'

' ઓહ....તો આપ આપનો પરિચય આપશો ? '

'મારા પરિચયમાં કંઈ છે નહિ....હું પરગામનો પ્રવાસી છું.'

શ્રીભદ્રે મૂળ પરિચય છૂપાવીને પોતે એક કર્તવ્ય માટે નીકળ્યો છે તે કર્તવ્ય પૂરું થશે એટલે પોતાની નગરીમાં પાછો ફરશે તેમ રંગલતા અને ચિત્રાને જણાવ્યું.

શ્રીભદ્રની વાત સાંભળીને રંગલતાએ કહ્યું : 'આપ હાલમાં ક્યાં ઉતર્યા છો....?'

'અહીંની એક સરસ ધર્મશાળામાં ઉતર્યો છું, ત્યાં બધીય જાતની સગવડ છે. ત્યાંના મુનીમ પણ ઘણા માયાળુ છે. હવે મારી એક વિનંતિ છે....'

'વિનંતિ....?' રંગલતાએ પ્રશ્ન કર્યો.

'જી....હવે સમય ઘણો ચાલ્યો ગયો છે. ધર્મશાળાના મુનીમદાદા મારી ચિંતા કરતાં હશે....હવે મારે જવું જોઈએ....આપ રજા આપો....'

ચિત્રાએ કહ્યું : 'આપ કઈ ધર્મશાળામાં ઉતર્યા છો....?'

'લાલુશેઠની ધર્મશાળામાં....'

'ઠીક છે....આપ અહીં જ રોકાઈ જાઓ અને આપનો સામાન હું સેવક દ્વારા મંગાવી લેવાની વ્યવસ્થા કરું છું.' ચિત્રાએ કહ્યું.

'પણ....' શ્રીભદ્ર આગળ બોલવા જતો હતો ત્યાં જ રંગલતાએ કહ્યું : 'જુઓ....હવે કંઈ પણ વિચાર

કરશો નહિ....અને સ્વસ્થ મને અહીં રહો. અમને તમારી મહેમાનગતિ માણવાનો લાભ દો....'

'ભલે....જો આપની ઇચ્છા છે તો મને બીજો કોઈ વાંધો નથી. પરંતુ હું આવતીકાલે અહીં રહેવા આવું તો....?'

'ના....આપનો સામાન લેવા હમણાં જ સેવકને મોકલું છું....' રંગલતાએ કહ્યું.

રંગલતાએ ચિત્રા સામે જોઇને કહ્યું: 'ચિત્રા, રામસિંહને સામાન લેવા મોકલી આપ અને શ્રીભદ્રજી માટેની વ્યવસ્થા કરીને આવ....'

ચિત્રા ચાલી ગઈ....

રંગલતાએ શ્રીભદ્રના તેજસ્વી ચહેરા સામે જોયું અને પ્રશ્ન કર્યો: 'આપને આટલી નાની ઉંમરે એવું કયું કર્તવ્ય કરવા માટે નીકળવું પડ્યું? આપના માતા-પિતાનું હૈયું કેમ કરીને હાથમાં રહ્યું હશે....?'

'દેવી, એ પ્રશ્નનો જવાબ હમણાં મારે ગુપ્ત રાખવો પડશે પરંતુ સમય આવ્યે આપને સઘળું કહીશ.'

'મારી એક વિનંતિ છે....' રંગલતાએ કહ્યું.

'આપને વિનંતિ કરવાની ન હોય....' શ્રીભદ્રે સાહજિકતાથી કહ્યું.

'આપ મને બહુવચન ન બોલાવો.... એકવચન વાપરશો તો મને અત્યંત ગમશે....'

'દેવી, મને એકવચનથી બોલાવવાનું ફાવશે નહિ.... અને હજી આપણો પરિચય પણ એવો થયો નથી કે....?'

રંગલતાએ કહ્યું : 'શ્રીભદ્રજી, એક વાત કરું....!'

'હા....કહો....!'

'પરિચય માટે સમયની રાહ જોવાતી નથી કે યોગ્ય સમયની....જ્યારે અરસપરસ બે હૈયા મળી ગયા હોય ત્યારે પરિચયની જરૂર રહે છે ખરી....?'

શ્રીભદ્ર મૂંઝાયો....અને કહ્યું : 'રંગલતા દેવી, હું માર્ગ પરનો રખડતો મુસાફર છું....આપની વાત સમજી ગયો પરંતુ....'

'શું....?'

મેં આપને જોઈને જુદી જ કલ્પના કરી હતી અને તેમાં મને એક ભાવવાહી છબીના દર્શન થયા હતા....'

રંગલતા આનંદમાં આવી ગઈ અને આનંદભર્યા સ્વરે પૂછ્યું : 'કહો....'

'આપ સાંભળી શકશોને....?'

'આપના મુખેથી સાંભળવા મળે તો મારા જેવી ભાગ્યશાળી કોણ છે....?'

'રંગલતાદેવી, જ્યારે આજે આપ નૃત્ય કરતાં હતા અને જે ભાવના આપના મુખ પર રમી રહી હતી ત્યારે મને લાગ્યું કે આવી જ મારી એક બહેન હોય તો કેવું સારું....!'

રંગલતા, શ્રીભદ્ર આગળ શું બોલી ગયો તે સાંભળી

શકી નહિ....અને કહ્યું : 'ઓહ....આપે આપે....મારા અંતરની આશાને બુઝાવી દીધી....મેં મેં....ઘણા સોનેરી સ્વપ્નાઓ રચ્યા હતા....પણ આપે મને બહેનનું પદ-ગૌરવ આપ્યું છે તે પણ મારે માટે અતિ મૂલ્યવાન છે. આજ મારે ત્યાં ગ્રાહકો આવે છે કોઈની ભાવના આવી નિર્દોષ અને ઊંચી નથી જોઈ....આપે મને મોટું બહુમાન આપી દીધું....'

રંગલતાને શરૂઆતમાં દુઃખ થયું અને પાછળથી તે ખૂબ જ આનંદિત બની ગઈ.

ત્યાં તો ચિત્રા આવી અને રંગલતાની આંખમાં આંસુ જોતા જ બોલી ઊઠી : 'દેવી, આપની આંખમાં આંસુ....?'

'હા ચિત્રા, આજે તો જીવનમાં કોઈ દિવસ ન મળે તેવો ઉપહાર મળ્યો છે....'

'ઉપહાર....'

'હા....આજે મને એક ભાઈ મળ્યો....' આટલું બોલતાં જ રંગલતા ગદગદિત થઈ ગઈ.

શ્રીભદ્ર પણ લાગણીશીલ બની ગયો.

ચિત્રા તો જુદું જ સમજતી હતી તેને બદલે આ વાત સાંભળીને નવાઈ પામી.

ચિત્રાએ કહ્યું : 'શ્રીભદ્રજી, રાત્રિ ઘણી વીતી ચૂકી છે....હવે આપ મારી સાથે પધારો તો આપનો ખંડ બતાવી દઉં....'

શ્રીભદ્ર ઊભો થયો અને ચિત્રાની પાછળ ચાલવા લાગ્યો. રંગલતાએ કહ્યું : 'શ્રીભદ્રજીને કશી વાતની ઊણપ ન આવવી જોઈએ તેનું ધ્યાન તારે રાખવાનું છે....'

ચિત્રાએ સંમતિદર્શક મસ્તક હલાવ્યું અને શ્રીભદ્રને લઈને ચાલી નીકળી. શ્રીભદ્રે કહ્યું : 'ચિત્રા, આવતી કાલે મારે એક પ્રવાસે જવાનું છે જ્યાં મને બે દિવસ થશે....'

'કેમ....? એકાએક પ્રવાસનું આયોજન કર્યું?' ચિત્રાએ ચાલતાં ચાલતાં જ પૂછ્યું.

'એક કર્તવ્ય પૂરું કરવા માટે પ્રવાસ કરવો જરૂરી છે.'

'પણ આપને રંગલતાની રજા લેવી પડશે નહિ તો તેનો સઘળો ગુસ્સો મારા પર આવશે....' ચિત્રાએ શ્રીભદ્રના ખંડમાં પ્રવેશ કરતાં કહ્યું.

'આપ મૂંઝાશો નહિ....હું સૂર્યોદય પછી પ્રાતઃકાર્ય વિધિ આટોપીને જવાનો છું આથી દેવીની રજા જરૂર લઈશ' શ્રીભદ્રે કહ્યું.

'ભલે....આપ હવે આરામ કરો....મારે લાયક બીજી કોઈ આજ્ઞા હોય તો કહો.... બહાર એક સેવક સૂતો છે તેને જગાડશો તો આપનું કાર્ય કરી આપશે....' આમ કહીને ચિત્રા શ્રીભદ્રનો ખંડ છોડીને ચાલી ગઈ.

શ્રીભદ્રનો સામાન આ ખંડમાં ગોઠવાઈ ગયો હતો. સામાનમાં બીજું ખાસ હતું નહિ. બંસરી અને ત્રણચાર જોડી વસ્ત્રો હતા....

શ્રીભદ્રે સૂતાં પહેલાં નવકાર મંત્રનું સ્મરણ કર્યું અને ખૂબ જ સુંદર નિંદર આવી ગઈ.

સૂર્યોદય થયાને એક ઘટિકા વીતી ગઈ છતાં શ્રીભદ્ર હજુ જાગૃત થયો નહોતો. ચિત્રા બે વાર તપાસ કરી ગઈ હતી. પણ શ્રીભદ્ર ઘસઘસાટ ઊંઘતો હતો.

લગભગ દિવસના પ્રથમ પ્રહરની બીજી ઘટિકાની સમાપ્તિમાં શ્રીભદ્ર જાગૃત થયો અને નવકારમંત્રનું સ્મરણ કરીને શૈયા છોડી....ખંડની બહાર એક સેવક શ્રીભદ્રના ઉઠવાની રાહ જોઈ રહ્યો હતો. અને શ્રીભદ્રને ઉઠેલો જોતાં જ તે રંગલતા અને ચિત્રાને સમાચાર આપવા ચાલ્યો ગયો.

શ્રીભદ્રે સૌ પ્રથમ શૌચકાર્ય પતાવ્યું ત્યારબાદ દંતધાવનનું કાર્ય પતાવ્યું. અને પોતાના ખંડમાં આવ્યો.... રંગલતા પોતે આવી અને કહ્યું: ‘ ભાઈ, હવે આપને સ્નાન માટે જવું છે ને....? ’

‘ હા....ઉષ્ણજળ તૈયાર છે ને....? ’

‘ જી....આપને તેલમર્દન કરવાનું છે....? ’ રંગલતાએ પૂછ્યું.

‘ હું મારી મેળે કરી લઈશ....આપ મારા જેવા માટે ઘણી તકલીફ ઉઠાવી રહ્યા છો.... ’

‘ આપના કરતાં હું ઉંમરમાં નાની છું છતાં આપ મને બહુવચનથી સંબોધી રહ્યા છો....! ’

‘ મારાથી એકવચન બોલી શકાતું નથી. ’

'હું આપની નાની બેન છું. ગઈકાલના પ્રસંગથી આજ મારા હૈયામાં અનેરો આનંદ રમે છે....'

'ભલે....જો તારી ઇચ્છા છે તો એકવચનથી બોલાવીશ.' શ્રીભદ્રે કહ્યું.

રંગલતા આનંદ પામી.

શ્રીભદ્ર તરત જ સ્નાનગૃહ તરફ જવા રવાના થયો સ્નાનગૃહ ઘણું જ વિશાળ હતું. દાસીએ એક ઉષ્ણજળ અને એક શીતળજળનું પાત્ર મુકયું હતું શ્રીભદ્રે સ્નાન-ગૃહનું દ્વાર બંધ કરીને સૌ પ્રથમ આખા શરીરે તેલમર્દન કર્યું. આથી શરીર જરા હળવું થયું અને પછી તેણે ઉષ્ણજળ વડે સ્નાન કર્યું.

સ્નાન કરીને વસ્ત્ર પરવિર્તન કરીને તે રંગલતાના ભોજનકક્ષમાં આવ્યો ત્યારે રંગલતા શ્રીભદ્રના આગમાં નની રાહ જોતી બેઠી હતી. તેણે સ્વાગત કર્યું અને શ્રીભદ્ર સામે અનેક જાતની વાનગીઓ, દુગ્ધનું પાત્ર વગેરે સામે મૂકયું. રંગલતાએ ગઈકાલે મૈરેયનું માત્ર ધર્યું હતું પણ શ્રીભદ્રે તે સ્વીકાર્યું નહોતું અને પોતે મૈરેયપાન કરતો નથી તેમ પણ જણાવી દીધું હતું.

શ્રીભદ્રે અનેક જાતની વાનગીઓ પર નજર કરતાં કહ્યું : 'ઓહ....આટલી બધી વાનગીઓ....! હું માત્ર દુગ્ધપાન કરીશ....'

'ના....આ આપના માટે જ તૈયાર કરી છે. આમાં કોઇ અભક્ષ્ય પદાર્થ નથી. હું પણ કદીય અભક્ષ્ય પદાર્થ

ખાતી નથી. કોઇવાર મૈરેયપાન કરી લઉં છું....' રંગ-
લતાએ કહ્યું.

શ્રીભદ્રે રંગલતાના આગ્રહને માન આપીને એક બે મીઠાઈ ગ્રહણ કરી ત્યારબાદ દુગ્ધપાન કર્યું. રંગલતાએ ઘણો જ આગ્રહ કર્યો પરંતુ શ્રીભદ્રે કંઇ પણ ખાવાની અનિચ્છા બતાવી.

શ્રીભદ્ર ઊભો થયો અને જળ વડે મુખ સ્વચ્છ કર્યું અને એક દાસીએ તરત જ મુખવાસ ધર્યો. શ્રીભદ્રે મુખવાસ ગ્રહણ કર્યો.

રંગલતાએ કહ્યું : 'આપ મારા ખંડમાં બેસો. હું થોડી જ વારમાં આપની પાસે આવું છું.'

'મારે એક નાનકડા પ્રવાસે જવાનું છે. જો તું હા પાડે તો મારે અત્યારે જ નીકળી જવું છે....'

'આપ આરામથી થોડીવાર બેસો....હું સ્નાન કરીને આપની પાસે જ આવું છું. પછી આપની વાત સાંભળીશ.' રંગલતા ઉત્તરની અપેક્ષા રાખ્યા વગર ચાલી ગઈ.

શ્રીભદ્ર બે ઘડી ઊભો રહ્યો ત્યાં દાસીએ કહ્યું : 'પધારો શ્રીમાન....'

'હા....ચાલો....' શ્રીભદ્રને ન છુટકે રંગલતાના ખંડમાં બેસીને તેની રાહ જોવી પડી....

દેવી રંગલતા એ રાજગૃહીની એક શોભા હતી. તેનું નૃત્ય આજુબાજુના પ્રદેશમાં વખણાતું....પરગામનો પ્રવાસી તેના નૃત્યની રંગત માણ્યાં વગર જતો નહિ. રંગલતાએ હજી સુધી પોતાના જીવનમાં કોઇ પુરૂષને

પ્રવેશ આપ્યો નહોતો અને ગઈકાલે અણધાર્યો પુરૂષ મળી ગયો તો તેણે બ્હેન બનાવી....અને ભાગ્યશાળી બનાવી.

દેવી રંગલતા સ્નાનગૃહમાં ગઈ....અને લગભગ એક ઘટિકા બાદ તે સ્નાનકાર્ય પૂર્ણ કરીને બહાર નીકળી ત્યારબાદ તે વસ્ત્ર પરિવર્તન માટે અન્ય ખંડમાં ગઈ. ત્યાં ચિત્રા, સુરેખા, ચંદના વગેરે સખીઓ હાજર હતી. રંગલતાએ ઉત્તમ આભૂષણો પહેર્યાં, સુંદર વસ્ત્રો ધારણ કર્યાં.

ચિત્રાએ રંગલતાના દીર્ઘ કેશનો અંબોડો વાળ્યો. અને કપાળ પર સુંદર ચાંદલો કર્યો.

દેવી રંગલતાએ કહ્યું : 'ચિત્રા, જલદી કર....શ્રીભદ્ર મારી રાહ જોતા હશે. લગભગ દોઢ ઘટિકાથી એકલા બેઠા છે....'

'હા.... દેવી, હવે આપ ઊભા થાઓ તો....!'

રંગલતા ઊભી થઈ અને ચિત્રા બોલી ઊઠી : 'દેવી હવે આપ જાઓ....શ્રીભદ્રજી આજે પ્રવાસે જવાના છે....'

'ના....તેમને આજે કયાંય મોકલવાના નથી. આજે નૃત્યનો કાર્યક્રમ નથી એટલે બંસરીવાદનનો રાત્રિકાળે કાર્યક્રમ રાખવાનો છે....'

'પણ તેઓ તો કહેતા હતા કે મારે એક કર્તવ્ય પૂરું કરવા જવાનું છે....'

'આવતીકાલે જશે. તેઓ મારી વાત જરૂર માનશે.'

'તો સારું....બંસરી સાંભળવાનો અમને લાભ મળશે ને....'

'હા....' એમ કહીને દેવી રંગલતા ઊભી થઈ અને ચિત્રા સાથે જ્યાં શ્રીભદ્ર બેઠો હતો ત્યાં આવી શ્રીભદ્ર રંગલતાને જોતાં જ ઊભો થઈ ગયો અને કહ્યું : 'બેન, તેં ખૂબ વાર લગાડી....મારે અત્યારે જ નીકળી જવું પડશે....'

'જુઓ, આજ આપ ક્યાંય જઈ શકશો નહિ.... આવતીકાલે આપને જ્યાં જવું હોય ત્યાં જજો....આજે તો આપનો કાર્યક્રમ ગોઠવ્યો છે....'

'મારો કાર્યક્રમ.... ?' શ્રીભદ્રે પૂછ્યું.

'જી.... આજે રાત્રિના પ્રથમ પ્રહર પછી આપના બંસરીવાદનનો અમને સૌને લાભ મળે એ હેતુથી આ કાર્યક્રમ ગોઠવ્યો છે.'

'ઓહ....હજી ગઈ કાલે જ મારું બંસરીવાદન સાંભળ્યું જો તું રજા આપશે તો મારું કાર્ય પુરું થઈ જાય....

'ના....આજે તો કોઈ હિસાબે જવા નહિ મળે...' રંગલતાએ મક્કમભર્યા સ્વરે કહ્યું.

'ઠીક છે....જેવી બહેનની ઇચ્છા....' શ્રીભદ્રે કહ્યું.

થોડીવાર રંગલતા, ચિત્રા અને શ્રીભદ્ર વચ્ચે અનેક જાતની ચર્ચા થઈ. શ્રીભદ્રે કહ્યું : 'મારે આ નગરીના દર્શનીય સ્થળો જોવા છે....'

'એ માટે આજે જ વ્યવસ્થા થઈ જશે....' રંગલતાએ કહ્યું.

એમ જ થયું.

રંગલતાએ ભાંડારિકના પુત્રને શ્રીભદ્ર સાથે મોકલવાની વ્યવસ્થા કરી. ભાંડુરિકનો પુત્ર શ્રીભદ્રની ઉંમર જેવડો જ હતો. તેનું નામ મંગલ હતું.

શ્રીભદ્ર અને મંગલ બન્ને નગરી નીહાળવા નીકળી પડયા. મંગલે નગરીની બજાર, શ્રી મુનિસુવ્રત સ્વામીનું જિનાલય અને નગરીનું ઉદ્યાન વગેરે બતાવ્યું.

લગભગ બે ઘટિકા બાદ તેઓ રંગલતાના ભવન પર પાછા ફર્યા.

શ્રીભદ્ર તો ભોજન કાર્ય પતાવીને આરામ માટે પોતાના ખંડમાં આવ્યો અને કયારે નિંદર આવી ગઈ તેની ખબર ન પડી....

રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થયો.

રંગલતાએ ભવનની અંદર જ શ્રીભદ્રના બંસરી-વાદનનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. એક નાનું એવું મંચ વિશાળ ખંડમાં આગળના ભાગે મધ્યમાં તૈયાર કરવામાં આવ્યું હતું. નૃત્યાચાર્ય અન્ય વાદ્યકારો, રંગલતાની સખીઓ, દાસ, દાસીઓ વગેરે બંસરીનો નાદ ઝીલવા આવી ગયા હતા.

શ્રીભદ્રે પણ આવીને મંચ પર પોતાની બેઠક ગ્રહણ કરી. બાજુમાં બેઠેલા મૃદંગવાદક તરફ નજર કરી એને કહ્યું : 'આલાપ પૂરો થયા બાદ મહાતાલની બત્રીસ માત્રા વગાડજો....'

મૃદંગવાદકે મસ્તક હલાવ્યું.

અને બંસરી પર પોતે ' મધુરજની ' રાગ વગાડે છે તેની જાહેરાત કરી, આ રાગ ઘણો પ્રાચીન હોવા છતાં કર્ણપ્રિય હતો. શ્રીભદ્રે ' મધુરજની'નો આલાપ વગાડવો શરૂ કર્યો.

જ્યારે કલાકાર અને કલા એક થઈ જાય છે ત્યારે જ તેમાંથી સર્જન થાય છે પછી ભલે તે સ્વરનું હોય કે શિલ્પનું....!

શ્રીભદ્ર ' મધુરજની ' રાગનો વિકાસ કરવા લાગ્યો. તે ખૂબ જ શાંતચિત્તે બંસરી વગાડી રહ્યો હતો. નૃત્યાચાર્ય વારંવાર વાહ વાહના પોકારો કરતા હતા.

રંગલતાનું હૃદય પ્રફુલ્લિત બન્યું હતું. એક કલાકારની આવી કલાભક્તિ જોઈને તે આનંદિત પામી હતી.

બંસરીની સ્વરલહેરી વાતાવરણમાં મધુરતા લાવી રહી હતી....દાસદાસીઓ જેઓને સંગીતનો પૂરો અભ્યાસ નહોતો તે પણ બે ઘડી સાંભળવામાં મગ્ન બની ગયા હતા.

લગભગ એક ઘટિકાબાદ ધીમી લય શરૂ થઈ.... મૃદંગવાદકે મૃદંગ હાથમાં લીધું અને તાલ આપવા લાગ્યો.

દ્રુતલય શરૂ થઈ....

શ્રોતાજનો વાહવાહ કરવા લાગ્યા....

સંગીત વગાડી જાણવું તે અલગ વાત છે પરંતુ તેને સુસ્વરોમાં તાલ અને લયમાં વગાડવું તે અલગ વાત છે.

નૃત્યાચાર્ય તો શ્રીભદ્રના તાલ અને લયમાં વાગતા

સ્વરોથી ખુબ જ પ્રભાવિત થયા હતા અને અંતરમાં એવો ઉમળકો જાગતો હતો કે ઊભો થઈને શાબાશી આપું....

અતિદ્રુતલય શરૂ થઈ...

સ્વરો બજાવવાની પરાકાષ્ટા...કલાકારની સાધનાની કસોટી....!

પરંતુ શ્રીભદ્ર ખૂબ જ સાહજીકતાથી વગાડી રહ્યો હતો. તેના ચહેરા પરના હાવભાવમાં જરા પણ ફેર પડયો નહોતો. એજ સૌમ્ય ભાવ જણાતો હતો....

અને....ત્રણ ઘટિકા બાદ ‘ મધુરજની સમાપ્ત ’ કરવામાં આવ્યો.

સૌ વાહવાહથી શ્રીભદ્રને નવાજી લેવામાં આવ્યો.

નૃત્યાચાર્યે ઊભા થઈને અભિનંદન આપ્યા અને કહ્યું : ‘ શ્રીમાન, આપની બંસરી સાંભળીને મારું હૈયું પુલકિત બન્યું છે. આપને અભિનંદન આપવા માટે મારી પાસે શબ્દો નથી. આપ બંસરી પર રાગને જીવંત કરો છો....’

રંગલતાએ કહ્યું, ‘ ભાઈ, આજે આપની પ્રસાદીનો લાભ મળ્યો. ગઈકાલે તો હું નૃત્ય કરતી હતી એટલે મારું ચિત્ત બંસરીમાં લાગ્યું હોવા છતાં મારાથી ધ્યાન આપી શકાયું નહોતું.... પરંતુ આજે એવું લાગે છે કે આપ કોઈ ગાંધર્વ છો....’

‘ ઓહ....આપ સર્વ મને અભિનંદન આપો છો.... પરંતુ હું એવો મહાન કલાકાર નથી ’ શ્રીભદ્રે કહ્યું.

પણ શ્રીભદ્રની વાત સાંભળવા જ કોઇ તૈયાર નહોતુ.

સૌ પોતપોતાના સ્થાને બંસરીના માદક સ્વરોને પોતાના અંતરમાં સાચવીને તેનો આનંદ માણીને ચાલ્યા.

શ્રીભદ્ર પણ ઊભો થયો પણ તેને આજ સારો એવો શ્રમ પડચો હતો. તે સીધો પોતાના ખંડ તરફ આવ્યો અને આવતી કાલે સૂર્યોદય પહેલા દશ કોસ દૂર આવેલા મહાદેવના મંદિરે જવાનું નક્કી કર્યું.

રંગલતાએ સહર્ષ સંમતિ આપી

અને બીજે દિવસે સૂર્યોદય પહેલાં શ્રીભદ્ર એક અશ્વ ખાગીર, તેમાં બંસરી અને ચિત્રાએ આપેલો ભાતાનો ડબરો, તલવાર, ધનુષ્ય બાણ વગેરે લઇને નીકળી પડચો.

રાજગૃહી નગરીના રાજભવનમાં લીલાવતી દેવીના રોગમાં કોઈ પ્રકારનો સુધારો થતો જોવામાં આવતો નહોતો. રાજકુમારી રૂપલતા યૌવનના આંગણમાં આવી ગઈ હતી. તે અત્યંત રૂપવાન, સૌમ્ય વ્યક્તિત્ત્વ ધરાવતી, આજ્ઞાંકિત હતી. તે દર સોમવારે નગરીની બહાર આવેલ શ્રીનટેશ્વર મહાદેવના દર્શનાર્થે પોતાની સખીઓ સાથે જતી અને સંધ્યાટાણે પાછી ફરતી.

આજે સોમવાર હતો. સૂર્યોદય પછીની એક ઘટિકા બાદ તે પોતાના ખંડમાં આવી ત્યારે તેની ત્રણ સખી પલ્લવી, દેવિકા, સુનયના રાજકુમારીની રાહ જોઈને જ બેઠી હતી.

સુનયનાએ કહ્યું : ' રાજકુમારીજી, આપણે નટેશ્વરના મંદિર ક્યારે નીકળવું છે ? '

' હજુ એકાદ ઘટિકા લાગશે....તમો ત્રણેય સ્નાનકાર્યથી નિવૃત્ત થઈને આવ્યા છો....? '

' હા રાજકુમારીજી.... ' પલ્લવીએ કહ્યું.

'સારું....મારે સ્નાન કરવાનું છે....પલ્લવી, તું સ્નાનાગારમાં જઇને વ્યવસ્થા કર...'

પલ્લવી મસ્તક નમાવીને ચાલી ગઈ.

સુનયના રાજકુમારીના વસ્ત્રો માટે ગઈ....

જ્યારે દેવિકા રૂપલતાને કયાં આભૂષણો સુંદર લાગશે તે લેવા માટે ગઈ....

રાજકુમારી રૂપલતા ઊભી થઇ અને સ્નાનાગરમાં જવા વિદાય થઇ.

સ્નાનાગારમાં પલ્લવી અને બીજી ત્રણચાર દાસીઓ હતી. રૂપલતાએ પલ્લવી સામે જોઇને કહ્યું : 'પલ્લવી, મારો અંબોડો છોડ....!'

પલ્લવી રાજકુમારી રૂપલતાનો અંબોડો છોડવા લાગી. રૂપલતાના કેશ પગની પાની સુધી પહોંચતા હતા. પલ્લવીએ પૂછ્યું : 'આજે પણ લીલાવતી દેવીને એમને એમ છે...!'

'હા...મને ખૂબ ચિંતા થાય છે...! રૂપલતાએ કહ્યું.

'દેવી, આ અંગે હજી સુધી કોઇ ઉપાય જડચો નથી....' પલ્લવીએ રૂપલતાના દીર્ઘ કેશ હાથમાં લેતાં કહ્યું.

'ના...નિમિત્તકે કહ્યું છે કે હવે પાંચેક દિવસમાં સારું થઇ જાય...'

રૂપલતા સ્નાનકાર્ય પૂર્ણ કરીને વસ્ત્ર પરિવર્તન ગૃહમાં આવી અને નીલારંગનો કંચુકીબંધ, શ્વેતરંગનું

ઉત્તરીય અને તેણે લીલારંગનો કૌશેય પટ્ટક ધારણ કર્યાં. અલંકારો ધારણ કર્યાં.

રૂપલતા આજ ખૂબ જ સુંદર ભાસતી હતી. પલ્લવી-એ મશ્કરીમાં કહ્યું: 'કોઈ રાજકુમાર જોઇ જાય તો પ્રથમ નજરે મોહી પડે...'

'પણ રાજકુમારીને ગમે તેવો રાજકુમાર કયાં મળે તેમ હતો...?' દેવિકાએ હસતાં હસતાં કહ્યું.

'કેમ...? શા માટે ન મળે...? રાજકુમારી દરરોજ શ્રેષ્ઠ સ્વામી પ્રાપ્ત કરવાની પ્રાર્થના કરે છે...' પલ્લવીએ કહ્યું.

'ઓહ...તમે બંને કેવી વાતો કરી રહ્યા છો...!' રૂપલતાએ ખીજભર્યા સ્વરે કહ્યું.

'દેવી, જ્યારે યૌવન આવે છે ત્યારે ગુલાબી સ્વપ્નાંઓ આવે છે.'

'તેં કદી એવા સ્વપ્ના નિહાળ્યા છે...?' રૂપ-લતાએ પૂછ્યું.

'હા...મને તો હજી પણ એવા ગુલાબી સ્વપ્નાઓ આવે છે.' પલ્લવીએ કહ્યું.

'મને આવતા નથી, તમને બંનેને મજાક સૂઝે છે. રૂપલતાએ કહ્યું.

'દેવી, એક વાત કહું...' પલ્લવી બોલી...

'વાત કહે તેનો વાંધો નથી પરંતુ તેમાં મજાક ન હોવી જોઈએ....'

'ના....દેવી, એવું કંઈ નથી....પરંતુ આપને જોયા

પછી હું જ આપને મોહી પડી છું...આપનું અગાધ રૂપ...આપની અનેરી છટા....'

'બસ કર....તું ભારે રંગમાં આવતી જાય છે....ચાલ પ્રવાસની તૈયારી કર...'

પ્રવાસની તૈયારી થઈ ગઈ છે. રાજભવનની બહાર રથ પણ તૈયાર છે. પાંચ રથિકો પણ તૈયાર થઈને ઊભા છે.' દેવિકાએ કહ્યું.

અને રાજકુમારી, તેની ત્રણ સખી, અને પાંચ રથિકોનો કાફલો ઉત્તર દિશા તરફ આવેલા ભગવાન નટેશ્વરના મંદિરે જવા ઉપડયો. માર્ગમાં ખાવાપીવાની અડચણ ન પડે એટલે બધી ખાદ્ય સામગ્રી સાથે લીધી હતી અને પાંચેક કોસ રથ ચાલ્યો હશે ત્યાં નટેશ્વરનું જે નાનું મંદિર કહેવાતું ત્યાં પડાવ નંખાયો.

આ તરફ શ્રીભદ્ર સૂર્યોદય પહેલાં જ આ દિવસે ઉત્તર દિશા તરફના નટેશ્વરના મંદિરે જવા નીકળી ગયો હતો. તે મોડો નીકળ્યો હોત તો રાજકુમારીના રસાલાને જોઈ શક્યો હોત. પરંતુ શ્રીભદ્રે તો દિવસના બીજા પ્રહરની અંતિમ ઘટિકાએ પહોંચી ગયો હતો.

શ્રીભદ્રે જોયું. શ્રી નટેશ્વર મહાદેવનું મંદિર ઘણું જ પ્રાચીન અને ભવ્ય લાગ્યું. શ્રીભદ્ર પોતાના અશ્વને એક વૃક્ષ સાથે રસ્સી વડે બાંધી દીધો. અને તે સૌ પ્રથમ મહાદેવના મંદિરમાં આવ્યો અને વિધિવત નમન કર્યા અને થોડીવાર વિશ્રામ લેતા મંદિરના પગથિયાં પર બેઠો.

તેણે જોયું તો સામે જ એક કૂવો હતો. શ્રીભદ્રને થયું કે પોપટ–પોપટીની વાત સાચી નીકળી. તેણે બીજો સામાન ખોગીરમાં રાખ્યો. માત્ર તલવાર લઈને કુવાની અંદર જવા તૈયાર થયો.

શ્રીભદ્ર ઊભો થયો અને તેણે તલવાર લીધી. તે કૂવા તરફ ગયો. કૂવો ઊંડો હતો. તેણે જોયું કે એક ગુફા જેવું દેખાય છે. આથી તે આનંદ પામીને ખુલ્લી તલવારે તે કૂવામાં નીચે ઉતરે છે. અને ગુફામાર્ગ પાસે આવે છે.

શ્રીભદ્રને ગુફાગૃહમાં પ્રવેશવા માટે બેઠા બેઠા જેવું પડયું. ઊભા ઊભા તો જઈ શકાય તેમ નહોતું શ્રીભદ્ર નવકારમંત્ર ગણતો ગણતો આગળ વધતો હતો. ઘણા વર્ષોથી આ ગુફામાર્ગ અવાવરૂં પડયો હશે. તેમ શ્રીભદ્રને લાગ્યું કારણકે ગુફામાર્ગમાં ખૂબ જ ધૂળ અને પથ્થરો પડયા હતા.

શ્રીભદ્ર દરેક વસ્તુ દૂર કરતો કરતો આગળ વધતો હતો. અંધકાર હતો. પરંતુ શ્રીભદ્ર પાસે એક રત્ન હતું જે આછું અજવાળું આપતું હતું. શ્રીભદ્રને કલ્પના હતી જ કે ગુફામાર્ગમાં અંધકાર હશે જ....!

તે લગભગ સો ડગલાં આગળ ચાલ્યો હશે ત્યાં તેણે વિકરાળ પ્રાણીની ચીસ સંભળાઇ.

શ્રીભદ્ર સાવધ થઈ ગયો અને તેણે ઊભા થવાની કોશીશ કરી....અહીં ગુફામાર્ગનો ગાળો મોટો હતો એટલે

તે ખૂબ જ સહેલાઈથી ઊભો થઈ ગયો અને પ્રાણીને સામનો કરવા તૈયાર થઈ ગયો.

શ્રીભદ્ર તલવાર ઉગામવા જાય તે પહેલાં પેલું પ્રાણી તેના પર હુમલો કરી બેઠું અને શ્રીભદ્રને સારી એવી પછડાટ લાગી....

શ્રીભદ્ર સાવધ થઈ ગયો અને તલવારના એક ઘાથી તેને સામાન્ય ઇજા કરીને એક ખૂણામાં બેસાડી દીધું. તે પ્રાણી કણસતું રહ્યું, કારણ કે શ્રીભદ્રે તેના હાથપગ પર જ ઇજા કરી હતી આથી પ્રાણીને ઊભા થવાના હોંશ રહ્યા નહોતા.

શ્રીભદ્ર માટે પોતાનું કાર્ય સહેલું થઇ પડયું. તેણે સામે નજર કરી તો એક નાનું દ્વાર હતું....તેણે નવકારમંત્રનું સ્મરણ કરીને તે દ્વાર ખોલ્યું તો એક સુવર્ણજડિત પેટિકા હતી.

શ્રીભદ્રે તે સુવર્ણજડિત પેટિકા ઉઠાવી લીધી અને ખોલી તો તેમાં બે છીપલીઓ હતી....શ્રીભદ્ર ખુશ થઈ ગયો. પોતે જે કાર્ય માટે નીકળ્યો હતો તેમાં સફ-ળતા મળી હતી.

હવે તે ત્વરિત ગુફા માર્ગની બહાર જવા નીકળ્યો. તલવાર બરાબર હાથમાં રાખી પેટિકા નાની હતી એટલે તેણે તે હાથમાં જ રાખી હતી.

લગભગ એક ઘટિકામાં આ કાર્ય પૂરું થઇ ગયું. તે કૂવાની બહાર પણ નીકળી ગયો અને પેટિકા પોતાની ખોગીરમાં સાચવીને મૂકી દીધી.

શ્રીભદ્ર ચિત્રાએ આપેલું ભાતું લેવા માટે હાથ-મુખ ધોઈને બેઠો. તેણે ખૂબ જ આનંદથી ભોજન કર્યું. તે વિચારવા લાગ્યો કે મારા માતાપિતા મારા વગર કેવા દુઃખી થતા હશે....! મનને વિષાદમાં લાવ્યા વગર તે ભોજન પૂર્ણ કરીને આરામ કરવા એક વૃક્ષ નીચે નિરાંતે સૂઈ ગયો. પોતાના અશ્વને પણ આજુબાજુમાંથી જે કંઈ મળ્યું તે નાંખ્યું.

આ તરફ રૂપલતા પોતાની ત્રણેય સખીઓ સાથે વાત કરી રહી હતી.

'દેવી, અહીંથી પાંચકોસ દૂર પણ એક નટેશ્વરનું મંદિર છે ને....!'

'હા....પરંતુ ત્યાં હિંસક પ્રાણીઓનો ભય વિશેષ રહે છે....' રાજકુમારી રૂપલતાએ કહ્યું.

પલ્લવીએ કહ્યું : 'રાજકુમારીજી, હવે આપણે ભોજનકાર્યથી નિવૃત્ત થવું જોઈએ.'

'હા....પલ્લવી, તારી વાત સાચી છે....તું ભોજનની તૈયારી કર...'

અને બધા ભોજન કરવા બેઠા.

ભોજનાદિથી નિવૃત્ત થઈને રાજકુમારી રૂપલતા હરહંમેશ મુજબ લટાર મારવા અશ્વ પર બેસીને નીકળ્યા. તે જ્યારે જ્યારે મહાદેવના દર્શનાર્થે આવતી ત્યારે ભોજન કર્યા બાદ અશ્વ પર બેસીને અર્ધ ઘટિકામાં ફરીને પાછી પોતાના પડાવ પર પાછી ફરતી.

આથી હરહંમેશના ક્રમ પ્રમાણે રાજકુમારી રૂપલતાએ એક રક્ષક પાસેથી અશ્વ લીધો અને તે અશ્વ પર સવાર થઈ. પલ્લવીએ કહ્યું : ‘ રાજકુમારીજી, આપ સંભાળીને જજો અને સંભાળીને પાછા ફરજો....’

‘ અરે....પલ્લવી, હું હંમેશ અહીં આવું છું ત્યારે ક્યારેય મુશ્કેલી આવી નથી....પણ તારી વાત સ્વીકારીને હું તરત પાછી ફરીશ. આમ કહીને રૂપલતાએ અશ્વને આગળ કર્યો.

અશ્વ ખૂબ જ ધીમી ગતિથી ચાલતો હતો. થોડે દૂર ગયા બાદ અશ્વ એકાએક વિફર્યો. રૂપલતાએ અશ્વને રોકવા ઘણી મહેનત કરી, પરંતુ તેને કામયાબી ન મળી, તે ખરેખર મૂંઝાણી. શું કરવું તે પ્રશ્ન થઈ પડયો. અશ્વ ગમે તે દિશામાં દોડતો હતો....રાજકુમારીએ ‘ બચાવો બચાવો ’ ની બૂમ પાડી....પણ કોણ સાંભળે....?

લગભગ પાંચેક કોસ અશ્વ દોડતો રહ્યો અને રાજ-કુમારી ‘ બચાવો બચાવો ’ ની બૂમ પાડતી રહી.

આ તરફ શ્રીભદ્ર નિરાંતે સૂતો હતો અને તે કોઈના ‘ બચાવો ’ની બૂમ સાંભળીને જાગૃત થઈ ગયો. તે ઊભો થયો અને જોયું તો સામેથી કોઈ નવયૌવના અશ્વ પર અશ્વાર થઈને બચાવોની બૂમ મારી રહ્યું છે. શ્રીભદ્ર તરત જ તે નવયૌવનાને બચાવવા દોડયો અને નવયૌવનાના અશ્વને મહામહેનતે કાબૂમાં લીધો અને નવયૌવનાને અશ્વ પરથી નીચે ઊતારી....

શ્રીભદ્રે પ્રેમભર્યા સ્વરે પૂછ્યું : ‘ આપને કશી ચોટ તો નથી આવી ને....? ’

'ના....' રાજકુમારી રૂપલતાએ કહ્યું.

'આપનો પરિચય....!'

'હું અહિંના રાજવી શ્રેણિકરાજાની પુત્રી રૂપલતા છું.'

'આપ પ્રથમવાર જ અશ્વ પર બેસતા લાગો છો ?' શ્રીભદ્રે પ્રશ્ન કર્યો.

'ના....ના....હું દર સોમવારે દર્શન કરવા આવું છું ત્યારે અશ્વ પર બેસીને લટાર મારવા નીકળું છું. આવું પહેલી જ વાર બન્યું....'

'ઓહ....આવો....જળપાન કરો....' શ્રીભદ્ર રાજકુમારી રૂપલતાને કૂવા તરફ લઈ ગયો.

રૂપલતાએ ખૂબ જ પ્રેમભર્યા સ્વરે કહ્યું : 'આપે મને બચાવી તેનું ઋણ હું ક્યારે ચૂકવીશ ?'

'અત્યારે ચૂકવશો નહિ....' શ્રીભદ્ર હસી પડ્યો. રૂપલતા પણ હસી પડી.

રૂપલતાએ હસતાં હસતાં કહ્યું : 'આપે આપનો પરિચય ન આપ્યો....?'

'મારું નામ શ્રીભદ્ર છે....અને હું ઘણે દૂરથી આવું છું....એક કર્તવ્ય બજાવવા....'

'કર્તવ્ય....?' રૂપલતાએ પ્રશ્ન કર્યો.

'હા....રૂપલતા દેવી, પરંતુ એ હકીકત હું અત્યારે આપને જણાવીશ નહિ....'

'આપ આ સમયે અહીં શું કરતા હતા ?' રૂપલતાએ પ્રશ્ન કર્યો.

'આપને જાણીને આનંદ થશે કે હું અહીં આપની

માતા નામ તો લીલાવતી દેવી છે....તેમને કશી અણધારી વિપત્તિ આવી પડી છે....'

'લીલાવતીદેવી મારી સગી જનેતા છે....' રૂપલતાએ વાતનો ફોડ પાડયો.

'તો આપની માતા જે રોગથી પીડાય છે તેનો ઈલાજ કરવા માટે અહીં આવ્યો હતો.

'મને આપની વાત સમજાયી નથી....આપ સવિસ્તર કહો....'

'રૂપલતા દેવી, હું આ નગરી તરફ આવતો હતો ત્યાં એક માર્ગ પર મેં મુકામ કર્યો. ત્યાં એક પોપટ-પોપટીનું જોડું આપની માતાના દર્દનો ઉપાય જણાવીને ચાલ્યું ગયું. મને પશુપક્ષીની ભાષા આવડે છે. આથી પોપટ-પોપટી વચ્ચે જે સંવાદો થયા તે મેં યાદ રાખ્યા અને તેના જણાવ્યા પ્રમાણેની આ જગ્યા છે. મારી વાત સમજાય છે ને ?'

'હા....આપ આગળ જણાવો. મને આપની વાતમાં રસ પડયો છે.'

'આ પોપટ-પોપટીની વાત સાંભળીને હું ત્વરિત આ નગરીમાં આવ્યો અને આ સ્થળે જુઓ. આ કૂવો છે તેની અંદર ગુફામાર્ગ છે....' આમ કહીને શ્રીભદ્રે કૂવા સામે આંગળી ચીંધી.

આગળ બોલતા શ્રીભદ્રે કહ્યું :'હું તલવાર લઈને કૂવામાં ગયો અને ગુફામાર્ગ દ્વારા અંદર જઈને એક સુવર્ણ-જડિત પેટિકા લઈ આવ્યો.'

'ગુફામાર્ગમાં કશી અડચણ ન આવી....?' રૂપલતાએ પૂછ્યું.

'હા....એક વિકરાળ પ્રાણી હતું તેને મેં સામાન્ય ઈજા કરી હતી. પરંતુ સુવર્ણજડિત પેટિકા મળી જવાથી હું તરત બહાર નીકળી ગયો. તેમાં બે છીપલાં છે....'

'છીપલાં....?' રૂપલતાએ પ્રશ્ન કર્યો.

'હા....તે છીપલાનો ભૂકો કરીને દૂધ સાથે મેળવીને આપની માતાને પાવામાં આપે તો પહેલાં હતાં તેવાં સ્વસ્થ બની જાય....'

'ઓહ....આપે તો ખૂબ જ મોટું કાર્ય કર્યું કહેવાય.... આપે એકના નહિં પરંતુ બેના જીવતર બચાવ્યા છે....'

'રૂપલતાદેવી, એનો ખરો યશ પોપટ–પોપટીને જાય છે...તેઓએ મને ઉપાય ન બતાવ્યો હોત તો હું અહીં સુધી આવત કઈ રીતે....?'

રાજકુમારી રૂપલતા હવે શ્રીભદ્રને સ્નેહભરી નજરે નીહાળવા લાગી.

શ્રીભદ્રે નમ્રભર્યા સ્વરે કહ્યું : 'રાજકુમારીજી, આપ એકલા નીકળ્યા છો કે સાથે કોઈ રક્ષકો છે?'

'અહીંથી પાંચ કોસ દૂર બીજું નટેશ્વરનું મંદિર છે. ત્યાં હું દર સોમવારે દર્શન કરવા આવું છું અને સંધ્યા પહેલાં ચાલી જાઉં છું....' રાજકુમારીએ કહ્યું.

'આપ સ્વસ્થ થઇ ગયા હો તો આપને આપના પડાવ સુધી મૂકી જાઉં....' શ્રીભદ્રે કહ્યું.

'હા....ત્યાં મારી ચિંતા કરતાં હશે....' રાજકુમારી-એ કહ્યું.

'આપનો અશ્વ પણ તૈયાર થઈને ઊભો છે....આપ અશ્વ પર સવાર થઈ જાઓ....' શ્રીભદ્રે કહ્યું.

રાજકુમારી તરત જ પોતાના અશ્વ પર સવાર થઈ ગઈ. શ્રીભદ્રે પણ અશ્વ પર બેઠક લીધી. બન્ને અશ્વને સહેજ તેજ ગતિએથી ચલાવવા લાગ્યા.

અને લગભગ એક ઘટિકા બાદ શ્રીભદ્ર અને રાજ-કુમારી પડાવ પાસે પહોંચી ગયા. આ સમયે પલ્લવી દેવિકા, સુનયના ત્રણેય સખીઓ ચિંતામગ્ન ચહેરે બેઠી હતી. એક રક્ષક બેઠો હતો. ચાર રક્ષકો રાજકુમારીનો પત્તો મેળવવા ચારેય દિશાએ નીકળી ગયા હતા.

પલ્લવીએ ચિંતામગ્ન સ્વરે પૂછયું : 'રાજકુમારીજી, અમને આપની ખૂબ જ ચિંતા થતી હતી. ચારેય રક્ષકો આપને શોધવા માટે અહીંથી રવાના થયા છે. આપને અહીં આવતા આટલું મોડું કેમ થયું....?'

આમ કહીને પલ્લવીએ આછી નજરે શ્રીભદ્ર સામે જોયું. રાજકુમારીને લાગ્યું કે આ સાથે આવેલ કોણ છે.... તે પણ પૂછવા માંગે છે.

રાજકુમારીએ કહ્યું : 'સખી, કોઇ વખત નહિ ને આ વખતે અશ્વ વિફર્યો હતો. જો શ્રીભદ્રજી ન હોત તો હું આજ અહીં આવી શકત નહિ. મારા પ્રાણ એમણે જ બચાવ્યા છે....'

'ઓહ....' આટલું કહીને પલ્લવીએ શ્રીભદ્ર સામે જોઈને કહ્યું : 'જો આપ ત્યાં ન હોત તો રાજકુમારીનું શું થાત....? અમે રાજભવનમાં શું જવાબ આપત?.... આપે અમને પણ બચાવ્યા છે....' પલ્લવીએ આભાર માનતાં જણાવ્યું.

શ્રીભદ્રે કહ્યું : 'મેં કંઇ મોટું કાર્ય કર્યું નથી. 'બચાવો બચાવો'ની બૂમ સાંભળી એટલે મેં મારું કર્તવ્ય બજાવ્યું છે, તેથી વિશેષ કંઈ કર્યું નથી....'

રાજકુમારીએ શ્રીભદ્ર સામે જોતાં કહ્યું : 'આપ અમારી સાથે રાજભવન પર જ પધારો....અમારા અતિથિ બનો....'

'મેં આપને જણાવ્યું હતું કે હું આજ સંધ્યા સમયે આપના રાજભવનમાં આવવાનો જ છું.'

'સંધ્યા સમયે હું આપની રાહ જોઈશ....'

રાજકુમારી બોલી ઊઠી....શ્રીભદ્રે રાજકુમારીની તેજસ્વી આંખોમાં પ્રેમભરી દૃષ્ટિ નીહાળી.

થોડીવાર બીજી વાતચીત કરીને શ્રીભદ્ર વિદાય થયો.

પલ્લવીએ શ્રીભદ્રની વિદાય બાદ કહ્યું : 'રાજકુમારીજી, શ્રીભદ્રજી તો ગયા....હવે આપણે જવું છે ને....!'

'હા....જવાની તૈયારી કરો....' રાજકુમારીએ કંઈક વિચાર મનમાં રાખીને કહ્યું.

દેવિકાએ કહ્યું : 'સુનયના, તેં જોયું....?'

'શું....?' સુનયાએ પૂછ્યું.

'રાજકુમારીની આંખો....!'

'કેમ....? રાજકુમારીની આંખોમાં કે બાજુમાં કંઈ લાગ્યું છે....?'

'અરે....તું સમજતી જ નથી. રાજકુમારીજી અહીંથી ગયા ત્યારે તેમની આંખો નિર્મળ અને નિર્દોષ હતી પરંતુ અત્યારે તેમાં કોઈ છૂપાયું છે....'

'કોણ છૂપાયું છે....?' સુનયનાને હજી ખબર ન પડી.

'તું એમ કરને....રાજકુમારીજીને જ પૂછી લે....'

રૂપલતા આ બંનેનો વાર્તાલાપ સાંભળતી હતી. સુનયનએ સીધું રાજકુમારીને જ પૂછ્યું : 'રાજકુમારીજી, આંખોમાં કોણ છૂપાયું છે....?'

'અરે....ગાંડી....દેવિકા તારી મશ્કરી કરે છે....' રૂપલતાએ હસતાં હસતાં કહ્યું.

દેવિકાએ તરત જ કહ્યું : 'રાજકુમારીજી, આપ ભલે ગમે તે કહો....પરંતુ સ્ત્રી તો સ્ત્રીની નજરોને તરત જ ઓળખી જાય છે....આપની પસંદગી શ્રેષ્ઠ છે. શ્રીભદ્રજીના ચહેરા પર રાજતેજ ચમક્યા વગર રહેતું નથી....આપ ભાગ્યશાળી છો....અનાયાસે આવું ઉત્તમ રત્ન પ્રાપ્ત થઈ ગયું....'

રાજકુમારી કંઈ બોલી નહિ. એણે વાત ફેરવતાં કહ્યું : 'દેવિકા, હવે ચર્ચાને પડતી મૂકીને જવાની તૈયારી કર....સુનયના, તું પણ જા....'

થોડીવારમાં ચારેય રક્ષકો પાછા ફર્યા અને બધી વિગત જાણી....પડાવ સંકેલાયો....

બધા રાજભવનમાં પાછા ફર્યા.

રાજકુમારી રૂપલતા પાસેથી વિદાય લઇને શ્રીભદ્ર નર્તકી રંગલતાના ભવન પર આવ્યો ત્યારે દિવસના ચોથા પ્રહરની ત્રીજી ઘટિકા ચાલતી હતી. રંગલતાની સખી ચિત્રાએ શ્રીભદ્રનું ભાવભર્યું સ્વાગત કર્યું અને તે શ્રીભદ્રને લઇને વિરામખંડમાં આવી....ચિત્રાએ એક દાસીને જળનું પાત્ર લાવવાનું સૂચવ્યું.

ચિત્રાએ ઉત્સુકતાભર્યા સ્વરે પૂછ્યું: 'શું આપનું કાર્ય પૂરું થયું....?'

'હા....જે કાર્ય માટે ગયો હતો તે સફળતાપૂર્વક પાર પડ્યું છે. જ્યારે બહેનની પ્રેમની લાગણી સાથે હોય ત્યારે કોઇ પણ કાર્યમાં નિષ્ફળતા મળતી નથી. રંગલતા ક્યાં છે....?' શ્રીભદ્રે પૂછ્યું.

'દેવીને આપના આગમનના સમાચાર મોકલ્યા છે તેઓ અહીં આવવા જ જોઈએ.' ચિત્રા બોલી ત્યાં દાસી જળનું પાત્ર લઈને આવી પહોંચી અને શ્રીભદ્ર સમક્ષ મૂક્યું, શ્રીભદ્રે જળ પાત્ર સ્વીકારીને જળગ્રહણ કર્યું.

ત્યાં રંગલતાએ પ્રવેશ કર્યો. તે શ્રીભદ્રને જોતાં જ હર્ષિત બની ગઈ. તેણે પ્રસન્ન સ્વરે કહ્યું : 'આપ ક્યારે પધાર્યા ?'

'હજુ મને આવ્યે અર્ધ ઘટિકા પણ થઇ નથી....!' શ્રીભદ્રે ઉત્તર આપ્યો.

રંગલતાએ ચિત્રા સામે જોઈને કહ્યું : 'તું શ્રીભદ્રના વાળુની તૈયારી કર....સૂર્યાસ્ત પછી તેઓ કશું લેશે નહિ....'

ચિત્રા તરત જ ખંડ છોડીને ચાલી ગઈ.

રંગલતાએ કહ્યું : 'હવે આપ, પ્રવાસ કયા નિમિત્તે હતો તે જણાવો....તેમાં આપને સફળતા પ્રાપ્ત થઈ....?'

'હા....દેવી, હું મારા કાર્યમાં સફળ થયો છું....'

'બહેન જેવું વિશાળ બિરૂદ આપ્યા છતાં દેવી....!'

'ઓહ....બહેન, માફ કરશો. જ્યારે બહેનનો પ્રેમ, લાગણી વગેરે સાથે હોય ત્યારે ભાઇને સફળતા જ પ્રાપ્ત થાય છે. હવે આપને મારા પ્રવાસની વાત કરું.....'

આમ કહીને શ્રીભદ્રે ટૂંકમાં પ્રવાસની વાત કરી. રૂપલતાને બચાવી તે પણ કહ્યું.

ત્યાં તો ચિત્રા થાળ લઈને અંદરજ આવી અને શ્રીભદ્રની સામે જ મૂક્યો. થાળમાં ખાદ્યસામગ્રી મૂકવામાં આવી હતી. શ્રીભદ્ર ઊભા થયો અને પોતાના હાથ મુખ જળ વડે સ્વચ્છ કરીને વાળુ કરવા બેઠો.

શ્રીભદ્રે ખૂબ જ આનંદથી વાળુ કર્યું બાજુમાં

રંગલતા બેઠી હતી. ચિત્રા ઊભી હતી. રંગલતાએ કહ્યું : ‘હવે આપને માટે શું મંગાવું....?’

‘આટલું છે તે કંઈ ઓછું નથી....સાંજે ખાસ કરીને હું વાળું કરતો જ નથી....’ શ્રીભદ્રે જમતાં જમતાં કહ્યું.

થોડીવારમાં શ્રીભદ્ર ઊભો થયો અને જળ વડે હાથ મુખ સ્વચ્છ કર્યાં અને પાછો પોતાના સ્થાન પર આવીને બેસી ગયો. દાસી થાળી લઈ ગઇ અને ખંડ સ્વચ્છ કરી નાખ્યો.

રંગલતાએ કહ્યું : ‘તો શું આપને અત્યારે જ રાજભવનમાં જવું છે....?’

‘હા....’ શ્રીભદ્રે હકારમાં જવાબ આપ્યો.

ચિત્રાને આ વાતનો ખ્યાલ નહોતો આથી રંગલતાએ ટૂંકમાં માહિતી આપી.

રંગલતાએ પૂછયું : ‘હું આપની સાથે આવું....?’

‘તારી ઇચ્છા હોય તો આવ....મારી ના નથી.’ શ્રીભદ્રે કહ્યું. ચિત્રા પણ આવવા માટે તૈયાર થઈ ગઈ.

દિવસના ચોથા પ્રહરની અંતિમ ઘટિકા પૂરી થવાની તૈયારી હતી ત્યારે શ્રીભદ્ર, રંગલતા અને ચિત્રા એક રથમાં બેસીને રાજભવન તરફ વિદાય થયા.

ત્રણેય રાજભવનના દ્વાર પાસે આવી પહોંચ્યા અને દ્વારરક્ષકે પરિચય માંગ્યો. શ્રીભદ્રે કહ્યું : ‘મારે મહારાજાધિરાજ શ્રેણિક રાજાને મળવું છે. હું પરદેશી છું. મારું નામ શ્રીભદ્ર છે....’

'આપ અહીં ઊભા રહો હમણાં....આજ્ઞા મળે એટલે આપ અંદર જઈ શકશો.' દ્વારરક્ષકે એક સેવકને સમજાવીને મહારાજા પાસે મોકલ્યો.

સેવક જ્યારે મહારાજા પાસે આવ્યો ત્યારે મહારાજા લીલાવતી દેવીના ખંડમાં હતા. રાજકુમારી રૂપલતા પણ ત્યારે હાજર હતી. રૂપલતાએ સેવકના મુખે જ્યારે સાંભળ્યું કે શ્રીભદ્ર પધારે છે. ત્યારે તે આનંદિત થઇ ગઈ. શ્રેણિક રાજાએ આવનારનું સ્વાગત કરીને અતિથિખંડમાં બેસાડવાનું કહ્યું.

શ્રીભદ્ર, રંગલતા અને ચિત્રા ત્રણેય અતિથિખંડમાં આવ્યા અને ત્રણ સુવર્ણજડિત આસનો હતા તેના પર બેઠક લીધી.

ત્યાં તો થોડીવારમાં મહારાજા શ્રેણિક પધાર્યા અને તેમણે ભાવભર્યું સ્વાગત કર્યું. શ્રીભદ્ર, રંગલતા અને ચિત્રા વગેરે ઊભા થઇ ગયા.

શ્રેણિકરાજાએ પૂછ્યું : 'હું આપને પહેલી જ વાર જોઉ છું....આપનો પરિચય....?'

'મારું નામ શ્રીભદ્ર છે. મેં સાંભળ્યું છે કે રાણી લીલાવતી દેવીને કોઈ અસહ્ય પીડા લાગુ પડી છે તો તેનો ઉપાય મારી પાસે છે....'

'હું આપની વાત સમજ્યો નહિ....' શ્રેણિક રાજાએ કહ્યું.

'કૃપાળુ, મારી વાત જરા લાંબી તે આપને પછી સંભળાવીશ. મને રાણીમા પાસે લઈ ચાલો....'

શ્રેણિક રાજા તરત જ ઊભા થયા અને શ્રીભદ્ર રંગલતા અને ચિત્રાને લીલાવતી દેવીના ખંડમાં લઈ ગયા. લીલાવતી દેવી એક શૈયા પર સૂતા હતા અને કણસતા હતા. શ્રીભદ્રે તરત જ ત્યાં એક આસન પર બેઠક લીધી. રાજકુમારી રૂપલતા ત્યાં સામે જ બેઠી હતી. તેણે શ્રીભદ્ર સામે જોઈને આછો મલકાટ કર્યો.

શ્રીભદ્રે શ્રેણિક રાજા સામે જોઈને કહ્યું: 'આપ દુગ્ધનું પાત્ર મંગાવો....'

થોડીવારમાં દુગ્ધપાત્ર હાજર થયું.

શ્રીભદ્રે સુવર્ણજડિત નાની પેટિકા હતી તે બહાર કાઢી અને તેણે છીપલીઓનો ભૂકો કરી રાખ્યો હતો તે દૂધમાં મેળવી નાંખ્યો. શ્રીભદ્રે નવકારમંત્રનું સ્મરણ કરીને મહારાજા સામે જોઈને કહ્યું: 'મહારાજ, આ દૂધ રાણીમાને પીવડાવી દો....'

લીલાવતીદેવી સહેજ બેઠા થયા અને દુગ્ધનું પાત્ર હાથમાં લઈને દૂધ પી ગયા.

શ્રેણિક રાજાએ શ્રીભદ્ર સામે જોઈને પૂછ્યું: 'લીલાવતીને સારું થતાં કેટલા દિવસ થશે....?'

'મહારાજ, અર્ધ ઘટિકામાં જ ખબર પડશે....' શ્રીભદ્રે કહ્યું.

'તો તો આપ જે માંગશો તે આપીશ....આ મારું વચન છે.' શ્રેણિક રાજાએ કહ્યું.

શ્રીભદ્રે રૂપલતા સામે જોયું....ચાર નયનો મળતા રૂપલતાના નયનો નીચે ઢળી પડ્યા. જાણે બંને વચ્ચેના પ્રેમનો એકરાર ન થઈ ગયો હોય....! શ્રીભદ્રને પણ રૂપલતાને નીહાળ્યા પછી તેના અંતરમાં પ્રેમભાવના જાગૃત થઇ હતી.

અર્ધ ઘટિકા વીતી ગઈ.

રાણી લીલાવતી હળવેથી બેઠા થયા. આજ ઘણા દિવસે તેઓ કંઇક બોલ્યા અને મુખ પર હાસ્ય દેખાયું.

શ્રેણિક રાજા આનંદ પામ્યા અને શ્રીભદ્રને આખી વાત જણાવવાનું કહ્યું.

શ્રીભદ્રે ટુંકમાં પોપટ–પોપટી મળ્યા અને ત્યાર બાદ છીપલીઓ લેવા જવું. એક નારીને બચાવવી વગેરે વાત કરી. નામ ન આપ્યું. આથી શ્રેણિક રાજાએ શ્રીભદ્ર સામે જોઈને પ્રશ્ન કર્યો : 'શ્રીભદ્રજી, આપે એ ન કહ્યું કે એ નવયૌવના કોણ હતી....?'

'મહારાજ, એ આપની કન્યા રાજકુમારી રૂપલતા દેવી હતા....'

શ્રેણિક રાજાએ તરત જ પોતાની કન્યા સામે જોયું ત્યારે રૂપલતાએ શરમથી પોતાનું મુખ નીચે ઢાળી દીધું.

'મહારાજ અત્યારે અમે જઈએ છીએ....આવતી-

કાલે પાછો રાણીમાના તબિયતના સમાચાર પૂછવા આવીશ.' શ્રીભદ્રે કહ્યું.

'પરંતુ કશું ગ્રહણ કર્યા વગર....આપની સાથે આ બંને કોણ છે....? તેનો પરિચય આપે જણાવ્યો નહિ....'

'મહારાજ, આ આપની નગરીની નર્તકી રંગલતા છે અને મારી ધર્મભગિની છે. તેની સાથે તેની સખી ચિત્રા છે.'

જ્યારે રૂપલતાએ જાણ્યું કે શ્રીભદ્ર સાથે તેની ધર્મ-ભગિની છે ત્યારે શ્વાસ હેઠો બેઠો....મનમાં બીજા અનેક વિચારો આવવા લાગ્યા હતા.

શ્રેણિક રાજાએ એક સેવકને બોલાવીને દુગ્ધના પાત્રો લાવવાની આજ્ઞા કરી. સેવક થોડીવારમાં દુગ્ધપાત્રો લઈ ને હાજર થઈ ગયો. શ્રીભદ્રે દુગ્ધ લેવાની નાં પાડી....રંગલતા અને ચિત્રાએ દૂધનું પાત્ર લીધું દુગ્ધપાન કરવા લાગ્યા.

'શ્રીભદ્રજી, આપે આપનો પૂરો પરિચય આપ્યો નહિ.....'

'માહરાજ, મારો પરિચય મેળવીને શું કરશો.... હું તો રહ્યો પ્રવાસી....આજ અહીંયા તો કાલ ક્યાં.... તેની મને ખબર નથી....'

'મારે એ જાણવું છે કે આપ કઈ નગરીમાંથી આવો છો ? આપના મુખ પર રાજતેજ સ્પષ્ટ દેખાય છે....'

શ્રીભદ્રને લાગ્યું કે હવે પરિચય આપ્યા વગર નહિ ચાલે....રાજકુમારીને તેની સખીઓની વાત યાદ આવી

ગઈ. સખીઓ કહેતી હતી કે બચાવનારના કપાળ પર રાજતેજ ઝગારા મારે છે. શ્રીભદ્રે વિનમ્ર સ્વરે કહ્યું : 'કૃપાળુ, હું વિલાસપુર નગરીના રાજા ભરતસેનનો પુત્ર છું....નામ તો આપને ખબર છે....'

'ઓહ મહારાજા ભરતસેનના આપ પુત્ર છો....?' શ્રેણિક રાજા હર્ષમાં આવી ગયા.

'જી મારે મારો પરિચય છુપાવવાનો હતો પરંતુ આપની પાસે સત્ય બોલી ગયો....'

રૂપલતાએ જાણ્યું કે આ તો રાજકુમાર છે....તેનું અંતર ઝુલી ઊઠ્યું અને શરમાઈને બહાર ચાલી ગઈ.... શ્રેણિક રાજાએ જોયું....

શ્રેણિક રાજાએ કહ્યું : 'શ્રીભદ્રકુમાર, હવે આપ અહીં જ રોકાઈ જાઓ....'

'એક મારી વિનંતિ છે.'

'કહો....' શ્રેણિક રાજાએ કહ્યું.

'આપ મારા વડિલ છો....આપ મને બહુવચનથી સંબોધન કરો છો તે મને રૂચતું નથી....'

'શ્રીભદ્ર, તું તો મારા પુત્ર જેવો જ ગણાય.... આવતી કાલે તું રાજભવનમાં જ આવી જા....તેં તો મારા પર ઉપકાર કર્યો છે....'

'એ તો મારી ફરજ હતી....'

'એક તો મારી કન્યાને મોતના મુખેથી બચાવી અને રાણી લીલાવતી દેવીને બેઠા કર્યા.'

'મહારાજ, વડીલોના આશીર્વાદથી જ આ શક્ય બન્યું છે....'

શ્રેણિક રાજાએ જોયું કે શ્રીભદ્ર ઘણો નમ્ર, વિવેકી અને ગુણી છે.

થોડીવારમાં રંગલતા, ચિત્રા અને શ્રીભદ્ર રાજભવનેથી વિદાય લીધી. આવતીકાલે સૂર્યોદય પછીની ત્રણ ઘટિકાબાદ રાજભવનનો સુવર્ણ જડિત રથ રંગલતાના ભવન પર આવશે અને શ્રીભદ્રને લઈ જશે અને શ્રીભદ્રને આ વાત ન છૂટકે માનવી પડી....

રાજભવનની બહાર નીકળતાં જ રંગલતાએ કહ્યું: 'કુમારશ્રી, આપે ત્યાં રહેવાનું કેમ સ્વીકાર્યું....?'

'બહેન, મહારાજનો આગ્રહ ઘણો હતો અને હું ના પાડયે રાખું તો નગુણો કહેવાઉં....આથી હા પાડી દીધી. એક–બે દિવસ રહીને જ તારે ત્યાં આવી જઈશ.'

'પણ ત્યાં બે દિવસથી વધુ રોકાતા નહિ....રંગલતાએ કહ્યું.

ચિત્રા તરત જ બોલી: 'શ્રીભદ્રકુમાર, રાજકુમારી રૂપલતા આપને કેવી લાગી....?'

'કેમ....? આ પ્રશ્ન મને સમજાયો નહિ....' શ્રીભદ્રે કહ્યું.

'આપણે ત્રણેય રાજભવનમાં ગયા ત્યારે રંગલતા દેવીનું ધ્યાન વાતચીતમાં હતું. પરંતુ મેં આપને અને રાજકુમારીને આબાદ પકડી પાડયા હતા. મને તો લાગે

છે કે આપે રાજકુમારીને બચાવ્યા તેનું ઋણ અદા કરવા માંગે છે....'

'ના....ચિત્રા, એવું કંઈ જ નથી....એતો સ્વાભાવિક નજરો ટકરાઈ હોય....' શ્રીભદ્ર વાતને છુપાવવા લાગ્યો પરંતુ ચિત્રા એમ ક્યાં માને તેવી હતી તેણે તરત જ કહ્યું: 'જ્યારે સ્વાભાવિક નજરો મળતી હોય ત્યારે તેની આંખો નિર્મળ હોય છે જ્યારે....!' તે આગળ બોલી નહિ....

'તું શું કહેવા માંગે છે....?' શ્રીભદ્રે પૂછ્યું.

'હું તો એટલું કહેવા માંગુ છું કે બંનેની આંખમાં પ્રેમભરી દૃષ્ટિ હતી....ચાર નયનો ભેગા થાય ત્યારે જે પ્રેમની આપલે થાય તેવું વાતાવરણ હતું....આપની પસદંગી સર્વોત્તમ છે....'

રંગલતાએ વચ્ચે કહ્યું: 'મારા ભાઈ માટે રૂપલતા જ યોગ્ય છે....'

હવે શ્રીભદ્રે બન્નેની વાત કબૂલ કરીને કહ્યું: 'હજુ આવતીકાલે ત્યાં જવું પડશે....'

ચિત્રાએ હસતાં હસતાં કહ્યું: 'શ્રેણિક રાજાની વાત માનવાનું તો એક બહાનું, પરંતુ રૂપલતા રાજકુમારીને મળવાનો આનાથી વધુ સુંદર મોકો કયો મળે....?'

રંગલતાએ ચિત્રા સામે જોઈને કહ્યું: 'ચિત્રા, તું હવે બહુ બોલતા શીખી ગઈ છે....'

શ્રીભદ્રે કહ્યું : 'રંગલતા, આજે મને નગરી છોડયે ઘણા દિવસો થઈ ગયા....'

'મારે એકવાર આપની નગરીના દર્શન કરવા છે....' રંગલતાએ કહ્યું.

'આપણે હમણાં જઈ શકીશું નહિ...મારે હજુ આગળ પ્રવાસ કરવાનો છે....બંગ પ્રદેશ તરફ જવું છે.... ત્યાંથી પાછો વળીશ ત્યારે તને, અને ચિત્રાને લઈ જઇશ....'

ત્યાં દેવી રંગલતાનું ભવન આવી ગયું. ત્રણેય રથમાંથી નીચે ઉતર્યાં અને ભવનમાં ગયા.

રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થવા આવ્યો હતો. આવતીકાલે નૃત્યનો કાર્યક્રમ હતો એટલે રંગલતાને બીજે દિવસે તેની તૈયારી કરવાની હતી. શ્રીભદ્રનો બંસરી વાદનનો સાથ મળે તો રંગ રહી જાય...આ અંગે આવતીકાલે શ્રીભદ્રને કહેવું તેમ મનોમન રંગલતાએ નક્કી કર્યું.

અને થોડીવારમાં શ્રીભદ્ર પોતાના ખંડમાં નિદ્રાધીન થઇ ગયો.

રંગલતા તેના વિશાળ શયનખંડમાં ચિત્રા સાથે થઈ....

બીજે દિવસે સૂર્યોદય બાદ એક ઘટિકાએ શ્રીભદ્ર પ્રાતઃકાર્ય વિધિ આટોપીને બંસરી પર સવારનો રાગ વગાડી રહ્યો હતો. વાતાવરણ પ્રસન્ન હતું અને તેમાં બંસરીના માદક સ્વરોએ પ્રસન્નતાના અનેરા રંગ પુર્યા રંગલતા હજુ શૈયામાં જ હતી....તે જાગૃત અવસ્થામાં

બંસરીના સ્વરોનો સ્વાદ ચાખતી હતી....તે અતિ પ્રસન્ન બની ગઈ....

લગભગ એક ઘટિકા પર્યંત શ્રીભદ્રે બંસરીવાદન કર્યું. રંગલતા હાથ મુખ સ્વચ્છ કરીને શ્રીભદ્ર પાસે આવી અને પ્રસન્ન સ્વરે કહ્યું : 'આજના સ્વરોને મારા હૈયામાં સાચવી રાખીશ....અને અંતરમાં રમાડીશ અને તેનો આનંદ અપૂર્વ હોય છે....આપે આજે ઘણું સુંદર વગાડયું. આપ વગાડયા જ કરો....એવી મારી ભાવના છે....'

'રંગલતા, આજ રાતે તારા નૃત્યમાં આવીશ ત્યારે બંસરી વગાડીશ....પરંતુ આજ મારું હૈયું દુઃખ અનુભવે છે....'

'કેમ....શા માટે?' રંગલતાએ પ્રશ્ન કર્યો.

'બહેન, ગઈ કાલ રાતથી તારા જ વિચાર આવ્યા કરે છે કે એક ભાઈની બહેન લોકોની વચ્ચે નાચે તો કેવું લાગે....? જેનો ભાઈ એક નગરીનો યુવરાજ છે.... આ બધી વાતો લોકો જાણે તો....! શું ભાઈને બહેન માટે કશું કરવાની ફરજ નથી....!'

'ભાઈ, હું આપની વાત સમજી ગઈ....હું વચન આપું છું કે આજનું નૃત્ય એ મારું છેલ્લું નૃત્ય હશે.... હવે પછી ભાઇનું મસ્તક શરમથી ઝુકશે નહિ....જયારે આપે મારો પરિચય મહારાજા શ્રેણિક પાસે એક બહેન તરીકે કરાવ્યો તો તે ગૌરવ જાળવી રાખવું તે મારી ફરજ છે. ભાઈ, આપે તો મને નવું જીવન બક્ષ્યું છે.

મારી જીવનની દિશા બદલાઈ ગઈ....નહિં તો હું પણ દરેકની જેમ એજ કાદવ કિચડમાં રગડાયા કરતી હોત...!'

'લતા તારાં જીવનમાં જે ફેરફારો થયા છે તેમાં તો હું માત્ર નિમિત્ત રૂપ છું....પરંતુ તારા વિવાહ એક સારા, ખાનદાન કુટુંબના છોકરા સાથે થઈ જાય તો મારી મનોભાવના પૂરી થાય....' શ્રીભદ્રે ભાવભર્યા સ્વરે કહ્યું.

ત્યાં એક દાસી આવી અને વિનમ્ર સ્વરે બોલી: 'દેવી, રાજભવનેથી સુવર્ણજડિત રથ આવેલ છે.'

'ઓહ....મહારાજાનો રથ આવી ગયો....' રંગલતા બોલી ઊઠી.

શ્રીભદ્ર પાસે કંઈ વધારે સામાન હતો નહિ, આથી ત્રણ જોડી વસ્ત્રો અને બંસરી વગેરે લઈને તે જવા નીકળ્યો. રંગલતાએ કહ્યું: 'આપને માટે રાત્રિના પ્રથમ પ્રહરે રથ મોકલવાની વ્યવસ્થા કરું....!'

'ના....હું સમયસર આવી જઈશ....' શ્રીભદ્રે રથમાં બેસતાં કહ્યું.

'ભલે....આપ જરૂર આવી જજો....' રંગલતાએ કહ્યું.

અને શ્રીભદ્રને લઈને રથ રવાના થયો.

મહારાજા શ્રેણિક અને રાણી ચેલ્લણા શ્રીજિન પૂજા અર્થે ગયા હતા. આથી રાજભવનમાં શ્રીભદ્રનો સત્કાર રાજકુમારી રૂપલતાએ કર્યો.

રૂપલતા ભાવભર્યું સ્વાગત કરતાં બોલી: 'મારા

પિતાજી શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા અર્થે ગયા છે એથી એમના વતી હું આપનું સ્વાગત કરું છું....આપ અંદર પધારો....'

શ્રીભદ્ર તરત જ રૂપલતાની પાછળ પાછળ ગયો અને પૂછ્યું : 'આપના માતુશ્રીને કેમ છે....?'

'આજ ઘણા દિવસે તેમની શૈયા પરથી ઊભા થયા અને રાજભવનમાં આવેલ શ્રીજિનેશ્વર ભગવંતના દર્શન કર્યા. યુવરાજશ્રી, આપના પ્રયત્નથી મારા માતુશ્રીને સારું થઈ ગયું....'

અને રાજકુમારી રાજભવનના એક અતિથિ ખંડમાં લઈ ગઈ....શ્રીભદ્રે કહ્યું : 'અતિથિખંડ ઘણો જ સજાવ્યો છે.'

રૂપલતા કંઈ જવાબ આપે તે પહેલાં એક સેવક શ્રીભદ્રનો સામાન લઈને આવ્યો. રાજકુમારીની દૃષ્ટિ શ્રીભદ્રના સામાન પર પડતાં જ તેને બંસરી દેખાણી.... બંસરી જોઈને રૂપલતાએ કહ્યું : 'યુવરાજશ્રી, આપ બંસરી વગાડો છો....?'

'જી....કોઈ કોઈ વાર વગાડી લઉં છું....એક અભ્યાસી છું....'

'હું પણ મહાર્ઘ વીણા વગાડું છું....આપનું વાદ્ય આપ મને સંભળાવજો....અને મને કંઈ જાણવાનું મળે....'

'આપને બંસરી સંભળાવું પણ એક શરતે....!' શ્રીભદ્રે શરત મૂકતા કહ્યું.

'શી શરત....?' રૂપલતાએ પૂછ્યું.

'આપે મને મહાર્ઘ વીણા સંભળાવવી પડશે....'

'પણ હું તો માત્ર અભ્યાસ કરું છું....' રાજકુમારી રૂપલતાએ કહ્યું.

થોડીવાર બેસીને રૂપલતા શ્રીભદ્રને એકલો છોડીને ચાલી ગઈ....રૂપલતા તેના ખંડમાં આવી ત્યારે પલ્લવી, સુનયના અને દેવિકા તેની રાહ જોતાં બેઠાં હતાં. રૂપલતાને આવતાં જોતાં જ પલ્લવી બોલી ઊઠી : 'આવો, રાજકુમારીબા, આપતો યુદ્ધે ચડયા છો....!'

'યુદ્ધે....? તારી વાત કરવાની રીત જ મને પસંદ નથી....'

'નહિં તો બીજું શું....! યુવરાજશ્રી રાજભવનમાં આવ્યા છે તો કયાંય જવાના નથી....આમ તો તેઓ આવ્યા ભેગાંજ તેમની વાતોમાં પડી ગયા....અને યુવરાજશ્રીને બે ઘડીનો આરામ પણ ન મળ્યો.' પલ્લવીએ વાત સમજાવી.

'જો પલ્લવી, એક વાત કરું....!' રૂપલતાએ વાતનો વિષય બદલાવતાં કહ્યું.

'કહો....' પલ્લવીએ આછા હાસ્ય સાથે કહ્યું.

'યુવરાજશ્રી બંસરી ખૂબ જ સુંદર વગાડે છે. આવતી કાલે એમના બંસરીવાદનનો કાર્યક્રમ યોજાય તો એક કલાકારને સાંભળવાનો આનંદ મળશે.' રૂપલતાએ મધુર સ્વરે કહ્યું.

'પણ આ વાત આપે યુવરાજશ્રીને કરી હોત તો માન જાત....' પલ્લવીએ કહ્યું.

સુનયના અને દેવિકાએ પલ્લવીની વાતને સહકાર આપ્યો.

ત્યાં જ એક દાસીએ મહારાજા પધાર્યાના સમાચાર આપ્યા. રૂપલતા ઊભી થઈ અને પોતાના પિતાશ્રી પાસે ગઇ. લીલાવતી દેવીની તબિયત પહેલાં જેવી જ સ્વસ્થ બની ગઇ હતી. તેઓ આનંદમાં હતા.

રૂપલતાએ શ્રેણિક રાજા પાસે જઈ ને કહ્યું : 'પિતાજી અતિથિ આવી ગયા છે....એમનું ભાવભર્યું સ્વાગત કર્યું છે.'

'પુત્રી, મને એક વાત કહેવાની ઇચ્છા થાય છે....'

રૂપલતા કશું બોલી નહિ પરંતુ મૌન રહીને મહારાજ સામે જોઈ રહી.

શ્રેણિક રાજાએ કહ્યું : 'પુત્રી, ગઈકાલનો મને વિચાર આવે છે કે આ શ્રીભદ્ર જ તારા માટે યોગ્ય છે. આનાથી સારો મુરતિયો મળશે નહિ....તારું શું કહેવું છે....?'

'પિતાજી, આપને જેમ યોગ્ય લાગે તેમ કરો....' આટલું કહીને શરમની મારી રૂપલતા ખંડ છોડીને ચાલી ગઇ. શ્રેણિક રાજા સમજી ગયા કે રૂપલતાને શ્રીભદ્ર પસંદ છે.

ત્યાં લીલાવતી દેવી પધાર્યા અને રાજાએ શ્રીભદ્રની વાત કરી....લીલાવતી દેવીએ કહ્યું : 'આપે સુંદર નિર્ણય લીધો છે. થોડીવાર પહેલાં મને રૂપલતાની

સખી પલ્લવી આવું જ કંઈક કહેતી હતી. બંનેના મન મળી ગયા હોય તો જરાપણ સમય બગાડવો ન જોઈએ.... અને આવું ઉત્તમ પાત્ર મળતું નથી.'

'તારી વાત સાચી છે, હું આજે જ શ્રીભદ્રને આ અંગે વાત કરીશ અને તેનું મન જાણી લેવાનો પ્રયાસ કરીશ....' શ્રેણિક રાજાએ કહ્યું.

તે જ દિવસે દિવસના ત્રીજા પ્રહરની અંતિમ ઘટિકાએ શ્રેણિક રાજાએ શ્રીભદ્રના મનનો તાગ મેળવવા પોતાના ખંડમાં બોલાવ્યો ત્યારે ખંડમાં કોઈ નહોતું.

'શ્રીભદ્ર, આવ....અહીં કોઈ જાતની તકલીફ પડતી નથી ને....?'

'ના....મહારાજ, અહિં મને કોઈ જાતની તકલીફ નથી....'

'રૂપલતાએ મને જણાવ્યું કે તું બંસરીવાદન સુંદર કરે છે?'

'ના....મહારાજ, બંસરીનો તો માત્ર અભ્યાસ છે....'

'આવતીકાલે રાજભવનના એક ઉદ્યાનમાં તારા બંસરીવાદનની વ્યવસ્થા થશે અને મૃદંગવાદકની પણ વ્યવસ્થા કરવામાં આવશે. નગરીની મુખ્ય વ્યક્તિઓને બોલાવીશું અને બંસરીના સ્વરોનો આનંદ માણીશું.' શ્રેણિક રાજાએ પ્રસન્ન ભર્યા સ્વરે કહ્યું.

શ્રીભદ્ર કંઈ બોલ્યો નહિ.

શ્રેણિક રાજાએ બીજો પ્રશ્ન છેડ્યો: 'શ્રીભદ્ર, મારે એક વાત પૂછવી છે....'

'પૂછો....' શ્રીભદ્રે મહારાજની સામે જોતાં કહ્યું.

'તેં મારી કન્યાનું જીવન બચાવ્યું પરંતુ હવે તેની જીવન નૌકા ચલાવવામાં તારે જ સાથ આપવો પડશે.'

શ્રીભદ્ર મહારાજા શ્રેણિકની વાત સમજી ગયો અને જે હૈયે હતું તે હોઠ પર આવ્યું. શ્રીભદ્રે જરા ક્ષોભ પામીને કહ્યું: 'મહારાજ, હું એ માટે યોગ્ય લાયકાત ધરાવતો નથી....'

'આ તારા હૈયામાંથી પ્રગટ થતા શબ્દો છે...?' શ્રેણિક રાજાએ તેજદાર પ્રશ્ન કર્યો.

અને...

અને....શ્રીભદ્ર કંઈ બોલ્યો નહિ. શ્રેણિક રાજાની વાત સ્વીકારવી પડી. તરત જ ગોળધાણા ખવાણા અને સગપણની જાહેરાત થઈ....

શ્રીભદ્રે વિચાર કર્યો કે મેં સંસારનું ઉત્તમ નારી રત્ન મેળવ્યું છે. પૂરા ભાગ્ય હોય તો જ આવું રત્ન મળે....

જ્યારે રૂપલતા પણ ગૌરવ અનુભવતી હતી કે મારા પુણ્ય જોર કરી ગયા....પોતાનો પ્રાણ બચાવનાર આજે મારા જીવતરનો સ્વામી બને છે....

બીજે દિવસે આ પ્રસંગની ખુશાલી વ્યક્ત કરવાનું નક્કી થયું.

તે રાતે જ રંગલતાએ ભાઇને અભિનંદન આપ્યા. અને રંગલતાના છેલ્લા નૃત્યમાં શ્રીભદ્રે ખૂબ જ સુંદર બંસરી વગાડી.

બીજે દિવસે સવારે રાજભવનમાં દાસદાસીઓ આમ-તેમ દોડાદોડ કરતાં હતાં. શ્રેણિક રાજા આજે વહેલા ઊઠી ગયા હતા અને સેવાપૂજા કરવા ગયા. આજે રાજસભામાં શ્રીભદ્રનું બહુમાન અને સગાઈની વિધિવત જાહેરાત કર-વાની હતી.

શ્રીભદ્ર પણ સ્નાનકાર્યથી નિવૃત્ત થઇ ગયો હતો અને તે રાજભવનના જ નાનકડા જિનાલયમાં દર્શનાર્થે ગયો હતો. રાજભવનમાં ભગવાન નટેશ્વરનું પણ મંદિર બાંધવામાં આવેલું હતું. રાજકુમારી રૂપલતાના હર્ષનો પાર નહોતો. પોતાને મનગમતો, મનપ્રિય, મન ભાવન સાથી મળી ગયો હતો. તેની ત્રણેય સખીઓએ રાજ-કુમારીની મશ્કરી કરવામાં બાકી રાખી નહોતી. રાજકુમારી કશું બોલતી નહોતી....જ્યાં હૈયાને જ આવી વાતો પસંદ હોય ત્યાં રાજકુમારી શું બોલે....?

દિવસનો પ્રથમ પ્રહર પૂરો થઇ ગયો.

રાજભવનના પ્રાંગણમાં મહારાજા શ્રેણિક રાજાનો

અને બીજા ચાર રથ જે સુવર્ણજડિત હતા તે આવી ગયા. રાજા શ્રેણિકે પોતાની સાથે શ્રીભદ્રને બેસાડયો. બીજા રથમાં ચેલ્લણા, લીલાવતી જે ઘણા દિવસો બાદ રાજસભામાં આવતી હતી તેમણે બેઠક લીધી. રાજાની સાથે આગળ મહા પ્રતિહાર બેઠો હતો.

રાજગૃહીની રાજસભા વિશાળ અને શ્રેષ્ઠ હતી. રાજાના આગમનના સમાચાર છડીદારે છડી પોકારીને આપ્યા. અને સર્વ સભાજનો ઊભા થઇ ગયા. મહારાજા સિંહાસન પર બેઠા. બાજુમાં પડેલા એક આસન પર શ્રીભદ્રે બેઠક લીધી.

રાજસભાનું કાર્ય શરૂ થયું.

રાજપુરોહિતે સ્વસ્તિ વાંચન કર્યું અને મહારાજાને આશીર્વાદ આપ્યા.

ત્યારબાદ મહામંત્રી ઊભા થયા અને વિનમ્ર સ્વરે કહ્યું : 'આજનો દિવસ ઘણો જ મહત્ત્વનો છે....મહારાજા શ્રેણિક રાજાના પત્ની લીલાવતીદેવી ઘણા દિવસથી શય્યાવશ હતા. તેઓ કોઈ કળી ન શકાય તેવી બિમારીનો ભોગ બન્યા હતા, પરંતુ આપણી સામે શ્રીભદ્રજી બેઠા છે, તેઓએ લીલાવતીદેવીને રોગમુક્ત કરીને પ્રશંશા પ્રાપ્ત કરી છે. આજે લીલાવતીદેવી પણ આજની સભામાં પધાર્યા છે.'

સૌ સભાજનો લીલાવતી દેવી સામે જોવા લાગ્યા.

મહામંત્રીએ આગળ બોલતાં કહ્યું : 'આજનો બીજો

પ્રસંગ પણ ખુશાલીનો છે. રાજકુમારીજી રૂપલતાદેવીનું સગપણ શ્રીભદ્રજી સાથે નક્કી થયું છે. આ પ્રસંગે દરેકને ત્યાં મીઠાઇના પડીકાં મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી છે.' મહામંત્રીશ્વર આટલું કહીને બેસી ગયા.

શ્રેણિક રાજા ઊભા થયા અને પ્રસન્ન સ્વરે આજની ખુશાલી વ્યક્ત કરી અને શ્રીભદ્રને હાર તોરા થયા.

ત્યારબાદ કવિઓએ પોતાની કૃતિઓ રજૂ કરી અને લગભગ રાજસભાનો કાર્યક્રમ ત્રણ ઘટિકા ચાલ્યો. દિવસનો બીજો પ્રહર પૂરો થઈ ગયો હતો. થોડીવારમાં મહામંત્રીએ રાજસભાની કાર્યવાહીની સમાપ્તિ જાહેર કરી અને સૌ સભાજનો મહારાજની વિદાય પછી ઊભા થયા અને રાજસભાની બહાર નીકળી પોતપોતાના રહેઠાણે ગયા.

આજે રાજભવનમાં અનેક જાતની વાનગીઓ બનાવવામાં આવી હતી. શ્રીભદ્રને જોવા માટે નગરીના અનેક લોકો આવતા હતા અને વધાઈ આપવા લીલાવતીદેવી પાસે આવતા હતા.

મહારાજાધિરાજ શ્રેણિક રાજા સાથે શ્રીભદ્રે ભોજન કર્યું. ત્યારબાદ શ્રીભદ્ર પોતાના ખંડ તરફ ગયો ત્યાં પલ્લવી આવી અને કહ્યું : 'મારી સખીને મળવું છે.... આજની ધમાલમાં આપ તેને સાવ ભૂલી ગયા કે શું....?'

'પણ આજ તો જરા પણ સમય મળ્યો જ નથી....' શ્રીભદ્રે કહ્યું.

'જુઓ, આપ અહીં જ રહેજો. બહાર સેવકને

સૂચના આપી દઉં છું કે આપ આરામમાં છો. રાજ. કુમારીજીને મોકલું છું....'

'મોકલો....મને વાંધો નથી....' શ્રીભદ્રે કહ્યું.

થોડીવારમાં સાવ ધીમી ચાલે રાજકુમારી રૂપલતાએ શ્રીભદ્રના ખંડમાં પ્રવેશ કર્યો. રૂપલતાનું મસ્તક ઢળેલું હતું. શરમની લાલી મોઢા પર સ્પષ્ટપણે જણાતી હતી.

શ્રીભદ્રે રૂપલતાને આવકાર આપ્યો અને કહ્યું : 'લતા, આ રીતે મળવું આપણા માટે સારું ન ગણાય.... પણ તારી સખીએ કહ્યું કે જરૂરી કામ છે....કહે શું કામ છે....?'

'ઓહ....ત્યારે પલ્લવીએ મને એમ કહ્યું કે યુવરાજશ્રી અત્યારે જ યાદ કરે છે....' રૂપલતાએ કહ્યું.

પલ્લવીની ગમ્મત પકડાઇ ગઇ.

બંનેએ થોડીઘણી વાતો કરી અને રૂપલતાએ વિદાય લીધી. રાત્રિના શ્રીભદ્રના કાર્યક્રમમાં અનેક શ્રેષ્ઠિઓ, મહામંત્રીશ્વર, સેનાપતિ, કલાકારોને નિમંત્રણ અપાઇ ચૂકયા હતા.

શ્રીભદ્રે દેવી રંગલતાને નિમંત્રણ મોકલ્યું હતું. સાથે નૃત્યાચાર્ય, ચિત્રા અને અન્ય કોઇની ઇચ્છા હોય તો સાથે લાવવાનું જણાવ્યું હતું. વાદ્યકારમંડળીના સભ્યોને પણ આવવાનું જણાવ્યું હતું.

રાત્રિના પ્રથમ પ્રહર બાદ રાજભવનના ઉદ્યાનમાં શ્રીભદ્રના કાર્યક્રમની ગોઠવણ કરવામાં આવી હતી. વાતા-

વરણુ પ્રસન્ન હતું શ્રોતાજનો આવતા ગયા....મહાપ્રતિહાર દરેકનું સ્વાગત કરતો હતો. રાજકુમારી રૂપલતાએ તેની ત્રણ સખીઓ સાથે આવીને અગ્રસ્થાને જગ્યા મેળવી લીધી હતી મહારાજા શ્રેણિક પણ આવી ગયા હતા.

અને લગભગ અર્ધ ઘટિકા બાદ કાર્યક્રમ શરૂ થયો.

શ્રીભદ્રે સૌના હૈયાને પ્રસન્નતા લાવે તેવો રાગ રજૂ કર્યો. 'માધવી' રાગ પ્રાચીન અને તેના મધુર સ્વરો અંતરમાં રમે તેવા હતા. 'માધવી'નો આલાપ શ્રીભદ્રે વગાડવો શરૂ કર્યો.

શ્રોતાજનો પ્રસન્ન થઇ ગયા.

શ્રેણિક રાજાને કલ્પના નહોતી કે શ્રીભદ્ર આટલું સુંદર બંસરી વાદન કરી જાણે છે....! રૂપલતા તો પ્રસન્નતાને હૈયામાં સાચવીને બેઠી હતી....જો પ્રસન્નતાના થોડા ઘણા ભાવ પ્રગટ થઈ જાય તો ત્રણેય સખીઓ પ્રસન્નતાના ભાવને મજાકનું રૂપ આપીને છિન્નભિન્ન કરી દેતી.... આથી ખૂબ જ શાંતચિત્તે તે સાંભળતી હતી.

રંગલતા, ચિત્રા, નૃત્યાચાર્ય વગેરે અગ્રસ્થાને બેઠા હતા. તેઓના મુખ પર પ્રસન્નતા જણાતી હતી.

આલાપ પૂરો થયો અને મધ્યલય શરૂ થઈ. મૃદંગવાદકે મૃદંગ પર 'જયતાલ'ની મધ્યમાત્રા વગાડવી શરૂ કરી. માધવીએ ધીરે ધીરે વાતાવરણને ઘેલું કરવા માંડ્યું.

દ્રુત લય શરૂ થઇ....શ્રોતાજનો માધવીના સ્વરોને

પીવામાં મગ્ન બન્યા હતા. સ્વરોની સુંદર રજૂઆતના કારણે સર્વ શ્રોતાજનો આનંદિત જણાતા હતા.

અતિ દ્રુત લય શરૂ થઈ....તાલની માત્રા વધી.... મૃદંગવાદકનો શ્રીભદ્રને સુંદર સાથ મળ્યો....અને લગભગ દોઢ ઘટિકા બાદ રાગની પૂર્ણાહુતિ થઈ....

શ્રીભદ્રે ત્યારબાદ બીજો એક મધુનો રાગ વગાડીને શ્રોતાજનોની પ્રસન્નતા પ્રાપ્ત કરી.

કાર્યક્રમ પૂરો થયા બાદ મહામંત્રીશ્વર ઊભા થયા અને શ્રીભદ્રની કલાની પ્રશંસા કરી....આવડી નાની વયે આવી સાધના જોઈને સૌ કોઈ પ્રસન્નતા અનુભવે....

ત્યારબાદ મહામંત્રીએ કાર્યક્રમ પૂરો થયાની જાહેરાત કરી અને સૌ શ્રોતાજનો પોતપોતાના રહેઠાણ તરફ જવા લાગ્યા.

આ તરફ ઋષભદત્તને હવે કામમાં જીવ ચોંટતો નહોતો. અમર લક્ષ્મીચંદ શેઠને ત્યાં જતો હતો તે જવાનું રોકવામાં આવ્યું. ઋષભદત્તે તો કહ્યું : 'ભદ્રા, તું અમરને લક્ષ્મીચંદશેઠને ત્યાં ન મોકલે તો કંઈ નહિ પરંતુ પાઠશાળાએ તો મોકલ....'

'ના....એ પાછો જુગારની લતે ચડી જાય....'

'પણ તું તેના પર ખોટી શંકા કરે છે....તે દિવસે તેં જે દંડા માર્યા હતા અને પાછળથી તેં જ જાણ્યું કે તે અમર નહોતો પરંતુ બીજો કોઈ હતો....આ નાના બાળક પર આવો ત્રાસ શા માટે ગુજારે છે ?'

ભદ્રાનું દિલ થોડુ નરમ પડયું અને બોલી: 'એક શરતે જવા દઉં....'

'શી શરતે....?' ઋષભદત્તે કહ્યું.

'જો તે પાઠશાળાએથી નિયમિત અહીં જ આવે તો.'

અમર અને ઋષભદત્ત બન્ને આ વાતમાં સહમત થયા....અમર તો રાજી થઈ ગયો. જાણે કેદમાંથી મુક્તિ મળી....પોતે કારાગારમાં લાંબી સજા ભોગવી ન રહ્યો હોય તેવું જણાતું હતું.

અમરે બીજા દિવસથી જે પાઠશાળાએ જવાનું શરૂ કર્યું. ઋષભદત્તે પોતાની પત્ની ભદ્રાને કહ્યું: 'આજે તો નગરીમાં મીઠાઈઓના પડીકા અપાય છે....અહીંના રાજકુમારીનું સગપણ કોઇ યુવરાજ સાથે થયું છે.... અને આપણા લીલાવતીદેવીની તબિયત જે સ્વસ્થ નહોતી રહેતી તે હવે બરાબર થઈ ગઈ છે....'

પાઠશાળાના ગુરૂએ અમરને કહ્યું: 'અમર, તારી ગેરહાજરીનું કારણ મને જાણવા મળ્યું હતું. વસંતે બધી વાત કરી હતી. તારી માતા તારા પ્રત્યે આવું વલણ રાખે છે તે જાણીને મને ખૂબજ દુઃખ થાય છે.'

અમર કશું બોલ્યો નહિ.

ગુરૂએ કહ્યું: 'તું પાછો આવ્યો તે મને ગમ્યું હવે નિયમિત આવતો રહેજે. થોડા દિવસોમાં પરીક્ષા લેવાશે....'

'હા....ગુરૂજી, હવે હું નિયમિત આવવા પ્રયત્ન કરીશ.' અમરે ગુરૂજીને નમન કરતાં જણાવ્યું.

અને અમર ત્યારથી નિયમિત પાઠશાળાએ જવા લાગ્યો.

આ તરફ શ્રેણિકરાજા રાજભવનમાં દિવસના ત્રીજા પ્રહરની અંતિમ ઘટિકાએ આરામ ખંડમાં સાતેય રાણીઓ સાથે આનંદભરી વાતો કરી રહ્યા હતા, ત્યાં એક સેવકે અંદર આવવાની રજા માંગી.

શ્રેણિક રાજાએ સેવકને અંદર આવવા જણાવ્યું. સેવકે મસ્તક નમાવીને કહ્યું: 'મહારાજાધિરાજનો જય થાઓ....'

'કહે...તું શું કહેવા માંગે છે....?'

'મહારાજ, મહામંત્રીશ્વર પધાર્યા છે અને તેમની સાથે એક ગુપ્તચર પણ છે....'

'ગુપ્તચર....?' શ્રેણિક રાજાએ પ્રશ્ન કર્યો.

હા....કૃપાળુ....આપને મળવા તેઓએ આજ્ઞા માંગી છે.'

'એમને મંત્રણાગૃહમાં બેસાડ....હું તરત આવું છું....'

સેવક ફરીને નમન કરીને વિદાય થયો.

લીલાવતીએ મહારાજા સામે જોઈને પ્રશ્ન કર્યો: 'સ્વામી, ગુપ્તચરનું એકાએક આગમન....?' શું કોઈ ખતરો આવી પડે તેમ છે....?'

'દેવી, કોઈ અગત્યના સમાચાર જરૂર હશે....પણ એમાં ચિંતા કરવાનું કારણ નથી....તમે બધા અહીં બેસો....અને વાતો કરો. હું મંત્રણાગૃહમાં જઉં છું.'

મહામંત્રી અને ગુપ્તચરે રત્નશેખર મંત્રણાગૃહમાં એક આસન પર બેઠક લીધી હતી. શ્રેણિકરાજા મહાપ્રતિહારને લઈને મંત્રણાગૃહના દ્વાર પાસે આવ્યા અને મહાપ્રતિહાર સામે જોઈને કહ્યું : 'કમલસિંહ, મંત્રણાગૃહમાં અગત્યની ચર્ચા થશે....તું દ્વાર પાસે જ ઊભો રહેજે....કોઈને અંદર પ્રવેશ મારી આજ્ઞા વગર આપતો નહિ....'

કમલસિંહે સંમતિદર્શક મસ્તક હલાવ્યું અને નમન કર્યાં.

શ્રેણિક રાજા જેવા મંત્રણાગૃહમાં દાખલ થયા કે મહાપ્રતિહારે દ્વાર બહારથી અટકાવી દીધું. અને તે ખુલ્લી તલવારે ઊભો રહ્યો.

શ્રેણિક રાજા સમજતા હતા કે મહામંત્રી કદી આ સમયે રાજભવનમાં આવે નહિ, અને જો આવે તો ખૂબ અગત્યના સમાચાર મળ્યા હોય તો જ....શ્રેણિક રાજાને આવતાં જોતાં જ મહામંત્રી અને રત્નશેખર ઊભા થઈ ગયા અને મસ્તક નમાવીને જયનાદ કર્યો.

શ્રેણિક રાજાએ અભિવાદન કર્યું રાજાએ એક વિશાળ આસન પર બેઠક લીધી. ત્યારબાદ મહામંત્રી અને રત્નશેખર પોતપોતાના સ્થાને બેઠા.

શ્રેણિક રાજાએ કહ્યું, 'કહો મહામંત્રીશ્વર, અત્યારે એકાએક આપનું આગમન........! કોઈ અગત્યતા વગર આપ આવો નહિ તે હું જાણું છું.....'

મહામંત્રીએ ચિંતાભર્યા સ્વરે કહ્યું : 'મહારાજ,

આપણો કુશળ ગુપ્તચર રત્નશેખર ખૂબ જ અગત્યના સમાચાર લાવ્યો છે, જે તદ્દન સાચા છે....'

'કહો....' શ્રેણિક રાજાએ કહ્યું.

મહામંત્રીએ રત્નશેખર સામે જોયું અને કહ્યું: 'રત્નશેખર, તું જ એ સમાચાર વિગતવાર આપ....'

રત્નશેખરે મસ્તક નમાવીને કહ્યું : 'મહારાજ, આપણું પાડોશી રાજ્ય કલિંગ દેશનો ખુનખાર ડાકુ અને બહારવટીયાં ચંદનસિંહનું નામ આજે સૌ કોઈ જાણે છે....કલિંગના રાજવીએ તેને મહાત કરવા ઘણી મહેનત કરી, પરંતુ તે ચંદનસિંહ દર વખતે છટકી જતો હતો. પરંતુ મને છેલ્લા સમાચાર મળ્યા તે પ્રમાણે તે કલિંગના રાજવીની હેરાનગતિથી છૂટવા તે આપણા રાજ્યની હદમાં ઘૂસી ગયો છે....તે ક્યાં છૂપાયો છે, તે શું કરે છે, તે અંગેની તપાસ વહેલામાં વહેલી કરવી જોઈએ....'

શ્રેણિક રાજાનો ચહેરો ચિંતિત થઇ ગયો, શ્રેણિક રાજા જાણતા હતા કે ચંદનસિંહને પાળવો તે રાજ્ય માટે ખતરનાક છે....રાજાએ મહામંત્રી સામે જોઈને કહ્યું : 'મહામંત્રીશ્વર, આ અંગે આપ શું કહેવા માગો છો....?'

'રાજન, અત્યારે ચંદનસિંહ ક્યાં છૂપાયો હશે તે ખબર નથી. આપણા રાજ્યમાં હજી સુધી તેણે કશો ઉત્પાત મચાવ્યો નથી. આથી તે થોડો સમય શાંત રહેશે. ત્યારબાદ તે પોતાની કળા દેખાડશે....પરંતુ આપણે આપણું કાર્ય શરૂ કરી દેવું જોઈએ. ચંદનસિંહ જો છૂપાયો હોય તો ગાઢ વનમાં અથવા કોઈ નિર્જન સ્થળમાં....આથી સૌ પ્રથમ ત્યાં તપાસ કરવી વ્યાજબી ગણાય....'

મહારાજાને મહામંત્રીની વાત યોગ્ય લાગી અને તેણે રત્નશેખર સામે જોઈને કહ્યું : 'રત્નશેખર, તેં ઘણી અગત્યની માહિતી આપી છે....તું અને તારા સાથીઓ આજથી જ ચંદનસિંહની ભાળ મેળવવામાં લાગી જાઓ....

થોડીવાર આ વાતની ચર્ચા થઇ....અને ત્યારબાદ મહામંત્રી, રત્નશેખર મંત્રણાગૃહમાંથી બહાર નીકળ્યા, અને પોતાપોતાના સ્થાને વિદાય થયા.

રાજા શ્રેણિક પણ પોતાની રાણીઓ પાસે આવ્યો ત્યારે રાત્રીનાં પ્રથમ પ્રહરની બે ઘટિકા પૂરી થઈ હતી. રાણીઓએ મહારાજા પાસેથી જાણવાની કોશીશ કરી પરંતુ રાજાએ સમાચાર આપવાનો ઇન્કાર કર્યો.

રાજકુમારી રૂપલતા આજે મહાર્ઘ વીણા લઈને પોતાના ખંડમાં બેઠી હતી, યુવરાજ શ્રીભદ્ર પણ બેઠો હતો. રૂપલતાએ મહાર્ઘ વીણા હાથમાં લેતા કહ્યું : 'સ્વામી સૌ પ્રથમ માટે એક વાતનો સ્વીકાર કરવો પડશે....'

'કઈ વાતનો....?' શ્રીભદ્રે પૂછ્યું.

'હું આપના જેવું વગાડી શકતી નથી. આપ અદ્ભૂત બંસરી બજાવો છો....આથી આપને મારા વગાડવામાં દોષ જણાશે તો તમારે તે સ્વીકારીને મને જણાવવું પડશે....'

'પરંતુ તારા હસ્તની આંગળીઓ વીણા પર સરસ રીતે ગોઠવાઈ ગઈ છે....' શ્રીભદ્રે કહ્યું.

'જુઓ, હવે આપને 'રજનીગંધા' સંભળાવું છું. આ રાગમાં મેં મારી કલ્પના મૂકી છે....આપને પ્રિય

થઈ પડશે કે નહિ તેનો મને ખ્યાલ નથી.... 'રજની ગંધા' સાંભળ્યા બાદ અભિપ્રાય આપશો.'

શ્રીભદ્રે હકારમાં માથું ધુણાવ્યું.

રાજકુમારી રૂપલતાએ મહાર્ઘ વીણા પર રાગ 'રજનીગંધા' બજાવવો શરૂ કર્યો. આલાપ, મધ્યલ, દ્રુતલય વગેરે બજાવ્યું મૃદંગવાદક હતો નહિ. છતાં ઘણું સુંદર વગાડ્યું.

શ્રીભદ્ર ઊભો થયો અને પોતાની પ્રિય પત્નીને ખુશાલીનું મુખ પર ચુંબન ધરી દીધું અને આનંદભર્યા સ્વરે કહ્યું: 'રૂપ, તું આટલું સરસ બજાવી શકે છે.... તેની તો મને કલ્પના જ નહોતી. આ રાગનો આલાપ ઘણો જ મધુર અને માદક છે. સ્વર સંયોજન પણ શ્રેષ્ઠ છે.'

રૂપલતા ઊભી થઇ અને શ્રીભદ્રના ચરણમાં નમી પડી, પરંતુ શ્રીભદ્ર તેને ઊભી કરતાં જ પોતાના વિશાળ બાહુમાં સમાવી લીધી. રૂપલતા તરત જ છટકી ગઈ.... અને કહ્યું: 'આજે આપને શું થઈ ગયું છે....?'

'તેં ઘણું સુંદર બજાવ્યું તેની ભેટ આપી રહ્યો છું, સામે સંસારની રૂપવતી સ્ત્રી બેઠી હોય અને મહાર્ઘ વીણા પર સંગીતના માદક સ્વરો રેલાવતી હોય....તો એક પુરુષનું શું ગજું....!'

'મારે કંઇ સાંભળવું નથી....આપ ધીરે ધીરે કવિ થતાં જાઓ છો....' રૂપલતાએ શ્રીભદ્ર સામે જોઈને કહ્યું.

ત્યાં લીલાવતીદેવી ખંડમાં આવ્યા અને શ્રીભદ્ર સામે જોઇને કહ્યું: 'મારી પત્નીનું વીણાવાદન સાંભળ્યું ને....!'

'હા....રૂપલતા ખૂબ જ શ્રેષ્ઠ વગાડે છે. આપની તબિયત કેમ છે....?'

'હું ખૂબ જ સ્વસ્થ થઈ ગઈ છું....હવે પહેલાં જેવી જ તબિયત થઈ ગઈ છે....' લીલાવતીદેવીએ કહ્યું.

યુવરાજ શ્રીભદ્ર થોડીવાર બેસીને પોતાના ખંડમાં ચાલ્યો ગયો. જ્યારે તે પોતાના ખંડમાં આવ્યો ત્યારે રંગલતાના નૃત્યાચાર્ય બેઠા હતા. શ્રીભદ્રને જોતા જ નૃત્યાચાર્ય ઊભા થઈ ગયા અને વંદન કર્યા. શ્રીભદ્રે આવકાર આપ્યો અને નમ્ર સ્વરે કહ્યું : 'મારી બહેન તો આનંદમાં છે ને....!'

'હા....રંગલતાદેવીએ આપના ખબરઅંતર પૂછયા છે. આપ આવતીકાલે ત્યાં પધારશો....હવે તો રંગલતા-દેવીએ નૃત્ય કરવાનું છોડી દીધું છે અને જૈન ધર્મનો અભ્યાસ કરવા લાગ્યા છે.'

'એ સારૂં છે....હું આવતીકાલે દિવસના ત્રીજા પ્રહર બાદ આવીશ.'

'રથ મોકલવાની વ્યવસ્થા કરીએ કે....?' નૃત્યા-ચાર્યે પૂછયું.

'ના....હું મારી મેળે આવી જઈશ. આપે કોઈ તકલીફ લેવાની જરૂર નથી.'

'યુવરાજશ્રી, મારી એક વિનંતિ છે....'

'આપને વિનંતિ કરવાની ન હોય....આજ્ઞા જ હોય.' ....આપ તો મારા પિતા સમાન છો....અને કલાગુરુ છો.'

શ્રીભદ્ર ભાવભર્યા સ્વરે કહ્યું.

'આપ આવતીકાલે આવો તો બંસરી સાથે લેતા

આવજો. અમને સાંભળવાનો લાભ મળે....' નૃત્યાચાર્યે કહ્યું.

યુવરાજ શ્રીભદ્રે નૃત્યાચાર્યની વાતમાં સહમત થયો અને તેણે નૃત્યાચાર્યની વાત સ્વીકારી.

બીજે દિવસે શ્રીભદ્ર રંગલતાના ભવનપર ગયો ત્યારે તેનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું. ત્યાં તેનો બંસરીવાદનનો કાર્યક્રમ ગોઠવાયો. અને રાત્રિના બીજા પ્રહરની બીજી ઘટિકાએ તે પાછો રાજભવનમાં પહોંચ્યો.

કાળની ગતિને કોઈ રોકી શકતું નથી....સમય ક્યાં જાય છે તેની કલ્પના રહેતી નથી. એક મહિના જેટલો સમય પસાર થઇ ગયો. શ્રીભદ્રની પ્રબળ ઇચ્છા હતી કે પોતે અહીંથી આગળ બંગદેશમાં જાય પરંતુ શ્રેણિક રાજાના આગ્રહથી તે જઇ શકતો નહોતો.

પરંતુ એક દિવસે તે શ્રેણિક રાજાને લીલાવતીદેવીને અને પોતાની મનપ્રિયાને મનાવીને બંગ પ્રદેશમાં જવા નીકળી પડયો.

ઋષભદત્તે ફરીને ભિક્ષાવૃતિ ચાલુ કરી દીધી. અમર નિયમિત પાઠશાળાએ જતો હતો. આજે પાઠશાળામાં વહેલી છુટ્ટી આપી. આથી અમરે વિક્રમને કહ્યું: ' વિક્રમ, આપણે તે દિવસે જિનાલયમાં ગયા હતા ત્યાં જવું છે....'

' ચાલ....આપણે સાથે જ જઈએ....'

' મને તો એ પ્રતિમાજીના દર્શન કરતાં અંતર આનંદ પામે છે. મનમોહક પ્રતિમાજી છે....હવે હું નવકાર મંત્ર સહેલાઈથી બોલી શકું છું. સવાર–સાંજ બન્ને વખત તેનું આરાધન કરું છું.'

વિક્રમ અમરની વાત સાંભળીને અનંદ પામ્યો અને

કહ્યું : 'અમર, નવકારમંત્ર પ્રત્યે શ્રદ્ધા રાખનારાઓને કદી વિપત્તિ આવતી નથી. ગમે તેવા સંકટો હોય તો દૂર થઈ જાય છે.'

'હું નવકારમંત્રની શ્રદ્ધાપૂર્વક આરાધના કરું છું....' અમરે જણાવ્યું.

આમ બન્ને વાતો કરતાં જતાં હતાં ત્યાં શ્રી મુનિસુવ્રત સ્વામીનું ભવ્ય જિનાલય આવ્યું. અમર અને વિક્રમ બન્ને દાખલ થયા. અને તેમણે ભાવપૂર્વક વંદન કર્યાં. વિક્રમે ચૈત્યવંદન કર્યું. અમર નવકારમંત્ર બોલી ગયો ખૂબ જ ભાવવાહી સ્વરોમાં નવકારમંત્રના ઉચ્ચાર કર્યા હતા.

જિનાલયમાંથી બન્ને બહાર નીકળ્યા ત્યારે વિક્રમે પૂછ્યું : 'અમર, પરમદિવસથી આપણી આખરી કસોટી શરૂ થશે....'

'હા....હું મારા ઘરે નિયમિત અભ્યાસ કરું છું. તારા પિતાજી-માતાજી કુશળ છે ને....!'

'હા....તને ઘણીવાર યાદ કરે છે.... તારા ઘરની પરિસ્થિતિ કેવી છે....?'

'હવે તો પહેલાં જેવી થઇ ગઈ, મારી માતા મને કયાંય જવા દેતી નથી....મારે રમવા જવું હોય તો પણ ના પાડે....ઘરકામ કરવાનું અને ઘરમાં જ બેસી રહેવાનું....!'

'હજી તને માર પડે છે....?' વિક્રમે પૂછ્યું.

'હા....દિવસમાં એક-બે વાર તો વગર વાંકે માર પડે....હવે વાંસો પણ ટેવાઈ ગયો છે, પણ મારે માતા પિતા વિષે કશું કહેવું ન જોઈએ....' આટલું કહીને

અમર મૌન થઇ ગયો.

અને પરમદિવસથી પાઠશાળાની પરીક્ષા શરૂ થઈ.... અમર તે દિવસે સ્નાનકાર્યથી નિવૃત્ત થઈને સૌ પ્રથમ શ્રીજિનેશ્વર ભગવંતના બાજુમાં આવેલા એક જિનાલયમાં દર્શનાર્થે ગયો. ત્યારબાદ તે પાઠશાળાએ ગયો. સૌ પ્રથમ તેણે ત્યાં પોતાના ગુરૂને વંદન કર્યા અને પરીક્ષા આપવા બેઠો. વિક્રમ, વસંત વગેરે તેના મિત્રો પણ આવી ગયા હતા.

ચાર દિવસ સુધી આ પ્રમાણે કસોટી ચાલી જ્યારે પરિણામ જાહેર થયું ત્યારે અમર પ્રથમ નંબર મેળવી ગયો અને સારા ગુણ સાથે ઉતીર્ણ થયો હતો. અમરના ગુરૂએ તેને આશીર્વાદ આપ્યા અને કહ્યું પણ ખરૂં: 'તું ઉત્તરોત્તર પ્રગતિ કર અને પાઠશાળાનું નામ ઉજ્જવળ કરજે...'

અમરે ગુરૂજીના ચરણે મસ્તક ધરી દીધું. અમર પોતાના વર્ગમાં પ્રથમ આવ્યો હોવાથી તેને બે-ત્રણ ઇનામ મળ્યા હતા.

ઋષભદત્ત અને ભદ્રાએ જ્યારે અમરને મળેલા ઈનામ જોયા ત્યારે ભદ્રાએ પુસ્તકોનો ઘા કરતાં કહ્યું: 'તું પ્રથમ આવ્યો અને ઇનામમાં આ પુસ્તકો લાવ્યો આને હું શું બાળું....?'

અમરનો સઘળો હર્ષ વિષાદમાં પરિણમ્યો. અમર કંઈ બોલ્યો નહિ. તે ચૂપ જ રહ્યો અને તેની માતા અર્ધ-ઘટિકા સુધી બોલતી જ રહી....

મગધ દેશમાં ડાકુ ચંદનસિંહે અને તેના ચાર સાથીઓએ ઘણી સાવધાનીથી પ્રવેશ મેળવી લીધો હતો. રત્નશેખરને તેના વાવડ જેવા મળ્યા કે તે રાજગૃહી શ્રેણિકરાજા પાસે પહોંચી ગયો હતો અને બધી માહિતી આપી હતી. શ્રેણિક રાજાએ તરત જ રત્નશેખરને અને તેના સાથીઓને ડાકુ ચંદનસિંહને શોધીને અહીં હાજર કરવાની સૂચના આપી. મહાસેનાપતિએ પણ તત્કાળ આ અંગેના હુકમો તેના સેનાનાયકોને છોડયા, આમ રાજગૃહીનું વહીવટી તંત્ર ડાકુ ચંદનસિંહને પકડવા માટે સાબિદ્ધ થઇ ગયું.

ડાકુ ચંદનસિંહની સાથે તેના ચાર સાથીઓમાં રણમલ, દુર્મુખ, જયસિંહ અને ભૈરવસિંહ હતા બાકીની ચાર દાસી અને એક ચંદનસિંહની ઉપપત્ની જેવી હતી. જેનું નામ પણ કેતકી હતું. કેતકી દેખાવમાં સામાન્ય હતી, પરંતુ તે ચંદનસિંહની માનીતી હતી. આ

સિવાય ચાર દાસીઓ રંજના, રૂપા, અલકા, અને ગોમતી ચારેય સાથીઓના ઉપભોગ માટે હતી.

મગધમાં પ્રવેશ પામ્યા પછી ચંદનસિંહે નિરાંતનો શ્વાસ લીધો. તેણે જયસિંહ સામે જોઇને કહ્યું : 'જય, આપણે સીમાડો તો વટાવી ગયા....જો અહીંના રાજવીને ખબર પડશે કે ચંદનસિંહ આવ્યો છે તો આપણને જીવતા નહિ છોડે....'

'સરદાર, આપણે હજી આગળ વધવાનું છે. અત્યારે તો આપણને કોઈ ઓળખી શકે તેમ નથી.....માટે ચિંતા મુક્ત બનીને આગળ વધીએ....'

રણમલે કહ્યું : 'રાજગૃહીથી વીસ કોસ દૂર પહાડી પ્રદેશ છે....આપણે આપણો મુકામ ત્યાં રાખીએ તે હિતાવહ છે....'

થોડીવાર બધાએ રણમલની વાતનો વિચાર કર્યો અને સૌએ તેની વાતને વધાવી લીધી અને રાજગૃહીથી વીસ કોસ દૂર આવેલ પહાડી પ્રદેશ પર કશી મુશ્કેલી વગર પહોંચી ગયા.

ભૈરવસિંહ અને રણમલે એક સુંદર ગુફા શોધી કાઢી અને ત્યાં હાલ પુરતું રહેવાનું નક્કી કર્યું.

સૂર્યોદય થયો. કેતકી સરદારની બાજુમાં સૂતી હતી. રાત્રે મદિરાપાન વધુ પડતું થવાથી હજી સરદાર તેની અસર તળે હતા. કેતકી સાવધાનથી ઊભી થઇ અને પોતાના વસ્ત્રો સરખાં કરવા લાગી.

*આ ગુફાગૃહમાં છ–સાત ખંડો હતા. આથી અહીં* પહેલાં કોઇ રહેલું હોવું જોઇએ તેમ ચંદનસિંહ અને તેના સાથીઓને લાગ્યું.

ડાકુ ચંદનસિંહને આ જગ્યા ઘણી નીરાપદ લાગી.

ચંદનસિંહ જાગૃત અવસ્થામાં સૂતો હતો અને તેને પોતાનો ભૂતકાળ સ્પષ્ટ થવા લાગ્યો....ભાયાતે તેની જાગીર આંચકી લીધી તેનો બદલો લેવા આ બહારવટું સ્વીકારવું પડયું હતું. તેના જીવનમાં કેતકી સિવાય બીજી કોઈ સ્ત્રી આવી નહોતી....તેણે કદી જીવનમાં સ્ત્રીઓને લુંટી નહોતી....જ્યારે તે જીવનમાં સ્થિર થવા જતો હતો અને ભાયાતે તેની જાગીર આંચકી લીધી તેથી દુઃખી થઈને આપઘાત કરવા જતો હતો ત્યાં જ રણમલે આવીને તેને બચાવી લીધો. રણમલને બધી વાત કરી....રણમલે પણ પોતાને બદલો લેવો છે તે વાત કરી અને બન્નેએ બીજા ત્રણ સાથીઓ ગોત્યા....અને જેઓ ખૂબ ધનિક હતા તેમનું ધન લૂંટતા....અને તે ધનનો ઉપયોગ સારે ઠેકાણે કરતાં....કલિંગાધિપતિ પાસે ભાયાતે જઈને રક્ષણ માંગ્યું અને કલિંગના રાજવીએ ચંદનસિંહને જીવતો અથવા મૃતઃપ્રાય દશામાં પકડીને હાજર કરવાની હાકલ કરી....કલિંગ દેશમાં તે ભયાનક ડાકુ છે તે સમાચાર ફેલાવવામાં આવ્યા અને તેને જે કોઈ આશરો આપે તેના ઘરબાર રાજ્ય આંચકી લેશે તેવો ઢંઢેરો પીટાવવામાં આવ્યો.

આમ આવા બીજા અનેક કારણોથી, હેરાનગતિ ખૂબ વધવાથી ચંદનસિંહને કલિંગ છોડવું પડ્યું અને તે કોઇ જગ્યાએ નિરાંતે રહેવા માગતો હતો....આથી રાજગૃહીથી આવેલ આ પહાડી પ્રદેશ ઘણો જ નીરાપદ લાગ્યો.

ચંદનસિંહ જાગૃત થયો: કેતકી સામે જોઈને કહ્યું: 'કેતકી, આપણા બધા સાથી જાગૃત થઈ ગયા...?'

'હા, સરદાર, આપ હવે પ્રાતઃકાર્યથી નિવૃત્ત થાઓ, કેતકીએ સરદારને ઊભા કરતાં કહ્યું.

ચંદનસિંહ ઊભો થયો અને પ્રાતઃકાર્ય વિધિ આટોપવા લાગ્યો. અહીં નિર્વાહ કઈ રીતે ચલાવવો તે હજી સુધી વિચાર્યું નહોતું. આ અંગે બધા આજે ભેગા થવાના હતા.

દિવસના પ્રથમ પ્રહરની ત્રીજી ઘટિકાએ પાંચેય સાથીઓ ચાર દાસી અને કેતકી એક ખંડમાં ભેગા થયા. ચંદનસિંહે બધાની સામે જોઈને કહ્યું: 'આપણે આ મગધ રાજ્યમાં શાંતિથી રહેવા માટે આવ્યા છીએ.... આપણી પાસે અઢળક ધન સંપત્તિ છે આથી હાલ પુરતી તો કોઈ મુશ્કેલી નહિ આવે....'

રણમલે કહ્યું: 'સરદાર, મને એક વિચાર સૂઝે છે.'

'કહે....' ચંદનસિંહે કહ્યું.

'સરદાર, આપણી બદલાની આગ કદી બુઝાવાની નથી....આ વેરની આગ ભયાનક છે...શરૂઆતમાં મારું અંતર પણ બદલો લેવા માટે ખૂબ જ તડપતું હતું....

હવે આ રાજ્યમાં પ્રવેશ્યા છીએ તો અહીં જ ઠરીઠામ થઈને શાંતિથી જીવન પસાર કરીએ....આપણી પાસે સંપત્તિ ઘણી છે....'

રણમલની વાત સાચી હતી....જો અહીં ઉત્પાત મચાવવામાં આવે તો અહીંનો રાજવી પોતાના ગુપ્તચરો દ્વારા ભાળ મેળવીને મોતની સજા આપે....

ચંદનસિંહે કહ્યું : 'રણમલ, તારી વાત સાચી છે....'

આપણે એ પ્રમાણે જ રહેવું જરૂરી છે. હવે હું પણ આવી રઝળપાટથી કંટાળ્યો છું....'

બધા સાથીઓ ચંદનસિંહની વાતમાં સહમત થયા.... હવે શાંતિથી જીવન પસાર કરવું તેમ નક્કી થયું.

ચંદનસિંહે માહિતી આપતાં કહ્યું : 'આ પહાડી નીચે રાજપલ્લી નામનું ગામ છે ત્યાંથી આપણને જીવન-જરૂરિયાતની વસ્તુઓ સહેલાઈથી પ્રાપ્ત થઈ શકશે....'

જયસિંહે કહ્યું : 'હું વેપારીનો પહેરવેશ પહેરીને અલકાને લઈને જઈશ જેથી કોઈને શંકા ન આવે....'

અને થોડીવારમાં જયસિંહ, અને અલકા રાજપલ્લી ભણી ગયા.

આમ આઠ દિવસ વીતી ગયા.

ચંદનસિંહ અને તેના સાથીઓને આ પહાડી પ્રદેશ નીરાપદ લાગ્યો અને હવે તેઓ બરાબર સ્થિર થઈ ગયા હતા.

એક દિવસ ચંદનસિંહે કહ્યું : 'મિત્રો, આપણી

પાસે થોડું ઝવેરાત એવું છે કે જે અહીં રાજપલ્લીમાં વહેંચાય તેવું નથી....આ ઝવેરાત રાજગૃહી નગરીમાં જઈને તેના બદલામાં સોનામહોરો લાવવી પડશે.'

દુમુખે કહ્યું: 'સરદાર, આપ અહીં જ રોકાજો....હું અને રણમલ આ કામ કુશળતાથી પાર પાડીને આવીશું!'

ચંદનસિંહે કહ્યું: 'પરંતુ આ કામમાં ઘણી જ સાવચેતી રાખવી પડશે....જેવું કાર્ય પુરૂં થાય કે તરત જ ત્યાંથી નીકળીને અહીં આવી જજો રોકાવાનું નથી.'

રણમલે અને દુમુખે સરદારની વાત સ્વીકારી લીધી. સાથે સાવચેતીથી સાવધાનીપૂર્વક કાર્ય પતાવવાની વાત કરી.

બીજે જ દિવસે રણમલ અને દુમુખ રાજગૃહી નગરી તરફ જવા નીકળી પડયા. તેઓ બન્નેએ વેષપરિવર્તન કર્યું હતું. માર્ગમાં રણમલે કહ્યું: 'જો ત્યાંના કોઈ પ્રજા-જનને કે વેપારીને આપણા પર શંકા જશે તો મુશ્કે-લીમાં મૂકાવું પડશે....'

દુમુખે વિચારીને કહ્યું: 'રણમલ, એટલે તો આપણે પરગામના વેપારી તરીકે ત્યાં જઈ રહ્યા છીએ.... પહેલાં ઝવેરાત સગેવગે કરી દઈશું અને રકમ હાથમાં આવી જાય ત્યારબાદ મોજ માણીશું....'

'મોજ માણવી નથી....જો મોજ માણવા રહીશું તો કોઈને નાહકની શંકા કરવાનો મોકો મળી જાય.... આપણું કાર્ય પૂરું થાય એટલે તરત જ આપણા રસ્તે....'

દુમુર્ખ કંઇ બોલ્યો નહિ, તેણે મનમાં નક્કી કર્યું : રાજગૃહી પહોંચ્યા પછી જોઈશું....રાજગૃહીની ગણિકાઓ સુંદર હોય છે અને કામશાસ્ત્રમાં પ્રવીણ હોય છે....આ બન્નેને કઈ ગણિકા પ્રવીણ છે તેનો ખ્યાલ નહોતો....

માર્ગમાં એક જગ્યાએ ભાતું જે બાંધી આપ્યું હતું તે લીધું અને પોતાના માર્ગે આગળ વધ્યા. ત્યાં માર્ગમાં જ એક વૃદ્ધા અને તેનો બાર વર્ષનો પુત્ર ચાલ્યા જતા હતા. આ બન્નેને ચાલ્યા જતા જોઇને રણમલે કહ્યું : 'આપણે તેને પૂછીએ કઇ તરફ જવું છે....?'

રણમલે અને દુમુર્ખે પોતાના અશ્વો ધીમા પાડયા. રણમલે પૂછ્યું : 'માજી, આપને કઈ તરફ જવું છે....?'

'રાજગૃહી તરફ....'

રણમલને દયા આવી અને દુમુર્ખના અશ્વ પર પેલા બાર વર્ષના માજીના પુત્રને બેસાડી દીધો અને રણમલે પોતાના અશ્વ પર માજીને સાચવીને બેસાડી દીધા અને અશ્વો આગળ વધાર્યા.

લગભગ દિવસના ત્રીજા પ્રહરની અંતિમ ઘટિકાએ બધા રાજગૃહી પહોંચી ગયા. માજી અને તેના પુત્રને જ્યાં ઉતરવાનું હતું ત્યાં ઉતારી દીધા. માજીએ આ બન્ને અશ્વારોને વાળુ કરવા માટે જણાવ્યું પરંતુ બન્ને તરત જ રજા માગીને પોતાના કામ અર્થે આગળ વધ્યા.

રાત્રિનો પ્રથમ પ્રહર શરૂ થઈ ગયો હતો. દુમુર્ખે કહ્યું : 'રણમલ, આપણે સૌ પ્રથમ રહેવા માટે ગણિકાભવન ગોતવું પડશે....'

'દુમુર્ખ, ગણિકાભવનમાં રહીશું તો આપણા માટેની શંકાને સ્થાન મળશે અને સરદારે સ્પષ્ટ ક્યાંય જવાની ના પાડી છે....'

'તો પછી ઉતરશું ક્યાં....'

'અહીં કોઇ નજીકની સાદી ધર્મશાળામાં....' આમ કહીને રણમલે સામે એક ધર્મશાળા જેવું દેખાતાં અશ્વને તે તરફ વાળ્યો અને દુમુર્ખ ન છૂટકે તેની સાથે વળ્યો.

ધર્મશાળાના મુનિમે બન્નેનો પરિચય માગ્યો અને બન્નેએ જુદા જુદા નામ લખાવીને પ્રવેશ મેળવ્યો. ધર્મ. શાળામાં ત્રણચાર યાત્રાળુ સહેલાઈથી રહી શકે તેવા ખંડ તૈયાર કરવામાં આવ્યા હતા.

રણમલ કે દુમુર્ખ પાસે સામાનમાં ખાસ હતું નહિ. છતાં મૂલ્યવાન ઝવેરાત હતું. જેની કિંમત ઘણી આવે તેમ હતી....

ધર્મશાળાના મુનીમે પૂછ્યું: 'આપ વેપારી લાગો છો....?'

'જી....' રણમલે ટૂંકમાં ઉત્તર આપ્યો.

રણમલ અને દુમુર્ખે સૌ પ્રથમ સ્નાનકાર્યવિધિ પૂર્ણ કરી, ત્યાર બાદ વાળુ કર્યું. બન્નેને શ્રમ લાગ્યો હોવાથી સૂઈ ગયા.

બીજે દિવસે બન્ને વેપારી પહેરવેશમાં જ રાજગૃહી નગરીની રોનક નીહાળવા નીકળી પડયા. મૂલ્યવાન ઝવેરાત રણમલે પોતાની પાસે રાખ્યું હતું બન્ને ઝવેરી બજારમાં

આવ્યા અને એક ઝવેરીને ત્યાં બેઠા....ઝવેરીએ આવકાર આપ્યો અને કહ્યું: ‘ કહો શેઠીયાઓ, અમારા લાયક સેવા ફરમાવો. ’

રણમલે ખૂબ જ વિચારીને કહ્યું: ‘ શેઠજી, આપની પ્રશંસા સાંભળીને આવ્યો છું, હું નિરાશ થઇને પાછો નહિ જાઉં....એવી ખાતરી આપને મળતાં જ થઇ ગઈ છે.’

દુર્મુખે પણ ઝવેરીની થોડી પ્રશંસા કરી....ઝવેરીએ વાતનો અંત લાવતાં કહ્યું: ‘ હવે મૂળ મુદ્દો જણાવો એટલે મને ખ્યાલ આવે....’

રણમલે કહ્યું : ‘ અમે રહ્યા પરગામના વેપારી.... ઝવેરાતનો ધંધો....મૂલ્યવાન ઝવેરાતો લેવાનો અને વહેંચવાનો ધંધો....અમારી પાસે મૂલ્યવાન ઝવેરાત છે....આપ કિંમત આંકો....’

અને રણમલે પોતાના નાના થેલામાંથી અમૂલ્ય ઝવેરાત બહાર કાઢયું...

ઝવેરીએ વિચાર કરીને કહ્યું : ‘ આ ઝવેરાતનું મૂલ્ય પચાસ હજાર સોનામહોર આવશે....’

‘ ના....શેઠજી, આનું મૂલ્ય એક લાખ સોના મહોરથી ઓછું આંકી શકાય તેમ નથી....’

રણમલ અને ઝવેરી વચ્ચે રકઝક થઇ અને પંચોતેર હજાર સોનામહોરમાં સોદો થયો.

રણમલ અને દુર્મુખ બન્નેએ પંચોતેર હજાર સોનામહોર થેલામાં નાંખીને ચાલતી પકડી.

બન્ને ધર્મશાળામાં આવ્યા અને જે કાર્ય માટે આવ્યા

હતા તે કાર્ય ઝડપથી પતી ગયું....દુર્મુખે રણમલને કહ્યું : 'રણમલ, આપણું કાર્ય નિર્વિઘ્ને પતી ગયું છે તેની ખુશાલીમાં આજે મોજ માણવી છે...'

'તો તું ગમે ત્યાં જઈ આવજે....મારી ઇચ્છા નથી.'

તે જ રાતે દુર્મુખ એક સામાન્ય ગણિકાને ત્યાં રાત રહ્યો અને તેની સાથે મોજ માણી.

બીજે દિવસે બંને પોતાના સ્થાને પહોંચી જવા નીકળી પડ્યા. સાથે જોખમ હતું એટલે તેઓ બન્ને સાવધાનીથી આગળ વધતા હતા.

રાજપલ્લી આવી જતાં બંનેએ નિરાંતનો શ્વાસ લીધો. પોતાના ગુફાગૃહ તરફ વળ્યા.

આમને આમ છ મહિના ચાલ્યા ગયા.

શ્રીભદ્રને રાજગૃહી છોડ્યે સાત મહિના થઈ ગયા હતા. રૂપલતા તેની રાહ જોતી હતી. તેની સખીઓ રાજકુમારીને પજવવામાં પાછી પડતી નહોતી.

ઋષભદત્ત અને ભદ્રાના સ્વભાવમાં કશો ફરક પડ્યો નહોતો....અમરકુમાર વિક્રમના સહવાસથી જૈનધર્મનું રહસ્ય જાણવા લાગ્યો અને જૈનધર્મનો ધાર્મિક અભ્યાસ કરવા લાગ્યો. તે હવે કોઈ કોઈવાર વ્યાખ્યાન સાંભળવા જતો અને નિયમિત નવકાર મંત્રનું સ્મરણ બે વખત કરતો. આમ તેની શ્રદ્ધા વધવા લાગી હતી.

ગુપ્તચર રત્નશેખર અને તેના સાથીઓ ચંદનસિંહને હાથ કરવા મહેનત કરતા હતા. પરંતુ હજી

સુધી તેની ભાળ તેઓ શોધી શકયા નહોતા. એના એક કારણમાં એવું પણ હતું કે ચંદનસિંહે મગધ દેશમાં હજી એક પણ લૂંટ કરી નહોતી....આથી તેનું પગેરૂં મળવું મુશ્કેલ હતું.

આથી મહામંત્રી ગુપ્તચર રત્નશેખરને લઈને શ્રેણિક રાજા પાસે આવ્યા. શ્રેણિક રાજાએ પ્રશ્ન કર્યો: 'મહામંત્રીશ્વર, ચંદનસિંહને મગધમાં પ્રવેશ થયે ઘણા દિવસો થઇ ગયા છતાં તેનું પગેરૂં મળતું નથી....એ અત્યારે ક્યાં છૂપાયો હશે? કશી માહિતી આપણે મેળવી શકયા નથી...'

ગુપ્તચર રત્નશેખરે નમ્ર સ્વરે કહ્યું: 'મહારાજ, હું અને મારા સાથીઓ આ અંગે ખૂબ જ મહેનત કરીએ છીએ....પરંતુ તે મગધમાં આવીને શાંતિથી બેસી ગયો છે....'

મહામંત્રીએ કહ્યું: 'ચંદનસિંહે કદીય કોઈના પ્રાણ હર્યા નથી....'

'ચંદનસિંહને સંજોગોનો શિકાર થવું પડ્યું હતું....મહારાજ.' રત્નશેખરે કહ્યું.

થોડીવાર આ વિષયની ચર્ચા થઈ અને ચંદનસિંહની ભાળ તુરત મળી જાય તો અહીં લઈ આવવાની શ્રેણિક રાજાએ આજ્ઞા કરી.

રત્નશેખર અને મહામંત્રી વિદાય થયા....ચંદન-સિંહનો પત્તો કેમ મેળવવો? શરૂઆત કયાંથી કરવી વગેરે રત્નશેખર માટે ચંદનસિંહ કોયડારૂપ થઈ પડ્યો.

હમણાં જ સૂર્યોદય થયો હતો—

મહાર્ધ વીણામાંથી સુમધુર સુરાવલી વાતાવરણને મધુર બનાવી રહી હતી. જાણે વાતાવરણ સુગંધ ભરેલું ન હોય તેવું લાગતું હતું....દિવસના પ્રથમ પ્રહરનો રાગ મહાર્ધ વીણા પર વાગી રહ્યો હતો. કલાકાર પોતાના કલાનો નિચોડ કરી રહ્યો હતો. રાજભવનમાં સંગીતની સુરાવલી સાંભળતા દાસદાસીઓ પ્રસન્નતા અનુભવીને ઊભી થઈ રહી હતી....દાસી-દાસીઓનાં મુખ પર આનંદ હતો. મહારાજા શ્રેણિક હજુ પોતાના શયનકક્ષમાં આરામ કરી રહ્યા હતા. ....શ્રેણિક રાજાને થયું કે આજે ઘણા દિવસે રૂપલતાએ વીણા ધારણ કરી છે....આજના મધુર અને ગંભીરો સ્વરો આનંદ પમાડે તેવા છે.

મહારાજા આમ વિચારતા વિચારતા પોતાની શૈયામાંથી ઊભા થયા અને એક દાસને બૂમ પાડી. મહારાજાનો અવાજ સાંભળતાં જ એક સેવક શયનકક્ષના

દ્વાર પાસે હાજર થઈ ગયો અને વિનમ્ર સ્વરે કહ્યું : 'મહારાજાધિરાજ, શી આજ્ઞા છે....?'

'મારા પ્રાતઃ કાર્યની તૈયારી કર....'

'જેવી આજ્ઞા....' સેવક તરત જ ચાલ્યો ગયો.

મહારાજા શ્રેણિક શયનખંડ છોડીને બહાર નીકળ્યા અને તરત જ એક સેવકે દંતશુદ્ધિ માટેની વસ્તુઓ મૂકી, મહારાજાએ દંતધાવન શરૂ કર્યું. હજુ વીણામાંથી સ્વરો વાતાવરણમાં વહેતા હતા.

મહારાજા શ્રેણિક દંતધાવન પૂર્ણ કરીને મુખશુદ્ધિ કરીને ઊભા થયા, ત્યાં રાણી લીલાવતી આવી અને તેણે નમ્ર સ્વરે કહ્યું : 'આપ આજ રાજસભામાં જવાના છો ને....?'

'હા....આજે રાજસભામાં જવાનું છે....તારે આવવું છે....?' શ્રેણિક રાજાએ પ્રશ્ન કર્યો.

'ના....આજે મારે આવવાનો વિચાર નથી....રૂપલતા આવવાનું કહેતી હતી.'

'હા....આજે એક કવિ આવવાનો છે, તે પોતાની કવિતાઓ રજૂ કરવાનો છે....'

લીલાવતી કશું બોલી નહિ અને શ્રેણિક મહારાજા પાસે ઊભી રહી....શ્રેણિક રાજાએ પ્રશ્ન કર્યો : 'દેવી, હવે તારી તબિયત સ્વસ્થ થઈ ગઈ....?'

'હા....સ્વામી, આપણા જમાઈની દવા સફળ થઈ.... અને મને નવું જીવન મળ્યું....'

'ચાલ....હું શૌચ કર્મ આદિથી નિવૃત્ત થાઉં, ત્યારબાદ સ્નાન માટેનું ઉષ્ણજળ તૈયાર કરવાનું જણાવી દેજે....' આટલું કહીને શ્રેણિક રાજા ચાલ્યા ગયા.

શ્રેણિક રાજા હંમેશા સ્નાન કરતાં પહેલાં તેલમર્દન કરતા. ત્યારબાદ સ્નાન કરતા....શ્રેણિક રાજાનો સ્નાનાગાર વિશાળ અને કલાત્મક હતો. રાણી લીલાવતીએ એક દાસને સ્નાનાગારમાં ઉષ્ણ જળ અને શીતળ જળની આજ્ઞા આપી દીધી હતી.

થોડીવાર પછી શ્રેણિક રાજા સ્નાન માટે સ્નાનાગારમાં ગયા ત્યાં બે સેવકોએ મહારાજાને તેલમર્દન કર્યું અને તેલમર્દન કરતાં કરતાં કહ્યું: 'મહારાજ, આપ આજ્ઞા કરો તો એક વાત કહેવાની ઇચ્છા છે....'

શ્રેણિક રાજાએ હસતાં હસતાં કહ્યું: 'કહે....તું શું કહેવા ઇચ્છે છે....?'

સેવકે કહ્યું: 'મહારાજ, હવે આપના મસ્તક પર બે ત્રણ શ્વેત વાળ દેખાય છે....'

શ્રેણિક રાજાએ કહ્યું: 'રામદાસ, કાળ કાળનું કામ કર્યે જ જાય છે....આ શ્વેત વાળ મસ્તક પર દેખાય એટલે હવે ભૌતિક સુખ અત્યાર સુધી ભોગવ્યા હોય તે તજીને સંસાર પાર કરવાની પ્રક્રિયામાં લાગી જાવ....આ શ્વેત વાળ એ અગમચેતીનું નિશાન છે....'

સેવક કશું બોલ્યો નહિ. તેણે તેલમર્દન સમાપ્ત કર્યું ત્યારબાદ શ્રેણિક રાજાએ એક પાત્રમાં સમઉષ્ણ-

જળ રાખીને સ્નાન કરવા લાગ્યા. જળની અંદર સુગંધી દ્રવ્યો આવતાં હોવાથી તેની સુવાસ સારાય સ્નાનાગારમાં ફેલાઈ ગઈ હતી.

સ્નાનકાર્ય પૂર્ણ થયું કે એક સેવકે અંગલુછણ ધર્યું. શ્રેણિક રાજાએ અંગલુછણથી પોતાનું શરીર લૂછ્યું અને બીજો સેવક શ્રેષ્ઠ વસ્ત્રોનો થાળ લઈ ને ઊભો હતો. શ્રેણિક રાજાએ વસ્ત્રો ધારણ કર્યાં. ત્યારબાદ તેઓ પૂજા કરવા માટે શ્રીજિનમંદિરે ગયા. ચેલ્લણાદેવી પણ તૈયાર થઈને સાથે જ ગયા હતા.

શ્રીજિનેશ્વર ભગવંતની ભાવભરી સેવાપૂજા કરીને મંગલ સ્વરે સ્તવન ગાઈ ને શ્રેણિકરાજા અને ચેલ્લણાદેવી રાજભવનમાં આવ્યા.

શ્રેણિકરાજા વસ્ત્ર પરિવર્તન કરીને ભોજનગૃહમાં આવ્યા. તેઓ સવારના ભાગે નિયમિત દુગ્ધ લેતા. રાણી ચેલ્લણાએ દુગ્ધનું પાત્ર મહારાજા સામે ધર્યું. મહારાજાને દુગ્ધ પાત્ર લઈને દૂધ પીવા લાગ્યા.

આમ એક ઘટિકાબાદ મહારાજા શ્રેણિક સુવર્ણજડિત રથમાં બેસીને રાજસભા તરફ જવા વિદાય થયા. તેમની સાથે મહાપ્રતિહાર હતો.

રાજસભામાં પ્રવેશ થતાં જ છડીદારે તેમના આગમન સૂચક છડી પોકારી અને મહારાજાધિરાજ આગમન કરે છે તેવો અવાજ કર્યો.

રાજસભાના દરેક સભ્યો ઊભા થઈ ગયા અને તેઓએ મહારાજાનું સ્વાગત કર્યું.

શ્રેણિક રાજાએ સુંદર સિંહાસન પર બેઠક લીધી. બાજુમાં મહામંત્રી બીરાજમાન હતા. બે દાસીઓ ચામર નાખી રહી હતી....રાજસભા ખીચોખીચ ભરાયેલી હતી. નગરીના શ્રેષ્ઠિવર્યો, મુખ્ય નાગરિકો, મહાજનના અધિપતિઓ વગેરે રાજસભામાં નિયમિત આવતા.

રાજસભાની કાર્યવાહી આગળ ચાલી....

આ નગરીમાં હજી સુધી ચોરી, લુંટફાટ વગેરે પ્રવેશ્યા નહોતા એટલે કોઈને ફરિયાદ કરવા જેવું રહેતું નહોતું. જો કંઇ કૌટુંબિક ઝગડો થતો તો તે મહાજન સમક્ષ જ રજૂ થતો અને મહાજન જે કંઈ નિર્ણય લે તે માન્ય રાખવો પડતો....આથી રાજસભા સુધી ફરિયાદો પહોંચતી નહોતી.

રાજસભામાં દરેક કલાકારો, ચિત્રકારો, શિલ્પકારો, કવિઓ, સંગીતકારો–દરેકનું સન્માન થતું અને તેઓને યોગ્ય શિરપાવ પણ આપવામાં આવતો.

આજે પણ કશી ફરિયાદ નહોતી.

મહારાજા શ્રેણિક ઊભા થયા. સમગ્ર રાજસભા સામે દષ્ટિ ફેંકીને પછી કહ્યું : ' સભાજનો, આપણું રાજ્ય ખૂબ જ વ્યવસ્થિત ચાલે છે. રાજ્યવહીવટમાં કશી મુશ્કેલી નથી.... આજે દરેક લોકો સુખી છે....આજની રાજસભામાં કવિ મિત્રાનંદ પધાર્યા છે....તેઓ ઉત્તમ કવિતાઓ રચે છે....

તેઓ આજ આપણને સૌને સુંદર કવિતાઓ તેમજ તેમની શ્રેષ્ઠ રચનાઓ રાજસભાના સભ્યોને સંભળાવે.' આટલું કહીને મહારાજા શ્રેણિક પોતાના આસન પર બેસી ગયા.

મહાકવિ મિત્રાનંદ પોતાના આસન પરથી ઊભા થઈને રાજસભાના મધ્યભાગમાં આવ્યા અને સૌ પ્રથમ મહારાજાધિરાજનો જયનાદ પોકાર્યો. ત્યારબાદ તેમણે એક પછી એક રચનાઓ મંગલ સ્વરોમાં કહેવા માંડી.

એક ઘટિકા ચાલી ગઈ.

બીજી ઘટિકા પણ પસાર થઇ ગઈ....

રાજસભાના દરેક સભ્યો મહાકવિની રચના સાંભળવામાં પૂરેપૂરા મગ્ન બન્યા હતા. મહારાજા શ્રેણિક પણ ખુશ જણાતા હતા.

અને બીજી અર્ધ ઘટિકા કવિતાઓ ગાઈને મિત્રાનંદે સૌનો આભાર માન્યો અને પોતાના આસન પર બેસી ગયા. રાજસભાજનોએ મહારાજનો જયનાદ કર્યો અને કવિરાજનો પણ જયનાદ કર્યો. મહારાજાએ કવિરાજની કૃતિઓ વખાણી....

શ્રેણિક રાજાએ મહામંત્રી સામે જોયું અને મહામંત્રીએ પાછળ ઉભેલા સેવકને ઇશારો કર્યો. મહાકવિ મિત્રાનંદને ઉત્તમ શિરપાવ આપવામાં આવ્યો.

ત્યારબાદ રાજસભાની સમાપ્તિ થાય તે પહેલાં એક યુવાન ઊભો થયો અને તેણે મહારાજાની સામે જોતાં

કહ્યું: 'મહારાજનો જય થાઓ....મારે પણ વાત કહેવાની આજ્ઞા માગવી છે....'

'કહે....તું શું કહેવા માગે છે....?'

'મહારાજ, હું ચિત્રકાર છું....આપની પ્રશંસા સાંભળતો સાંભળતો અહીં સુધી આવ્યો છું....આપ દરેક કલાકારોની કલાની કિંમત આંકી જાણો છો....'

'તારું નામ શું....?'

'મહારાજ, મારું નામ જયદેવ છે....હું આપને મારી કલાના નમૂના બતાવવા આવ્યો છું....'

'તું એમ કર....આજે દિવસના અંતિમ પ્રહરે રાજભવનમાં આવજે....સાથે તારી કલાકૃતિઓ લેતો આવજે....'

'જેવી આજ્ઞા....' કહીને જયદેવ મહારાજને નમન કરીને પોતાના આસન પર બેસી ગયો.

મહામંત્રીએ સભા બરખાસ્ત થયાની જાહેરાત કરી. દરેક સભાજનો ઊભા થઈને પોતપોતાના સ્થાને જવા માટેની તૈયારી કરવા લાગ્યા.

શ્રેણિક રાજા રાજસભાની બહાર નીકળ્યા. ત્યારબાદ સભાજનો બહાર નીકળ્યા.

દિવસના ત્રીજા પ્રહર બાદ જયદેવ પોતાની કલાકૃતિઓ સાથે રાજભવનમાં હાજર થઇ ગયો. એક સેવકે તેને આરામખંડમાં બેસાડ્યો.

થોડીવારમાં એક દાસ જળપાત્ર જયદેવ પાસે

મૂકી ગયો. જયદેવે જળપાત્ર મોઢે માંડ્યું. અને જળ પીને તે પાત્ર ત્રિપદી પર મૂકી દીધું.

લગભગ અર્ધ ઘટિકા બાદ શ્રેણિક રાજા જયદેવ પાસે આવ્યા. શ્રેણિક રાજાને જોતાં જ જયદેવ ઊભો થયો અને તેણે નમન કર્યાં. મહારાજાએ આસન ગ્રહણ કર્યું. ત્યારબાદ તેણે આસન લીધું.

શ્રેણિક મહારાજાએ તેની સામે જોઇને પૂછ્યું: ' તારા બાપુ શું કરે છે....?'

' મહારાજ, મારા બાપુ પણ ચિત્રકારી કરે છે.... અમે રાજા–મહારાજાઓ પાસે જઈએ અને જો પસંદ પડે તો ચિત્રોની કિંમત થાય છે આમ અમારું જીવન વીતાવીએ છીએ....

' તારી કલાકૃતિઓ ક્યાં છે....?'

' મહારાજ, આ રહી....' એમ કહીને જયદેવે પોતાની કૃતિઓ એક પછી એક મહારાજ સમક્ષ મૂકવા માંડી.

શ્રેણિક રાજા આ યુવાનની કલા પર ખુશ થઈ ગયા અને કહ્યું : ' જયદેવ, તારી કૃતિઓ મને પસંદ છે આ કૃતિઓ તેં સ્વહસ્તે જ તૈયાર કરી છે....?'

' હા....મહારાજ,'

' તારી આ બધી કલાકૃતિઓ જોઈને મને એક વિચાર આવે છે....'

' કૃપાળુ, શું વિચાર આવે છે....?' જયદેવે અધીરાઈ બતાવીને કહ્યું.

'જયદેવ, તને ચિત્રશાળા બનાવવાનો અનુભવ છે....?'

'હા....મહારાજ, મેં એક-બે વખત મારા બાપુ સાથે રહીને ચિત્રશાળામાં ચિત્રો અંકિત કર્યાં હતા.... પરંતુ જો ચિત્રશાળાનું નિર્માણ કરવું હોય તો મારા બાપુને બોલાવવા પડે....તેઓ આ કામમાં ઘણા જ નિષ્ણાત છે....'

'ચિત્રશાળા બનાવતાં આપણને ખર્ચ શો આવે....?'

'મહારાજ, ચિત્રશાળા બનાવવામાં ખર્ચ વધુ આવતો નથી....પરંતુ આ નગરીમાં કોઈએ ચિત્રશાળા નિર્માણ કરી હોય તેમ મારું મન માનતું નથી....'

'જયદેવ, આ ચિત્રશાળા તો અહીં રાજભવનની બાજુમાં કરવી છે....તું આવતીકાલે આ સમયે પાછો આવ....હું મારા મંત્રીઓ સાથે આ અંગે વાતચીત કરી લઈશ....ત્યારબાદ શું નક્કી થયું....કેવી રીતે કરવું ? વગેરે ચર્ચા કરીશું...'

જયદેવ મલકાતો મલકાતો મહારાજાની વિદાય લઈને રાજ્યના અતિથિગૃહમાં ગયો. રાજસભા છૂટચા બાદ તેનો મુકામ અતિથિગૃહમાં ફેરવવામાં આવ્યો હતો.

બીજે દિવસે રાજસભાની કાર્યવાહી નહોતી. આથી મહામંત્રી, રાજપુરોહિત, સેનાપતિ વગેરે મહારાજાને મળવા રાજભવનમાં દિવસના પ્રથમ પ્રહર બાદ આવતા.

આજે મહામંત્રી સાથે જયદેવની વાત કહી ત્યારે

મહામંત્રીએ કહ્યું : 'મહારાજ, આપ ચિત્રશાળામાં કેવા દશ્યો મુકાવવા ઇચ્છો છો....?'

'મંત્રીશ્વર, માનવજીવનને લગતા દશ્યો....વાસ્તવિક દશ્યો અને કુદરતી દશ્યો....'

'કૃપાળુ, આપનો વિચાર ઉત્તમ છે....આ બહાના તળે કલાકારને કામ મળશે અને કલાની કદર થશે....'

અને છેવટે ચિત્રશાળાનું નિર્માણ કરવું તે નક્કી થયું. તે દિવસે દિવસના ત્રીજા પ્રહર બાદ જયદેવ આવ્યો ત્યારે તેને એક અશ્વ લઈને તેના પિતાજીને અહીં લેતો આવે તેવી સૂચના આપવામાં આવી.

જયદેવ મહારાજની વાતમાં સહમત થયો અને તેણે મહારાજની વાતને તરત જ સ્વીકારી લીધી. બીજે દિવસે તે મહારાજાની આજ્ઞા લઈને પોતાના પિતાને લેવા માટે વતનમાં ગયો.

આ તરફ અમરકુમારને પોતાની માતાનો ત્રાસ હતો પરંતુ સંયમ કેળવીને તે કશું બોલતો નહોતો. ઋષભદત્તને હવે ભીક્ષા માંગવા જવું પડતું હતું. આજે ઘરમાં અમર વહેલો આવી ગયો હતો. અમરને જોતાં જ ભદ્રાએ કહ્યું : 'સાંભળો છો....? આજ તમારો દિકરો વહેલો આવ્યો છે....?'

'કોણ અમર ?' ઋષભદત્ત અંદરના ખંડમાં હતો તેણે જવાબ આપ્યો.

'હા....પાઠશાળાએથી ભાગીને આવ્યો લાગે છે....' ભદ્રાએ દોષ કાઢતાં જણાવ્યું.

'ના....તું વારંવાર તેના પર દોષ લાવે છે....અને તને ખબર છે કે તારા ચારેય સંતાન તે બધી રીતે શ્રેષ્ઠ છે....ઋષભદત્ત આગળ બોલવા જતો હતો પરંતુ ભદ્રાએ પોતાના સ્વામીને બોલતા રોકીને કહ્યું : 'હવે બહુ થયું....કયો દિકરો શ્રેષ્ઠ છે તેની મને ખબર છે....મને સમજાવવાની જરૂર નથી....'

ઋષભદત્ત શું ઉત્તર આપે....? તે ચૂપ થઈ ગયો. ભદ્રાએ અમર પર પ્રશ્નોની ઝડી વરસાવી. ભદ્રાએ પૂછયું : 'આજે કેમ વહેલો આવ્યો.... ?'

'માતાજી, આજે પાઠશાળાના દરેક વિદ્યાર્થીઓને નગરી દર્શન કરવા લઈ ગયા છે....'

'તો તું કેમ ન ગયો....?'

'નગરી દર્શન માટે એક રૌપ્યમુદ્રા આપવાની હતી જે મારી પાસે નથી....' અમરે સત્ય બોલતાં કહ્યું.

'સારૂં તું આજે વહેલો આવ્યો....આજ તારા બાપુ ભેગો જા અને ભીક્ષા માંગવાનું શીખ....' ભદ્રાએ હુકમ છોડયો.

ઋષભદત્તે આ માટે ના પાડી પરંતુ તેનું કંઈ ચાલ્યું નહિ. અમરને સાથે લઈ જવો પડયો.

ઋષભદત્ત અને અમર ઘરની બહાર નીકળતા જ ઋષભદત્તની આંખમાં બે આંસુ અમર જોઈ ગયો. અમરે

પૂછ્યું : 'પિતાજી, આપની આંખમાં આંસુ કેમ વહે છે....?'

'અમર, કર્મના બધા રંગ જોઈ ને...તારા પર ભદ્રા કેવું વીતાડે છે, છતાં તારી સહનશક્તિ ગજબની છે....'

'પિતાજી, એમાં મારી માતાનો દોષ નથી....દોષ મારો જ છે કે હું તેમને અનુકૂળ થતો નથી....બાપુ, એક વાત કહું....'

'હા....કહે....' આગળ ચાલતાં ઋષભદત્તે કહ્યું.

'બાપુ, પહેલાં હું મોહ, વેર, ત્યાગ, મુક્તિ વગેરે સમજતો નહોતો પરંતુ જેમ જેમ ધાર્મિક વાંચન કરતો ગયો તેમ તેમ મને સઘળું સમજાવા લાગ્યું....મારા કોઈ કર્મ હશે જે ભોગવવાના બાકી રહી ગયા હશે....તે ભોગવ્યા સિવાય છૂટકો નથી, તો પછી શામાટે હસતાં હસતાં ન ભોગવવા?'

ઋષભદત્ત તો અમરની વાત સાંભળીને આશ્ચર્ય પામી ગયો, અમર હજી નાનો બાળ....પણ વાત કેવી ગંભીર કહી હતી! ઋષભદત્તને પણ જૈન ધર્મનો સામાન્ય અભ્યાસ હતો.

ઋષભદત્તે પ્રેમથી અમરના વાંસા પર હાથ ફેરવતાં કહ્યું : 'અમર, તારી વાત સાચી છે, પરંતુ અત્યારથી આવા વિચારોને સ્થાન ન આપવું જોઈએ....'

'પિતાજી, હું તો કેવળ મારા ધાર્મિક અભ્યાસમાં આવતા વિચારોને આપની સમક્ષ મૂકી રહ્યો હતો....' અમરે જણાવ્યું.

ઋષભદત્ત કંઈ બોલ્યો નહિ.

એક મધ્યમ વર્ગ રહેતો હોય તેવો લત્તો આવ્યો એટલે ઋષભદત્તે કહ્યું : ' અમર, અહીંયા આપણને ભીક્ષા મળી જશે.'

ઋષભદત્ત અને અમર એક ઘરના દ્વાર પાસે આવ્યા અને દ્વાર ખખડાવ્યું. દ્વાર ખખડાવતાં જ એક સ્ત્રી બહાર આવી અને ઋષભદત્તને જોતાં જ તે પાછી ફરી. એક વાટકામાં અનાજ આપીને તેને વિદાય કર્યો.

અમરને આ જાતનો અનુભવ નહોતો. ઋષભદત્તે કહ્યું : ' અમર, તારે લક્ષ્મીચંદ શેઠને મળવા જવું હોય તો આ માર્ગ સીધો તે તરફ જાય છે....'

અમરે હા પાડી....અને પોતાના પિતાની રજા લઈને આગળ વધ્યો. એક ઘટિકાબાદ એક સ્થળ પર પિતા પુત્રે ભેગા થવું તેમ નક્કી થયું.

અમર આજ ઘણા દિવસે લક્ષ્મીચંદ શેઠને મળી રહ્યો હતો. લક્ષ્મીચંદ શેઠની પેઢી આવતાં જ તે આનંદ પામ્યો. લક્ષ્મીચંદ શેઠ પેઢી પર આવી ગયા હતા.

અમરને જોતાં જ લક્ષ્મીચંદ શેઠે કહ્યું : ' અરે અમર તું અહીં ક્યાંથી....? તારા બા-બાપુએ આવવાની હા પાડી....! '

' ના શેઠજી, આજે હું પ્રથમવાર ભીક્ષા માગવા ગયો હતો એટલે પિતાજીએ મને અહીં મોકલી આપ્યો,

ઘણા સમયથી આપને મળવાની ઇચ્છા હતી....' અમરે પેઢીના ઓટલા પર બેસતાં કહ્યું.

'અમર, વિક્રમ મને કહેતો હતો કે તે જૈનધર્મનો અભ્યાસ શરૂ કરવા માંડયો છે....'

'હા....શેઠજી, એ ધાર્મિક અભ્યાસમાં ઘણો આગળ વધી રહ્યો છે. મારી ઉંમર નાની હોવાથી દરેક વસ્તુ સમજાતી નથી, તેનું સમાધાન મુનિમહારાજાઓ પાસે કરાવી લઉં છું....'

'સારું....સારું....'

આમ લક્ષ્મીચંદ શેઠ અને અમરે થોડીવાર વાતો કરી. ત્યારબાદ અમરે શેઠજીની રજા માગી.

અમર તરત જ પોતાના પિતાએ જણાવેલા સ્થળ પર પહોંચી ગયો ત્યારે તેના પિતા ઋષભદત્ત અમરની રાહ જોઈને ઊભા હતા.

અને બન્ને પોતાના ઘર તરફ વિદાય થયા.

આ તરફ ડાકુ ચંદનસિંહ અને તેના સાથીઓ ચર્ચા કરી રહ્યા હતા.

ભૈરવસિંહે કહ્યું : 'સરદાર, આપણુને અહીં આવ્યાને ઘણા દિવસો થઈ ગયા...આપણે આનંદથી રહીએ છીએ.... ખાવાપીવાની મુશ્કેલી નથી, પરંતુ આજે રાજપલ્લીમાં કોઈ ગુપ્તચર જેવો મારી પાછળ પડયો હતો....'

'પછી શું થયું....?'

'મેં માર્ગો બદલાવીને તેનાથી પીછો છોડાવ્યો. હવે લાગે છે કે આપણું રહેવું અહીં જોખમકારક છે....!'

ભૈરવસિંહની વાત સૌને વિચારવા જેવી લાગી. ચંદનસિંહે કહ્યું : 'સાથીઓ, ભૈરવસિંહની વાત વિચારવા જેવી છે....આપણે હજુ આ રાજ્યમાં કોઇ લુંટફાટ કરી નથી અને ઘણા દિવસો વીતી ગયા એટલે આપણને સૌને એમ લાગ્યું કે રાજ્યના ગુપ્તચરોએ આપણી તપાસ મૂકી દીધી હશે. પરંતુ હવેથી આપણે દરેક કાર્યમાં સાવધાની રાખવી પડશે....'

રણમલે કહ્યું : 'સરદાર, રાજગૃહી નગરી ભવ્ય છે ત્યાં સૌ પ્રથમ ઝવેરીબજારમાં જ કોઈની પેઢી લુંટીએ....'

'ના....રણમલ, આપણે અહીં શાંતિથી, આરામથી રહેવા માટે આવ્યા છીએ....આપણી પાસે ખૂટે નહિ એટલું નાણું છે. અને લૂંટ કરીને આંખે ચડવું તે બરાબર નથી....'

'પરંતુ અહીંના મહારાજાને ચમત્કાર તો બતાવવો જ જોઈએ....' રણમલ બોલ્યો.

'ના....અત્યારે આવી વાતો પણ વિચારવી નહિ અને ભૈરવસિંહે આઠ-દસ દિવસ અહીં જ રહેવું પડશે....તે બહાર જઈ શકશે નહિ....તેનું કાર્ય દુર્મુખ કરશે....'

ચંદનસિંહની વાત સૌએ સ્વીકારી અને સરદારનો જયનાદ પોકાર્યો.

ચંદનસિંહે કહ્યું : 'જાઓ, આનંદ કરો....'

બધા પોતપોતાના સ્થાન પર ચાલ્યા ગયા.

આ તરફ દેવી રંગલતાએ જૈનધર્મનો ધાર્મિક અભ્યાસ વધાર્યો હતો. તેનું ધાર્મિક વાંચન વધી ગયું હતું. શ્રીભદ્ર જેવો ભાઈ મળ્યા પછી તેણે નૃત્ય છોડી દીધું અને તેની જ ઇચ્છાથી જૈનધર્મનો અભ્યાસ તેણે કરવા માંડ્યો હતો.

રંગલતાએ પોતાના દાસદાસીઓને સારું એવું ધન આપીને રવાના કરી દીધા હતા. દાસદાસીઓ રડતા હૃદયે વિદાય થયા હતા.

નૃત્યાચાર્ય અને તેની વાદ્યકાર મંડળીને પણ જીવન ભર ચાલે તેટલું દ્રવ્ય આપ્યું હતું...નૃત્યાચાર્યે કહ્યું : 'રંગલતા, શ્રીભદ્રના પરિચય બાદ તારું જીવન જ જાણે બદલાઇ ગયું છે. ન કોઇ શરીર પર આભૂષણો....કેવળ શ્વેતવસ્ત્રો જ ધારણ કરે છે....'

'પૂજ્યશ્રી, જ્યારે સંસારની સાચી સમજણ મળે છે ત્યારે આભૂષણો હાથકડી જેવા લાગે છે....'

નૃત્યાચાર્ય વિશેષ કંઈ ન બોલ્યા....તેમની આંખોમાંથી પણ બે અશ્રુઓ ટપકી પડ્યા.

રંગલતા પણ ત્યારે રડી ઉઠી....તે પોતાના આપ્તજનોથી કાયમને માટે છૂટી પડી રહી હતી....જ્યારે મારું કહી શકાય તેવું જઈ રહ્યું હોય ત્યારે વધારે દુઃખ લાગે છે.

સંસારમાં પ્રાણીમાત્ર મોહથી પીડાતો હોય છે.... માતાને પુત્ર પ્રત્યેનો મોહ, પતિને પત્ની પ્રત્યેનો મોહ.... એવી જ રીતે મારૂં ધન, મારું ભવન, દરેકના અંતરમાં પ્રવેશી ગયેલી મોહજાળ જ છે. જ્યાં શરીર આપણું નથી તો બીજું આપણું ક્યાંથી થવાનું હતું....? આ કડવું સત્ય સમજવું મુશ્કેલ છે અને તે જીવનમાં ઉતારવું માનવી માટે દુષ્કર છે.

રંગલતા એક પછી એક દરેકને વિદાય આપી રહી હતી. રંગલતાએ ચિત્રાને પાસે રાખી અને થોડા રક્ષકો રાખ્યા.

ચિત્રાએ કહ્યું પણ ખરૂં: ‘ દેવી, આપે આ નિર્ણય લેવામાં ઉતાવળ કરી હોય તેમ લાગતું નથી....? ’

‘ ના....ચિત્રા, મેં જે કર્યું છે તે સમજી વિચારીને કર્યું છે....ચાલ....આજે આચાર્ય મહારાજ ધર્મઘોષ મુનિનું વ્યાખ્યાન છે....વાતો કરીશું તો વ્યાખ્યાનમાં મોડા પહોંચીશું. ’

બન્ને તૈયાર થયા અને વ્યાખ્યાન સાંભળવા માટે વિદાય થયા. ચિત્રાએ અનુભવ્યું કે પોતાની સખીને ધર્મનો રંગ બરાબર લાગ્યો છે.

જયદેવ ચિત્રકાર રાજગૃહીથી નીકળીને પોતાના વતનમાં આવી ગયો હતો. તે જ્યારે પોતાના ઘરમાં આવ્યો ત્યારે તેના પિતા બહાર ગયા હતા. જયદેવની માતાએ કહ્યું : 'તું છ મહિને આવવાનો હતો ને....!'

'મા, રાજગૃહી નગરીના મહારાજાધિરાજ ચિત્રશાળા બનાવવા ઇચ્છે છે....આથી હું મારા પિતાજીને લેવા માટે આવ્યો છું....'

'સારું....તારા બાપુ બજારમાં ગયા છે. થોડીવારમાં આવવા જોઇએ.'

આમ મા–દિકરો વાત કરતા હતા ત્યાં જયદેવના પિતા રામદેવ આવી પહોંચ્યા. પોતાના પુત્રને જોઇને આનંદ પામ્યા અને આવવાનું કારણ જાણ્યું.

રામદેવ અને જયદેવ ચાર દિવસ બાદ રાજગૃહી તરફ જવા માટે નીકળી પડયા. રાજગૃહી પહોંચ્યા બાદ બંને કલાકારો રાજભવનમાં ગયા ત્યારે દિવસનો ત્રીજો પ્રહર પૂરો થવા આવ્યો હતો.

રાજભવનના દ્વાર પાસે ઊભેલા દ્વારરક્ષકે પૂછ્યું: ‘ આપને કોનું કામ છે....? આપ ક્યાંથી આવો છો ?’

જયદેવે કહ્યું: ‘ અમારે મહારાજાધિરાજ શ્રી શ્રેણિક મહારાજને મળવાનું છે. અમો ચિત્રકાર છીએ ...હું એકવાર એમને મળી ચૂક્યો છું....’

‘ આપ અહીં ઊભા રહો....હું એક સેવકને મોકલીને પૂછાવી લઉં....’ દ્વારરક્ષકે કહ્યું.

જયદેવ અને રામદેવ બન્ને ઊભા રહ્યા. દ્વારરક્ષકે એક સેવકને મોકલી આપ્યો હતો. સેવક થોડીવારમાં જ પાછો આવ્યો અને કહ્યું : ‘ બન્ને અતિથિ કલાકારને અતિથિગૃહમાં લઈ જવાની આજ્ઞા કરી છે ત્યારબાદ સ્વસ્થ થઇને પછી રાજાને મળે તેવી સૂચના અપાઈ છે.’

‘ તો તું જ અતિથિગૃહ તરફ લઈ જા....’

સેવક તરત જ આ બન્ને કલાકારોને અતિથિગૃહ તરફ લઇ ગયો. રાજભવનનું અતિથિગૃહ ખૂબ જ સ્વચ્છ હતું. અતિથિગૃહના કામદારે આવેલા નવા મહેમાનોનું સ્વાગત કર્યું. સેવકે કામદાર સામે જોઇને કહ્યું : ‘ કામદાર-કાકા, આ બંને રાજ્યના મહેમાન છે તે મને દરેક પ્રકારની સગવડ મળે તેવી સૂચના મહારાજાએ આપી છે....’

‘ ભલે....કોઇ જાતની કચાશ નહિ આવવા દઉં....’ કામદારે કહ્યું.

સેવક તરત જ નમન કરીને ચાલ્યો ગયો.

કામદારે બન્ને કલાકારોને એક ખંડમાં લઈ જતાં કહ્યું : ‘ આપને આ ખંડમાં ફાવશે ને....! ’

‘ જી....આ ખંડ સરસ છે....’ રામદેવે કહ્યું.

જયદેવે પોતાનો સામાન એક તરફ ગોઠવ્યો અને કામદાર સામે જોઈને કહ્યું : ‘ કામદારકાકા, મારે અને મારા પિતાજીને સૌ પ્રથમ સ્નાન કરવાની ઇચ્છા છે. જેથી મુસાફરીનો થાક હળવો થાય....’

‘ તો આપને માટે ઉષ્ણજળ કે શીતળજળની વ્યવસ્થા કરાવું ? ’

‘ ઉષ્ણજળની ’ જયદેવે કહ્યું.

‘ ભલે આપ વાળુમાં શું લેશો ? ’ કામદારે પૂછ્યું.

‘ કામદારકાકા, વાળુમાં તો જે હશે તે ચાલશે....’ રામદેવે કહ્યું.

કામદાર ચાલ્યો ગયો. એક દાસને તેની સેવામાં મૂકતો ગયો. જયદેવે દાસ સામે જોઈને કહ્યું : ‘ તારૂં નામ શું....? ’

‘ મારું નામ શીવુ છે....’

‘ શીવુ, ઉષ્ણજળ તું સ્નાનાગારમાં મૂકે એટલે અમને જણાવજે....અમારે સ્નાન કરીને મહારાજાને મળવા જવાનું છે....’

શીવુ ચાલ્યો ગયો. અને બન્ને અતિથિઓ માટે ઉષ્ણજળની વ્યવસ્થામાં પરોવાઇ ગયો. થોડીવાર પછી શીવુ જયદેવના ખંડમાં આવ્યો અને તેણે નમ્ર સ્વરે કહ્યું :

'શ્રીમાન, ઉષ્ણજળ તૈયાર છે અને સ્નાનાગારમાં પાત્રો મૂકેલ છે....'

જયદેવે પિતાજી સામે જોઈને કહ્યું: 'પિતાજી, આપ પ્રથમ સ્નાન કરી આવો હું પાછળથી જઈશ.'

રામદેવ ઊભા થયા અને અંગલુછણ લઈને સ્નાનાગારમાં ગયા. જયદેવે શીવુને પૂછ્યું: 'શીવુ તું અહીં કેટલા સમયથી દાસપણું કરે છે....?'

'શ્રીમાન, મારો જન્મ જ અહીં થયો હતો. મારા માતાપિતા પણ મહારાજાના સેવક છે....અને અમારું રહેવાનું રાજભવનની પાછળ દાસદાસીઓની રહેવાની જગ્યા છે ત્યાં અમે રહીએ છીએ.'

'સારું....'

'આપ સ્નાન કરીને પાછા વળો તો દુગ્ધપાન કરશો....?'

'ના....અત્યારે એવું કંઈ લેવાની ઇચ્છા નથી.' જયદેવે કહ્યું.

શીવુએ કહ્યું: 'આપને મારું કંઈ પણ કામ હોય તો મુખ્યદ્વાર પાસે છું....આપ બોલાવશો એટલે આવી જઈશ....આપના સ્નાન માટેનું ઉષ્ણજળ સ્નાનાગારમાં મૂકેલું છે....'

'ભલે....તો તું જા....કંઈ કામ હશે તો તને યાદ કરીશ.'

શીવુ ચાલ્યો ગયો.

રામદેવ સ્નાન કરીને પાછો આવ્યો ત્યારબાદ જય-દેવ સ્નાન માટે ગયો.

બન્ને થોડીવારમાં સ્નાનાદિથી નિવૃત્ત થઈને વસ્ત્ર-પરિવર્તન કરીને મહારાજા પાસે જવા વિદાય થયા.

રાજભવનના આરામખંડમાં બંને કલાકારો જુદા જુદા આસન પર બેઠા. એક દાસી જળપાત્ર મૂકી ગઈ. અને કહેતી ગઇ....મહારાજા થોડીવારમાં પધારે છે....'

લગભગ અર્ધ ઘટિકા બાદ મહારાજા શ્રેણિક આરામ ખંડમાં આવ્યા ત્યારે પિતાપુત્ર ઊભા થઈ ગયા અને મહારાજાનો જયનાદ કર્યો.

શ્રેણિક રાજાએ અભિવાદન સ્વીકારતાં કહ્યું: 'આપ બન્ને કુશળ છોને....!'

'હા....મહારાજ, આપની કૃપાથી ક્ષેમકુશળ છીએ ....' જયદેવે કહ્યું.

'કહો....' મહારાજાએ કહ્યું.

'કૃપાળુ, આ મારા પિતાજી રામદેવજી છે તેઓ શ્રેષ્ઠ ચિત્રકાર છે....મેં આપને જણાવેલું કે ચિત્રશાળા તૈયાર કરવામાં તેઓ સર્વશ્રેષ્ઠ છે....' જયદેવે કહ્યું.

'જયદેવ, આપણે ચિત્રશાળાના કાર્યનો આરંભ કરીએ તે પહેલા તેના અમે બેત્રણ સ્થળ વિચારેલા છે. જે આપણા સાથે રહીને નીહાળવા પડશે. આપણી સાથે મહામંત્રીશ્વર અને અન્ય રાજ્ય કર્મચારીઓ હશે....મારે એક વાત ખાસ ભારપૂર્વક કહેવી છે....'

'કહો....' રામદેવે કહ્યું.

'ચિત્રશાળા ઘણી જ ભવ્ય બનવી જોઈએ. એ માટે ગમે તેટલો ખર્ચ આવે તો પણ ચિંતા કરશો નહિ....'

'મહારાજ, જ્યારે ચિત્રશાળાનું નિર્માણ પુર્ણ થશે ત્યારે આપ જ કહેશો કે ચિત્રશાળા ખૂબ જ શ્રેષ્ઠ બની છે....' જયદેવે કહ્યું.

શ્રેણિક રાજા સાથે થોડીવાર વાતચીત કરીને રામદેવ અને જયદેવ પોતાના સ્થાન પર પાછા ફર્યા અને બીજે દિવસે દિવસના પ્રથમ પ્રહર પછી આવવાનું મહારાજાએ જણાવ્યું હતું.

મહારાજાએ એક સેવકને મોકલીને મહામંત્રીશ્વરને દિવસના પ્રથમ પ્રહર પછી આવી જવાની સૂચના કરી.

બીજે દિવસે મહામંત્રીશ્વર પાંચ-છ રાજ્યકર્મચારીઓ સાથે દિવસના પ્રથમ પ્રહર બાદ આવી પહોંચ્યા. ચિત્રકારો પણ આવી ગયા હતા.

શ્રેણિક મહારાજા પણ તૈયાર થઈને ખંડમાં આવ્યા ત્યારે બધા ઊભા થઈ ગયા. મહારાજાનો જયનાદ કર્યો. મહારાજાએ કહ્યું: 'આપણે હવે નીકળીશું....!'

'અમો તૈયાર છીએ....' મહામંત્રીએ વિનમ્ર સ્વરે કહ્યું.

બધા રાજભવનની બહાર નીકળ્યા.

રાજભવનની દક્ષિણે એક જગ્યા પસંદ કરી હતી. આજે સૌ તે તરફ જવા રવાના થયા. આ જગ્યા રાજ-

ભવનની નજીક હતી....સૌ તે જગ્યા પાસે આવી પહોંચ્યા.

મહારાજાએ કલાકારો સામે જોઈને કહ્યું : ' આ એક જગ્યા અમે પસંદ કરી છે....અહીં ચિત્રશાળાનું નિર્માણ કરવામાં આવે તો પરગામના લોકો પણ ચિત્રશાળા નીહાળવા આવી શકે અને રાજભવનથી આ જગ્યા ઘણી નજીક છે....'

' મહારાજ, આ સર્વોત્તમ જગ્યા છે....' મહામંત્રીએ આનંદભર્યા સ્વરે કહ્યું.

' કૃપાળુ, આ જગ્યાએ ચિત્રશાળાનું નિર્માણ કરવામાં જરાય વાંધો નથી જગ્યા શ્રેષ્ઠ છે....મારું તો કહેવું છે કે હવે બીજી બે જગ્યા જોવી પણ નથી....' રામદેવે કહ્યું.

જયદેવે પણ પોતાના પિતાની વાતમાં સાથ પુરાવ્યો. મહારાજા શ્રેણિકને પણ આ જગ્યા ગમી ગયેલી એટલે તરત જ તેઓ સહમત થઈ ગયા. મહામંત્રીએ આનંદભર્યા સ્વરે કહ્યું : ' મહારાજ, સૌ પ્રથમ આ જગ્યાનું ભૂમિપૂજન, વગેરે બીજી શાસ્ત્રોક્ત વિધિ થતી હોય તે કરવાની રહેશે....આ માટે આજે જ રાજપુરોહિતને જણાવવું પડશે.'

' મહામંત્રી, આપની વાત સાચી છે....આપ અને રાજપુરોહિત મારા ભવન પર આવો એટલે ઉત્તમ દિવસ નક્કી કરી લઈએ....'

અને સૌએ વિદાય લીધી.

સંધ્યા બાદ રાજપુરોહિત, મહામંત્રીશ્વર અને બીજા કર્મચારીઓ આવી પહોંચ્યા.

સૌ મંત્રણાગૃહમાં બેઠા.

મહારાજાએ સૌની સામે એક નજર ફેરવીને રાજપુરોહિતને કહ્યું : 'રાજપુરોહિતજી, આપ જાણો છો કે એક ચિત્રશાળાનું નિમાણ કરવાનું છે....આપે તે જગ્યા પણ જોઇ છે હવે આપ તેનો ઉત્તમ દિવસ અને મુહૂર્ત કાઢી આપો....'

'મહારાજ, હું આપને આ અંગે આવતીકાલે જણાવું. નજીકમાં નજીક જે ઉત્તમ દિવસ આવતો હશે તે આપને જણાવીશ.'

મહારાજાએ સંમતિદર્શક મસ્તક હલાવ્યું.

મહામંત્રી અત્યાર સુધી મૌન હતા. તેમણે મહારાજાને પૂછ્યું : 'મહારાજ, જ્યારે દિવસ નક્કી થઈ જાય અને ઉત્તમ મુહૂર્ત મળી જાય ત્યાર પછી ગૃહશિલ્પી પોતાના કાર્યનો આરંભ કરશે....'

'આપની વાત બરાબર છે....'

'ગૃહશિલ્પી સૌ પ્રથમ ચિત્રશાળાનું મુખ્ય દ્વાર બનાવશે અને ત્યારબાદ અંદરનું કાર્ય કરશે....' મહામંત્રીએ કહ્યું.

'મંત્રીશ્વર, આ કાર્યની દેખરેખ માટે પાંચ કર્મચારીની સમિતિ નીમો તો કેમ રહેશે....?' મહારાજાએ પૂછ્યું.

મહામંત્રીએ મહારાજાની વાત સ્વીકારી અને એ માટેની સમિતિની રચના તરત જ કરવામાં આવી. ચિત્ર-શાળાના આયોજનની વિગતવાર ચર્ચા કર્યા બાદ સૌ ઊભા થયા ત્યારે રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થવા જતો હતો. સૌએ વિદાય લીધી.

મહારાજા શ્રેણિકના મુખ પર આજ થાક વરતાતો હતો. તેઓએ વાળુ તો વહેલું કરી લીધું હતું આથી મન પ્રસન્ન કરવા શું કરવું તે વિચારતા હતા ત્યાં લીલાવતી દેવીએ ખંડમાં પ્રવેશ કર્યો: 'સ્વામી, આજ આપના ચહેરા પર શ્રમની રેખા જણાય છે.'

'હા....પ્રિયે, પરંતુ રૂપલતા શું કરે છે....?'

'તે તેની સખીઓ સાથે વાતો કરી રહી છે....આપને કંઈ કામ હોય તો બોલાવું....!'

'ના....પ્રિયે, મન પ્રસન્ન કરવા થોડીવાર વીણાવાદન સાંભળ્યું હોત તો મને આનંદ મળત....'

'ઓહ....હમણાં જ રૂપલતાને વીણા સાથે અહીં બોલાવું છું.' આમ કહીને લીલાવતીદેવીએ એક દાસીને રૂપલતાને અહીં લઈ આવવા કહ્યું.

રૂપલતા આવી અને તેણે નમ્ર સ્વરે કહ્યું: 'મા, આપે મને યાદ કરી....?'

'રૂપ, તું શું કરે છે....?'

'હું મારી સખીઓ સાથે બેઠી છું....'

'તારા પિતાને વીણા સાંભળવાની ઇચ્છા થઈ છે, તો તું એક દાસ મારફત અહીં જ વીણા મંગાવી લે....'

'ભલે....મારી પણ આજે વીણા વગાડવાની ઈચ્છા હતી.' રૂપલતાએ વીણા લેવા એક સેવકને મોકલ્યો.

વીણા લેવા ગયેલો સેવક થોડીવારમાં મહાર્ઘ વીણા લઈને પાછો ફર્યો.

રૂપલતાએ વીણાના તાર મેળવ્યા અને સૌને પ્રસન્ન કરે તેવો 'માલકૌંશ' રાગ રજૂ કર્યો.

ખંડમાં રાણી લીલાવતી, મહારાજા શ્રેણિક અને રૂપલતા જ હતા. માલકૌંશ, મધુર અને મનને પ્રસન્ન કરનારો રાગ છે.

માલકૌંશનો આલાપ રૂપલતાએ ખૂબ જ સ્વસ્થ ચિત્તે વગાડવા માંડ્યો.

મહારાજા શ્રેણિક આલાપ સાંભળીને વારંવાર વાહ-વાહ પોકારી ઉઠતા.

લગભગ એક ઘટિકા સુધી માલકૌંશ રાગની સ્વર લહેરી વાતાવરણમાં ગુંજી....અને રૂપલતાએ માલકૌંશ રાગની પૂર્ણાહુતિ કરી.

મહારાજા શ્રેણિકના ચહેરા પર પ્રસન્નતા જણાતી હતી. ત્રણ ત્રિપદી પર ગોઠવવામાં આવેલી દીપમાલિકાનો પ્રકાશ એકધારી રીતે પ્રકાશી રહ્યો હતો.

રૂપલતા ઊભી થઈ અને માતાપિતાના ચરણમાં નમી પડી. માતાપિતાએ આશીર્વાદ આપ્યા.

શ્રેણિક રાજાએ કહ્યું. 'રૂપલતા, તારું વીણાવાદન

સાંભળીને મારો થાક દૂર થઇ ગયો. મારું ચિત્ત પ્રસન્નતા અનુભવી રહ્યું છે, હવે તું આરામ કર....'

રૂપલતા તરત જ ચાલી ગઈ... વીણા એક સેવક લઈ ગયો અને રૂપલતાના ખંડમાં મૂકી આવ્યો. મહારાજા શ્રેણિક પોતાના શયનખંડ તરફ ગયા અને શૈયા પર સૂઈ ગયા.

બે દિવસ બાદ રાજપુરોહિતે આઠ દિવસ બાદ ઉત્તમ મુહૂર્ત આવે છે તે જણાવ્યું. મહારાજાએ તત્કાળ સમિતિની બેઠક બોલાવી અને તડામાર તૈયારી કરવાની સૂચના આપી.

આઠ દિવસ બાદ....

આજે શ્રેણિક રાજા આનંદમાં હતા. ચિત્રશાળાના ભવનનું નિર્માણ આજથી શરૂ થવાનું હતું. ચિત્રશાળામાં પટ્ટક ચિત્રો મૂકવાના હતા તેનું કાર્ય જયદેવ અને રામદેવે શરૂ કરી દીધું હતું.

રાજપુરોહિતે સવારના પ્રથમ પ્રહર પછીનું મુહૂર્ત કાઢયું હતું. આથી નગરીના શ્રેષ્ઠિઓ, મુખ્ય નાગરિકો અને રાજ્યના મુખ્ય વહીવટકર્તાઓને આ પ્રસંગે નિમંત્રણ અપાયા હતા.

દિવસના પ્રથમ પ્રહર બાદ ત્યાં નગરજનો આવવા લાગ્યા. રાજ્યની વાદ્યમંડળી સુમધુર સ્વરે માંગલિક પ્રસંગને સત્કારી રહી. ચોમેર આનંદ છવાયેલો હતો. મહારાજાધિરાજની રાહ જોવાતી હતી. રાજપુરોહિત આવી ગયા હતા.

રાજભવનમાં શ્રેણિકરાજા અને તેની સાતેય રાણીઓ આ પ્રસંગે આવવા તૈયાર થઇ હતી. રૂપલતા પણ તૈયાર થઈ ગઈ....

સૌ રથમાં બેસીને ચિત્રશાળાની જગ્યા પર પહોંચ્યા. સૌએ મહારાજાધિરાજનો જયનાદ બોલાવ્યો.

શ્રેણિક રાજા રથમાંથી ઉતર્યા અને સામે એક આસન મૂકવામાં આવ્યું હતું ત્યાં બેઠા. રાજપુરોહિતે નમ્ર સ્વરે મહારાજા સામે જોઇને કહ્યું: 'મહારાજ, મુહૂર્તનો સમય થઇ ગયો છે....આપ તૈયાર છોને....!'

'હા....હું અને ચેલ્લાણા તૈયાર છીએ....'

અને થોડીવારમાં ભૂમિપૂજન થયું....

રાજપુરોહિતે લગભગ બે ઘટિકા બાદ વિધિ પૂર્ણ કરી.

મહારાજા પ્રસન્ન હતા.

આજનું આ કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થયું હતું.

રાજપુરોહિતે મહારાજ અને મહાદેવીને આશીર્વાદાત્મક શ્લોક સંભળાવ્યો.

અને હાજર રહેલા સૌએ ફરીવાર શ્રેણિક રાજાનો જયનાદ પોકાર્યો.

ગૃહશિલ્પીઓ તરત જ મહારાજા પાસે આવ્યા અને તેમાં મુખ્ય ગૃહશિલ્પીએ કહ્યું: 'કૃપાળુ, આજથી અમો ચિત્રશાળાના નિર્માણનો પ્રારંભ કરીએ છીએ.... આપના આશીર્વાદ ઇચ્છીએ છીએ....'

મહારાજાએ આશીર્વાદ આપ્યા. ત્યારબાદ તે રાજ-

પુરોહિત પાસે ગયા અને આશીર્વાદ માંગ્યા. રાજપુરોહિતે પ્રસન્ન સ્વરે આશીર્વાદ આપ્યા.

ત્યારબાદ દરેક શ્રેષ્ઠિજનોએ આ પ્રસંગની ઉજવણી નિમિત્તે અને નગરીમાં એક શ્રેષ્ઠ ચિત્રશાળાનું નિર્માણ થાય છે તેની પ્રસંશા કરી. મહારાજાએ સૌના અભિવાદન સ્વીકાર્યા.

અને સમારંભ પૂરો થયેલો જાહેર કરવામાં આવ્યો.

*ગૃહશિલ્પીઓએ આજથી જ પોતાના કાર્યની શરૂ-*આત કરી. સૌ પ્રથમ ચિત્રશાળાના બહારનો દરવાજો *તૈયાર કરવાનું વિચાર્યું અને શુભ આરંભ કર્યો.*

ગૃહશિલ્પીઓએ આખો દિવસ કામ કર્યું, ત્યારે અર્ધો દરવાજો તૈયાર થઈ ગયો અને ગૃહશિલ્પીઓ પોતાના ઘર તરફ પાછા વળ્યા.

બીજે દિવસે કામ આગળ ચલાવ્યું....આમ આઠ દિવસ બાદ દરવાજો તૈયાર થઈ ગયો.

તે દિવસે દિવસના ચોથા પ્રહર બાદ મહારાજા શ્રેણિક અને તેની સાથે રાજ્યનું મંત્રીમંડળ હતું.

મહારાજાએ દરવાજો તૈયાર થયેલો જોઈને આનંદ પામ્યા અને ગૃહશિલ્પીઓને હવે પછીનું કાર્ય ઝડપથી કરવા જણાવ્યું.

ગૃહશિલ્પીઓએ મહારાજાની વાતનો સ્વીકાર કર્યો અને સૌ વિદાય થયા.

બીજે દિવસે જ્યારે ગૃહશિલ્પીઓ દિવસના પ્રથમ

પ્રહરની બીજી ઘટિકાએ આવ્યા ત્યારે તેઓ આશ્ચર્ય પામ્યા...દરવાજો તૂટી પડયો હતો....

આમ કેમ બન્યું તેની કલ્પના ગૃહશિલ્પીઓ કરી શકયા નહિ....

ગૃહશિલ્પીઓએ પોતાનામાંથી એકને મહારાજાની પાસે આ આશ્ચર્યજનક સમાચાર આપવા મોકલ્યો.

જ્યારે ગૃહશિલ્પી રામદેવ રાજભવનમાં પહોંચ્યો ત્યારે મહારાજા શ્રી જિનપૂજા અર્થે ગયા હતા. આથી રામદેવને આરામખંડમાં બેસી રહેવું પડયું.

થોડીવાર બાદ મહારાજા પધાર્યા અને સમાચાર જાણ્યા કે શિલ્પી રામદેવ આપને તાત્કાલિક મળવા માગે છે. શ્રેણિક રાજા આરામખંડમાં આવ્યા. મહારાજને આવતા જોતાં જ રામદેવ ઊભો થઇ ગયો અને મહારાજનો જયનાદ બોલાવ્યો.

'કહે રામદેવ, અત્યારે તારે કેમ આવવું પડયું....?'

'મહારાજ, એક આશ્ચર્યજનક સમાચાર છે....'

'કહે....'

'મહારાજ, ગઈકાલે આપ ચિત્રશાળાનો દરવાજો જોવા આવ્યા હતા પરંતુ આજે તે તૂટી પડયો છે....'

'રામદેવ, તારી વાત માનવામાં આવતી નથી....'

'કૃપાળુ, અમો પણ આ અંગે આશ્ચર્ય અનુભવીએ છીએ....'

'ચાલ, હું તારી સાથે થોડીવારમાં આવું છું....' શ્રેણિક રાજા તરત જ વસ્ત્ર પરિવર્તન માટે ચાલ્યા ગયા.... જતી વખતે મહાપ્રતિહારને કહ્યું: 'તું મારી સાથે આવજે રથ તૈયાર કરવાની સૂચના આપી દે...'

મહાપ્રતિહારે તરત જ મહારાજાના રથિકને સૂચના આપવા એક સેવકને મોકલી આપ્યો.

મહારાજા તરત જ વસ્ત્ર પરિવર્તન કરીને રાજભવનના પ્રાંગણમાં આવી ગયા. રથ તૈયાર ઊભો હતો. રામદેવ તો ચાલ્યો ગયો હતો. મહારાજાની સાથે મહાપ્રતિહારે બેઠક લીધી.

રથ તરત જ ગતિમાન થયો.

રથિકે રથને ચિત્રશાળા તરફ વાળ્યો. અને થોડી પળોમાં રથ નિર્ધારિત સ્થળ પર આવી ગયો. મહારાજાને આશ્ચર્ય થયું. દરવાજો જર્જરિત અવસ્થામાં પડયો હતો.

મહારાજાએ ગૃહશિલ્પીઓને આ અંગે પૂછયું ત્યારે રામદેવે કહ્યું: 'મહારાજ, આપ ગઈકાલે જ અહીં પધાર્યા હતા....અને એક રાતમાં દરવાજો કોઇ તોડી શકે નહિ....આમ કેવી રીતે બન્યું હશે તે અમને હજી સમજાતું નથી...'

મહારાજ વિચારમાં પડયા. તેઓએ આજુબાજુ નજર કરી પરંતુ કંઈ ખાસ ઉલ્લેખનીય લાગ્યું નહિ. આથી મહાપ્રતિહારી સામે જોઈને કહ્યું: 'અત્યારે જ ગુપ્તચર રત્નશેખરને બોલાવો...'

મહાપ્રતિહાર તરત જ નમન કરીને વિદાય થયો.

લગભગ અર્ધ ઘટિકામાં રત્નશેખરને લઈને મહા-પ્રતિહાર આવી પહોંચ્યો. રત્નશેખર તરત જ મહારાજ પાસે આવ્યો. શ્રેણિક રાજાએ કહ્યું : 'રત્નશેખર, અહીં એક આશ્ચર્ય પેદા થયું છે....'

'આશ્ચર્ય....? કૃપાળુ, મને આપની વાત સમજાણી નહિ....'

'સાંભળ, ગઈકાલે હું મારા મંત્રીમંડળ સહિત આવેલો ત્યારે દરવાજો સંપૂર્ણપણે તૈયાર થઈ ગયો હતો. જે ઘણો મજબૂત બનાવવામાં આવ્યો હતો, જ્યારે આજે દરવાજાની જગ્યાએ પથ્થરો પડ્યા છે. આમાં રહસ્ય શું છે તે જાણવા માટે તને બોલાવ્યો છે....'

'મહારાજ, આ અંગે હું તપાસ કરીને બે દિવસમાં જણાવું....'

'ભલે....પરંતુ દરવાજો કરવાનું કાર્ય ચાલુ રાખેને?' શ્રેણિક રાજાએ પ્રશ્ન કર્યો.

'હા....હું મારી તપાસ મારી રીતે કરવાનો છું....' રત્નશેખરે કહ્યું.

શ્રેણિક રાજાએ ગૃહશિલ્પીઓને કામ શરૂ કરવાની સૂચના આપી દીધી.

શ્રેણિક રાજાએ થોડીવાર નિરીક્ષણ કર્યું અને પછી વિદાય લીધી. રત્નશેખરે રામદેવ શિલ્પીને કહ્યું : 'રામ-દેવજી, આપે જે દરવાજો તૈયાર કર્યો તે મજબૂત હતો કે તેનું ચણતર કામ નબળું હતું....?'

'જ્યારે અમોએ કાર્ય શરૂ કર્યું તે પહેલાં જ મહારાજે ખૂબ જ મજબૂત અને શ્રેષ્ઠ કામ કરવાનું કહ્યું હતું અમે પણ એ રીતે જ કામ કર્યું હતું....'

'એક રાતમાં દરવાજો તૂટી જાય તે અંગે તમે શું માનો છો....?'

'રત્નશેખરજી, આપનો સવાલ ઘણો જ ઉત્તમ છે. અમોએ જે દરવાજો તૈયાર કર્યો હતો તે એક જ રાતમાં કોઇ તોડી શકે તેમ હું માનતો નથી....' રામદેવે કહ્યું.

'તો આ દરવાજો તૂટવા પાછળ એવું કયું રહસ્ય છુપાયું છે?'

'રત્નશેખરજી, એ અમને શી રીતે ખબર પડે....?'

અને રામદેવને જવાની રજા આપી.

રત્નશેખરે દરેકને પ્રશ્નો પૂછ્યા હતા. પરંતુ કોઇ પાસેથી સંતોષકારક ઉત્તર મળ્યો નહોતો.

રત્નશેખર માટે આ પ્રશ્ન એક કોયડા સમાન થઈ પડ્યો. તેણે આજુબાજુ તપાસ આદરી પરંતુ કંઇ શંકા-જનક વસ્તુ પ્રાપ્ત ન થઈ....!

લગભગ છ ઘટિકા સુધી દરવાજાનું રહસ્ય ઉકેલવા મથામણ કરી, પરંતુ રત્નશેખર કશું શોધી શક્યો નહિ. અને આવતીકાલ પણ આ પ્રશ્નની વિશેષ તપાસ કરવી તેમ માનીને પોતાના ભવન પર વિદાય થયો.

રામદેવે અને તેના ગૃહશિલ્પી સાથીઓએ મહા-રાજની આજ્ઞા લઇને ચિત્રશાળાનું ભવન તૈયાર કરવાની આજ્ઞા મેળવી લીધી હતી આથી અમુક ગૃહશિલ્પીઓ તે કાર્યમાં જોડાઇ ગયા હતા....

રત્નશેખરે બે દિવસને બદલે ચાર દિવસ કોકડું ઉકેલવા પ્રયત્ન કર્યો પરંતુ તેમાં તેને સફળતા ન મળી.... મહારાજા શ્રેણિકે રત્નશેખરને પૂછ્યું: ' કોઇ જાણવા જેવી વિગતો પ્રાપ્ત થઈ.... ? '

' મહારાજ, જ્યાં કડી જ પ્રાપ્ત થતી નથી ત્યાં વિગત પ્રાપ્ત ક્યાંથી થાય....? આ પ્રશ્ન ઘણો જ ગૂંચવાડા-ભર્યો છે.'

અને તપાસ અટકી ગઈ....

બીજીવાર દરવાજો તૈયાર થઈ ગયો. આ વખતે શ્રેણિક રાજા અને રત્નશેખર બંને જોવા ગયા હતા. શ્રેણિક રાજાએ હસતાં હસતાં કહ્યું : ' આવતીકાલે દરવાજો જોવા ન મળે માટે તારે સજાગ રહેવાની જરૂર છે.... '

'ના....મહારાજ, આવું હરહંમેશ બનતું નથી....' રત્નશેખરે કહ્યું.

અને મહારાજા અને રત્નશેખરના આશ્ચર્ય વચ્ચે બીજે દિવસે દરવાજો પહેલાની જેમ તૂટેલી હાલતમાં

પડયો હતો. રત્નશેખર નવાઈ પામી ગયો. મહામંત્રી પણ નવાઈ પામ્યા.

આમ સાત વાર દરવાજા તૈયાર થયા ને તૂટી પડયા. છતાં રત્નશેખર તેનું રહસ્ય ઉકેલી શકયો નહિ. આજે આ અંગે મંત્રણાગૃહમાં મંત્રીમંડળને બોલાવવામાં આવ્યું હતું. મહામંત્રીશ્વર, રત્નશેખર, રામદેવ, જયદેવ, રામદાસ વગેરે અનેક આવવાના હતા.

મંત્રણાગૃહમાં જેઓને બોલાવવામાં આવ્યા હતા તે આવીને આસન પર બેસી ગયા હતા. મહારાજાની રાહ જોવાતી હતી. ત્યાં જ મહાપ્રતિહારે મંત્રણાગૃહમાં જઈને કહ્યું : 'મહારાજાધિરાજ પધારે છે....'

સૌ પોતપોતાના આસન પરથી ઊભા થઈ ગયા અને સૌએ મહારાજાધિરાજનો જયનાદ બોલાવ્યો.

શ્રેણિક રાજાએ મંત્રણાગૃહમાં આવીને સિંહાસન પર બેઠક લીધી અને કહ્યું : 'મહામંત્રીશ્વર, આપ જ કહો....'

મહામંત્રીએ વિગત આપતાં કહ્યું : 'આપ સૌ જાણો છો કે આપણી નગરીમાં ચિત્રશાળાનું નિર્માણ થઈ રહ્યું છે. અને તે માટેની કાર્યવાહી ઘણા દિવસોથી ચાલી રહી છે. પરંતુ સાત સાત વાર દરવાજાનું ચણતર કામ થયું છતાં દરવાજો ટકતો નથી. આ એક રહસ્યમય બાબત બની ગઈ છે....આ અંગે આપણા કુશળ ગુપ્ત-ચર રત્નશેખરે રહસ્ય ઉકેલવાની જવાબદારી લીધી

પરંતુ તેમાં કંઈ સફળતા મળી નથી....આજે સારીય નગરીમાં આ દરવાજાની વાતો થાય છે લોકો ખાસ જોવા આવે છે....આ કૌતુક છે કે શું છે તે આપણે સૌએ સાથે બેસીને વિચારવાનું છે....'

મંત્રીમંડળનો એક મંત્રી ઊભો થયો અને તેણે વિનમ્ર સ્વરે કહ્યું : 'મહામંત્રીશ્વર, જો આપ આજ્ઞા આપો તો કશુંક જણાવવાની મારી ભાવના છે....'

'તમારે જે કહેવું હોય તે વિના સંકોચે જણાવો....'

'મહામંત્રીશ્વર, કોઈ સારા નિમિત્તકને બોલાવીને આ અંગે પૂછયું હોય તો....!'

'આ માટે વૃદ્ધ નિમિત્તજ્ઞ દેવદાસજીને બોલાવ્યા છે. તેઓ એક–બે દિવસમાં આવી જશે....'

રત્નશેખરે કહ્યું : 'મંત્રીશ્વર, આમાં કોઈ પાપી આત્મા આ શુભ કાર્યમાં અડચણ ઊભી કરતો હોય તેવું પણ બને....!'

'હા....રત્નશેખરજી, જો એ પ્રમાણે હોય તો તેનો ઉકેલ શું હોઈ શકે....?'

આમ એક ઘટિકા સુધી આ પ્રશ્નની ચર્ચા થઈ અને નિમિત્તજ્ઞ આવ્યા બાદ આગળ શું કરવું તેનો નિર્ણય પાછળથી લેવો તેમ નક્કી થયું.

સૌ વિખરાયા.

ચાર દિવસ બાદ વૃદ્ધ નિમિત્તજ્ઞ દેવદાસજી રાજગૃહી આવી ગયા. મહારાજાએ તેમનું ભાવભર્યું સ્વાગત કર્યું

અને તેજ દિવસે જ્યાં ચિત્રશાળા તૈયાર કરવામાં આવતી હતી તે સ્થળ પર ગયા ત્યારે ચિત્રશાળાનું ભવન તૈયાર થવાને વાર હતી પરંતુ તેનું દ્વાર ટકતું નહોતું.

વૃદ્ધ નિમિત્તજ્ઞ દેવદાસજી, મહારાજા, મહામંત્રીશ્વર, અન્યમાં રાજજ્યોતિષી, રાજપુરોહિત, મંત્રીમંડળના અમુક મંત્રીઓ વગેરે આવ્યા હતા.

મહારાજા શ્રેણિકે કહ્યું: 'દેવદાસજી, આપ જુઓ છો કે ચિત્રશાળાનું ભવન તૈયાર થવા આવ્યું છે. પરંતુ તેનું મુખ્ય દ્વાર રહેતું નથી. આપ આ અંગે કંઈક પ્રકાશ પાડો....'

'મહારાજ, હું આપને સ્પષ્ટ વાત કરીશ....' આમ કહીને દેવદાસજીએ અંક મૂકયા અને થોડીવાર વિચાર-મગ્ન બન્યા....લગભગ અર્ધ ઘટિકા બાદ પૂર્ણ વિચાર કરીને બરાબર ગણતરી કરીને મહારાજ સામે જોઈને કહ્યું: 'મહારાજ, આ દરવાજો થઈ શકશે નહિ....'

'ઓહ....આપ શું કરી રહ્યા છો....?' શ્રેણિકરાજાએ કહ્યું.

'હા....મહારાજ, આ ભૂમિપરનો દુષ્ટ દેવ ભોગ માંગી રહ્યો હોય તેમ બની શકે....આ સિવાય તો કોઈ બીજું કારણ હોઈ શકે નહિ....આપ ચિત્રશાળાનું સ્થળ બદલાવી લો તો સારું....'

'પરંતુ ચિત્રશાળાનું ભવન તૈયાર થઈ ગયું છે. આપ તો જુઓ છો કે ભવનનું કલાત્મક કાર્ય ખૂબ જ સુંદર રીતે કરવામાં આવી રહ્યું છે, જો બીજા સ્થળે ફેરવીશું તો આવું કાર્ય થશે કે કેમ તે એક પ્રશ્ન છે....!'

'મહારાજ, આ સિવાય બીજો કોઈ ઉપાય નથી....' દેવદાસજીએ કહ્યું.

મહામંત્રીએ કહ્યું : 'દેવદાસજી, અમે અહીં ભૂમિ-પૂજન કર્યું હતું ત્યારે તો કશી અડચણ આવી નહોતી....'

'મહામંત્રીશ્વર, એ સમયે હેરાન તો કરી શકે છે પરંતુ ત્યારે તે દેવ શાંત કેમ બેસી રહ્યો હશે તે પણ વિચારવા જેવું ખરું....'

'દેવદાસજી, આ અંગેનો આપ કોઈ ઉપાય જણાવો....' મહારાજે કહ્યું.

'મહારાજ, ઉપાય એક જ છે....અને મને ખાતરી છે કે આપનું હૃદય એ ઉપાય સ્વીકારતા હિચકિચાટ અનુભવશે.'

'ના....એવું કંઈક થશે નહિ....પરંતુ જે કાર્ય હાથમાં લીધું છે જેની પાછળ લાખો સોનૈયા ખર્ચાઈ રહ્યા છે તે કાર્ય પૂરું કરવાની મારી ફરજ છે. આપ વિના સંકોચે જણાવો....'

'મહારાજ, જો આપને દરવાજો કરવો હશે તો અહીં બત્રીશ લક્ષણા બાળનું રૂધિર રેડવું પડશે અને તે પણ ક્રિયાની સાથે....' દેવદાસજીએ જણાવ્યું.

મહારાજ વિચારમાં પડી ગયા. મહામંત્રીશ્વર પણ આ ઉપાય સાંભળીને ઘડીભર આશ્ચર્ય સાથે ચિંતામગ્ન બની ગયા.

મહામંત્રીએ તરત જ પૂછ્યું : 'દેવદાસજી, આ સિવાય કશો ઉપાય નથી....?'

'ના....મંત્રીશ્વર, આ એક જ ઉપાય છે....જો તમે સ્થળ બદલાવો તો તે બીજો ઉપાય ગણાય.

અને તેજ દિવસે દિવસના ચોથા પ્રહરની પ્રથમ ઘટિકાએ મહારાજાએ તાકીદની બેઠક બોલાવી. શ્રેણિક મહારાજા ચિંતાતુર બન્યા હતા. જૈનધર્મી હતા એટલે દેવદાસજીની વાત ખુંચતી હતી....અને આવી ક્રિયાઓમાં સહકાર આપવો કે ન આપવો તે વિચારી શકતા નહોતા. જ્યારે તેઓ રાજભવનમાં પહોંચ્યા ત્યારે લીલાવતી રાણીએ સ્વાગત કર્યું અને જોયું તો સ્વામી થાકેલા જણાતા હતા. મુખપર ચિંતા દેખાતી હતી.

લીલાવતીદેવીએ પૂછ્યું : 'સ્વામી, સ્વસ્થ છોને....?'

'હા....' શ્રેણિક રાજાએ ટુંકમાં ઉત્તર આપ્યો 'આપનો ચહેરો ઉદાસભર્યો દેખાય છે....આપ ચિંતાતુર છો....'

'હા....દેવી, આજે દેવદાસજી નિમિત્તકે એવી વાત કરી છે કે....'

'શી વાત કરી છે....?' રાણીએ પૂછ્યું.

'દેવી, ચાલ આપણે શયનખંડમાં જઈએ અને ત્યાં આ અંગે નિરાંતે વાતો કરીએ....મારે તારું માર્ગદર્શન લેવું છે....મારે શું કરવું જોઈએ તે તું તટસ્થપણે જણાવજે.'

મહારાજા અને લીલાવતીદેવી શયનખંડ તરફ ગયા.

બન્ને જુદા જુદા આસન પર બેઠા. શ્રેણિક રાજાએ વિગતવાર વાત કરતાં કહ્યું: 'દેવી, આજે દેવદાસજીએ જણાવ્યું કે તે જગ્યા પર કોઈ દુષ્ટદેવ આપના કાર્યમાં વિક્ષેપ નાંખી રહ્યો છે અને તેને ભોગ ધરાશે તો જ તમારું કાર્ય પૂર્ણ કરવા દેશે, તેમાં સૌ પ્રથમ ઉપાય એ બતાવ્યો કે આ સ્થળ જ બદલી લો....'

'સ્થળ બદલવાની વાત કરી....?'

'હા....ત્યારે મેં પણ કહ્યું કે અહીં લાખો સોનૈયા ખર્ચાઇ રહ્યા છે....હવે સ્થળ બદલી શકાશે નહિ....એ સિવાયનો બીજો કોઈ ઉપાય હોય તો જણાવો....'

'ત્યારે નિમિત્તકજીએ શું કહ્યું ?'

'અને જે બીજો ઉપાય સુચવ્યો તે તને કહી સંભળાવું તે પહેલા એક વાત કરવાની છે કે તું ખૂબ જ વિચારીને ઉત્તર આપજે....'

'મહારાજ, હું આપને યોગ્ય ઉત્તર જ આપીશ....' લીલાવતીદેવીએ કહ્યું.

'બીજા ઉપાયમાં બત્રીશ લક્ષણા બાળનો ભોગ તે જગ્યા પર ધરવાની વાત કરી....'

'ઓહ....એક નાના બાળનો ભોગ !' રાણી લીલાવતી આ સાંભળીને આશ્ચર્ય પામી ગઈ.

'હા....દેવી, હવે તું જ બતાવ, મારે શું કરવું....?

એક બાજુ પ્રજાના લાખો સોનૈયા ખર્ચાઈ ગયા છે, સ્થળ તો કેમ બદલાય....?

'સ્વામી, મહામંત્રીશ્વરે શું કહ્યું....?

'લીલા, આ માટે અમે ચોથા પ્રહરની પ્રથમ ઘટિકાએ બેસવાના છીએ અને સૌને આ અંગે પૂછવામાં આવશે ત્યારબાદ છેવટનો નિર્ણય મારે જ લેવો પડશે...'

'મહારાજ, એ પણ ખરું છે ને કે બત્રીશ લક્ષણો બાળ પણ કયાંથી મળવાનો હતો....? કઈ માતા પોતાના આવા ઉત્તમ બાળકને ભોગમાં ધરી દે....'

'દેવી, એ તો આપણે સોનામહોર આપીએ એટલે બાળક પ્રાપ્ત થઈ જાય....'

'સ્વામી, આપ પુરૂષ છો....માતાનું હૈયું આપ પીછાણુતા નથી જો તમારી વાત સાચી પડે તો તે તેની માતા જ ન હોય....પરંતુ કોઈ કુલટા જ હોય....'

દેવી, આ સંસારમાં પણ એવી માતાઓ પણ હોય છે કે જેને હૈયું હોતું જ નથી....'

'આપની વાત હું માનતી નથી....' લીલાવતીએ કહ્યું.

'લતા શું કરે છે....? આજ સવારથી દેખાણી જ નથી....તેની તબિયત તો સ્વસ્થ છે ને....?'

'હા....એ જયારે આપના ખંડમાં આપને વંદન કરવા આવી ત્યારે આપ બહાર ચાલ્યા ગયા હતા. અત્યારે તે તેની સખીઓ સાથે બેઠી હશે....'

'સારું....'

ત્યાં જ એક સેવક આવ્યો અને કહ્યું : ‘ મહારાજ અને રાણીમાને ભોજનગૃહમાં રૂપલતા રાજકુમારીજી યાદ કરી રહ્યા છે....આપ પધારો છો....?’

‘ હા....અમે આવીએ છીએ....ત્યાં અમારા ભોજનની વ્યવસ્થા કર....’ મહારાજાએ કહ્યું.

‘ જેવી આજ્ઞા મહારાજ....’ સેવક નમન કરીને ચાલ્યો ગયો.

થોડીવાર બાદ શ્રેણિકરાજા અને લીલાવતીદેવી ભોજનગૃહમાં આવ્યા. મહારાજાની બીજી છયે રાણીઓ આવી ગઈ હતી. સાતેય રાણીઓને સંપ સારો હતો. રૂપલતાએ ઊભા થઈને મહારાજાને વંદન કર્યા ‘ મહારાજાએ કહ્યું : ‘ મેં હમણાં જ તારા સમાચાર પૂછ્યા હતા....’

‘ આજ હું આપના ખંડમાં આવી હતી ત્યારે આપ બહાર ચાલ્યા ગયા હતા. મેં આ અંગે માને પૂછ્યું તો કહ્યું કે ચિત્રશાળા તરફ ગયા છે....’

અને થોડીવારમાં શ્રેણિક રાજા સામે થાળ જે સુવર્ણજડિત હતો તે મૂકાયો અને વિવિધ વાનગીઓ પીરસવામાં આવી....સાતેય રાણીઓ ભાવભરી રીતે પીરસતી હતી.

થોડીવારમાં શ્રેણિક રાજા જમી પરવાર્યા....તેઓએ હાથમુખ સ્વચ્છ કર્યા....એક સેવકે મુખવાસનો થાળ સામે ધર્યો. મહારાજાએ મુખવાસ ધારણ કર્યો.

મહારાજા તરત જ પોતાના ખંડ તરફ ગયા. ત્યારબાદ સાતેય રાણીઓ અને રૂપલતા ભોજન અર્થે બેસી ગયા.

ભોજન કર્યા બાદ મહારાજ એક ઘટિકા પર્યંત આરામ કરતા હતા.

દિવસના ચોથા પ્રહરે જ મહામંત્રી આવી ગયા અને સીધા મંત્રણાગૃહમાં ગયા મંત્રણાગૃહમાં જતી વેળાએ એક સેવકને પોતાના આગમનના સમાચાર મહારાજને જણાવવા કહ્યું.

સેવક તરત જ મહામંત્રીના આગમનના સમાચાર આપવા ચાલ્યો ગયો. હજી કોઇ આવ્યું નહોતું. મહામંત્રી મહાપ્રતિહાર સાથે વાત કરી રહ્યા હતા. ત્યાં સેવક આવ્યો અને મહામંત્રીશ્વર સામે જોઇને કહ્યું : 'મંત્રીશ્વર, મહારાજ અર્ધ ઘટિકામાં અહીં પધારશે....આપ શું લેશો....?'

'અત્યારે કશું જ નહિ....મહામંત્રીએ કહ્યું.

સેવક નમન કરીને ચાલ્યો ગયો.

લગભગ અર્ધ ઘટિકા બાદ મહારાજા મંત્રણાગૃહમાં આવ્યા ત્યારે જેઓને બોલાવવામાં આવ્યા હતા તે સર્વ આવી ગયા હતા.

દ્વાર પાસે ઊભેલા મહાપ્રતિહાર સામે જોઇને મહારાજે કહ્યું : 'અંદર મારી રજા સિવાય કોઈને પ્રવેશ આપતો નહિ....'

'જેવી આપની આજ્ઞા....' આમ કહીને મહાપ્રતિહારે મસ્તક ઝુકાવ્યું. મહાપ્રતિહારે તલવાર ખુલ્લી કરી

મહારાજ મંત્રણાગૃહમાં ગયા ત્યારે દ્વાર અટકાવી દેવામાં આવ્યું. મહારાજનો જયનાદ કરવામાં આવ્યો, મહારાજ શ્રેણિકે એક આસન ગ્રહણ કર્યું. અને વાતનો આરંભ કરતાં કહ્યું: 'આપ સૌ જાણો છો કે ચિત્રશાળા તૈયાર થઈ રહી છે....અને એક મુખ્ય દ્વાર માટે કોઈ મુશ્કેલી વારંવાર આવ્યા કરે છે. નિમિત્તજ્ઞ દેવદાસજીની વાત આપણે જાણી અને તેમણે જે ઉપાય જણાવ્યો તે અંગે આપણે શું કરવું જોઈએ તે આપણે વિચારવાનું છે...'

રાજપુરોહિતે કહ્યું: 'મહારાજ, સૌ પ્રથમ મારા વિચારો સૌની સમક્ષ જણાવવાની ભાવના છે....'

'જણાવો....વિના સંકોચે આપને જે કંઇ કહેવું હોય તે કહી શકશો....' શ્રેણિક રાજાએ કહ્યું.

'આજે દેવદાસજીએ આપણી સમક્ષ એક જ ઉપાય જણાવ્યો છે તે બત્રીશ લક્ષણા બાળનો ભોગ ધરવાનું....અને બીજો ઉપાય તે સ્થળ ફેરવી લેવાનું.... આ અંગે મેં ખૂબ વિચાર કર્યો તો હું બંને ઉપાય પર મારા વિચારો આપને જણાવીશ....દેવદાસજીએ જે સ્થળ પરિવર્તન કરવાની વાત કરી તે પ્રમાણે કરીએ તો અહીં જે ખર્ચ થયો છે તે બધો ખર્ચ બરબાદ થઈ જાય અને આ જગ્યાએ ચિત્રશાળાનું ભવન પણ ખૂબ જ કલાત્મક રીતે સર્જાઇ રહ્યું છે....આથી મારા મત પ્રમાણે આ ઉપાય યોગ્ય નથી જ્યારે બીજો ઉપાય તે બત્રીશ લક્ષણા બાળકનો ભોગ ધરવો....આ કાર્ય કંઈ હીનકક્ષાનું મનાતું નથી...જ્યારે કોઈ શુભકાર્ય થતું હોય ત્યારે કોઈ ને કોઇ

પ્રકારનો દોષ લાગતો નથી....અને આજે પણ દરેક જગ્યાએ શુભકાર્ય અર્થે યજ્ઞો થાય છે હવન થાય છે....ભોગો ધરાય છે.... આથી આપણા પ્રશ્નનું નિરાકરણ આવતું હોય તો આ ઉપાય મને યોગ્ય લાગે છે....'

થોડીવાર સૌ મૌન થઈ ગયા. મહાસેનાપતિએ કંઇક કહેવાની મહારાજની આજ્ઞા માગી ત્યારબાદ કહ્યું : ' રાજ-પુરોહિતજીના વિચારો મને યોગ્ય લાગ્યા છે પરંતુ પ્રશ્ન એ થશે કે બત્રીશ લક્ષણો બાળ કેવી રીતે પ્રાપ્ત થશે....?'

મહામંત્રી અને મહારાજા સર્વની વાત સાંભળતા હતા. મહાસેનાપતિ બાદ બીજા પાંચ–છ મંત્રીઓએ પોતાના વિચારો પ્રગટ કર્યા હતા. અને લગભગ બધા વિચારોમાં રાજપુરોહિતના વિચારોનું સમર્થન હતું.

મહામંત્રી ઊભા થયા અને કહ્યું : ' ચિત્રશાળાના દ્વારનો પ્રશ્ન મૂંઝવણભર્યો બન્યો છે નિમિત્તજ્ઞે જે ઉપાયો સૂચવ્યા તે બન્ને મારી દૃષ્ટિએ યોગ્ય લાગ્યા નથી. તેમાં બાળહત્યા થવાની હોય....રૂધિર રેડાતું હોય....એ ચિત્ર-શાળા નીહાળવા આવનારાઓ એ દરવાજેથી જ આવશે ત્યારે એ બાળનું રૂધિર બોલી ઉઠશે....ના....ના આમ ન થવા દેવાય....'

એક મંત્રી તરત જ ઊભા થયા અને કહ્યું : ' મહા-મંત્રીશ્વર, આપ લાગણીવશ બન્યા છો એટલે આપ આ પ્રમાણે વિચારો છો...'

' ના....હું લાગણીવશ નથી બન્યો, પરંતુ એક બાળ-

હત્યા થાય તે મારાથી જોઈ શકાય નહિ અને તેમાં મારી સંમતિ પણ ન હોય....' મહામંત્રી મૌન થઇ ગયા.

મહારાજાએ બધા સામે દષ્ટિ કરીને કહ્યું : 'મેં પણ આજે આ પ્રશ્ન અંગે વિચાર કર્યો હતો. રાજપુરોહિતજીની વાત વ્યાજબી લાગે છે, તેજ પ્રમાણે મહામંત્રીશ્વરની વાત પણ એટલી જ યોગ્ય લાગે છે. ચિત્રશાળા પાછળ ઘણો ખર્ચ કરવામાં આવ્યો છે....આપણી ઇચ્છા ચિત્રશાળા ભવ્ય બનાવવાની હતી એટલે ખર્ચ કરવામાં કશી કસર રાખી નહોતી....આપણી સામે ફક્ત ચિત્રશાળાના મુખ્ય દ્વારનો જ પ્રશ્ન છે અને તે માટે જ સ્થળ પરિવર્તન કરવું તે યોગ્ય લાગતું નથી....'

'મહારાજ રાજપુરોહિતજીનો નિર્ણય યોગ્ય છે.... આપ સ્વીકારી લો....'

'મહારાજ કંઈ કહે તે પહેલાં જ મહારાજ, શ્રેણિકનો જયનાદ બોલાવ્યો અને શ્રેણિક રાજાએ કચવાતા મને આ નિર્ણય સ્વીકાર્યો.

ત્યારબાદ એક મંત્રીએ કહ્યું : 'મહારાજ, આ અંગેનો ઢંઢેરો નગરીમાં ફેરવીશું અને જેની માતાને બત્રીશ લક્ષણો પુત્ર હોય તેને તેના વજન પ્રમાણે સૌનેયા આપવામાં આવશે તેવી જાહેરાત કરીશું....'

મહારાજ તે મંત્રીની વાતમાં સહમત થયા. અને અર્ધ ઘટિકા બાદ મંત્રણા પૂરી થઈ....

બીજે દિવસે મંત્રીએ આવીને મહારાજ સમક્ષ ઢંઢેરાની વિગત આપી અને જાહેરાત માટે આજ્ઞા માંગી મહારાજાએ આજ્ઞા આપી....

તે જ દિવસે સાતેય રાણીઓ ભેગી થઈ અને મહારાજાને પૂછ્યું : 'આપે બત્રીશ લક્ષણાબાળનો ભોગ ધરવાનું નક્કી કર્યું તે આપે નિર્ણય લીધો હતો....?'

'દેવી, ચિત્રશાળા પાછળ ધાર્યા કરતાં ઘણો ખર્ચ થઈ ગયો છે નિર્ણય સર્વ લોકોએ લીધો છે પરંતુ મેં સંમતિ આપી છે....'

અને તેજ દિવસે રાજગૃહી નગરીમાં ઢંઢેરો પીટાવવામાં આવ્યો : 'એ સાંભળજો રે સાદ....આ રાજગૃહી નગરીના મહારાજાધિરાજ રાજેશ્વર શ્રી શ્રેણિક રાજાની આજ્ઞા અનુસાર આ સાદ સંભળાવવામાં આવે છે....'

આટલું કહ્યું ત્યાંતો બજારમાં અનેક લોકો ભેગા થઈ ગયા....જ્યારે રાજ તરફથી ઢંઢેરો હોય ત્યારે તેની અગત્યતા ખૂબ જ રહેતી....

આગળ બોલતાં જણાવ્યું : 'આપણી નગરીમાં રાજભવનની દક્ષિણે એક ચિત્રશાળાનું નિર્માણ થઈ રહ્યું છે. જેમાં શ્રેષ્ઠ ચિત્રો અને કલાત્મક શિલ્પો મૂકવામાં આવનાર છે....આજ આ ચિત્રશાળા પૂર્ણ થવાની તૈયારીમાં છે પરંતુ આ કાર્યમાં એક વિઘ્ન શરૂઆતથી નડ્યા કરે છે, વારંવાર ચિત્રશાળાનો મુખ્ય દ્વાર પડી જાય છે. શા કારણે આમ બનતું તે સમજાતું નહોતું. આથી ચિત્રશાળાનું કાર્ય અધુરૂં રહેતું. આથી મહારાજાએ અને રાજ્યના મંત્રીઓએ આ વિઘ્ન દૂર કરવા મંત્રણાઓ કરી અને પરગામથી નિમિતજ્ઞને બોલાવ્યા....'

'નિમિત્તજ્ઞે શું કહ્યું....?' શ્રોતાજનોમાંથી એક બોલી ઊઠયો.

'સાંભળો....હું આપને પૂરી વિગત આપવાનો છું. નિમીત્તજ્ઞે અહીં આવીને જણાવ્યું કે આ સ્થળ બદલવું પડશે અથવા બત્રીશ લક્ષણો પુત્રનો ભોગ ધરવો પડશે.... આ વાત સાંભળીને ફરીને મંત્રણા કરવામાં આવી અને ચિત્રશાળા પાછળ અત્યારે લાખો સોના મહોરો ખર્ચાઈ ગઈ છે આથી સ્થળ બદલી શકાય તેમ નથી....આમ સૌએ બીજો ઉપાય માન્ય રાખ્યો....જે કોઈ પોતાનો બત્રીશ લક્ષણો બાળ આ કાર્યમાં આપશે તેને રાજા તરફથી બત્રીશ લક્ષણો બાળનાં ભારોભાર સોનામહોર આપવામાં આવશે...થોડીવાર સુધી તો આ બાબતની ચર્ચા થવા માંડી....

એ દિવસમાં સમગ્ર નગરીમાં બત્રીશ લક્ષણા બાળાની જ વાતો થવા લાગી.

ઋષભદત્ત પણ એક જગ્યાએ ઊભા રહીને આ વાત સાંભળી અને જ્યારે ભારોભાર સોનામહોર મળશે તે સાંભળીને આનંદ પામ્યો.

ઋષભદત્ત આ સાંભળીને તરત જ પોતાના ઘર તરફ વળ્યો અને પોતાની પત્નીને કહ્યું : 'આપણા પુત્રો ક્યાં છે....?'

'ગોવિંદ ક્યાં છે તેની ખબર નથી....બીજા બે રમવા ગયા છે. અમર ક્યાં જાય છે શું કરે છે તેનું ધ્યાન હું રાખતી નથી....'

'ભદ્રા, આજ કાલ નગરીમાં ઢંઢેરો પીટાય છે કે કોઈ પોતાનો એક બાળક આપે તેના વજન પ્રમાણે મહારાજા સોનામહોર આપશે....'

ભદ્રા આનંદમાં આવી ગઈ તેણે કહ્યું : 'આપ આ સાચું કહો છો ? આપની વાત માનવામાં આવતી નથી....'

'દેવી, હું સત્ય કહું છું....મને વિચાર થયો કે આપણે ચાર સંતાનો છે અને જ્યાં આપણું પૂરું થતું નથી તો....'

'હું સમજી ગઈ આપ જાણો છો કે અમર મને દીઠો ગમતો નથી....એ મારાથી દૂર થાય તો જ મારા મનને શાંતિ વળશે. આપ આજે જ રાજાજી પાસે જાઓ.... નહિંતો બીજા કોઈ પહોંચી જશે તો આપણે રહી જઈશું....'

ઋષભદત્તે કહ્યું : 'ભદ્રા, તું અમરને આ વાત કરતી નહિ....'

'ના....હું અમરને કંઈ પણ નહિં જણાવું....'

'હું મહારાજ પાસે જઈને આ વાત નક્કી કરી આવું છું....' ઋષભદત્તે કહ્યું.

'હા....આપ અત્યારે જ જાઓ....આવા કાર્યમાં ઢીલ કરવી સારી નહિ....'

ઋષભદત્ત તરત જ મહારાજાધિરાજ શ્રેણિક રાજા પાસે જવા નીકળ્યો. ત્યારે દિવસનો પ્રથમ પ્રહર પૂરો થયો હતો.

રાજભવનના દ્વારરક્ષકે ઋષભદત્તને રોકયો અને કહ્યું : 'આપને શું કામ છે....? કોને મળવું છે....?'

'રક્ષકજી મારે રાજાજીનું કામ છે....હમણાં નગરીમાં રોજ ઢંઢેરો પીટાવવામાં આવે છે તે અંગેની વાત કરવા માટે આવ્યો છું....'

'અહીં ઊભા રહો....' રક્ષકે એક સેવકને મહારાજાને આ સમાચાર આપવા મોકલ્યો.

ઋષભદત્ત શાંતભાવે સેવકના આવવાની રાહ જોઈને ઊભો રહ્યો. અંતરમાં આનંદ હતો. ઉલ્હાસ હતો....

માનવીનું મન લક્ષ્મી આવવાની હોય ત્યારે આનંદિત બની જાય છે. જ્યારે લક્ષ્મી ચાલી જાય છે. ત્યારે તેને જીવન જીવવા જેવું લાગતું નથી....ત્યારે સહનશીલતા રહેતી નથી...લક્ષ્મી ચંચળ છે તે ક્યાંય સ્થિર બનીને રહેતી નથી....તે સત્ય સૌ સમજે છે છતાં માનવી આ ભૌતિક સુખને મેળવવા દોડ્યો જ જાય છે....એને થાક લાગતો જ નથી....

ઋષભદત્તના અંતરમાં અત્યારે મોટી ધનસંપત્તિ આવી રહી છે તેવી ભાવના દોડી રહી છે....રક્ષકે જે સેવકને મહારાજા પાસે મોકલ્યો તે આવે તે પહેલાં જ ઋષભદત્તે પાંચ વાર સેવક ક્યારે આવશે એવા પ્રશ્નો કરી લીધા.... જ્યારે મન ઉદ્વેગમાં હોય ત્યારે તે ક્યારેય સ્થિર રહેતું નથી.

થોડીવારે સેવક આવ્યો અને ઋષભદત્તને અંદર આવવા જણાવ્યું ....ઋષભદત્ત રક્ષક સામે જોઈને હસ્યો અને સેવકની સાથે ચાલ્યો. રક્ષક તો ઋષભદત્તની વિચિત્ર

વર્ણુકથી નવાઈ પામ્યો હતો પરંતુ તેને કયાં ખબર હતી કે આ બ્રાહ્મણુનો જીવ લક્ષ્મીમાં ચોટયો છે....

સેવક ઋષભદત્તને રાજભવનના અતિથિખંડમાં લઈ ગયો અને કહ્યું: 'મહારાજા હમણાં પધારશે....'

સેવક આટલું કહીને ચાલ્યો ગયો.

ઋષભદત્ત આસન પર ન બેસતાં ભોંયતળિયા પર સંકોચાઈને બેસી ગયો. તેણે કદી રાજભવન નિહાળ્યું નહોતું એટલે રાજભવનની ભવ્યતા જોઇને જ તે આભો બની ગયો. તેણે મનોમન ગણુતરી કરવા માંડી કે મારી પાસે લક્ષ્મી આવશે એટલે આ પ્રમાણે જ ભવ્ય કલાત્મક ભવન કરાવીશ....'

ઋષભદત્તને અર્ધઘટિકા પર્યંત બેસવું પડ્યું, ત્યાર બાદ મહારાજાએ અતિથિ ખંડમાં પ્રવેશ કર્યો. ઋષભદત્ત તરત જ ઊભો થઈ ગયો અને તેણે મહારાજાના ચરણુમાં મસ્તક નમાવ્યું. મહારાજે કહ્યું: 'કહે, તારે શું કહેવું છે....?'

'મહારાજ, આપે બત્રીશલક્ષણા પુત્રની જાહેરાત કરી છે તો મારે આ અંગે આપશ્રીને વાત કરવી છે....'

'તું વિના સંકોચે કહી શકે છે....' રાજાએ કહ્યું.

'મહારાજ, મારે ચાર સંતાન છે તેમાં સૌથી નાનો પુત્ર બત્રીસ લક્ષણો છે. અમે ખૂબ નિર્ધન અવસ્થામાં જીવીએ છીએ....જ્યાં આજે શું મળશે તેની ખબર નથી તેવી અમારી પરિસ્થિતિ છે....જો આપ કૃપા કરો તો અમે

અમારા પુત્રની સોંપણી આપને કરીએ તે બદલામાં ભારોભાર સોનામહોર આપો....'

'તારું નામ શું છે....?' રાજાને રસ પડ્યો.

'કૃપાળુ, મારું નામ ઋષભદત્ત છે. જાતે બ્રાહ્મણ છું....' ઋષભદત્તે કહ્યું.

'તું જે બત્રીશલક્ષણા બાળકની વાત કરી રહ્યો છે તે તારો પોતાનો જ પુત્ર છે....?'

'હા....મહારાજ....'

'બત્રીશ લક્ષણો અભ્યાસમાં આગળ પડતો હોય છે. નમણો હોય છે....વિવેકી, વિનયી, બુદ્ધિશાળી, ભાગ્યશાળી હોય છે. તારા પુત્રનું નામ શું છે....?' મહારાજાએ પ્રશ્ન કર્યો.

'અમરકુમાર....'

'અમરકુમારની મા તારી બાબતમાં સહમત થઈ છે....?'

'હા....કૃપાળુ ....તે તો આ વાત સાંભળીને આનંદિત થઈ છે....' ઋષભદત્તને લાગ્યું કે મહારાજ મારી વાતનો સ્વીકાર કરશે.

'ઋષભદત્ત, તમારા બંનેની સંમતિ હોય તો અમને કોઈ પ્રકારનો વાંધો ન હોઈ શકે....તારા પુત્રના વજન બરાબર સોનામહોર આપવામાં આવશે....' મહારાજા શ્રેણિકે કહ્યું.

'કૃપાળુ, હું મારા પુત્રને અહીં આપની પાસે ક્યારે લઈ આવું....?'

'ઋષભદત્ત, આજે તારી સાથે મારો સેવક આવશે અને તારું રહેઠાણ જોઈ જશે. જ્યારે રાજપુરોહિત મુહૂર્ત કાઢશે ત્યારબાદ તું તારા પુત્રને લઈને આવજે....'

ઋષભદત્ત ફરીને મહારાજાના ચરણમાં નમી પડયો. ત્યારબાદ તેણે એક સેવકને સાથે લઈ જઈને વિદાય લીધી.

શ્રેણિક રાજાએ એક સેવકને રાજપુરોહિતના ભવન પર મોકલ્યો અને સંદેશામાં કહેવડાવ્યું કે તુરત રાજભવનમાં આવી જવું....'

રાજપુરોહિત પૂજાપાઠમાં બેઠા હતા. લગભગ અર્ધ-ઘટિકા બાદ તેઓ પાઠ વગેરે પૂર્ણ કરીને મહારાજાનો સંદેશો વાંચ્યો અને તરત જ રાજભવન તરફ વિદાય થયા. રાજપુરોહિતે વિચાર્યું કે મહારાજાએ સંદેશામાં કોઈ વિગત જણાવી નથી તો મને શા માટે બોલાવ્યો હશે....? ત્યાં પહોંચ્યા બાદ જ ખબર પડે....

રાજપુરોહિતે રાજભવનમાં પ્રવેશ કર્યો ત્યારે શ્રેણિક રાજા તેમની રાહ જોતાં બેઠા હતા. રાજપુરોહિતે આશીર્વાદાત્મક શ્લોક કહ્યો અને મહારાજાએ એક આસન પર બેસવા કહ્યું.

રાજપુરોહિત એક આસન પર બીરાજમાન થયા. ત્યાર બાદ એક સેવકે આવીને જળપાત્ર ધર્યું. રાજપુરોહિને જળપાત્ર હાથમાં લીધું. જળપાન કર્યાબાદ તે

પાત્ર પાછું સેવકને આપી દીધું, સેવક તરત જ ખાલી પાત્રો લઈને ચાલ્યો ગયો.

રાજપુરોહિતે મહારાજા સામે જોઇને કહ્યું : 'મહારાજ, થોડીવાર પહેલાં આપનો સંદેશો આવ્યો ત્યારે હું પૂજામાં બેઠો હતો. એટલે અહીં આવતા વાર લાગી.... સંદેશાવાંચન કર્યા બાદ હું તરત જ આપશ્રીને મળવા આવ્યો છું....'

'રાજપુરોહિતજી, હું આપની જ રાહ જોતો હતો....હું આપને વિગતવાર વાત સમજાવું....આજ આપણી નગરીનો એક ઋષભદત્ત નામનો બ્રાહ્મણ મારી પાસે આવ્યો હતો અને પોતાનો નાનો પુત્ર બત્રીશ લક્ષણો છે તેમ જણાવ્યું છે તે આપણા કાર્યમાં મદદરૂપ થવા પોતાનો પુત્ર આપી દેશે તેમ તેણે જણાવ્યું, આમ તે ખૂબ જ નિર્ધન અવસ્થામાં જીવન ગાળે છે....જ્યાં પોતાનું પૂરું ન થતું હોય ત્યાં પોતાના પુત્રોને કેવી રીતે પાળી શકે એ હેતુથી પણ કદાચ પુત્ર આપી દેવા માગતો હોય તેમ પણ બની શકે....'

'મહારાજ, પુત્રની માતા આ બાબતમાં સહમત થઇ છે....?'

'એ જ વાતની મને નવાઈ લાગે છે. ઋષભદત્તે મને જણાવ્યું કે તેની માતા તો આ વાત સાંભળીને આનંદિત બની ગઈ છે. જો સોનામહોરો આવતી હોય તો એક

પુત્રને આપી દેવામાં નારાજીને બદલે ખુશી ઉપજી....મેં એક સેવકને તેને ત્યાં મોકલ્યો છે....'

'કૃપાળુ, આ કાર્યમાં મહામંત્રીશ્વર દૂર રહ્યા છે....'

'હા....રાજપુરોહિતજી, મહામંત્રીશ્વરનું દિલ દુભાયું છે પરંતુ આ સિવાય બીજો ઉપાય નથી....આપ હવે તુરત તે અમરકુમારને લઈ આવવાનું મુહૂર્ત કાઢી આપો....'

'તો તે ઋષભદત્તના પુત્રનું નામ અમરકુમાર છે....'

'હા....નામ ઘણું સુંદર છે....'

'મહારાજ, હું આજે જ મુહૂર્ત કાઢવા બેસી જઈશ. અને મને વિશ્વાસ છે કે આપણને આ કાર્યમાં જરૂર સફળતા પ્રાપ્ત થશે....'

ત્યાં સેવક આવ્યો તેણે જયનાદ બોલીને વિનમ્ર સ્વરે કહ્યું : 'મહારાજ હું ઋષભદત્તજીનું ઘર જોઈ આવ્યો છું.'

'ભલે....જ્યારે જરૂર પડશે ત્યારે તને યાદ કરીશું.' મહારાજાએ કહ્યું.

સેવક તરત જ નમન કરીને ચાલ્યો ગયો. મહારાજા અને રાજપુરોહિતે મંત્રણા થોડીવાર સુધી કરી ત્યારબાદ રાજપુરોહિત વિદાય થયા.

આ તરફ ઋષભદત્ત આનંદભર્યા સ્વરે પોતાની પત્નીને કહી રહ્યો હતો : 'ભદ્રા, આપણું કાર્ય સફળ થયું....મહારાજાએ આપણી વાતનો સ્વીકાર કર્યો છે....'

'ઓહ....મહારાજને ધન્ય હો....આપણા ધન્યભાગ્ય કે હવે પછી સુખેથી રહી શકીશું....'

'હા....ભદ્રા, પરંતુ તેં કોઈ ને વાત કરી નથીને....!'

'ના....ના....કેવળ એકને જ વાત કરી છે. પેલી વસંતની માને....?'

'ભલે કરી....હવે બીજા કોઈને કરતી નહિ....નહિંતર આપણને લક્ષ્મીનો મળતો લાભ બીજા કોઈ લઈ જશે.'

'ના....નહિ, કહું....તમારી આજ્ઞા પ્રમાણે જ વર્તીશ.... ભદ્રા બોલી.

અમર આ સમયે વસંતના ઘેર આવ્યો. તેને આવી કલ્પના આવી જ નહોતી. વસંતની માતાએ તેને પાસે બોલાવ્યો અને પેટભરીને વહાલ કર્યું. તે રોઈ પડી. વસંતની માતાને રડતી જોઈને અમરને નવાઈ લાગી તે બોલ્યો : 'માતાજી, આપ શા માટે રડો છો....?'

'અમર, થોડા દિવસોમાં કંઈક બનવાનું છે એટલે રડી રહી છું....'

'શું બનવાનું છે....?'

'તેમને ખબર નથી પરંતુ જ્યારે સંકટ આવે ત્યારે ઈષ્ટ દેવનું સ્મરણ કરવું....આ મારી વાત તું કદી ભૂલતો નહિ....'

અમરને વસંતના માતાની આ વાત સાંભળીને નવાઈ લાગી છતાં તે બોલ્યો : 'ભલે માતાજી, આપની આ વાત હું મારા હૈયામાં સાચવી રાખીશ....'

થોડીવાર બાદ અમર ત્યાંથી વિદાય થયો અને પોતાના ગૃહમાં આવ્યો ત્યારે ઋષભદત્ત અને ભદ્રા વાતો કરી રહ્યા હતા. અમરને જોતાં જ મૌન બની ગયા અને બીજી વાતો કરવા લાગ્યા. અમર કંઇ પણ બોલ્યા વગર બીજા ખંડમાં જતો રહ્યો.

ઋષભદત્ત અને ભદ્રા તેને જતો જોઈ રહ્યા....ભદ્રા તો અમર આંખથી અળગો થાય તેવું જ ઇચ્છતી હતી.... ઋષભદત્તને અમર પ્રત્યે લાગણી હતી પરંતુ તેને ગરીબી વધુ સતાવતી હતી.

બીજે જ દિવસે રાજપુરોહિત રાજભવનમાં આવ્યા ત્યારે શ્રેણિક રાજા આરામ કરી રહ્યા હતા. આમ તેઓ જાગૃત અવસ્થામાં શૈયા પર બીરાજમાન હતા. રાજપુરોહિતે મહારાજના અંગત સેવકને પૂછ્યું: 'મહારાજશ્રીને મળવું છે ....'

'હું તપાસ કરીને આવું....આપ અહીં આસન પર બીરાજો....' સેવક રાજપુરોહિતજીને એક આસન પર બેસાડીને વિદાય થયો. રાજપુરોહિત અતિથિખંડમાં હતા.

થોડીવાર પછી સેવક આવ્યો અને રાજપુરોહિતને વંદન કરીને કહ્યું: 'મહારાજને આપના આગમનનો સંદેશો જણાવ્યો છે. આપને થોડીવાર રાહ જોવી પડશે.... આપ એ સમય દરમ્યાન શું લેશો ?'

'કેવળ જળપાન કરીશ....'

મહારાજાનો સેવક ચાલ્યો ગયો. બીજો એક સેવક જળપાત્ર મૂકી ગયો. રાજપુરોહિતે જળપાન કર્યા બાદ ખાલી પાત્ર લઈ ગયો.

શ્રેણિક રાજા તરત જ આવ્યા. રાજપુરોહિતે શ્લોક કહ્યો. શ્રેણિક રાજાએ કહ્યું : 'રાજપુરોહિતજી, આપે મંગલ દિવસ નક્કી કર્યો.

'હા....મહારાજ, ખૂબ જ ઉત્તમ દિવસ આવી રહ્યો છે. આજથી આઠ દિવસ બાદ તે ઉત્તમ દિવસ આવે છે. દિવસના બીજા પ્રહરની બીજી ઘટિકા આ કાર્ય માટે શ્રેષ્ઠ છે.'

'આપણે અમરકુમારને અત્યારે જ લાવવાનો છે કે તે જ દિવસે....'

'મહારાજ, તે જ દિવસે લાવો તો જ ઉત્તમ છે. તેને તે દિવસે બીજા પ્રહરની બીજી ઘટિકા પહેલાં લાવવો પડે....'

'આમાં બીજી કોઈ વિધિ કરવી પડશે....?'

'હા....મહારાજ, યજ્ઞમંડપ રચવો પડશે...આ ઉત્સવની ભવ્ય તૈયારી કરવી પડશે. તોરણો બાંધવા પડશે. વેદમંત્રો ગાવાના રહેશે. સંગીતના સ્વરો રેલાવા પડશે. દુદુંભિ બજાવવી પડશે....'

'રાજપુરોહિતજી, આ ઉત્સવની જવાબદારી આપ જ લો....' શ્રેણિક રાજાએ કહ્યું.

'ભલે....મહારાજ, જેવી આપની આજ્ઞા. હું આ ઉત્સવની પૂર્વતૈયારી આજથી જ શરૂ કરી દઈશ.'

'આ અંગે મંત્રીમંડળમાંથી અમુક મંત્રીઓને સાથમાં રાખજો, તેઓને યોગ્ય કામગીરી સોંપી દેજો....'

'ભલે....મહારાજ....' રાજપુરોહિતે કહ્યું.

થોડીવાર આ વિષયની મંત્રણા કર્યા બાદ રાજપુરોહિત વિદાય થયા.

શ્રેણિક મહારાજા અંદરના ભાગમાં ચાલ્યા ગયા. લીલાવતીદેવી મહારાજાના આ નિર્ણયથી નારાજ થયા હતા પરંતુ પોતાની નારાજી ચહેરા પર જણાવા દીધી નહોતી. રૂપલતા તેની સખીઓ સાથે પોતાના ખંડમાં બેઠી હતી અને ગમ્મતભરી વાતો કરી રહી હતી. રૂપલતાને જૈન ધર્મનો અભ્યાસ હતો આથી તે સામાયિક ક્રિયા વગેરે નિયમિત કરતી....

સુનયનાએ રૂપલતા સામે જોઇને કહ્યું: 'રાજકુમારીજી, આપને એક વાત કરવાનું મન થાય છે....'

'તું મારી સખી છો તો વિના સંકોચે કહેવું જોઈએ.'

'આ વર્ષે આપણે નૌકાવિહાર માટે નીકળ્યા નથી તો પરમ દિવસે નીકળીએ, બે દિવસમાં પાછા આવી જઈશું.'

'રાજકુમારીજી, સુનયનાની વાત સાચી છે....આ વખતે આપણે નૌકાવિહારનો આનંદ માણ્યો નથી પરંતુ જવાદો....' પલ્લવીએ કહ્યું.

'કેમ....શું થયું....?' રૂપલતાએ પૂછ્યું.

'મારે વિચાર કરીને બોલવું જોઇતું હતું....'

'શેનો વિચાર....! તારી વાત રહસ્યભરી લાગે છે" રૂપલતાએ કહ્યું.

'રાજકુમારીજી, આપણે નૌકાવિહારમાં આ વેળાએ જઈશું પણ ગયા વખતે જેવો આનંદ માણ્યો હતો તેવો આનંદ આ સમયે મળશે કે કેમ તે શંકા જવાથી આ કાર્યક્રમ રદ્દ કરવાનું કહેવાની હતી....'

'પણ આ વખતે મને શામાટે આનંદ નહિ આવે તે તો જણાવતી નથી' રૂપલતાએ પૂછ્યું.

'રાજકુમારીજી, આપ જાણો છો છતાં અજાણ્યા બનો છો. ઘણીવાર બીજાના મોઢે બોલાવીને આનંદ માણવો એ વાતની અમને ખબર છે પરંતુ અમારી સખી આનંદ માણતી હોય તો અમારે માટે એથી રૂડું શું....?'

'હજી પણ કંઈ જણાવતી નથી....' રૂપલતા સમજતી હતી છતાં અજાણપણે બોલી.

'દેવી, ચોખ્ખે ચોખ્ખું કહી દઉં........'

'હા....સ્પષ્ટ કહી દે....'

'સાંભળી શકશો ને....'

'પણ કહે તો ખરી....'

'તો સાંભળી લો....ગયા વખતે આપણે નૌકાવિહારમાં ગયા હતા ત્યારે આપના અંતરમાં કોઈએ સ્થાન નહોતું લીધું અને આ વખતે જવાનું નક્કી કરીએ છીએ ત્યારે આપના અંતરમાં કોઈ મનગમતા રાજકુમારે સ્થાન લીધું છે, છતાં આપ આવશો તો નૌકાવિહારમાં પણ જાણે વિરહ વ્યથામાં ઝુરતા હો તેવું જ અમને સૌને લાગશે....'

'પલ્લવી, તારી જીભ બહુ ચાલે છે....'

'પણ....મારી વાત અસત્ય નથી.'

'સત્ય કે અસત્યનો નિર્ણય કરતાં તું ક્યાંથી શીખી?'

'અનુભવ પરથી દેવી....' પલ્લવી રંગમાં હતી.

'અનુભવ કયાંથી મેળવ્યો....?' રૂપલતાએ પૂછ્યું.

'રાજકુમારીજી એ અનુભવ તો આપે મને આપ્યો....'

'મેં તને ક્યારે અનુભવ આપ્યો....?'

'દેવી, અનુભવ તો આપનાં હાવભાવ જોઈ ને, આપનાં અંતરમાં પહોંચીને, આપની ઉદાસીન રહેતી આંખો નીહાળીને, વગેરે શું પુરતું નથી....!'

'બસ....નૌકાવિહાર જવાની વાતો હતી ને તું ક્યાં પહોંચી ગઇ....!' રૂપલતાએ કહ્યું.

દેવિકાએ પ્રથમવાર આ વાતમાં ભાગ લેતા કહ્યું: 'રાજકુમારીજી, નૌકાવિહાર કરીશું તો આપનું ચિત્ત સ્વસ્થ બની જશે....'

'પણ મારું ચિત્ત અસ્વસ્થ છે તે આપને કોણે કહ્યું?' રૂપલતાએ ગુસ્સો ઠાલવતાં કહ્યું.

પલ્લવી તરત જ બોલી: 'રાજકુમારીજી, દેવિકાનો કહેવાનો ભાવાર્થ નૌકાવિહારમાં જવાથી મન પ્રસન્ન રહે છે.'

'મારું મન અહીં વધુ પ્રસન્ન છે....'

'તો પછી નૌકાવિહાર માટે જવું નથી....'

'ના....હું વિચાર કરીને પાછળથી જણાવીશ.' રૂપલતાએ કહ્યું.

'ભલે.... રાજકુમારીજી, આપ વિચાર કરીને જણાવો એટલે તયારી કરવા માંડીએ....' સુનયના બોલી.

'અત્યારે તમે ત્રણેય અહીંથી જાઓ....એટલે હું વિચાર કરી શકીશ....તમે હશો ત્યાં સુધી વિચારો આવતાં હશે તો પણ નહિ આવે....' રૂપલતાએ કહ્યું.

ત્રણેય સખી હાસ્ય વેરતાં વેરતાં ચાલી ગઈ....

રૂપલતા મનમાં ખીજાઈ ઉઠી : આ ત્રણેયને આખો દિવસ રમત સૂઝી છે....વિરહવ્યથા....પ્રિયત્તમ....વગેરે આ સિવાય બીજી કોઈ વાતનો વિષય જ મળતો નથી.... અને રૂપલતાએ મન શાંત કરવા વીણા હાથમાં લીધી અને રાગ 'માધુરી' ના સ્વરો મેળવ્યા....

રાગ 'માધુરી' મન પ્રસન્ન કરવા, ચિત્તને સ્વર-સાગરમાં રસતરબોળ કરવા, માધુરી છલકાવતો મધુર રાગ હતો. રૂપલતાએ લગભગ બે ઘટિકા પર્યંત વગાડયો ત્યારબાદ સમાપ્ત કર્યો. રાગની પૂર્ણાહૂતિ બાદ તેના ચહેરા પર પ્રસન્નતા ખીલી ઉઠી હતી. તેણે ત્યારે જ નક્કી કર્યું કે નૌકાવિહાર કરવા જવું અને બે દિવસમાં રાજગૃહી પાછું ફરવું.

બીજે જ દિવસે નૌકાવિહાર અંગેની સખીઓને સૂચના રૂપલતાએ આપી દીધી.

રૂપલતા તરત જ પિતા પાસે ગઈ ત્યારે શ્રેણિક રાજા અને લીલાવતીદેવી બેઠાં હતાં.

શ્રેણિક રાજાએ પુત્રીને જોઈને કહ્યું : ‘આવા.... રૂપ, અત્યારે....?’

‘હા....પિતાજી, આપની પાસે રજા માંગવા આવી છું....’ રૂપલતાએ કહ્યું.

‘તું શું કહેવા ઇચ્છે છે....?’

‘પિતાજી, દર વર્ષની જેમ આ વર્ષે પણ હું મારી સખીઓ સાથે નૌકાવિહાર કરવા ઇચ્છીએ છીએ તે માટે આપની અને માતાજીની અનુમતિ માંગવા આવી છું ....’

લીલાવતીએ હસતાં હસતાં કહ્યું : ‘લતા, પલ્લવીએ ગઈ કાલે જ મને આ અંગે વાત કરી હતી....મેં હમણા જ તારા પિતાને વાત કરી....જો તારું મન પ્રસન્ન હોય તો અવશ્ય જા....અમે પણ ઇચ્છીએ છીએ કે તું આ બહાને બે ત્રણ દિવસ બહાર રહે અને સખીઓ સાથે આનંદ-પ્રમોદ કર....’

રૂપલતાને માતાપિતાની અનુમતિ મળી ગઈ.

શ્રેણિક રાજાએ કહ્યું : ‘તું સાથે રક્ષકદળ લેતી જજે અને જે કંઈ જોઇતી કરતી વસ્તુઓ લઇ જવાની હોય તે લઈ જજે....’

‘ભલે....પિતાજી’, રૂપલતા ઊભી થઈ અને માતા-પિતાને વંદન કરીને પોતાના ખંડમાં પાછી ફરી.

રૂપલતાની ત્રણેય સખીઓ રાહ જોતી બેઠી જ હતી. રૂપલતાને નીહાળતા જ ઊભી થઈ ગઇ અને પલ્લવી બોલી ઉઠી : ‘દેવી, અમને ખબર જ હતી કે આપ નૌકાવિહારની અનુમતિ લેવા ગયા હતા. આથી અમે

સમગ્ર તૈયારી કરી રાખી છે....'

'માતાજીને તે વાત શા માટે કરી....?'

'કેમ....? મેં ભૂલ કરી છે....?' પલ્લવીએ પ્રશ્ન કર્યો.

'ના....પણ મને પૂછ્યા વગર જ્યાં ત્યાં ગમે તેમ વાત કરી આવે આ તારી ટેવ સારી નથી....' રૂપલતાએ કહ્યું.

'રાજકુમારીજી, હું તો માત્ર આપની પ્રશંસા મેળવવા ઇચ્છતી હતી....' પલ્લવીએ કહ્યું.

'તારી પાસે વાત કરવાની કળા સારી છે....'

અને વાતાવરણ હળવું બન્યું.

બીજે દિવસે નૌકાવિહાર માટે નીકળ્યા. ત્યારે વીસ રક્ષકો, ચાર પાકશાસ્ત્રી, દસ દાસીઓ અને ત્રણ સેવકો રૂપલતા અને તેની ત્રણ સખીઓ સાથે હતા.

રાજકુમારી રૂપલતાનો રસાલો સરિતા કિનારે પહોંચ્યો ત્યારે રાજ્યની મયૂરનૌકા સ્વાગત કરવા જાણે રાહ જોઈ રહી હતી.

પલ્લવીએ જાણ્યું કે રાજકુમારીનું મન પ્રસન્ન છે એટલે નૌકાવિહાર આનંદથી માણી શકાશે. રૂપલતાએ દેવિકા સામે જોઈને કહ્યું: 'દેવિકા, ચાલ હું તારી સાથે જ આવું છું....પલ્લવી અને સુનયના અહીંની વ્યવસ્થા સંભાળશે....'

પલ્લવી અને સુનયના ચીજવસ્તુઓ ગોઠવવાની સૂચનામાં રોકાઈ ગઈ. મયૂરનૌકામાં રૂપલતા આવી

અને તેણે વાતાવરણમાં વહેતો મંદમંદ પવનનો અનુભવ કર્યો. નદી કિનારે મધુરી ઠંડક લાગી રહી હતી.

અર્ધ ઘટિકામાં બધા નૌકામાં ગોઠવાઇ ગયા અને નૌકાચાલકે શંઢવાથી નૌકાને કિનારે બાંધી હતી તેનાથી અલગ પાડી અને વહેતા પ્રવાહમાં લાવીને મૂકી.

મયુર નૌકા ધીરે ધીરે આગળ ચાલવા લાગી.... રૂપલતા આનંદમાં હતી. પલ્લ, સૂનયના અને દેવિકા રાજકુમારી પાસે જ બેઠા હતા. દેવિકાએ રાજકુમારી સામે જોઈને કહ્યું : 'દેવી, આજનો આનંદ મધુરો છે ....આજનું હવામાન પણ અનુકૂળ છે....'

'હા....દેવિકા, તારી વાત સાચી છે....'

પલ્લવીએ કહ્યું : 'રાજકુમારીજી, શ્રીભદ્રકુમારજીને ગયે ઘણો સમય વીતી ગયો....વચ્ચે કોઇ ખેપિયો આવ્યો હતો....'

'પલ્લવી, તેઓ બે-ત્રણ મહિનામાં જ પાછા અહીં પધારશે. ત્યારે તેઓએ તાલીમ પૂરી કરી લીધી હશે....'

'કઈ તાલીમ અર્થે ?'

'શસ્ત્ર સંચાલનનો વિશેષ અભ્યાસ કરવા અર્થે ગયા છે....સાથે ત્યાંના બંસરીવાદકો શ્રેષ્ઠ હોય છે એટલે તેનો અભ્યાસ કરવાના છે....'

મયૂર નૌકા ધીરે ધીરે આગળ વધી રહી હતી.... રાજકુમારીની રક્ષા અર્થે વીસ સશસ્ત્ર સૈનિકો નૌકામાં જ હતા. સેવકો હતા....દાસીઓ હતી....

આખો દિવસ પસાર થઈ ગયો....મનગમતી વાતો-માં....'

રાત્રિના પ્રથમ પ્રહર પછી પલ્લવીએ રૂપલતા સામે જોઈને કહ્યું : 'દેવી, આજે અહીં બહાર શીતળ સમીર વહી રહ્યો છે. વાતાવરણ પ્રસન્ન છે. આપ પ્રસન્ન છો.... તો પછી રાત્રિનો મધુરો 'માલકૌશ' આવા વાતારણમાં ભળી જાય તો આજે અનેરો આનંદ છલકે....આજના વાતાવરણમાં માધુર્ય છલકાઇ જાય....'

'સુનયના, તું વીણા લઈ આવ....' રૂપલતાએ પલ્લવીની વાત સ્વીકારી લીધી.

સુનયના તરત જ વીણા લેવા નૌકાગૃહના એક ખંડમાં ગઇ કે જ્યાં વીણા સાચવીને મૂકવામાં આવી હતી.

અને લગભગ બે ઘટિકા પર્યંત રૂપલતાએ 'માલ-કૌશ'ને ખૂબ જ સુંદર રીતે બજાવ્યો. નીરવ રાત્રિ હતી ....વાતાવરણમાં મધુરતા હતી....નૌકા ધીરે ધીરે જતી હતી.

રાગ પૂરો થયો....

રૂપલતાએ વીણા એક તરફ મૂકી, એક દાસી તે વીણા લઈ ગઈ. પલ્લવીએ કહ્યું : 'દેવી, આજના જેવું વીણાવાદન મેં ક્યારેય સાંભળ્યું નથી....આવા મનોહર વાતાવરણમાં જાણે સુગંધ સુગંધ પથરાઈ ગઈ....સંગી-તના માદક સ્વરો હજી પણ વાતાવરણથી મુક્ત થઈ શક્યા નથી....'

'પલ્લવી, તું મારી ખૂબ જ પ્રશંસા કરે છે....'

'રાજકુમારીજી, આજનો આનંદ હું આપની

સામે વ્યક્ત કરી શકતી નથી તો ક્ષમા આપજો....' પલ્લવીએ પોતાનો હર્ષ વ્યક્ત કરતાં કહ્યું.

ત્યાં જ સુનયનાએ કહ્યું : 'દેવી, રાત્રિ વીતી ચૂકી છે....પવન વધુ શીતળ થઇ રહ્યો છે....આપ શયનખંડમાં ક્યારે....?'

સુનયનાની વાતને વચ્ચેથી જ ઉડાવી દેતાં પલ્લવી બોલી : 'સુનયના, તું નાદાન છો....આજનું આવું માદક વાતાવરણ, મને એમ જણાય છે જાણે નૌકા પોતાના પ્રિયતમને મળવા ખૂબ અધીરી બની હોય....પરંતુ તેની મનની ગતિ તીવ્ર છે, ચાલવાની ગતિ મંદ છે....અને તું શયનખંડમાં આવવાનું કહે છે....'

'હું તો એટલા માટે કહું છું કે જો વધુવાર રાજકુમારીજી બહાર બેસશે તો પવન લાગી જશે, તબિયત અસ્વસ્થ બની જશે...'

રૂપલતા ઊભી થઈ અને તેણે કહ્યું : 'ચાલ, પલ્લવી, સુનયનાની વાત સાચી છે. અર્ધરાત્રિ વીતી ચૂકી છે....હવે મને પણ નિંદ્રા આવે છે. તું આવા વાતાવરણમાં બહુ ખીલી ઉઠે છે...તું કવિયત્રી બની હોત તો સારું હતું...'

'પરંતુ મારી કવિતા મારે જ વાંચવી પડત... એ કરતાં જે છું તે જ બરાબર છે...' પલ્લવી હસી પડી.

અને બધા પ્રસન્ન હૃદયે શયનખંડમાં નિંદ્રા અર્થે ગયા.

નૌકા મંદગતિએ વિહરી રહી હતી...

સૂર્યોદય થયો.

સુમધુર પવન વહી રહ્યો હતો. રાજકુમારી રૂપલતાના ચહેરા પર કેશરાશિઓ વેરવિખેર રીતે છવાયેલી હતી.... હજી રૂપલતા નિંદ્રાઅવસ્થામાં હતી. પલ્લવી બે–ત્રણ વાર શયનખંડમાં આવી ગઈ પરંતુ રાજકુમારજી હજુ સૂતા હતા. તે બહાર આવી અને સુનયનાને કહ્યું: ‘ સુનયના, દિવસના પ્રથમ પ્રહરની પ્રથમ ઘટિકા પણ પસાર થઈ ગઇ....છતાં રાજકુમારીજી હજી જાગૃત થયાં નથી....’

‘ રાજકુમારીજીને આને મીઠી નિદ્રા આવી ગઈ છે....આ વખતે તો સ્વપ્નામાં યુવરાજશ્રી રમતા હશેને....! ’

‘ સુનયના, જો રાજકુમારીજી સાંભળી જશે તો અત્યારે જ આપણે સૌએ પાછા વળવું પડશે....માટે શાંત રહેજે....’

સુનયના શાંત પડી ગઈ. પલ્લવી ફરીને રાજકુમારી પાસે ગઇ ત્યારે રૂપલતા જાગૃત થઈને શૈયા પર બેઠી

હતી...પલ્લવીએ વિનમ્ર સ્વરે કહ્યું: 'રાજકુમારીજી, આજે આપે સારી નિદ્રા પ્રાપ્ત કરી....!'

'હા....પલ્લવી, આજે મીઠી નિંદ્રા આવી ગઈ હતી....' રૂપલતાએ કહ્યું અને પલ્લવી રાજકુમારીજીની બાજુમાં બેસી ગઇ અને કહ્યું : 'દેવી, દંતધાવન, શૌચ, સ્નાન વગેરે કરવાનું બાકી છે....' આપ શૈયાનો ત્યાગ કરો....'

રૂપલતા તરત જ શૈયા પરથી ઊભી થઈ અને કહ્યું : 'ચાલ, એ કાર્ય મારે ઝડપથી પૂરું કરવું પડશે....આજે મારે સ્નાન કરવું છે....પલ્લવી....'

'ભલે....દેવી, આપ દંતધાવન અને શૌચાદિક્રિયાથી નિવૃત્ત થાઓ....'

રૂપલતા અને પલ્લવી શયનકક્ષમાંથી બહાર નીકળ્યા. રૂપલતા પ્રાતઃકાર્ય વિધિ આટોપવા લાગી. પલ્લવી તો સ્નાન કાર્યથી નિવૃત્ત થઈ ગઈ હતી.

થોડીવારમાં રૂપલતા પણ સ્નાન કાર્ય પૂર્ણ કરીને વસ્ત્ર પરિવર્તન કરીને તુતક પર આવી. ત્યાં આસન ગોઠવવામાં આવ્યા હતા ત્યાં જઈને બેઠી તેની સાથે ત્રણેય સખીઓ હતી અને બેઠા બેઠા કુદરતી સૌંદર્યનું નિરીક્ષણ કરવા લાગ્યા, પક્ષીઓનો મધુર કલરવ, આસમાની વાદળના રંગ નીરખીને રૂપલતા આનંદમાં આવી હતી.

પલ્લવીએ જ વાત છેડી : 'દેવી અત્યારે આપનો

આનંદ જોઇને અમને લાગે છે કે આપ આઠ દિવસ પર્યંત નૌકાવિહારનો આનંદ માણશો....'

'પલ્લવી, આનંદ, મસ્તી વગેરે ક્ષણિક હોય છે તેનો સ્વાદ વધુ દિવસો લેવાથી બગડી જાય છે...જ્યારે એ દિવસોમાં જે મસ્તી માણી શકાય અને તે યાદ કરવાની અને વાગોળવાની ઘડી આવે છે તે અમુલ્ય હોય છે....'

પલ્લવીએ કહ્યું: 'તો આપનો એકાદ અનુભવ અમને સૌને જણાવો....'

'આ તો માણવાની વાત છે....કહેવાની વાત નથી....' રાજકુમારીએ કહ્યું.

'તો પછી આ તો એમ જ થયું કે આપ એટલા જ આવો આનંદ લો....'

'હા....સખી પણ હું તને એનો રસ્તો બતાવી શકું તેમ છું.'

'માર્ગ બતાવશો તો પણ ચાલશે.' પલ્લવીએ વાતને લડાવીને કહ્યું. સુનયના અને દેવિકા રસપૂર્વક આ વાતો સાંભળી રહ્યા હતા.

'હું પૂછું તેના તારે ઉત્તરો આપવા પડશે.' રૂપલતાએ પલ્લવીએ સામે જોઇને પ્રશ્ન કર્યો.

'ભલે....આપ જે કંઈ પૂછશો તેના મને યોગ્ય લાગશે તે રીતે ઉત્તર આપીશ....પરંતુ આપ પ્રશ્નોની ઝડી વરસાવી દેતા નહિ....' પલ્લવી હસી પડી.

રૂપલતાએ પૂછ્યું: 'તને પ્રિય શું લાગે છે....?'

'ગુલાબનું પુષ્પ....' પલ્લવી બોલી.

'અરે....સૌથી પ્રિય ગુલાબનું પુષ્પ જ લાગે છે.... ઉત્તર સાંભળતા મને એમ જ લાગે છે કે હું આગળ પ્રશ્નો નહિ કરી શકું....!'

'પરંતુ આપ શું ઈચ્છો છો તેની મને શી ખબર પડે....? મને ગુલાબની સુગંધ પ્રિય છે એટલે મેં આપના પ્રશ્નના ઉત્તરમાં એ પ્રમાણે જણાવ્યું....'

'તો પછી ગુલાબની સુગંધ માણ્યા રાખ....જીવન-ભર....તને મસ્તીનો રંગ લાગે તેમ નથી....' રાજકુમારીએ મીઠો રોષ ઠાલવ્યો.

વાત અહીં જ અટકી પડી.

એક સેવક આવ્યો અને તેણે નમ્ર સ્વરે કહ્યું : 'રાજકુમારીજી, નૌકાચાલક પૂછાવે છે કે હવે આગળ વધવું છે કે અહીંથી પાછા ફરવું છે....?'

રૂપલતાએ પલ્લવી સામે જોયું. પલ્લવીએ કહ્યું : 'રાજકુમારીજી, જો આપનું ચિત્ત અહિં પ્રસન્ન રહેતું હોય તો આગળ જઈએ અને ચાર પાંચ દિવસ નૌકા-વિહારનો આનંદ માણીએ.'

'ના....આવતીકાલે જ રાજગૃહી પહોંચી જવું છે....' રૂપલતાએ કહ્યું અને પલ્લવીએ સેવકને જ કહી આપ્યું કે નૌકાચાલકને નૌકા પાછી વાળવાનું કહી દે....

સેવક ફરી વાર વંદન કરીને વિદાય થયો.

નૌકાચાલકે નૌકા પાછી વાળી...

અને બીજે જ દિવસે દિવસના ત્રીજા પ્રહરે રાજકુમારીનો રસાલો રાજગૃહીના રાજભવનમાં પહોંચી ગયો.

રૂપલતા સૌ પ્રથમ સ્નાન કાર્યથી નિવૃત્ત થઈ વસ્ત્રપરિવર્તન કરીને માતાપિતા પાસે આવી અને નૌકાવિહારના આનંદની વાત કરી.

આ તરફ રાજપુરોહિતે દક્ષિણ તરફ તૈયાર કરવામાં આવેલી ચિત્રશાળા માટે જે શાસ્ત્રોક્ત વિધિ કરવાની હતી તેની પૂરેપૂરી તૈયારીમાં પડ્યા હતા. મહામંત્રી આ કાર્યમાં રસ દાખવતા નહોતા. આથી મહારાજ કે કોઈ મંત્રીમંડળનો સભ્ય તેમનાથી નારાજ થયો નહોતો... રાજ્યની બીજી અનેક પ્રવૃત્તિઓ હતી તે મહામંત્રીશ્વર સંભાળતા હતા. મહામંત્રીશ્વર જૈનધર્મના ચુસ્ત અનુયાયી હતા તેઓ નિયમિત શ્રીજિનેશ્વર ભગવંતની સેવા પૂજા આરાધના કરતા અને શ્રદ્ધા ધરાવતા હતા. આમ તેઓ આ કાર્યમાં પ્રથમથી જ અળગા રહ્યા હતા.

રાજપુરોહિત અને મંત્રીમંડળના ચાર મંત્રીઓ સાથે રહીને રાજભવનમાં દિવસના ચોથા પ્રહરની પ્રથમ ઘટિકાએ મંત્રણા અંગે આવ્યા. સૌ અતિથિખંડમાં બેઠા. મહારાજા થોડીવારમાં આવશે તેમ સેવક કહી ગયો.

ત્યાં એક દાસ જળપાત્ર મૂકી ગયો.

બીજો મધુગોલક મૂકી ગયો. અને તે જ સેવક દૂગ્ધના પાત્રો મૂકી ગયો.

રાજપુરોહિત અને અન્ય મંત્રીઓએ મધુગોલક હાથમાં લીધો. રાજભવનમાં બનતો મધુગોલક સ્વાદમાં શ્રેષ્ઠ જ હોય, તેમાં ઉત્તમ દ્રવ્યો પણ નાખવામાં આવ્યા હોય...ત્યારબાદ સૌએ દૂધનું પાત્ર લીધું.

તરત જ એક સેવક આવીને ખાલી પાત્રો લઇ ગયો અને ખંડ સ્વચ્છ કરી નાંખ્યો.

અને શ્રેણિક મહારાજા પધાર્યા. મહારાજાને જોતાં જ બધા ઊભા થઇ ગયા. રાજપુરોહિતે કુશળતા પૂછી અને મહારાજાએ કહ્યું : ' રાજપુરોહિતજી, આવતીકાલે બીજા પ્રહરની બીજી ઘટિકાનું મુહૂર્ત છેને...? '

' હા...મહારાજ, ત્યારબાદ ચાર ઘટિકા સુધી ઉત્તમ યોગ છે...'

' યજ્ઞમાં બ્રાહ્મણોને શાસ્ત્રોક્ત મંત્રો માટે બોલાવ્યા છે.'

' હા...કૃપાળુ, દરેક પ્રકારની વ્યવસ્થા થઈ ગઈ છે. નગરીમાં જાહેરાત થઈ ગઈ છે. આવતીકાલે દરેક નગરજનો આ પ્રસંગ નિહાળી શકશે....આપ ઋષભદત્તને અને તેના બાળકને અહીં બોલાવશો...? '

' ના...આપણા દશ રક્ષકો તેને આવતીકાલે દિવસના પ્રથમ પ્રહર પછી સીધા ત્યાં જ લઈ આવશે હું પણ સીધો ત્યાં આવીશ. પરંતુ અમરકુમારની સંભાળ ત્યાં કોણ લેવાનું છે...? '

'મહારાજ, આ માટે આપણા મંત્રી સુકેતુને જવાબદારી સોંપી છે, તે અમરકુમારની સંભાળ રાખશે. અમરકુમાર ત્યાં આવે એટલે શુદ્ધ જળથી સ્નાન કરાવવું પડશે. પુષ્પમાળા પહેરાવવી પડશે. ઉત્તમ શ્વેત વસ્ત્રો ધારણ કરાવવા પડશે અને કેસર ચંદન ચોપડવા પડશે....'

'હવે આપને જે વિધિ કરવાની હોય તે કરજો.... હું અને મારી રાણીઓ ત્યારે હાજર થઈ જઇશું, આ સિવાય મારી ત્યાં અત્યારે તો આવવાની જરૂર લાગતી નથી....?'

'ના....મહારાજ, આપ આવતીકાલે જ પધારજો....' સુકેતુ મંત્રીએ કહ્યું.

અને રાજપુરોહિત, તેની સાથે આવેલા મંત્રીઓ થોડીવાર બેસીને વિદાય થયા.

આ તરફ ઋષભદત્ત અને ભદ્રાએ અમરના ભાર બરાબર સોનામહોરો રાજય તરફથી ગઈ કાલે જ મેળવી લીધી હતી એથી તે બન્ને આનંદમાં હતા. બન્નેમાંથી કોઇને પુત્ર ચાલ્યો જશે તેનો રંજ નહોતો.

અમરને મનમાં પ્રશ્ન થયો કે આટલી બધી સોનામહોર શામાટે મને તોલાના કાંટામાં રાખીને જોખે છે....? પરંતુ ત્યારે તે કશું બોલ્યો નહોતો.

ઋષભદત્તે કહ્યું: 'ભદ્રા, આ સમયે અમર આ સંસારમાં નહિ હોય....! તને અફસોસ તો થતો નથી ને....?'

'સ્વામી, આપે તો મારા ઘરમાંથી કાંટો કાઢયો.... અને તે જાય છે સાથે લક્ષ્મી આપતો જાય છે....'

'પણ તે દિવસે રાજપુરોહિતે અમરની બરાબર પરીક્ષા કરી હતી....તે બત્રીશ લક્ષણો છે કે નહિ તે જાણવા માટે જ બોલાવ્યો હતો....પરંતુ અમર બત્રીશ લક્ષણો જ નીકળ્યો મને તો ચિંતા થતી હતી....' ઋષભદત્તે કહ્યું.

'હા....ત્યારે મારું મન પણ ગભરાતું હતું કે સોનામહોરો નહિ આવે તો....?' ભદ્રા બોલી.

અમર બહાર ગયો હતો. ગોવિંદ ઘરમાં જ હતો. ગોવિંદે કહ્યું: 'બાપુ, નગરીમાં એક જ વાત ચર્ચાય છે....'

'શી વાત ચર્ચાય છે ગોવિંદ ?'

'કે ઋષભદત્તના પુત્ર અમરને આવતીકાલે ચિત્રશાળાના દરવાજા માટે થનાર યજ્ઞમાં હોમવાનો છે....બાપુ, આ વાત સાચી છે....?'

'હા....ગોવિંદ, પણ તું આ વાત અમરને કરતો નહિ....' ઋષભદત્તે કહ્યું.

'પરંતુ અમર તો આ વાત જાણે છે....'

'અમરને ખબર પડી ગઈ....?' ઋષભદત્તે કહ્યું.

'હા....અમર જાણી ગયો છે....!' ગોવિંદે જણાવ્યું.

'સારું....તું અંદર જા અને જે કંઈ વાળું કરવું હોય તે કરી લે....' ઋષભદત્તે કહ્યું. ત્યારબાદ ભદ્રા સામે જોઈને કહ્યું: 'ભદ્રા, અમર આ વાતને પારખી ગયો.... હવે શું થશે....?'

'આપ શામાટે ગભરાઓ છો....? એ ક્યાંય જવાનો નથી.' ભદ્રા બોલી.

ત્યાં જ અમર નિરાશવદને આવ્યો અને ચાલ્યો માતાપિતા સામે જોયા વગર અંદરના ખંડમાં ચાલ્યો ગયો....

ખરેખર સંસાર એક સ્વપ્ના જેવો જ છે. પ્રેમ, ત્યાગ, મોહ, ઈર્ષા, વૈર, ક્રોધ વગેરેથી માનવો પર રહી શકતા નથી....સોહામણો લાગતો સંસાર ઘણીવાર અળખામણો થઈ જાય છે ત્યારે માનવી ન કરવાનું કરી બેસે છે. વિચાર કર્યા વગરના કાર્યો મુશ્કેલી સર્જતા હોય છે. જ્યારે માતા પોતાની કુખે જન્મેલા પુત્રને વેચી રહી છે તેનો એને આનંદ છે....લક્ષ્મીની રેલમછેલ નીચે તે દબાઈ ગઇ છે. પિતા પણ આડું જોઇ ગયો....અમર....'

એક દશબાર વર્ષનો બાળ...સંસારના રંગો કેવા હોય ! સંસાર કેવો છે....? તે આ બાળક શું જાણતો હોય....!

બીજે દિવસે અમરકુમારને લઈ જવા માટેની તૈયારીઓ થવા માંડી....

રાજપુરોહિતે દશ રક્ષકોને મોકલ્યા, સાથે એક વાદ્યમંડળી મોકલી અને વાજતેગાજતે આ સ્થળે લાવવાનું જણાવ્યું.

દિવસનો પ્રથમ પ્રહર પૂરો થયો હતો અમરની આંખમાં આંસુ હતા.

ઋષભદત્તે અમર સામે જોઇને કહ્યું : 'અમર, હમણા આપણી નગરીના રાજાના માણસો તને લેવા આવશે તો તારે તેની સાથે જવું પડશે.'

અમર કંઇ બોલ્યો નહિ.

થોડીવારમાં વાદ્યમંડળી અને દશ રક્ષકો આવ્યા. ઋષભદત્તના ઘરનું દ્વાર ખખડાવ્યું ઋષભદત્તે કહ્યું : ' અમરકુમાર તૈયાર છે. લઇ જાઓ....'

અમર રડી રહ્યો હતો...

તેની આંખમાંથી આંસુની ધાર વહેતી હતી...

મા જેવી મા પણ આજ દુશ્મન થઈને બેઠી હતી.... દશ-બાર વર્ષનો બાળ...વિચાર કરે છે કે આજ કોને કહું...? કોણ મારી વાત સાંભળશે...?

રક્ષકો અમરને ઋષભદત્તના ઘરની બહાર લાવ્યા....

વાદ્યમંડળીએ વાદ્યો વગાડવા શરૂ કરી દીધા ધીમા સ્વરે...

એક રક્ષકે અમરના કંઠમાં એક પુષ્પ હાર પહેરાવ્યો. માથે કેસરચંદનનું તિલક કર્યું.

અમરને થયું કે આ લોકો મને લઇ જ જવા માગે છે...તે દ્વાર પાસે ઊભેલી માતા પાસે જઇને રડતા રડતા કહે છે : ' માતાજી, આપ મને મારી નાખશો તો મને અપૂર્વ સુખ મળશે...આપ મને ત્યાં ન મોકલો...મારા પર દયા કરો...'

ભદ્રાએ કહ્યું : ' અમર, મારે તારું શું કરવું....? મને તો તું દીઠોય ગમતો નથી...તું અહીંથી જા એટલે મારા મનને શાંતિ વળશે...'

કેવી ક્રૂર માતા... કે વિધિની ક્રૂરતા...

અમરને ચોધાર આંસુએ રડતો જોઇને આડોશી પાડોશી ભેગા થઈ ગયા હતા. વસંતની માતાના

આંખમાં આંસુ હતા, તે નજીક આવી અને અમરને વહાલ કર્યું. અમરે કહ્યું : 'મા, તમે મને બચાવી લો...'

'અમર, હું તારી માતા હોત તો આમ થવા દેત જ નહિ પરંતુ હું આમાં શું કરી શકું....?' તે પાછી વળી ગઈ રડતા હૈયે....

અમરે તરત જ પોતાના પિતાજીના ચરણ પકડી લીધા....ઋષભદત્તની આંસુમાં બે આંસુ આવી ગયા પરંતુ તે લુંછી નાંખ્યા. ઋષભદત્તે અમરને ઊભો કર્યો 'અમર, તું ઊભો થા....'

'બાપુ, મારી માતાને આપ સમજાવો, આપ મને બચાવી લો....'

'અમર, મને તો તું વહાલો છે....પણ તારી માતાએ જ તને વેચવાનું નક્કી કર્યું છે...એટલે તારી મા પાસે મારું કંઈ ચાલે નહિ....હવે તું શાંતિથી આ રક્ષકો સાથે જા અને પુણ્ય મેળવ....'

અમરે છેલ્લી આશા છોડી દીધી.

રક્ષકોએ અમરને આગળ કર્યો....અમર રડતો હતો. નગરજનો માર્ગ પર ઊભા ઊભા જોતા હતા. અંદરોઅંદર વાત કરતાં કે કેવો સુંદર બાળ છે....આજે હોમાઈ જવાનો....!

અને આગળ વાદ્યમંડળી ચાલી. પાછળ અમર અને દશ રક્ષકો હતા બજાર પાસેથી નીકળતા વિક્રમ મળ્યો. તેના પાઠશાળાના મિત્રો મળ્યા. બધાની આંખમાં આંસુ દેખાતા હતા....

જ્યારે લક્ષ્મીચંદ શેઠની પેઢી આવી ત્યારે

લક્ષ્મીચંદ શેઠ ઊભા થઈને માર્ગમાં આવ્યા. શેઠે અમરને તેડી લીધો અને શેઠ પણ રડી ઊઠયા અને રડતાં રડતાં કહ્યું : 'અમર' તેઓ આગળ બોલી શકયા નહિ. ગળે ડુમો ભરાઇ ગયો.

અમરની આંખમાંથી આંસુ સુકાતા જ નહોતા. તેણે ભોળાભાવે અને રડતા રડતા કહ્યું : 'શેઠજી, હવે આપ જ મારી છેલ્લી આશા છો....મને બચાવી લો....'

'અમર, મારાથી એ થઈ શકે તેમ નથી. તારા બા-બાપુએ તને વેચી આપ્યો છે....મહારાજાનો રોષ મારા પર ઉતરે....ના...અમર, હું આ જોઈ શકીશ પણ નહિ....' લક્ષ્મીચંદ શેઠ આગળ બોલી શકયા નહિ. અને તેણે માર્ગ પર નજર કરી કે આસપાસ રાહદારીઓ પોતાની સામે જ જોઈ રહ્યા છે....તે અમર પાસેથી રજા મેળવીને પેઢી પર આવી ગયા.

અમરનો છેલ્લો વિશ્વાસ પણ જે રહ્યોસહ્યો હતો તે ઉડી ગયો. અમરના સગાંઓ પણ દૂર રહ્યા....

આનું નામ જ સંસાર છે....!

નગરીના લોકો માટે આ ઉત્સવ માણવા કરતાં જોવા માટે વિશેષ હતો.

અમરને વાજતે વાજતે યથાસ્થાને લઇ આવ્યા. રાજપુરોહિત સમક્ષ અમરને હાજર કરવામાં આવ્યો. રાજપુરોહિતે અમરને પૂછયું : 'અમકુમાર, તું આનંદ-મગ્ન છે ને....?'

'રાજપુરોહિતજી, મારે મન બધું સરખું છે....જ્યાં

સ્વાર્થ, વેર, ઈર્ષાભાવને જ મહત્ત્વ અપાતું હોય, ત્યાં પ્રેમને સ્થાન નથી. આપ જે કંઈ કહેશો તે કરવા તૈયાર છું.'

'અમર, સામે મહારાજા બેઠા છે તેમને વંદન કરી આવ. ત્યારબાદ મારી પાસે પાછો આવજે....'

અમર રાજપુરોહિતની આજ્ઞા સાંભળીને મહારાજા પાસે ગયો. મહારાજા શ્રેણિક એક આસન પર બીરાજમાન હતા....તેઓ સ્થસ્થ હતા, અમરને થયું કે મહારાજાને કહું કે મને બચાવી લે....

અમર તરત જ મહારાજા શ્રેણિકના ચરણમાં નમી પડ્યો અને રડતાં રડતાં કહ્યું : 'મહારાજ, આપ તો પ્રજાના પાલક છો આપ ગુણી છો....આપ મહાન છો....આપ મને બચાવી લો....'

શ્રેણિક રાજાએ કહ્યું : 'અમર, મારાથી કંઇ થઈ શકે નહિ. તારા માતાપિતા મારી પાસે આવ્યા હતા અને તારા ભારોભાર મૂલ્ય આપ્યું છે. આથી તારે તારા માતપિતા પાસે જ આ વાત કરવી જોઈએ....'

અમર શું બોલે....?

અમર જતો રહ્યો.

રાજપુરોહિતે અમરને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું : 'અમર, આ આપણા–રાજ્યના–મંત્રી સુકેતુજી છે તેઓ જે કંઇ કહે તે પ્રમાણે કરજે....' આમ કહીને રાજપુરોહિતે અમરને સુકેતુના હવાલે કરી આપ્યો.

નગરજનો આ ઉત્સવ નીહાળવા ઉમટી પડ્યા હતા.

તોરણો બાંધવામાં આવ્યા હતા, ઉત્સવની તૈયારી

ખૂબ જ સુંદર રીતે કરવામાં આવી રહી હતી. એક તરફ વાદ્યમંડળી ઉત્સવની ઉજવણી નિમિત્તે સંગીતના મધુરા સ્વરો રેલાવી રહી હતી....

કોઈ નગરજનોના ચહેરા પર વિષાદની છાયા નહોતી... સર્વના ચહેરા પર આ પ્રસંગ જોવાની તાલાવેલી હતી.... નગરજનો આછો ગણગણાટ કરતા હતા.

આર્ય સુકેતુએ અમરનો હાથ પકડીને કહ્યું : ' અમર, તારે સર્વ પ્રથમ દુગ્ધ વડે સ્નાન કરવું પડશે....'

' ભલે....આપ જેમ કહેશો તેમ કરીશ....' અમરે સુકેતુની વાતનો સ્વીકાર કરતાં કહ્યું. હવે જ્યાં કોઈ બચવાનો ઉપાય જ નહોતો તો શા માટે પોતે પણ આ પ્રસંગને વધાવી ન લે....?

અને ચાર સેવકોએ દુગ્ધ વડે અમરને સ્નાન કરાવ્યું ત્યારબાદ સ્વચ્છ જળ વડે બેવાર સ્નાન કરાવ્યું. અંગ-લુછણથી અમરનું શરીર સ્વચ્છ કર્યું. શ્વેત વસ્ત્રો પહેરા-વવામાં આવ્યા.

વસ્ત્રો પહેરાવતી વખતે એક સેવકે અમર સામે જોઈને કહ્યું : ' અમર, એકાદ ઘટિકાબાદ તને અગ્નિમાં હોમ-વામાં આવશે, તને કંઈ થતું નથી....?'

' ભાઈ, સંસારનું રહસ્ય વિચિત્ર છે....મારા જેવા નાના બાળની મનોવેદના કોણ સાંભળે....? માટે જે થાય છે તે કર્મને આધીન છે.'

સેવક ચૂપ થઈ ગયો. સુકેતુ તરત જ તંબુમાં આવ્યો અને કહ્યું : ' અમર વસ્ત્રો પહેરીને તૈયાર થઈ ગયો....?'

'હા....મંત્રીજી, અમરકુમાર તૈયાર છે....' એક સેવકે કહ્યું.

આર્ય સુકેતુ અમરને લઈને તંબુની બહાર આવ્યો અને અમરને કહ્યું: 'અમર, તારા શરીરે ચંદન અને કેસર ચોપડવામાં આવશે....'

'ભલે....' અમરે ટુંકમાં કહ્યું.

અને એક સેવકે આવીને અમરને ચંદન કેસર જે વાટેલું હતું તે શરીર પર ચોપડયું.

એક શ્વેત રંગની ફૂલની માળા પહેરાવવામાં આવી....

અને....!

અમરકુમારને યજ્ઞમંડપમાં હાજર કરવામાં આવ્યો. સર્વ નગરજનો આ નાના બાળને જોઈ રહ્યા હતા. સર્વને થતું કે કેવો સુંદર છે!?

પરંતુ કોઇ આગળ આવીને સાંત્વન આપવા આવતું નહોતું. સર્વને મહારાજાનો ડર હતો. મહારાજા શ્રેણિક જૈનધર્મી હોવા છતાં આવી ક્રિયામાં કેમ જોડાયા તેનું પણ સૌને આશ્ચર્ય હતું જ.

રાજપુરોહિતે આ સમારંભમાં અગત્યનું સ્થાન લીધું હતું તેની નીચે સો બ્રાહ્મણો વેદમંત્રો ભણવાના હતા. રાજપુરોહિતે મહારાજા સામે જોઈને કહ્યું: 'મહારાજ, મુહુર્તનો સમય થઈ ગયો છે....આપ આજ્ઞા આપો.'

'રાજપુરોહિતજી, આપ પ્રસન્ન હૃદયે કાર્ય શરૂ કરો.'

અને....!

રાજપુરોહિતે યજ્ઞમંડપમાં આવેલા સર્વજનો પ્રત્યે એક નજર નાંખીને સર્વને શાંત કરતાં કહ્યું : ' આ ઉત્સવમાં આવેલા સૌનું અમે ભાવભર્યું સ્વાગત કરીએ છીએ. આજનો આ પ્રસંગ ચિત્રશાળાનો દરવાજો સ્થિર રહેતો ન હોવાથી કરવામાં આવે છે. આપ સૌ સમગ્ર હકીકત જાણો છો.... અત્યારે મુહૂર્તનો સમય ચાલ્યો જાય છે એટલે આપણે આ માંગલિક કાર્યનો આરંભ કરીએ છીએ....'

અને સમગ્ર યજ્ઞમંડપમાં હર્ષધ્વનિ થયો....સૌ આનંદમાં હતા....જ્યારે નાનો બાળ અમર સાવ મૌન બનીને યજ્ઞમંડપની વચ્ચે કુતૂહુલ નીહાળતો હતો.

અને શંખનાદો, ધ્વનિવર્ધક વાદ્યોથી આ પ્રસંગનું મંગલાચરણ થયું.

યજ્ઞ પ્રગટાવવામાં આવ્યો.

બ્રાહ્મણો વેદમંત્રો ભણવા લાગ્યા અને રાજપુરોહિત પણ વિશાળ અવાજે મંત્રો ભણતા હતા.

એક ઘટિકા પસાર થઈ ગઈ....

હવે માત્ર અર્ધ ઘટિકા બાદ અમરકુમારને હોમવાનો હતો. યજ્ઞકુંડ વિશાળ બનાવવામાં આવ્યો હતો. અગ્નિ ખૂબ ઊંચે સુધી જતો હતો.

અમર ગમગીન બની ગયો....

અને...

ગુરૂ મહારાજના શબ્દો યાદ આવ્યા....જ્યારે કોઈ વિપત્તિ આવે ત્યારે નવકાર મંત્રનું સ્મરણ કરવું. અમર અતિ હર્ષિત બની ગયો. પોતાને આ અત્યાર સુધી કેમ યાદ ન આવ્યું તેનો રંજ થોડીપળ માટે થયો, પણ તે ભૂલી જઈને શ્રદ્ધા સાથે તે આંખો મીચીને એકધ્યાને નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગ્યો. નવકાર મંત્ર મહાન છે....અનાદિ કાળથી આ મંત્રનું આરાધન થતું આવ્યું છે.

જ્યારે અડગ શ્રદ્ધા અને પૂર્ણ વિશ્વાસથી જે કંઈ કાર્ય કરવામાં આવે છે તેમાં સફળતા જ પ્રાપ્ત થાય છે.

અમરકુમાર નવકાર મંત્રનું આરાધન કરી રહ્યો છે તે આજુબાજુ શું થઈ રહ્યું છે તે ભૂલી ગયો છે....અંતરમાં આરાધનાની મસ્તી હતી....અનહદ આનંદ પ્રગટયો.

પરંતુ દેવલોકમાં દેવોનું સિંહાસન ડોલી ઊઠયું.... દેવો ભેગા થયા અને સિંહાસન કેમ ડોલે છે? તેઓ તત્કાળ જાણી ગયા કે રાજગૃહીમાં અમરકુમાર નામનો બાળ નવકાર મંત્રનું અંતરની શ્રદ્ધા સાથે આરાધન કરી રહ્યો છે....પૂર્ણ વિશ્વાસ સાથે તે નવકારમંત્ર સ્મરી રહ્યો છે.

યજ્ઞમંડપમાં રાજપુરોહિત વેદમંત્રો આ વિધિ માટે ભણી રહ્યા હતા.

મહારાજા શ્રેણિક આસન પર બેઠા બેઠા આ સઘળું નિહાળી રહ્યા હતા.

ત્યાં જ સૌના આશ્ચર્ય વચ્ચે જે યજ્ઞકુંડમાંથી જવાળાઓ પ્રગટતી હતી તે ઠરી ગઈ....

સૌના ચહેરા પર આશ્ચર્ય તરવરવા લાગ્યું....યજ્ઞકુંડની જગ્યાએ સુવર્ણજડિત વિશાળ સિંહાસન ગોઠવાઈ ગયું.... અમરકુમાર તો આંખો મીંચીને નવકારમંત્રનું આરાધન કરી રહ્યો હતો.

અદૃશ્ય દેવો અમરકુમારને લઈને તે સિંહાસન પર બેસાડે છે. અને પુષ્પ વર્ષા તેના પર કરે છે....

મહારાજા શ્રેણિકનું આસન ડોલવા લાગે છે....શ્રેણિક રાજાને ચક્કર આવતા ઢળી પડે છે. અને મુખમાંથી રક્ત વહ્યા જાય છે....

યજ્ઞમંડપમાં આ કૌતુક જોઇને સર્વ જનો નવાઇ પામ્યા કે આ એકાએક શું થઈ ગયું....?'

બ્રાહ્મણોએ વેદમંત્રો ઉચ્ચારવાનું છોડી દીધું અને આ આશ્ચર્ય જોઇ રહ્યા. યજ્ઞમંડપમાં હાજર રહેલા સૌ કોઈ અમરકુમાર કોઈ પુણ્યશાળી આત્મા છે...તેને બચાવવા દેવો હાજર થઈ ગયા....એ વાત ધીમે ધીમે સભાજનોને સમજવામાં આવી.

અને....એક પછી એક સભાજન અમરકુમારને પગે વંદન કરવા આવવા લાગ્યા. અમરકુમારે મહારાજા શ્રેણિકના ચહેરા પર જળની અંજલિ છાંટી તો શ્રેણિક મહારાજા ઊભા

થઈ ગયા. તેમના મુખમાંથી રક્ત વહેતું હતું તે ન રહ્યું.

લોકો બોલવા લાગ્યા : ' બાળહત્યા પાપ છે છતાં આ કાર્ય કરવામાં આવ્યું તેથી સૌને ફળ મળ્યું....

આ તરફ અમરકુમારને જોઈને શ્રેણિક મહારાજાએ કહ્યું : ' અમરકુમાર, હવે રાજ્યનો કારભાર તું સંભાળ.... મેં બાળહત્યા કરવાનું જે પાપ કર્યું છે તેમાંથી હું કયા ભવે છુટીશ....હવે હું આ રાજ્યનો રાજા કહેવાને લાયક નથી મારી આટલી વિનંતિનો સ્વીકાર કર....'

અમરકુમારે વિનમ્ર સ્વરે કહ્યું : ' મહારાજાધિરાજ, હું તો નાનો બાળ છું....મને રાજકાજ આવડે નહિ.... આપ રાજસુખ ભોગવો....પરંતુ આપ એક વચન આપો....'

' કહે....અમરકુમાર....' શ્રેણિક રાજા બોલ્યા.

' મહારાજ, હવેથી આ ક્રિયા માટે આવી હત્યાઓ ન થવી જોઈએ તેવું વચન આપો....'

' અમર, હું તને આ સભાજનોની હાજરીમાં વચન આપું છું કે હવેથી આ નગરીમાં કે રાજ્યમાં આ પ્રકારના પ્રસંગો માટે કોઈ પ્રકારનો વધ કરવામાં નહિં આવે....'

અમરકુમાર રાજાને નમી પડયો.

મહારાજાએ કહ્યું: ' અમર, હવે તું મારા રાજભવનમાં ચાલ....આજે તેં મારી દષ્ટિ ખોલી....મહામંત્રીશ્વરે મને આ કાર્યથી રોકવા પ્રયત્નો કર્યા હતા, પરંતુ જ્યારે જીવનમાં ઠોકર લાગે ત્યારે જ માનવીને સમજ આવે છે....'

' મહારાજ, આપ નચિંત રહો....મને કોઈ જાતનું દુઃખ રહ્યું નથી....આપને સાંભળીને આનંદ થશે કે મને

સ્મરણ કરતાં કરતાં જ જાતિસ્મરણ થયું છે....મેં મારો પૂર્વ ભવ નજરે નીહાળ્યો. મેં તે ભવમાં ખૂબ જ પાપ કર્યા છે....'

'પરંતુ હવે રાજભવનમાં રહેવું પડશે....'

'ના....મહારાજ, જ્યાં સંસારના બંધનો જ છોડવા છે ત્યાં રાજભવનમાં ક્યાંથી આવું....?'

સૌ સભાજનો, રાજપુરોહિત વગેરે મહારાજા અને અમરકુમારનો સંવાદ સાંભળતા હતા. અમરકુમારે તરત જ પંચ મુષ્ઠિ વડે મસ્તક પરના સુંદર વાળ ઉતારી નાંખ્યા. અને સંયમ ધારણ કર્યો.

અમરકુમારે કહ્યું : 'રાજન, સભાજનો, આજ મારો આત્મા અતિ હર્ષ અનુભવે છે...જો આ ચિત્રશાળા આ જગ્યાએ થઈ ન હોત તો આ ઉત્સવ પણ ન રચાત અને મારા માતાપિતાએ મને વેંચી આપ્યો પણ ન હોત. આ પ્રસંગને વધાવતાં કહું છું કે આ પ્રસંગે મને સંયમ મળ્યો જેણે પુરા પુણ્ય મેળવ્યા હોય તેવો આ માર્ગ મને આપે આપ્યો છે. હું તો મારી જાતને ભાગ્યશાળી માનું છું. કોઈને દોષ દેવાનો સવાલ જ નથી. મને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું. મારા પ્રથમ ધર્મોપદેશમાં જણાવ્યું કે સંસારના બંધનો સોહામણાં લાગે છે, પરંતુ તેમાં માત્ર ક્ષણિક સુખ મળે છે. આપ સૌને ધર્મલાભ...'

સૌ સભાજનો નાના બાલમુનિરાજને વંદન કરી રહ્યા હતા. અમરમુનિરાજના ચહેરા પર તેજ પ્રગટતું હતું....

અમરમુનિ ચાલી નીકળ્યા.

સભાજનો ચાલ્યા જતાં એક બાલ જૈનમુનિને જોઈ રહ્યા. શ્રેણિક રાજાની આંખમાં આંસુ હતા....પસ્તાવાનો પાર નહોતો.

રાજપુરોહિત પણ ક્ષોભ પામ્યા હતા અને ધીમે ધીમે સૌ પોતપોતાના સ્થાને જવા લાગ્યા.

અને સમગ્ર રાજગૃહી નગરીમાં આ ઉત્સવની વાત જ ચર્ચાવા લાગી.

અમરમુનિ તો ચાલીને સીધા સ્મશાનભૂમિમાં આવ્યા અને તેઓ ધ્યાનસ્થ બને તે પહેલાં તે તરફથી પસાર થતો ડાકુ ચંદનસિંહ અને રણમલ આ નાના બાલ મુનિને એકલા આ સ્મશાનમાં જોઈને અચરજ થયું. આથી અચરજ શમાવવા બન્ને અમર મુનિ પાસે આવ્યા અને ભાવભર્યા વંદન ચંદનસિંહે અને રણમલે કર્યા.

ચંદનસિંહે ભાવભર્યા સ્વરે કહ્યું: ‘બાલ મુનિરાજ, આપને આ સ્થળે એકલા નિહાળીને અમને બન્નેને આશ્ચર્ય થયું છે. તો આપ અમને એ જણાવશો કે આપ એકલા શામાટે આ તરફ આવ્યા છો....?’

‘ચંદનસિંહ, હું જાણું છું કે આપ લુંટારૂ છો. છતાં આપના હૈયામાં મમતા ભરી છે. આપ શા માટે વૈર-ભાવને પોષી રહ્યા છો ?....આપ કર્મ બાંધી રહ્યા છો....’

ચંદનસિંહ તો આ બાલ મુનિરાજે પોતાનું નામ શી રીતે જાણ્યું....? એ વિચાર માત્ર કરતાં જ તે નમી પડયો અને કહ્યું : ‘મુનિરાજ, આપ જાણો છો કે મારી જાગીર લઈ લેવામાં આવી છે....’

‘ભાઈ, સંસારમાં કોઈની જાગીર રહી નથી. આપ

મારી જાગીર કહો છો તેથી મને નવાઈ લાગે છે. જયાં શરીર આપણું નથી ત્યાં કઈ વસ્તુ આપણી થવાની છે ? આ કડવું સત્ય છે છતાં સંસારીઓ સમજવાનો પ્રયત્ન કરતાં નથી.'

ચંદનસિંહ બાલ મુનિરાજની વાત સમજી ગયો અને નમન કરતાં કહ્યું : ' મુનિરાજ, આપ મને ધર્મબોધ આપો.'

અમરમુનિએ વિનમ્ર સ્વરે કહ્યું : ' ભાઇ, આ લુંટફાટનો અને આ લુંટારૂ જીવનનો ત્યાગ કરીને સમાજમાં સંસ્કારી માણસ તરીકે રહો...આપને કોઈ વળગાડ નથી એટલે જાગીર મેળવવાનો પ્રયત્ન કરશો નહિ.... આપ બન્ને સુખી થાઓ....'

ચંદનસિંહ અને રણમલ બન્ને વંદન કરીને ચાલી નીકળ્યા અને મનમાં નકકી કર્યું કે હવે પોતાના જીવન માર્ગની દિશા બદલાવશે....

અમર મુનિરાજ તરત જ કાઉસગ્ગમાં ઊભા રહ્યા.... અને સ્મરણ કરવા લાગ્યા.

આ તરફ જ્યારે ભદ્રા અને ઋષભદત્તે જાણ્યું કે અમરકુમાર ચાલી નીકળ્યો છે....તેણે પૂરી વિગત સાંભળી નહોતી એટલે ઊંડો વિચાર પણ કર્યો નહોતો.

ઋષભદત્તે કહ્યું : ' ભદ્રા, અમરકુમાર યજ્ઞમંડપમાંથી ચાલ્યો ગયો....'

' મને ખાતરી જ હતી કે એ પ્રમાણે જ કરવાનો છે, હવે મહારાજાના રક્ષકો અહીં આવશે અને ધનની માંગણી કરશે....'

'હા,....પરંતુ તે સઘળું ધન ક્યાં રાખ્યું છે....'

'અરે....તેમાંથી ઘણુંખરૂં તે વપરાઈ ગયું. જે હતું તે ભોમાં સંતાડ્યું છે....પરંતુ....' ભદ્રા આટલું બોલીને ગુસ્સે થઈ ગઈ....આંખોમાં લાલાશ આવી ગઈ.

ઋષભદત્ત પણ થોડીપળ માટે ડરી ગયો અને મનમાં વિચાર્યું કે ભદ્રાને શું થઈ ગયું છે. છતાં ડરતા ડરતા પૂછ્યું : 'ભદ્રા, તને શું થાય છે....?'

'તમે આઘા રહો....હું બહાર જઉં છું....મારી પાછળ આવશો નહિ. અને આવશો તો તમારી ખેર નથી...યાદ રાખજો...' ભદ્રાએ હાથમાં જે આવ્યું તે શસ્ત્ર લીધું.

ઋષભદત્ત મૌન બનીને બેસી રહ્યો.

ભદ્રા પોતાના ઘરની બહાર નીકળી...વસંતની માતા પૂછવા જતી હતી, પરંતુ તે કંઇ બોલવા જાય તે પહેલાં તો ભદ્રા આવી નીકળી...માર્ગમાં અમરકુમારની જ વાતો થતી હતી...ભદ્રાએ માર્ગમાં જતાં એક નગરજનને પૂછ્યું : 'ભાઈ, અમરકુમાર નામનો બાળક ક્યાં છે...?'

'પેલા યજ્ઞમંડપમાંઆવ્યો હતો તેની વાત કરો છો....'

'હા....હા...એ ક્યાં છે ?'

'એ તો મેં સાંભળ્યું છે કે સ્મશાનભૂમિ તરફ ગયેલ છે....'

ભદ્રા પેલા નગરજનને ઉત્તર આપવા પણ ન રોકાણી ....તે સ્મશાનભૂમિ પર આવી અને એક વૃક્ષ નીચે અમરકુમાર શાંતચિત્તે શુભધ્યાનથી ઊભો હતો. કાઉસગ્ગ

દશામાં તે નવકારમંત્રનું સ્મરણ કરી રહ્યો હતો.

ભદ્રા તો સામે લોચ કરેલા અમરને જોઈને જ તેના શરીરમાં અગ્નિ પ્રગટી ઉઠી અને તેણે ત્રાડ પાડી.... પરંતુ અમર તો કાઉસગ્ગ દશામાં હતો. ભદ્રા આવી અને અમર મુનિના છાતીપર શસ્ત્રના દશબાર ઘા માર્યા. અને અમર મુનિને તે પાપણી માતાએ મારી નાખ્યો.

અમર મુનિ કાઉસગ્ગ અવસ્થામાં શુભધ્યાન ધરતા હતા અમર મુનિનો જીવ ચ્યવીને બારમા સ્વર્ગલોકમાં ગયો ત્યાં બાવીશ સાગરોની આવરદા ભોગવી, પરમસુખ ભોગવીને મહાવિદેહમાં આવશે....અને કેવળ જ્ઞાની થશે....

ભદ્રાએ તરત જ તે શસ્ત્ર ત્યાં જ મૂકી દીધું....તેના હરખનો પાર નહોતો. આનંદની ઊર્મિ છલકાતી હતી.... અને એજ આનંદની મસ્તીમાં તે આગળ વધતી હતી.

ત્યાં સામેથી વાઘણ ચાલી આવે પરંતુ ભદ્રાનો આનંદ તો એવો જ હતો.

વાઘણે ત્રાડ નાખી.

ભદ્રાની નજર વાઘણ પર પડી...તેને પોતાનું મોત નજીક લાગ્યું....પળવારમાં વાઘણે ભદ્રા પર હુમલો કર્યો અને ભદ્રા ઢળી પડી....

વાઘણ થોડીવારમાં ચાલી ગઈ....

પાપિણી ભદ્રાનો જીવ ચ્યવીને છઠ્ઠી નારકીએ જઇને બાવીશ સાગરોપમની આવરદા ત્યાં ભોગવશે...અને અનંત કર્મોનો ક્ષય કરવાનો રહેશે....

## ૧૯ : : વિવાહની તૈયારી

રાજગૃહીમાં જ્યારે લોકોએ ભદ્રાએ કરેલી અમર બાલમુનિની હત્યા અને ભદ્રાનો કોઈ હિંસક પ્રાણીએ શિકાર કર્યો વગેરે હકીકત જાણી ખૂબ જ ક્ષોભ અનુભવતા હતા.

ત્યારે ઋષભદત્તને પણ પસ્તાવાનો પાર નહોતો. ઋષભદત્તને માથે ત્રણ બાળકો સાચવવાની જવાબદારી આવી પડી....

રાજગૃહીના નરેશ શ્રેણિક રાજા આ પ્રસંગથી ખૂબ જ ચિંતિત બની ગયા હતા અને તેમને આખો દિવસ આ જ વિચારો આવતા હતા. મહામંત્રીશ્વરે કહ્યું : 'મહારાજ, સર્વ કર્મને આધીન છે....આપ સ્વસ્થ થઇને રાજકાર્યમાં ધ્યાન આપો....આપ નિમિત્ત બન્યા છો....જે નિર્મિત હતું તે થયા વગર રહેતું જ નથી....'

'મહામંત્રીશ્વર, આપની વાત હું સમજું છું....હું મારા મનને સ્વસ્થ કરવાનો પ્રયત્ન કરીશ.'

'આપ ઘણા સમય થયા રાજસભામાં પધાર્યા નથી તો આવતીકાલે આપ પધારો....રાજસભામાં આપના વગરનું ખાલી સિંહાસન શોભતું નથી....'

'મહામંત્રી, હું આવતીકાલે રાજસભામાં આવીશ....' શ્રેણિક રાજાએ કહ્યું.

મહામંત્રીએ રાજભવનમાંથી વિદાય લીધી. જ્યારે વિદાય થયા ત્યારે તેમના ચહેરા પર પ્રસન્નતા છલકાતી હતી.

બીજે દિવસે દિવસના પ્રથમ પ્રહર બાદ મહારાજા શ્રેણિક અને રાણી ચેલ્લણા રથમાં બેસીને રાજસભામાં જવા વિદાય થયા. રાજસભામાં છડીદારે છડી પોકારીને મહારાજાના આગમનનો સંદેશો આપ્યો.

સર્વ સભાજનો ઊભા થઈ ગયા અને તેઓએ મહારાજાનું ભાવભર્યું સ્વાગત કર્યું. અને જયનાદ પોકાર્યો. મહારાજા અને મહાદેવી ચેલ્લણા સર્વનું અભિવાદન સ્વીકારીને સિંહાસન પર બેઠા. ત્યારબાદ સભાજનોએ પોતાની બેઠક સંભાળી લીધી.

રાજપુરોહિતે સ્વસ્તિવાચન કર્યું. અને રાજસભાની કાર્યવાહીનો આરંભ થયો. મહામંત્રીએ ઊભા થઈને કહ્યું: 'મહારાજાધિરાજ શ્રી, મહાદેવી, સભાજનો, આજ લગભગ એક મહિના બાદ મહારાજા રાજસભામાં પધારે છે તેઓની તબીયત અસ્વસ્થ રહેવાને કારણે હાજરી આપી

શકતા નહોતા. છેલ્લા ત્રણ–ચાર દિવસથી તેઓ સ્વસ્થ થયા છે એટલે આજ રાજસભામાં પધાર્યા છે....આજની સભામાં કોઈને કશું જણાવવું હોય તે વિના સંકોચે અહીં મંચ પર આવીને જણાવે....'

પરંતુ કોઈ ઊભું ન થયું. મહારાજાએ ઊભા થઈને સમગ્ર સભાજનો તરફ દષ્ટિ ફેંકીને કહ્યું : 'સભાજનો, બે દિવસ પહેલાં જ ચિત્રશાળાનું કાર્ય પૂરું થયું છે. જે દરવાજો પડી જતો હતો તે હવે સ્થિર રહે છે....અને અંદરનું કાર્ય હતું તે પણ પૂર્ણ થયું છે....ચાર દિવસ બાદ સર્વ લોકો ચિત્રશાળા જોવા જઈ શકશે....આપ સૌ જાણો છો કે ચિત્રશાળાના દ્વાર માટે જે કંઈ કરવામાં આવ્યું તેમાંનો એક નિમિત્ત હું પણ બન્યો છું. આથી એક પ્રજાપાલક તરીકે મેં ભૂલ કરી છે....આથી ભૂલ કરનારને સજા મળવી જ જોઈએ....આપ મને સજા આપશો તેવી મારી વિનંતિ છે....'

મહારાજાએ આટલું કહ્યું ત્યાં સભામાં સન્નાટો ફેલાઈ ગયો. નગરશેઠ ઊભા થયા અને કહ્યું : 'મહારાજ, આમાં અમને આપનો દોષ જણાતો નથી. જે નિર્માણ હતું તે બન્યું છે....આપનું પ્રાયશ્ચિત એજ અમારી સજા છે....માનવી કોઈવાર ભૂલ કરી બેસે છે, પરંતુ જ્યારે ભૂલનું પુનરાવર્તન ન થવું જોઈએ....આપ તો પ્રજાપાલક છો....ભૂલ તો નગરજનોની પણ હતી કે બધા તે ઉત્સવમાં

બાળહત્યા જોવા આવ્યા હતા. આપ જે પ્રાયશ્ચિત કરો છો તેમાં જ બધાં દોષોનું નિવારણ થઈ જાય છે....'

સભાજનોએ નગરશેઠની વાતને વધાવી લીધી. મહારાજનો જયનાદ કર્યો.

મહારાજાએ ઊભા થઈને કહ્યું : 'નગરશેઠજી, આપ સૌની મારા પ્રત્યેની ઉદારતા હોવી જોઈએ તે બરાબર છે પરંતુ હું જે અત્યારે વાત કરી રહ્યો છું તે રાજા તરીકે નહિ પરંતુ એક અપરાધી તરીકે....'

'મહારાજ, આપ ખૂબ લાગણીશીલ છો....આપ એમ કરો કે એક અઠ્ઠમનું તપ કરી લો....અને મનને વિશુદ્ધ કરો.'

મહારાજા આગળ કશું બોલ્યા નહિ. મહામંત્રીએ ફરીવાર ઊભા થઈને કહ્યું : 'સભાજનો, મહારાજાએ નગરશેઠજીની વાત સ્વીકારી લીધી છે....તે હર્ષની વાત છે. અમરકુમારની કથા ઈતિહાસમાં અમર જ થઈ જશે.... નાનો બાળ છતાં તેની તીવ્ર બુદ્ધિ, તેના વિવેક, વિનય વગેરે આજ પણ યાદ આવે તેવા છે. આપણી સભાનું કાર્ય અહીં પૂરું થાય છે. મહારાજા અને મહાદેવી જાય ત્યારબાદ સૌ પોતપોતાનું સ્થાન છોડે....'

અને મહારાજા શ્રેણિક ઊભા થયા. મહાદેવી પણ ઊભા થયા. બન્ને સાથે રાજસભાની બહાર નીકળ્યા. સભાજનોએ બન્નેનો જયધ્વનિ કર્યો હતો.

મહારાજ અને મહાદેવીની વિદાય બાદ દરેક સભાજનો પોતપોતાના ભવન તરફ વિદાય થયા.

આમ આઠ દિવસ પસાર થઈ ગયા.

શ્રેણિક રાજાએ અઠ્ઠમનું તપ કરી લીધું અને મન પર ઘણી સ્વસ્થતા મેળવી.

રૂપલતા તેની સખીઓ વચ્ચે બેઠી હતી. સુનયનાએ કહ્યું : 'દેવી, યુવરાજશ્રી ક્યારે પધારવાના છે....? તેના કોઇ વાવડ છે....?'

'હા....સુનયના હવે તેઓ બે–ત્રણ દિવસમાં આવી જવા જોઈએ....'

'શ્રીભદ્રકુમાર ત્યાં ઘણું રોકાયા....હવે તો દરેક વિદ્યામાં પારંગત થઈ ગયા હશે....' દેવિકાએ કહ્યું.

રૂપલતા બોલી નહિ....પલ્લવી લીલાવતીદેવી પાસે હતી તે રૂપલતાના ખંડમાં આવી અને હસતાં હસતાં કહ્યું : 'રાજકુમારીજી, એક આનંદના સમાચાર આપું તો મને શું આપશો....?'

'એ તો સમાચાર પર તેનું મૂલ્ય અંકાય....' રૂપલતાએ કહ્યું.

'તો પછી આપ સમાચાર સાંભળ્યા વગર જ બેસી રહો....'

'પણ મેં તને ક્યાં કહ્યું હતું કે તું મને અહીં આવીને સમાચાર કહે....' રૂપલતા બોલી.

'રાજકુમારીજી, સમાચાર મહત્ત્વના હશે નહિ તો પલ્લવી આમ આવે નહિ....' સુનયના બોલી.

'સુનયના, સમાચારની વાત બાજુ પર મૂકો. મને પલ્લવીની વાતમાં ભરોસો જ નથી....'

'દેવી, મારે થોડું આપના જેવું થવાય છે....! ચાલો તે આનંદભર્યા સમાચાર કહી સંભળાવું....આપના એ....એ....આવતીકાલે સૂર્યોદય પછી આવે છે....'

રાજકુમારીના ગાલ શરમના માર્યા લાલચોળ થઈ ગયા. પલ્લવી રાજકુમારીના મુખને જોઈ રહી. તે તરત જ બોલી ઊઠી : 'વાહ....આવતીકાલે તો યુવરાજશ્રી આવશે તો શુંનું શું થઈ જશે....!'

'પલ્લવી, તું મજાક કરવી રહેવા દે....' રૂપલતાએ ચહેરા પર મીઠો રોષ લાવતાં કહ્યું.

'દેવી, આજ આપના ચહેરા પર મીઠો રોષ પણ અનુપમ લાગી રહ્યો છે. જાણે પ્રિયત્તમા પોતાના પ્રિયત્તમની વાટ જોતી જોતી થાકી ગઇ હોય ત્યારે જે મીઠો રોષ પ્રગટે તેજ ભાવ અત્યારે આપના ચહેરા પર છે....'

'પલ્લવી, તું મૌન રહે....'

'રાજકુમારીજી, એક વાત કરવાની ઇચ્છા છે....' પલ્લવીએ વિષય ફેરવી નાંખતાં કહ્યું

'કહે....'

'આવતીકાલે તો આપના પ્રિય આવી જશે એટલે અમે ત્રણેય કયાં જઇએ....?'

'કેમ....? અહીં જ રહેવાનું છે....' રૂપલતાએ કહ્યું.

'જુઓ, આપ તો 'પ્રિય'ની સેવામાં પડયા હશો.... તેમની આગતા સ્વાગતા કરશો, ત્યારે અમારે આપની સાથે બોલવું કે ન બોલવું....આમ તો આપ ઉત્તર આપશો નહિ કારણકે આવતીકાલથી ચહેરા પરનો રંગ બદલાશે, વર્તન બદલાશે....'

'પલ્લવી, જ્યારે તારા જીવનમાં આવું જ બને ત્યારે તને કોણ કહેવા આવશે....?'

'રાજકુમારીજી, એટલે હું લગ્ન કરવા માંગતી નથી....હું તો આપની સેવામાં જ મારું જીવતર પૂરું કરીશ....' પલ્લવીએ કહ્યું.

ત્યાં એક દાસી આવી અને કહ્યું: 'રાજકુમારીજીને મહારાજા યાદ કરી રહ્યા છે.'

રૂપલતા ઊભી થઇ અને જતાં જતાં કહેતી ગઈ: 'તમે ત્રણેય બેસજો....હું હમણાં જ આવું છું....'

રૂપલતા ચાલી ગઈ....અને પોતાના પિતાના ખંડમાં આવી ત્યારે શ્રેણિક મહારાજાએ કહ્યું: 'પુત્રી, રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થયો છે....તું પ્રસન્ન છે ને....!'

'હા....પિતાજી, રૂપલતાએ કહ્યું.

'તને પલ્લવી જણાવી ગઈ હશે કે આવતીકાલે શ્રીભદ્ર રાજગૃહી આવી જશે....'

'હા....પિતાજી, પરંતુ આ સમાચાર કોણે મોકલાવ્યા ?'

'શ્રીભદ્રે જ મોકલાવ્યા છે ને આવતીકાલે સૂર્યોદય બાદ આવી જશે અને તે આપે એટલે તેની નગરી વિલાસપુરમાં સમાચાર મોકલવાના છે કે યુવરાજ શ્રી ક્ષેમકુશળ છે....'

રાજકુમારી મૌન રહી.

રાણી લીલાવતી બેઠી હતી. રાજકુમારી થોડીવાર બેસી અને કહ્યું : 'પિતાજી, આપ આજ્ઞા આપો તો જાઉં....'

'હા....તું તારે જા....' શ્રેણિક રાજાએ કહ્યું.

રૂપલતા ચાલી ગઈ.

શ્રેણિક રાજાએ પોતાની પત્ની લીલાવતીદેવી સામે જોઈને કહ્યું : 'લીલા, આવતીકાલે યુવરાજ શ્રીભદ્ર આવે એટલે એમની સાથે બેસીને પુત્રીના લગ્નું ગોઠવી લઇએ....રાજપુરોહિતને આપણે આવતીકાલે જ આ અંગે વાત કરીશું અને ઉત્તમ દિવસ કાઢી આપે....'

'હા....સ્વામી, પણ આપે પેલી તપાસ કરાવી....?'

'કઈ બાબતની....?' શ્રેણિક રાજાએ પૂછ્યું.

'શ્રીભદ્ર રાજકુળનો છે કે નહિ....? તે યુવરાજ છે કે નહિ....?' લીલાવતીદેવીએ પૂછ્યું.

'પ્રિયે, મેં એ તપાસ ઘણા વખત પહેલા કરાવી

લીધી અને એ કાર્ય માટે આપણો કુશળ ગુપ્તચર રત્નશેખર ત્યાં ગયો હતો અને શ્રીભદ્ર ત્યાંનો યુવરાજ છે....'

'આમ તો યુવરાજશ્રીના મુખ પર જ રાજતેજ પ્રગટ થયા વગર રહેતું નથી....' લીલાવતીએ કહ્યું.

'હા....લીલા, તેણે તો તારું જીવતર બચાવ્યું.... અને રૂપલતાને પણ બચાવી જ ને....! આપણે તેના ઋણી છીએ જ....'

'સ્વામી, એ વાતને આજ ઘણો સમય વીતી ગયો.... ઘણા પ્રસંગો બની ગયા....'

'પ્રિયે, સંસાર આમ જ પૂરો કરવાનો છે....' શ્રેણિક રાજાએ કહ્યું.

'હવે રાત્રિનો બીજો પ્રહર શરૂ થઈ ચૂકયો છે. આપ આરામ કરો....હું રૂપલતા પાસે જાઉં છું....' આમ કહીને લીલાવતીદેવીએ શ્રેણિક રાજાની રજા માંગી.... જતી વખતે ખંડનું દ્વાર અટકાવતી ગઈ.

શ્રેણિક રાજાને આજ થાક વરતાતો હતો. તે શૈયામાં પડયા. અને થોડી જ વારમાં તેને નિદ્રા પ્રાપ્ત થઈ ગઈ.

આ તરફ ચંદનસિંહ અને રણમલે અમરકુમારનો ધર્મબોધ પામીને સાદાઈથી જીવવાનું શરૂ કર્યું હતું. એ પહેલા તેના સાથીઓ સાથે એક બેઠક મળી હતી. તેમાં ચંદનસિંહે સ્પષ્ટતા કરતાં કહ્યું: 'સાથીઓ, આપણે

અત્યાર સુધી સાથે રહ્યા છીએ....સુખમાં પણ સાથે રહ્યા અને દુઃખમાં પણ સાથે રહ્યા....આપ જાણો છો કે વેરથી વેર શમતું નથી....મને બાલમુનિરાજ અમરકુમારે ધર્મ-બોધ આપ્યો ત્યારથી મેં મારું જીવન પરિવર્તન કરી લીધેલ છે. રણમલે પણ મને સાથ આપ્યો છે. આપણે આ કાર્ય કરીને દોષ બાંધીએ છીએ....તેમાંથી ક્યારે મુક્ત થશું તેની ખબર કોઈ ને નથી....

'પણ સરદાર, આપની જાગીર માટે....?' ભૈરવ-સિંહે કહ્યું.

ચંદનસિંહે હસતાં હસતાં કહ્યું : 'ભૈરવસિંહ, આ માટે મને બાલમુનિએ ખૂબ જ ઉત્તમ બોધ આપ્યો. મેં પણ આવો મનમાં પ્રશ્ન કર્યો હતો પરંતુ મારો ચીંતવેલો પ્રશ્ન તેઓ જાણી ગયા....ધન્ય છે એ મુનિરાજને....! ફરીવાર એ મળશે તો આપ સૌને એમના દર્શનનો લાભ કરાવીશ.'

'આપ જાગીરનું કંઈ કહેતા હતા....' દુર્મુખે કહ્યું.

'હા....બાલ મુનિરાજે મને જણાવ્યું કે જે જાગીર કોઈની નથી તે તું તારી જ છે તે કેમ માની બેઠો....? જ્યાં શરીર આપણું નથી, ત્યાં જાગીર તારી ક્યાંથી હોય....? વેરભાવ છોડીને સંસ્કારી જીવન વીતાવવાનું જણાવ્યું....બોલો સાથીઓ, આપ આ જીવનપરિવર્તનમાં સાથે રહેવા માંગો છો કે અહીં તહીં ભટકવા....!'

'સરદાર, જ્યાં તમે ત્યાં અમે....' રણમલે કહ્યું, અને બધા સાથીઓએ ચંદનસિંહની વાતનો સ્વીકાર

કર્યો. ચંદનસિંહે કહ્યું : 'સાથીઓ, આ માટે હું રાજગૃહી નગરીની રાજસભામાં જઈશ...આપ સૌ સાથે આવજો....રાજસભામાં આપણે ગુન્હાનો એકરાર કરીશું અને બાલમુનિની વાત કરીશું....અને જો મહારાજ ક્ષમા-આપીને રહેવાની આજ્ઞા આપે તો સુખેથી મહેનત કરીને રહીશું....'

ફરીવાર સાથીઓએ જયનાદ કર્યો. આમ અમરકુમારના ધર્મબોધથી ચંદનસિંહના જીવનનું પરિવર્તન થયું સાથે બીજા સાથીઓ અને દાસીઓના જીવન બદલાયા.

બીજે દિવસે રાજગૃહી નગરીમાં બંગ પ્રદેશથી પ્રવાસ ખેડતો ખેડતો શ્રીભદ્ર આવી પહોંચ્યો રાજગૃહીના પાદર પર જ તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

સૂર્યોદય થઈ ગયો હતો.

શ્રીભદ્ર રાજભવનમાં આવી પહોંચ્યો. રૂપલતા સ્નાન માટે ગઈ હતી. એક સખીએ સમાચાર આપી દીધા હતા કે યુવરાજશ્રી રાજભવનમાં આવી ગયા છે.

રૂપલતા પોતાના પ્રિયતમને મળવા અધીરી બની ગઈ હતી....પરતું શ્રીભદ્ર મહારાજા અને લીલાવતીદેવી પાસે બેઠો અને કુશળતા પૂછી.

શ્રેણિક રાજાએ પૂછ્યું : 'શ્રીભદ્ર, બંગ પ્રદેશમાં ફાવ્યું ને....?'

'હા....મહારાજ, ત્યાં મારી તબિયત સ્વસ્થ રહી હતી....'

'ત્યાં વિશેષ કરીને કઈ તાલીમ વધુ મેળવી....?'

'મહારાજ, મેં ત્યાં શસ્ત્ર સંચાલન અને બંસરીવાદનની વિશેષ તાલીમ મેળવી....'

'આપને સ્નાન કરવાનું બાકી હશે...' મહારાજાએ પૂછ્યું ત્યારે શ્રીભદ્રે જવાબ આપ્યો : 'હા....મહારાજ....'

શ્રીભદ્રે તરત જ મહારાજની વિદાય લઈને સ્નાનગૃહમાં જવા માટે એક સેવકને વાત કરી. સેવકે સ્નાનાગારમાં ઉષ્ણજળ મૂક્યું. અંગલુંછણ મૂક્યું ત્યારબાદ સેવક શ્રીભદ્ર પાસે આવ્યો અને તેણે નમન કરતાં જણાવ્યું : 'યુવરાજશ્રી, આપ પધારો....ઉષ્ણજળ તૈયાર છે....'

યુવરાજ શ્રીભદ્ર તરત જ સ્નાનાગાર તરફ ગયો. અને તેણે ખૂબ જ પ્રસન્ન મને સ્નાન કર્યું. તેલમર્દન પણ કર્યું હતું....આથી શરીરમાં સ્ફુર્તિ આવી ગઈ....

સ્નાનાદિ કાર્ય પૂર્ણ કરીને વસ્ત્રપરિવર્તન કર્યું અને તે એક આસન પર બેઠો. ત્યાં બે સેવકો સવારનો આહાર લઈને આવી પહોંચ્યા. દુગ્ધનું પાત્ર પણ હતું. શ્રીભદ્રે કશા સંકોચ વગર આહાર કર્યો.

આહાર સમાપ્ત કરીને હાથ સ્વચ્છ કર્યા ત્યાં પલ્લવી આવી અને નમન કરતાં બોલી : 'યુવરાજશ્રી, આપ મને જાણી ગયા કે ભૂલી ગયા....?'

'નામ તો યાદ નથી રહ્યું....પરંતુ લત્તાની સખી છો એટલી ખબર છે....'

'મારું નામ પલ્લવી છે....'

'હા....હા....પલ્લવી યાદ આવ્યું....કહે અત્યારે કેમ પધરામણી થઈ....?'

'યુવરાજશ્રી, આપ આમ કહો છો ? મારા રાજકુમારીબા વિરહ વ્યથામાં અડધા થઈ ગયા છે, તેની દૂત બનીને આવી છું. જો આપને અનુકૂળ હોય તો અત્યારે અહીં આવે....?'

'હા....મને શા માટે વાંધો હોઈ શકે ?....અહીં તો દરેક મળવા આવે છે....' યુવરાજે હસતાં હસતાં કહ્યું.

'પણ મળવા આવનાર વ્યક્તિની ગુણવત્તા તો તપાસવી જોઈએને....' જ્યારે અમારા રાજકુમારી બા....'

'વધુ બોલ્યા વગર એને મોકલ....' યુવરાજે કંટાળાભર્યા સ્વરે કહ્યું.

પલ્લવી હસતી હસતી ચાલી ગઇ.

રાજકુમારી પાસે આવીને તેણે કહ્યું : 'મેં યુવરાજશ્રીની રજા મેળવી લીધી છે. અત્યારે તેમના ખંડમાં કોઈ નથી અને આપની પ્રતીક્ષા કરી રહ્યા છે.'

રાજકુમારી ઊભી ન થઈ અને બેસી રહી....પલ્લવીએ ફરીને ઊભી કરવાનો પ્રયત્ન કર્યો : 'અરે દેવી, આપ જાઓ નહિ તો કોઈ એમને મળવા આવી જશે

તો રહી જશો....અંતર તો આપનું જલદી જઉં તેમ કહે છે તો પછી શા માટે બેઠા છો? ઊભા થાઓ....'

રાજકુમારી ઊભી થઇ અને મુખ નીચું રાખી આંખો નીચે ઢાળીને સહેજ હસતું મુખ રાખીને ગઈ....પલ્લવી મનોમન બોલી ઊઠી : ' રાજકુમારીજીને મનમાં તો ક્યારે ત્યાં પહોંચી જઉં તેવી ઈચ્છા રાખે છે. ગયા ત્યારે ચહેરો કેટલો હસતો હતો....!'

રાજકુમારી રૂપલતા નયનો ઢાળીને જઇ રહી હતી અને યુવરાજ શ્રીભદ્રનો ખંડ આવતાં તે બે પળ થંભી ગઈ....શ્રીભદ્રની નજર તેના પર પડી....શ્રીભદ્ર તેની પાસે આવ્યો અને રાજકુમારીના બન્ને હાથ પોતાના હાથમાં લીધા અને બાહુબંધનમાં ઝકડી લીધી. ' રાજકુમારીએ તરત જ છૂટકારો મેળવ્યો અને કહ્યું: ' પણ દ્વાર ખુલ્લું છે....!'

' ઓહ....રૂપ, તને જોયા પછી હું સઘળું ભૂલી જઉં છું....' આમ કહીને યુવરાજે દ્વાર અટકાવ્યું અને રાજકુમારીને ફરીને બાહુબંધનમાં ઝકડી અને ત્રણ દીર્ઘ આશ્લેષ આપ્યા.

રાજકુમારીને બાહુબંધનમાંથી મુક્ત કરીને યુવરાજે કહ્યું : ' રૂપ, તારા માટે એક વસ્તુ લાવ્યો છું....'

' મારે જોઈતી નથી....મારા એક પ્રશ્નનો ઉત્તર આપો....' રાજકુમારીએ કહ્યું.

' કહે....તારો શું પ્રશ્ન છે....!'

'આપ આટલા દિવસો ત્યાં કેમ રોકાયા....?' રાજકુમારીએ મીઠી રીસ લાવતાં કહ્યું.

'પ્રિયે, મારી ભાવના તો તરત જ આવવાની હતી પરંતુ કાર્ય અધૂરૂં છોડીને આવવું વ્યાજબી લાગતું નહોતું છતાં મારું મન તો અહીં જ હતું....' યુવરાજે મુખ પર એક ચુંબન ચોડતાં કહ્યું.

રૂપલતા રાજકુમારી શ્રીભદ્રની વાતમાં સહમત થઈ. અને યુવરાજે બંગ પ્રદેશની મોતીની માળા રાજકુમારીને આપી રૂપલતાએ કહ્યું, 'સ્વામી, આપ જ મારા કંઠમાં ધારણ કરી દો....'

'પરંતુ આ લગ્ન પહેલાં શોભશે ?'

'સ્વામી, હું આપની જ છું પછી....'

યુવરાજ કંઈ બોલ્યો નહિ રાજકુમારી કંઠમાં પોતાના હાથે માળા પહેરાવી દીધી.

રાજકુમારી યુવરાજ પાસે અર્ધઘટિકા બેસીને પોતાના ખંડ તરફ વિદાય થઈ ત્યારે દિવસના બીજા પ્રહરની એક ઘટિકા પસાર થઈ ગઈ....

યુવરાજ એકલો બેઠો હતો ત્યાં જ એક દાસ આવ્યો અને કહ્યું : 'આપશ્રીને મહારાજા યાદ કરી રહ્યા છે....'

'હું આવું છું....' શ્રીભદ્રે કહ્યું. દાસ ચાલ્યો ગયો.

થોડીપળો બાદ સ્વસ્થ થઈને શ્રીભદ્ર મહારાજા શ્રેણિક પાસે જવા વિદાય થયો.

શ્રેણિક રાજા અને લીલાવતીદેવી યુવરાજ શ્રીભદ્રની

રાહ જોઈ રહ્યા હતા. ત્યાં યુવરાજ શ્રીભદ્ર આવ્યો. અને શ્રેણિકરાજા અને લીલાવતીદેવીના ચરણમાં નમી પડ્યો.

શ્રેણિક રાજાએ શ્રીભદ્રને પોતાની પાસે બેસાડ્યો અને કહ્યું : 'શ્રીભદ્રજી, આપ જાણો છો કે હવે અમે રૂપલતાના વિવાહ રોકાવવા માગતા નથી. અમે આજે જ રાજપુરોહિતને બોલાવીને લગ્નનું મુહૂર્ત કાઢવાનું જણાવીશું....'

'મહારાજ, આપને જેમ યોગ્ય લાગે તેમ કરો...., મને કોઈ પ્રકારનો વાંધો નથી....'

'આપની નગરીમાં આપના માતાપિતાને સમાચાર મોકલવાના છે ને....?'

'ના....ત્યાં સમાચાર મોકલશો નહિ. અમુક કારણોને હિસાબે હું ના પાડી રહ્યો છું....'

'તો પછી આપના લગ્નમાં આપના તરફથી તો કોઈ હાજરી આપનાર એકાદ વ્યક્તિ તો જોઈશે જ....'

'છે....' યુવરાજે કહ્યું.

'કોણ છે?' મહારાજે પ્રશ્ન કર્યો.

'મારી ધર્મભગિની રંગલતા તે મારા લગ્નમાં હાજર રહેશે....'

'બરાબર છે....તો હું આજે જ રાજપુરોહિતને બોલાવીને મુહૂર્ત કાઢાવી લઉં છું અને ખૂબ જ ધામધૂમથી આ પ્રસંગને ઉકેલીશું....'

'મહારાજ, આપને જેમ યોગ્ય લાગે તેમ કરી શકો છો. આપ મારે મન પિતાતુલ્ય છો...' શ્રીભદ્રે કહ્યું.

શ્રેણિક રાજા અને લીલાવતીદેવીને આવો ઉત્તમ જમાઈ મળ્યા બદલ આનંદમાં હતા. શ્રેણિક રાજાએ કહ્યું : 'રંગલતા અત્યારે શું કરે છે....?'

'મહારાજ, રંગલતાએ નૃત્ય છોડી દીધું છે અને હું અહીંથી ચાલ્યો ગયો હતો, આથી તેની માહિતી મને નથી, પરંતુ હું આજે ત્યાં જવાનો છું....શ્રીભદ્રે કહ્યું.

થોડીવાર બેસીને શ્રીભદ્ર વિદાય થયો અને પોતાના ખંડમાં આવ્યો.

શ્રેણિક રાજાએ તરત જ રાજપુરોહિતને બોલાવવા એક સેવકને મોકલ્યો. સેવક તરત જ રાજપુરોહિતને લઈને મહારાજ સમક્ષ હાજર થયો. શ્રેણિક રાજાએ રાજપુરોહિતનું સ્વાગત કર્યું અને વિનમ્ર સ્વરે કહ્યું : 'આવો રાજપુરોહિતજી, આજે મારે આપને એક વાત કરવી છે.'

'કહો...મહારાજ.' રાજપુરોહિતે એક આસન પર બેઠક લેતા કહ્યું.

શ્રેણિક રાજાએ કહ્યું : 'આપ જાણો છો કે મારી પુત્રી રૂપલતાનું વેવિશાળ શ્રીભદ્ર સાથે થયું છે.'

'હા....મહારાજ....'

'રૂપલતાના વિવાહનો ઉત્તમ દિવસ આપે કાઢવાનો છે તે આપ એક–બે દિવસમાં દિવસ અને ચોઘડિયું વગેરે જણાવો એટલે આ અમારો એક પ્રસંગ ઉકેલાઈ જાય....'

'ભલે મહારાજ, હું આવતીકાલે સર્વોત્તમ દિવસ જોઈ આપીશ....'

રાજપુરોહિતે થોડીવાર આ અંગેની મહારાજ અને મહાદેવી સાથે ચર્ચા કરી અને ત્યારબાદ વિદાય લીધી.

લીલાવતીદેવીએ કહ્યું : 'સ્વામી, આ પ્રસંગ ખૂબ જ ધામધુમથી ઉજવવો પડશે.'

'પ્રિયે, રૂપલતા જેમ તારી પુત્રી છે તેમ મારી પણ પુત્રી છે ને....!' શ્રેણિક રાજાએ હસતાં હસતાં કહ્યું.

ત્યાં થોડીવારમાં સેવક આવ્યો અને ભોજનગૃહમાં પધારવાનું કહી ગયો.

શ્રેણિક રાજા અને લીલાવતીદેવી ઊભા થયા. રાજાએ એક સેવકને શ્રીભદ્રને ભોજનઅર્થે બોલાવવા મોકલ્યો.

આજે યુવરાજ શ્રીભદ્રનો બંસરીવાદનનો કાર્યક્રમ રાજભવનના રંગમંડપમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ રૂપલતાના આગ્રહથી ગોઠવાયો હતો. રૂપલતાએ ત્યારે જણાવ્યું હતું કે આપે બંસરીવાદનની વધુ તાલીમ ગ્રહણ કરી છે તો અહીં સર્વને લાભ મળે અને સૌ આનંદ મેળવે....ત્યારે યુવરાજ શ્રીભદ્રે હસતાં હસતાં પોતાની પ્રિયાની આ વાત સ્વીકારી અને ત્યારે જણાવ્યું પણ ખરું કે તારી આજ્ઞાનું પાલન મારે કરવું જ રહ્યું.

દિવસનો અંતિમ પ્રહર હતો. યુવરાજે પોતાની પ્રિયાને જણાવ્યું: ‘ રૂપ, હું મારી ધર્મભગિનીને મળીને હમણાં જ પાછો ફરીશ....કદાચ મારે ત્યાં મોડું થાય તો ચિંતા કરતી નહિ....’

રૂપલતાએ કહ્યું : ‘ પરંતુ વહેલા પાછા ફરજો.... વાળુ અહીં જ કરશો....? ’

‘ ના....આજે બંસરીવાદન કરવાનું છે એટલે સાંજનું વાળુ નહિ ફાવે....’ શ્રીભદ્રે કહ્યું. રૂપલતા કંઈ બોલી

નહિ અને શ્રીભદ્ર રંગલતાના ભવન તરફ જવા નીકળ્યો. શ્રીભદ્રે એક સેવક મારફત રથ મંગાવ્યો અને રથમાં બેસીને તે દેવી રંગલતાના ભવન પર ગયો.

જ્યારે તે દેવી રંગલતાના ભવન પર પહોંચ્યો ત્યારે ભવન પર એક જ રક્ષક હતો, રક્ષક શ્રીભદ્રને ઓળખી ગયો અને તેણે ભાવભર્યું સ્વાગત કર્યું.

શ્રીભદ્રે કહ્યું : 'રંગલતા અંદર છે?'

'હા....આપ પધારો....આપની ખૂબ રાહ જોઈ રહ્યા હતા. આપને જોઈને આનંદિત થશે....'

'હા....હું બે દિવસ પહેલાં જ રાજગૃહી નગરીમાં આવ્યો....'

'પધારો....' રક્ષક ભવનમાં લઇ ગયો.

શ્રીભદ્ર કોઈપણ દાસદાસીને ન જોતાં આશ્ચર્ય પામ્યો અને તેણે રક્ષકને પૂછ્યું : 'ભાઈ, દાસદાસીઓ, નૃત્યાચાર્ય, વાદ્યમંડળી વગેરે બધા ક્યાં ગયા....? ભવનમાં જે કલરવ હતો ત્યાં આજ શાંતિ છે....આમ શામાટે....?'

'યુવરાજશ્રી, આપ જાણતાં નહિ હો દેવી રંગલતા થોડા સમયમાં પ. પૂ. આચાર્ય શ્રીધર્મઘોષ મુનિમહારાજ પાસે દીક્ષા લેવાના છે....આ ભવનમાં કેવળ દેવી રંગલતા-દેવી અને ચિત્રાદેવી બન્ને છે....સિવાય તે એક-બે દાસી હોય....!'

'ઓહ....ત્યારે તો રંગલતાએ જીવનપરિવર્તન કરી લીધું...મારી બહેન મહાન છે....'

આમ વાતો કરતાં હતાં ત્યાં ચિત્રા સામે જ મળી અને શ્રીભદ્રને જોતાં જ અતિ હર્ષિત બની ગઈ તે રંગલતાને આ આનંદભર્યા સમાચાર આપવા દોડી ગઇ. રંગલતા તરત જ સ્વસ્થ થઈને પોતાના ભાઈને મળવા આવી.

રંગલતા અને ચિત્રા શ્રીભદ્રને જોઈને આનંદ પામી. રંગલતા શ્રીભદ્રને નમી પડી. ચિત્ર પણ નમી પડી. શ્રીભદ્રે રંગલતાને ઊભી કરતાં કહ્યું: 'બહેન, તારી તબિયત તો સ્વસ્થ રહે છે ?'

'ભાઈ, આ તમારી સામે ઊભી છું....'

'તું દુબળી ઘણી પડી ગઇ છે. ધર્મમાં વધારે સ્થિર થવા લાગી છે....!' શ્રીભદ્રે કહ્યું.

ચિત્રાએ કહ્યું: 'યુવરાજશ્રી, આપના બહેન તપશ્ચર્યા ખૂબ જ કરે છે....નિયમિત વ્યાખ્યાન સાંભળવા જાય છે અને રહેણીકહેણી, ભોજનઆહાર વગેરે સર્વમાં ફેરફાર થઈ ગયા છે. થોડા સમયમાં દીક્ષા લેવાની વાત કરે છે તેઓ એમ કહે છે કે મારા ભાઈ આવે પછી દીક્ષા લઈ લેવી છે....'

શ્રીભદ્રની આંખમાં આંસુ આવી ગયા....આ આંસુ રંગલતા જોઈ ગઈ અને હસતાં હસતાં બોલી: 'ભાઈ અત્યારે કયાં મુક્તિના પંથે જઈ રહી છું....આપની આંખમાં આવેલા આંસુ હું જોઇ ગઇ છું....આપે તો મને પ્રેરણા આપી છે....આપે મારામાં અમૃત સિંચન કર્યું

છે...આ ઋણ કયા ભવે વાળીશ....?' રંગલતાનો સ્વર પણ ભારે થઈ ગયો.

'બહેન, હું તો માત્ર નિમિત્ત બન્યો છું, પરંતુ આ માર્ગે જનારાઓ મહાન આત્માઓ હોય છે. આપનો જન્મ ભલે આ કુળમાં થયો તે તો કર્મ અનુસાર છે અને હવે હું પણ ગર્વ લઈ શકીશ કે મારી બહેન મહાન છે....આજ આ બધું સાંભળું છું ત્યારે મારું હૈયું હર્ષ અનુભવે છે....' શ્રીભદ્રે પોતાની ખુશી વ્યક્ત કરતાં કહ્યું.

'ભાઈ, હું તો આપનું સ્વાગત જ ન કરી શકી. આપને બેસવાનું પણ કહી ન શકી....મારું ચિત્ત સ્થિર રહેતું નથી....'

'બહેન, ભાઈ ઘેર આવે ત્યારે તેને બહેનના સન્માનની જરૂર નથી હોતી, પરંતુ બહેનની લાગણીની જરૂર હોય છે....એ તો તારા હાવભાવ અને વર્તનમાં જણાઈ આવે છે. મેં મારો આનંદ તારી પાસે પ્રગટ કર્યો.

રંગલતાએ શ્રીભદ્રનો હાથ પકડીને એક આસન પર બેસાડયો. ચિત્રાને જળપાત્ર લેવા મોકલી અને રંગલતા બીજા આસન પર બેસી ગઈ.

શ્રીભદ્રે રંગલતાને પૂછયું: 'અહીંયા આચાર્ય શ્રી ધર્મઘોષ મુનિ મહારાજ બિરાજે છે....!'

'હા....ઘણા જ જ્ઞાની અને તપસ્વી મુનિરાજ છે.... એમના સાંનિધ્ય હેઠળ મેં જૈનધર્મના શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. તેઓશ્રીએ દીક્ષા માટેની હા પાડી છે...'

'રંગલતા, આજે રાત્રિના પ્રથમ પ્રહર બાદ મારો બંસરીવાદનનો કાર્યક્રમ છે....તું આવી શકીશ....?'

'ભાઈ, મેં તો આવું ઘણા સમયથી સાંભળવાનું છોડી દીધું છે છતાં તમે કહેતા હશો તો આવીશ.' રંગલતાએ કહ્યું.

'જો તે છોડી દીધું હોય તો આવવાની જરૂર નથી.... મેં તો આ અમસ્તું પૂછેલું....હું બે ત્રણ દિવસ બાદ એક વખત દિવસના સવારના ભાગમાં આવીશ. આપણે સાથે દર્શનાર્થે જઈશું અને હું મુનિ મહારાજના આશીર્વાદ મેળવીશ.'

'ભલે. આપ જ્યારે આવશો ત્યારે હું આપની સાથે આવીશ.'

'રંગલતા, રાજકુમારી રૂપલતા સાથે મારા લગ્ન ટૂંક સમયમાં થવાના છે તેમાં તારે અને ચિત્રાએ હાજરી આપવી પડશે.'

'ભાઈ, બહેન તો પોતાના ભાઈના લગ્ન થતાં હોય ત્યારે આવે જ ને....!' રંગલતાએ હસતાં હસતાં કહ્યું.

ચિત્રા દુગ્ધનું પાત્ર લઈ આવી.

શ્રીભદ્રે દુગ્ધનું પાત્ર હાથમાં લીધું અને દુગ્ધપાન કર્યું.

રંગલતાએ કહ્યું : 'ભાઈ, આપે આપના પ્રવાસની હકીકત જણાવી નહિ....'

'લતા, મારા પ્રવાસમાં કંઈ વિશેષ નથી. મેં ત્યાં શસ્ત્ર તાલીમ અને બંસરીવાદનની તાલીમ લીધી આ સિવાય આજુબાજુના પ્રદેશો ફર્યો તે જ, બાકી ખાસ કંઈ બન્યું નથી....'

રંગલતા વધુ કશું બોલી નહિ.

થોડીવાર વધુ બેસીને યુવરાજે કહ્યું : 'બહેન, હવે હું વિદાય લઉં....રાજભવનમાં મારી પ્રતીક્ષા થતી હશે....'

રંગલતાએ રજા આપી.

યુવરાજ શ્રીભદ્ર રાજભવન તરફ વિદાય થયો. રાજભવનમાં શ્રેણિક મહારાજા પ્રતીક્ષા કરતા હતા. યુવરાજ શ્રીભદ્રને જોતાં જ રાજભવનના દ્વારરક્ષકે કહ્યું : 'યુવરાજશ્રી, મહારાજા આપની પ્રતીક્ષા કરી રહ્યા છે....આપ પધારો....'

યુવરાજ શ્રીભદ્ર એક સેવકની સાથે રાજભવનના પગથિયા ચડવા લાગ્યો, અને જ્યાં શ્રેણિક મહારાજા બેઠા હતા ત્યાં આવ્યો. શ્રેણિકરાજા અને રાજપુરોહિત બેઠા હતા. શ્રેણિકરાજાએ યુવરાજ સામે જોઈને કહ્યું : 'યુવરાજશ્રી, આપ અહીં આસન પર બીરાજો....રાજપુરોહિતજી લગ્નની તિથિ નક્કી કરીને આવ્યા છે....'

શ્રીભદ્રે બેઠક ગ્રહણ કરી. રાજપુરોહિતે શ્રીભદ્ર સામે નજર કરીને કહ્યું : 'શ્રીભદ્રજી, દશ દિવસ બાદ ઉત્તમ દિવસ લગ્ન માટેનો આવે છે. માગશર શુદ બીજ શ્રેષ્ઠ

દિવસ છે. મહારાજા પણ સહમત થયા છે. તેઓશ્રી કહેતા હતા કે આપને અનુકૂળ આવે ન આવે....?'

'ના....રાજપુરોહિતજી, મને અનુકૂળ આવે કે ન આવે તે સવાલ જ નથી. આપ વડીલો જે કંઇ નિર્ણય કરશો તે મને માન્ય છે.' યુવરાજે વિનમ્ર સ્વરે કહ્યું.

અને મહારાજાએ યુવરાજને કહ્યું : 'યુવરાજશ્રી, આજે તો પ્રથમ પ્રહર બાદ આપનો બંસરીવાદનનો કાર્યક્રમ છે ને....!'

'હા....મહારાજ.'

થોડીવાર બેસીને રાજપુરોહિતજી વિદાય થયા.

શ્રીભદ્ર અને શ્રેણિક રાજા ઊભા થયા શ્રેણિક રાજાએ કહ્યું : 'આપને વાળુ કરવાનું બાકી છે....?'

'ના....મારે બંસરીવાદન કરવાનું હોવાથી વાળુ કરી શકીશ નહિ.'

'ભલે....તો આપના માટે દુગ્ધ મોકલાવું....'

'હા....હું માત્ર દુગ્ધ જ લઈશ, પરંતુ હું સેવકને કહીને તે મારા ખંડમાં મંગાવી લઈશ.'

શ્રીભદ્ર આમ કહીને પોતાના ખંડ તરફ વળ્યો અને એક સેવકને દુગ્ધપાત્ર લાવવાની સૂચના કરી. થોડીવારમાં દુગ્ધપાત્ર લઇને સેવક હાજર થઇ ગયો. શ્રીભદ્રે દુગ્ધપાન કર્યું.

રાત્રિના પ્રથમ પ્રહર બાદ શ્રીભદ્રના બંસરી વાદનનો કાર્યક્રમ હતો. હજુ બે ઘટિકાની વાર હતી. શ્રીભદ્ર આરામ કરવા અર્થે શૈયા પર પડયો ત્યાં રૂપલતા અને પલ્લવી આવ્યાં. પલ્લવીએ મીઠા સ્વરે કહ્યું : 'યુવરાજશ્રી, આપને શ્રમ પડયો હોય તો અમે જતાં રહીએ....'

'ના....ના....આવો....બેસો....'

'યુવરાજશ્રી, હું બેસવા નથી આવી પરંતુ મારી સખી આપના વગર ટળવળે છે એટલે મૂકવા આવી છું.' પલ્લવીએ મધુર સ્વરે કહ્યું અને આછું હાસ્ય વેરતાં તે ચાલી ગઈ. અને દ્વાર અટકાવતી ગઈ.

રૂપલતા નીચી નજરે એક આસન પર બેઠી હતી. શ્રીભદ્ર ઊભો થયો અને રૂપલતાના બન્ને હસ્ત પકડયા અને કહ્યું : 'રૂપલતા, તને મારી બહેને યાદ કરી છે....'

'ઓહ....હું એજ પૂછવા આવી હતી....આપની બેન તો ધર્મમાં ઉતરી ગયા છે....એવી વાત મેં સાંભળી હતી....'

'તેં જે વાત સાંભળી છે તે સાચી છે....' શ્રીભદ્રે કહ્યું.

'સ્વામી, આપે અત્યારે કશું લીધું કે નહિ....?'

'ના....હું અત્યારે કશું લઈશ તો બંસરીવાદન થઇ શકશે નહિ. માટે તું વાળુનો આગ્રહ કરતી નહિ.' શ્રીભદ્રે સ્પષ્ટ ના પાડી.

'પરંતુ આપ ભૂખ્યા રહો તો મને ચિંતા થાયને....'

'એવી કારણ વગરની ચિંતા તારે શામાટે કરવી જોઈએ....? શ્રીભદ્રે કહ્યું.

બન્ને થોડીવાર વાતો કરતાં રહ્યાં હતાં ત્યાં એક દાસીએ આવીને કહ્યું : 'રાજકુમારીજી, આપને લીલાવતી-દેવી બોલાવે છે....'

'જા. હું આવું છું....' રૂપલતા દાસી તરફ જોઈને કહ્યું.

દાસી ચાલી ગઇ....

'સ્વામી, હવે હું જાઉં ?' રૂપલતાએ ઊભા થતાં કહ્યું.

'હા....માતાજી બોલાવે છે....' શ્રીભદ્રે એક ગાલ પર ચુંબન ચોડીને જવા દીધી. રૂપલતા આનંદમાં હતી.

રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થયો.

રાજભવનના રંગમંડપમાં નિમંત્રિત મહેમાનો આવવા લાગ્યા હતા. મૃદંગવાદક પણ સમયસર પોતાના વાદ્ય સાથે મંચ પર આવીને બેસી ગયો હતો. મહારાજા મહાદેવી, લીલાવતીદેવી અને બીજી રાણીઓ પણ આવી ગઈ હતી. રૂપલતા મહારાજાની બાજુમાં બેઠી હતી, જેથી તે પોતાના પ્રિયતમને સ્પષ્ટ રીતે જોઈ શકે.

સૌ પ્રથમ રંગમંચ પર ધૂમ્રાવરણ કરવામાં આવ્યું ત્યારબાદ શ્રીભદ્ર સર્વને નમસ્કાર કરતો મંચ પર આવ્યો અને તેણે બેઠક ગ્રહણ કરી.

અને શ્રીભદ્રે થોડીવારમાં બંસરીપર રાગ 'માધવિકા' વગાડવો શરૂ કર્યો. રાગ પ્રાચીન હતો. તેના સ્વરો મધુર હતા. અને શ્રોતાજનોને સાંભળવો ગમે તેવો હતો.

'માધવિકા' રાગની સ્વર લહરી ખૂબ જ મધુર હતી. વાતાવરણ પ્રસન્ન થવા લાગ્યું.

માધવિકાનો આલાપ શરૂ થયો.

સર્વ શ્રોતાજનો એકચિત્તે બંસરીના નાદનો અનુભવ કરતાં હતાં. રૂપલતા પોતાના પ્રિયત્તમને નીરખી રહી હતી અને કલાનો સ્વાદ માણી રહી હતી.

માધવિકાએ થોડીવારમાં વાતાવરણમાં મધુરતા છલકાવી દીધી. કોઇ કોઈ શ્રોતાજન વાહ વાહ પોકારતો હતો.

મહારાજા શ્રેણિક પણ આનંદમાં આવી જઈને શ્રીભદ્રને ધન્યવાદ આપતા હતા.

અને આલાપ પૂરો થયો. ત્યારબાદ રાગની મધ્યમ ગતિ આવી....

મધ્યમ ગતિ સાથે મૃદંગવાદકે મૃદંગ બજાવવું શરૂ કર્યું. તેણે બત્રીશ માત્રાનો તાલ વગાડવો શરૂ કર્યો.

બંસરીવાદક અને મૃદંગવાદક બન્ને થોડીવારમાં જામી પડયા.

મધ્યમગતિ લગભગ અર્ધ ઘટિકા ચાલી ત્યારબાદ દ્રુત ગતિ વગાડવામાં આવી. તેમાં પણ શ્રોતાજનો પોતાનો આનંદ વ્યક્ત કરતા હતા.

અતિદ્રુત લય....!'

આ લયમાં મૃદંગ વગાડવું ઘણીવાર આકરૂં થઇ પડતું, છતાં મૃદંગવાદક ઘણી જ સાવધાનીથી મૃદંગ વગાડી રહ્યો હતો.

અને થોડીવારમાં સૌના આનંદ સાથે માધવિકા રાગ પૂરો થયો.

સભાજનો વાહવાહના પોકારો કરવા લાગ્યા. શ્રીભદ્રની કલાના વખાણ થવા લાગ્યા. ઘણા રાજ્યના મંત્રીઓ મહારાજાને આવો ઉત્તમ જમાઇ મળ્યો તે બદલ અભિનંદન આપવા લાગ્યા.

શ્રીભદ્ર મંચ પરથી ઊભો થયો કે એક શ્રોતાજને મંચ પર આવીને શ્રીભદ્રને પુષ્પની માળા પહેરાવી. શ્રેણિક મહારાજાએ પોતાના કંઠમાંથી મોતીની માળા કાઢીને શ્રીભદ્રના કંઠમાં પહેરાવી. સર્વ શ્રોતાજનોએ આ પ્રસંગને ખૂબ જ આનંદથી માણ્યો.

શ્રોતાજનો વિદાય થયા.

શ્રેણિક મહારાજા અને તેનો રાજપરિવાર રાજભવન તરફ ગયો. રાત્રિ ઘણી વીતી ચૂકી હતી એટલે સૌ પોત-પોતાના સ્થાને ચાલ્યા ગયા.

બીજા દિવસથી ઝવેરીઓને રાજભવનમાં બોલાવવામાં આવ્યા અને ઉત્તમ આભૂષણો, અલંકારો કરાવવા આપ્યા. એજ પ્રમાણે વસ્રો વગેરેની તૈયારી શ્રેણિક મહારાજાએ રૂપલતા માટે કરી.

રાજભવનમાં ભારે ધમાલ મચી હતી. દરેક સેવકો અને દાસીઓ લગ્નની તૈયારીમાં પડયા હતા. આમ આઠ દિવસ વીતી ગયા.

આ આઠ દિવસ દરમ્યાન શ્રીભદ્ર રંગલતા સાથે બે વાર આચાર્ય મહારાજના દર્શન કરી આવ્યો હતો.

હવે લગ્નને આડે માત્ર બે દિવસ રહ્યા હતા. મહારાજા શ્રેણિકે ભાયાતો અને પોતાના સંબંધીઓ, મિત્રો અને પાડોશી રાજવીઓને આ પ્રસંગમાં પધારવાનું નિમંત્રણ મોકલી આપ્યું હતું.

રાજભવનમાં તોરણો બાંધવામાં આવ્યા હતા. સૂર્યોદય બાદ મંગલવાદ્યો વાગવાના શરૂ થઈ જતા અને નગરીના લોકો પણ પોતાની રાજકુમારીના લગ્ન નીહાળવા આતુર બન્યા હતા.

અને લગ્નનો મંગલ દિવસ આવી ગયો. રાજકુમારી

રૂપલતા તેની સખીઓ સાથે બેઠી હતી. આજે પલ્લવી બોલી હતી....અને કહ્યું : 'રાજકુમારીજી, આજ રાતથી જ આપ બંધનમાં બંધાઈ જવાના....'

રાજકુમારીનું મુખ લાલ થઇ ગયું.

પલ્લવીએ આગળ બોલતાં કહ્યું : 'દેવી, દરેક નારીને આ બંધન પ્યારૂં લાગે છે, પરંતુ યુવરાજશ્રી પર જીવનભર આપનો જાદુ ચાલશે....'

'એ તું કઇ રીતે કહી શકે....?' સુનયના બોલી.

'સુનયના, તારી દૃષ્ટિ બરાબર કાર્ય કરતી નથી એટલે તને ખ્યાલ ન આવે....પરંતુ યુવરાજશ્રી તો અત્યારથી જ રાજકુમારીના ગુલામ બની ગયા છે....'

'આપણા રાજકુમારીના ગુલામ બને તો ખોટું શું છે....?'

'એ તો રાજકુમારીજીને પૂછીએ તો ખબર પડે....' પલ્લવીએ ઉત્તર આપવાનું રૂપલતા પર છોડી દીધું.

રાજકુમારીએ કહ્યું : 'આજ રાજભવનમાં બધા મહેમાનો આવ્યા છે....બધા કામમાં પરોવાઇ ગયા છે ત્યારે તમને બન્નેને મજાક સૂઝે છે....'

'પણ આપે અમારી વાતનો ઉત્તર ન આપ્યો ?' પલ્લવીએ કહ્યું.

'તારી વાતનો ઉત્તર મળશે નહિ અને હજુ મારે સ્નાન કરવાનું બાકી છે....ચાલ મારી સાથે....' રૂપલતા ઊભી થઇ, પલ્લવી અને સુનયના બન્ને ગયા. દેવિકા લીલાવતીદેવી પાસે અન્ય કાર્યમાં રોકાયેલી હતી.

સ્નાનગૃહ વિશાળ હતું. પલ્લવી અને સુનયનાએ તૈલમર્દન ઉબટન કર્યું અને ત્યારબાદ ઉષ્ણજળ વડે રાજકુમારીને સ્નાન કરાવ્યું રાજકુમારી. સ્નાનાદિ કાર્યથી નિવૃત્ત થઇને વસ્ત્રપરિવર્તન માટે વસ્ત્રખંડમાં આવી ત્યાં બે દાસીઓએ રૂપલતાના વસ્ત્રો તૈયાર રાખ્યા હતા આકાશી રંગનું ઉત્તરીય હતું, શ્વેત રંગનો કંચુકીબંધ અને આકાશી રંગનું કૌશેય પટ્ટક હતું. રાજકુમારીએ તરત જ તેની બન્ને સખીઓની મદદથી વસ્ત્રો ધારણ કર્યા રાજકુમારી અત્યંત સુંદર ભાસતી હતી. પલ્લવી તો બોલ્યા વગર ન રહી શકી. તેણે કહ્યું, 'રાજકુમારીજી, આજના જેવો આપનો ચહેરો ક્યારેય જોયો નથી.... આપ અતિ સુંદર દેખાઓ છો જાણે સ્વર્ગમાંથી ઉતરી આવેલી અપ્સરા....!'

'બસ....બસ....હવે તું બોલવાનું જ રહેવા દે....મારે પ્રશંસા સાંભળવી નથી....' રાજકુમારીએ કહ્યું : 'બન્ને સખીઓએ રાજકુમારીને સુંદર ચંદ્રક આકારનું કપાળ પર તિલક કર્યું. આભૂષણો પહેરાવ્યા અલંકારો પણ પહેરાવ્યાં. ત્યારે પણ પલ્લવી બોલી ઊઠી : 'દેવી, આ અલંકારો પણ આજ ઝાંખા પડે છે....!'

'હવે તું મૌન ધારણ કરીને તૈયાર કર....હમણાં જ મારી માતા કોઈને મોકલશે....આજે તને ખબર છે, મહેમાનો ઘણા આવ્યા છે....રંગલતાબેન કયાં બેઠાં છે....?'

'એ તો મા પાસે બેઠાં છે. શ્રીભદ્રના બહેનનો સ્વભાવ ઘણો જ સુંદર છે. તેઓ તો દીક્ષા લેવાના છે'

'હા....તેઓ એક નર્તકી હતા. તેઓએ પોતાનું જીવન પરિવર્તન કરી નાંખ્યું....આજ તેઓ ધર્મના રાહી બન્યા છે....અને તને ખબર છે તેઓ યુવરાજશ્રીની રાહ જોઈ રહ્યા હતા. હવે તેઓ તેમની હાજરીમાં જ દીક્ષા લેવાના છે.' રૂપલતાએ કહ્યું.

'પરંતુ સંસારમાં રહીને પણ ધર્મ થઈ શકે છે, શા માટે આવડી ઊંમરે દીક્ષા લેવી જોઈએ....?' સુનયના-એ પ્રશ્ન કર્યો તેના ઉત્તરમાં રૂપલતાએ કહ્યું: 'સુનયના, સંસારમાં પણ ધર્મ થઈ શકે છે પરંતુ તેમાં તેની મર્યાદા હોય છે. સંસારમાં મોહના પડળ બાઝેલા હોય છે આથી સંસારમાં રહીએ તો પણ જ્ઞાનનો પ્રકાશ લાધતો નથી. જ્યારે દીક્ષા લઈએ તો સંસારના બંધનોથી દૂર થઈએ છીએ અને એમાં એક જ તપશ્ચર્યા હોય છે કે જે મુક્તિ મેળવવાનું. આ મેળવવું સહેલું નથી તે માટે તપશ્ચર્યા કરવી પડે છે....આકરા તપ કરવા પડે છે....'

'ઓહ....ખૂબ જ મહાન ત્યાગ કર્યો કહેવાય....' સુનયનાએ કહ્યું.

આમ વાતો થતી હતી ત્યાં એક દાસીએ આવીને

કહ્યું : 'માતાએ પૂછાવ્યું છે કે રાજકુમારીજી તૈયાર છે ને?'

'હા....તેઓ અહીં જ બેઠા છે....' પલ્લવીએ કહ્યું.

'માતાજી અહીં આવી રહ્યા છે....' દાસીએ કહ્યું.

'ભલે....અમે અહીં જ રહીશું.' પલ્લવી બોલી ઉઠી. દાસી ચાલી ગઈ. થોડીવારમાં લીલાવતીદેવી આવ્યાં. સાથે રંગલતા પણ હતી. રંગલતા પણ ખૂબ જ રૂપવાન હતી અને જેમ જેમ તે સમજતી ગઈ કે આ રૂપ તો બહારનું છે અંદર તો માંસના લોચા છે....ત્યારથી તે તૈયાર થવામાં ધ્યાન આપતી નહોતી વસ્ત્રોમાં પણ ફેરફાર કરી નાંખ્યો હતો. સામાન્ય રીતે તે શ્વેત વસ્ત્રો પહેરતી પરંતુ ભાઇનો આ પ્રસંગ હોવાથી તેણે રંગીન વસ્ત્રો પહેર્યાં હતા. તેની સાથે ચિત્રા પણ રાજભવનમાં આવી હતી.

લીલાવતીદેવીએ ખંડમાં પ્રવેશ કરતાં જ કહ્યું: 'પુત્રી, તું તૈયાર થઈ ગઈ છે ને....! લગનના માંડવે મહેમાનો આવી ગયા છે....શ્રીભદ્ર પણ માંડવે આવી ગયા છે....વિધિ શરૂ થઈ ગઈ છે....'

રાજકુમારીને થયું કે શું ઉત્તર આપવો....? તે શરમાઈ ગઈ....કશું બોલી નહિ....

ત્યાં જ એક દાસી આવી અને હાંફતા હાંફતા કહ્યું : 'દેવી, રાજકુમારીજીને મંડપમાં બોલાવી રહ્યા છે....'

'ચાલ પુત્રી....' લીલાવતીદેવીએ કહ્યું, 'રાજકુમારી તેની બે સખીઓની મદદથી ઊભી થઇ. પલ્લવીના મુખ પર આછું હાસ્ય ફરકતું હતું.

રંગલતા પણ સૌની સાથે ચાલવા લાગી....લીલાવતીની આંખમાં આંસુ આવ્યા....હંમેશા માતાને પોતાની પુત્રી સાસરે જાય ત્યારે લાડકોડથી ઉછરેલી અને સ્નેહ પામેલી પુત્રી વિદાય લે તે વસમી પડી જાય છે.

રંગલતા તો લીલાવતીદેવી સાથે જ હતી જેથી થોડુંઘણું આશ્વાસન મળી રહે....

અને બધા મંડપમાં આવ્યા.

સંગીતના મધુર સ્વરો અને મંત્રોચ્ચાર વિધીથી શ્રીભદ્ર અને રાજકુમારી રૂપલતાના સૌના હર્ષનાદ વચ્ચે લગ્ન થયા.

વાતાવરણ ઉલ્હાસમય હતું. લીલાવતીદેવીની આંખોમાં આંસુ હતા. રંગલતા શાંત રાખતી હતી. શ્રેણિક રાજાની આંખમાંથી પણ બે બિંદુ ટપકી પડયા પરંતુ તેઓ તરત જ સ્વસ્થ થઈ ગયા.

અને શ્રીભદ્રનો લગ્નવિધિ કાર્યક્રમ ઘણા જ ઉલ્હાસ અને આનંદભર્યા વાતાવરણ વચ્ચે પુરો થયો.

લગ્નની રાતે....

....પતિ–પત્નીનું મિલન....બે આત્માઓનું મિલન ....શ્રેણિક મહારાજાએ રાજભવનથી થોડે દૂર એક મહેલ શ્રીભદ્ર માટે ફાળવ્યો હતો. ત્યાં શયનખંડ સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. પલ્લવીએ રાજકુમારી રૂપલતાને શયનખંડની શૈયા પર બેસાડતાં કહ્યું : ‘ દેવી, નરનારના જીવનમાં મધુરજની માણવાનો આ દિવસ ઘણો જ

ઉત્તમ કહ્યો છે. એ આત્માઓનું મિલન થાય છે.... પુરૂષ અને પ્રકૃતિનું સુભગ મિલન....યૌવનના સ્વપ્નાઓનું સાકાર સ્વરૂપ આજે માણવા મળશે....યુવરાજશ્રીને આપ જાણો છો કે તેઓ આપનાથી ડરે છે....'

રાજકુમારીના ચહેરા પર શરમનો ભાર એટલો હતો કે તે ઉત્તર આપી શકતી નહોતી.

ત્યાં એક સેવકે કહ્યું : ' યુવરાજશ્રી પધારી રહ્યા છે....'

પલ્લવી ઊભી થઈ અને કહ્યું : ' હવે તો આપના એ આવી ગયા....મારી જરૂર શી છે...?' પલ્લવી હસી પડી....

યુવરાજ શ્રીભદ્રે ખંડમાં પ્રવેશ કર્યો અને પલ્લવીએ કહ્યું : ' યુવરાજશ્રી, મારી સખી પર આપે ભારે જાદુ કર્યો છે. આખો દિવસ આપનાં જ ગુણગાન કર્યા કરે છે....' પલ્લવી હસી પડી....

શ્રીભદ્રે કહ્યું : ' પલ્લવી, તારી સખીએ મારા પર જાદુ કર્યો છે....એટલે તો એને છોડીને હું ક્યાંય જઈ શકતો નથી....'

' તો આપ બન્ને એકબીજા પર જાદુ જ કરી રહ્યા છો કે શું....?'

' એ તો તને ખબર પડે....' યુવરાજે હસતાં હસતાં કહ્યું.

પલ્લવી પણ આછું હાસ્ય વેરતી ચાલી ગઈ ત્યારે શયનકક્ષનું દ્વાર અટકાવતી ગઈ....

શ્રીભદ્રે પોતાની પ્રિયા પાસે આવીને કહ્યું : ‘ રૂપ, આજ મને અનહદ આનંદ થાય છે....સંસારની સર્વશ્રેષ્ઠ નારી પ્રાપ્ત થવાનો મને ગર્વ છે....તને પામીને હું આનંદ અનુભવું છું....પણ અત્યારે હું બાજુના ખંડમાં સૂઇ રહીશ....જ્યાં સુધી છેડાછેડી ન છુટે ત્યાં સુધી આપણે....! ’

‘ હા સ્વામી, મને આ વાતની ખબર છે. આપે મને ચાર દિવસ પહેલા જણાવ્યું હતું પરંતુ હું આ વાત મારા માતાપિતાને કરી ન શકી... અને આ લગ્નની ધમાલમાં સાવ ભૂલી ગઈ....પલ્લવી અને સુનયનાએ શયન-ખંડ શણગારવાનું કહી આપ્યું હશે તેનો પણ મને ખ્યાલ ન રહ્યો સ્વામી, સાચું કહું તો અત્યાર સુધી હું આપની આ વાત ભૂલી ગઈ હતી. જ્યાં મિલનના સોહામણાં સ્વપ્નાઓ રમતા હોય ત્યાં આ વાત યાદ રહે ક્યાંથી....? ’

‘ પ્રિયે, તું કહેતી હો તો હું બીજા ખંડમાં ચાલ્યો જાઉં....’

ના....આપ બહાર જશો તો શંકાને સ્થાન રહેશે. આપ શૈયા પર સૂઈ જાઓ....હું નીચે સૂઈ રહીશ....’ રૂપલતા ઊભી થઇ પરંતુ યુવરાજે તેને શૈયા પર સુવડાવી અને પોતે નીચે સૂઇ ગયો.

આમ ચાર દિવસ વીતી ગયા.

એક દિવસ રૂપલતા અને શ્રીભદ્ર રંગલતાના ભવન પર આવ્યા ત્યારે રંગલતાએ કહ્યું : ‘ ભાઈ,

આચાર્ય મહારાજે ઉત્તમ દિવસ દીક્ષા માટેનો કાઢી આપ્યો છે. આપ છો ત્યાં સુધીમાં આ કાર્ય થઈ જાય તો મને આનંદ થશે.'

'બહેન, તારી ઇચ્છા પૂરી થશે....'

અને ઉત્તમ દિવસે રંગલતાની દીક્ષા આચાર્ય મહારાજ ધર્મઘોષ મુનિના હાથે થઈ....અને રંગલતાએ પ્રવજ્યા ગ્રહણ કરી. આ દિવસે નગરીમાં ખૂબ ધામધૂમ થઈ.... શ્રીભદ્રે બહેનની દીક્ષામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો.

## ઉપસંહાર

પંદર દિવસ વધુ રોકાઈને શ્રીભદ્રે પોતાની નગરી તરફ જવા માટે શ્રેણિક મહારાજા પાસે આજ્ઞા માંગી.... શ્રેણિક મહારાજાએ બે મહિના બાદ વિદાય આપી. રૂપલતાને ખૂબ ધન આપ્યું. કરિયાવર ખૂબ જ કર્યો વિદાય વેળા ખૂબ જ વસમી થઈ પડી. શ્રેણિકરાજા અને લીલાવતીદેવી રડી પડ્યા હતા.

રૂપલતા સાથે પલ્લવી, સુનયના અને દેવિકા હતી એટલે રૂપલતાને ત્યાં એકલતા સાલે તેમ નહોતી.

શ્રીભદ્રનો રસાલો કર્ણપલ્લીમાં આવ્યો ત્યાં રાજશ્રી પોતાના પ્રિયતમની વાટ જોઈ રહી હતી....શ્રીભદ્રને જોતાં જ તે હર્ષઘેલી બની ગઈ....અને શ્રીભદ્રને ત્યાં વીસ દિવસ રોકાવું પડ્યું રાજશ્રી સાથે શ્રીભદ્રના ધામધુમથી લગ્ન થયા અને વિદાય લીધી.

શ્રીભદ્રને નગરી છોડ્યે બે વર્ષ વીતી ગયાં હતાં આથી નગરી પરનો ભય દૂર થઈ ગયો હતો શ્રીભદ્રે એક સેવક મારફત પોતાના આગમનના સમાચાર ભરતસેન રાજાને મોકલ્યા.

શ્રીભદ્રનું ભવ્ય સ્વાગત થયું અને તેને પોંખવામાં આવ્યો. છેડાછેડી કુળદેવતા પાસે જઈને છોડાવવામાં આવ્યાં. શ્રીભદ્રના માતાપિતાએ પોતાનો પુત્ર ઉત્તમ કન્યા રત્ન મેળવી લાવ્યો તે બદલ આનંદ વ્યક્ત કર્યો.

ડાકુ ચંદનસિંહ અને તેના સાથીઓએ શ્રેણિક રાજા પાસે જઈને માફી માંગી અને બાલમુનિરાજની વાત કરી. ત્યારે શ્રેણિક રાજાએ જાણ્યું કે તે અમરકુમાર જ હોવા જોઈએ....શ્રેણિક રાજાએ ચંદનસિંહને પોતાના રાજ્યમાં રહેવાની સગવડ કરી આપી.

શ્રીભદ્રના માતાપિતાએ શ્રીભદ્રને રાજ્ય સોંપીને પ્રવ્રજ્યા ગ્રહણ કરી....મહારાજ અને મહાદેવીની સાથે બીજા ઘણા ભાવિકોએ પણ દીક્ષા લીધી. શ્રીભદ્રે આ પ્રસંગે ખૂબ જ દાન કર્યું.

શ્રીભદ્રને ત્યાં રાજકુમારી રૂપલતાએ પુત્રનો જન્મ આપ્યો, જ્યારે રાજશ્રીએ કન્યાનો જન્મ આપ્યો. આ બન્ને ઉત્સવ ભવ્ય રીતે ઉજવાયા હતા.

નવયુગ પુસ્તક ભંડાર

રાજકોટ

જેકેટ :- સર્વોદય પ્રિન્ટરી
રાજકોટ.